કુમાર


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ : ૭૭મું , સળંગ અંક : ૯૧૩
જાન્યુઆરી ૨૦૦૪, અંક ક્રમાંક : ૧

સંસ્થાપક : ર. મ. રા.
તંત્રી
ધીરુ પરીખ



બેનબેરીએ ૧૯૪૦માં કરેલું મહાત્મા ગાંધીનું આ ઠઠ્ઠચિત્ર એના સર્જકની કલ્પનાશીલતા અને રેખાઓ પરના અસાધારણ કાબૂનું દ્યોતક છે. ભારતનો સ્વાતંત્ર્ય-સંગ્રામ એની ચરમ સીમાએ હતો ત્યારે મહાત્માજીને અહીં નિરોની જેમ ફિડલ વાગડતા નહીં, પરંતુ રેંટિયો એમને માટે સ્વાતંત્ર્યનું સંગીતવાદ્ય હતું એવી કલ્પનાથી રેંટિયાને આ પશ્ચીમી કલાકારે વાયોલિનનું રૂપ આપી ગાંધીજીને એ ગજથી વગાડતા દર્શાવ્યા છે. ગાંધીજીના હાથથી રેખાઓની કુમાશ અને તેમના ચહેરા પરનું નિર્દભં સ્મિત જાણે કે સ્વાતંત્ર્યને સંગીતથી વધાવતું હોય તેમ લાગે છે.

(નટુ પરીખના સંગ્રહમાંથી સાભાર)



કલાકાર]

બોટ્સ ઍટ ગ્રાન્ડકૅમ્પ
(જુઓ આ અંકમાં 'કલાવાર્તા')

[સૂરા

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૭મું — અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

જાન્યુઆરી ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૧

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૧૩

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' નવેમ્બરના અંકમાં પાન ૭૯૯ પર ફિલ્માકાશ-૩૪ની શરૂઆતમાં લખેલ છે : 'સ્ટ્રીટસિંગર'ના ગીત 'જીવનબીન મધુર ના બાજે જૂઠે પડ ગયે તાર'ના અંત ભાગે સાયગલ 'ઐસા ક્યું ફીર ઐસા ક્યું' બોલે છે. મારી યાદ મુજબ આ ગીત 'જીવન બીન મધુર'-ગીતના અંતમાં સાયગલ આ શબ્દો બોલતા નથી. પરંતુ 'દુ:શ્મન' નામની ફિલ્મમાં સાયગલ એક ગીતના અંતભાગમાં આ ચોટદાર શબ્દોથી સમાપન કરે છે. 'દુ:શ્મન' એટલે ટી.બી.ના દર્દથી પરેશાન. સાયગલ એક ગીત ગાવા માટે રેડિયો સ્ટેશને આવે છે. માઈક્રોફોન સામે તે શરૂઆત કરે છે ત્યારે બોલે છે: 'આવાઝ કી દુનિયા કે દોસ્તો મૈં જરા દેર શે આ પહૂંચા. લેકિન આજ આપકો ઐસા ગાના સુનાઉંગા'- એમ બોલી પછી ગીત શરૂ કરે છે. ગીતના અંતમાં ખૂબ જ ઉધરસ-ખાંસી ચડતાં અંતે સાયગલ તેના બેમિસાલ અવાજમાં દર્દથી પુકારે છે : 'ઐસા ક્યું ફિર ઐસા ક્યું ?' મારો આ ખયાલ છે. મને ૭૮ વર્ષ થયાં. ફિલ્મ ૧૯૩૯-૪૦માં છેલ્લી જોઈ હશે. મારી તે ફિલ્મ સ્મૃતિ ભૂલભરેલી હોઈ શકે, પણ આ ચકાસણી કરવા વિનંતી. - *સુરેન્દ્રરાય જ. રાવલ (૭, મનાલી પાર્ક સોસાયટી, પો. જીવરાજ પાર્ક, અમદાવાદ - ૫૧.)*

*

'કુમાર' જુલાઈ ૨૦૦૩ : અંગ્રેજી સાહિત્યનું આચમન લેખમાળા સાહિત્ય-પ્રદેશ પૂરતી મર્યાદિત હોવાની ધારણાને કારણે ચાર્લ્સ ડાર્વિન આદિ વિજ્ઞાન અને ધર્મક્ષેત્રે તેમણે મૌલિક બુદ્ધિપ્રભાથી પરંપરાગત માન્યતાઓનો છેદ ઉડાડી નવવિધાન કર્યાં. તેમનાં પુસ્તકવિશેષને પણ આવરી લીધાં તે જોઈ અહોભાવ સાથે આનંદ થયો. આ સૃષ્ટિમાં માનવી વિવિધ વિષયમાં વિહરતું, વિચરતું, આનંદ લેતું સર્જક, ચિંતક અને ભાવક પ્રાણી છે. જીવનનો કોઈ પણ વિષય એક-બીજાથી અલગ-અલિપ્ત ન રહેવા પામે તો જ ભાતીગળ સંસ્કૃતિની દિશામાં આગળ કૂચ થઈ શકે. કવિતા, કથા કે ચિત્રના સર્જક જીવનનાં તમામ પાસાં વિશે અભિમુખ રહીને જ પોતાના સર્જનમાં સંગીનતા લાવી શકે. અંગ્રેજી બાલસાહિત્ય અને વિદ્યાર્થીલક્ષી સાહિત્યનો પણ સ્પર્શ થઈ શકે. આ અંકમાંની કિરીટ ગોસ્વામીની કાવ્યપંક્તિ ગમી ગઈ.

'મળ્યું એટલું માણો, શીદને ઓછપ કેરા ધોખા ?
પળપળને પોંખી લો કાયમ લઈને કંકુ-ચોખા.'

*

'કુમાર' નવેમ્બર-૦૩ : આધુનિક દંપતીની જીવનશૈલીની મોહાંધતા પર તીવ્ર તેજનો મારો ચલાવતી વાર્તા 'અપરાધ' ભાવકના હૃદયને આક્રોશ, સહાનુભૂતિ, આનંદ વિવિધ ભાવોમાં ઝોલાં ખાતો કરી મૂકે છે. પરાકાષ્ઠા તો ત્યાં આવે છે જ્યાં બાળકની તીવ્ર અપેક્ષા પર તમાચો લગાવતું વાક્ય મા ઉચ્ચારે છે : 'ના, પણ મારે આજે બાળકને ચિત્ર અને કળા પ્રતિ અભિમુખ કઈ રીતે કરવા એ વિશે બોલવા જવાનું છે.' જે સોયાથી આખી વાર્તા ગૂંથવામાં આવી છે તે સોયો અહીં ભોંકાય છે ને ભાવકના હૃદયમાં અરેરાટીભર્યો આક્રોશ જગાવે છે.

વાત્સલ્યને ઝંખતો તે માતૃ-પિતૃ-પ્રેમથી વંચિત રહેતો પુત્ર ચિંતન અકસ્માતમાં મૃત્યુ પામે છે ત્યારે તેના પ્રત્યેની વહેતી આવતી આપણી સહાનુભૂતિની લાગણી પસ્તાવાની ઘેરી પરિસ્થિતિમાં મુકાતાં માતા-પિતા પ્રત્યે પણ વહે છે ને ખાસ તો માતા સમતુલા અને સ્વસ્થતા ગુમાવી ગાંડી બની જાય છે ત્યારે આપણે જીવનની વરવી આધુનિકતા વિશે વિચારમાં ગરકાવ બની જઈએ છીએ.

*

'કુમાર' સપ્ટે. ૨૦૦૩: ગણિતની મેં મોકલેલ 'ગમ્મત'નું ભાઈ શાંતિકુમાર મોદીએ બીજગણિતની રીતે સ્પષ્ટીકરણ આપ્યું તે આવકાર્ય છે, ઉચિત છે.

બોધકથા સતયુગ-કલિયુગ અંગેની: માનવજગતનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. દેવ અને દાનવ બંને આપણા પિંડમાં છે. આપણા પંડમાં કલિ પ્રવેશે છે ત્યારે દાનવતા પ્રેરાય છે અને સત્ પ્રવેશે છે ત્યારે માનવતા - દૈવત પ્રેરાય છે. કળિયુગને બહાને આપણે આપણામાંની દાનવતાનો બચાવ કરીએ છીએ અને માનવતાને પાંગરવા દેતા નથી. વર્તમાનની અપેક્ષાએ આપણે ભૂતકાળનો મહિમા ગાઈએ છીએ. ભૂતકાળની અપેક્ષાએ વર્તમાનને વગોવીએ છીએ. બાકી કળિયુગ અને સતયુગ ક્યારેય અલગ અલગ પ્રવર્તમાન હોય એમ માની શકાતું નથી. રામ અને રાવણ એક જ જમાનાના, પાંડવ અને કૌરવ એક જ જમાનાના. ભલે પુરાણકથા હોય પણ તેમાંય માનવસમાજનું - માનવજાતનું વાસ્તવિક ચિત્ર છે. પડકાર છે તો પરાક્રમ પણ છે, પતન છે તો ઉત્થાન પણ છે. ચિત્તની શુદ્ધિ - ઊર્ધ્વગતિ જ આપણો ધર્મ છે. - *લલિત શાહ (જલબિંદુ, ૫૪, સર્વોદય સોસાયટી, જયપ્રકાશ માર્ગ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧)*

*

'કુમાર' ફરી ચાલુ થયા પછી નિયમિત મંગાવતો રહ્યો છું. કિશોરા-વસ્થાથી કેળવેલ છબીકલાનો શોખ જૂના કૉડાકના બૉક્ષ કૅમરામાં વપરાતી ૬૨૦/૧૨૦ ફિલ્મો મળતી બંધ થયા પછી થોડાં વર્ષો એ પ્રવૃત્તિ બંધ પડી. ફરી ૯૦ના દાયકામાં ઉપમિ.મીના બૉક્ષ કૅમરા મળતા થયા પછી તે શોખ પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કર્યો.

છેલ્લે ૨૦૦૦માં નિવૃત્ત થયા પછી 'નીકોન' કંપનીનો મૅન્યુઅલ ઑપરેશન-વાળો કૅમરા ખરીદવાની હિંમત કરી છે. કૅમરા ગમે તેવો નબળો કે સારો હોય, પરંતુ છબીકાર પાસે કલાત્મક દૃષ્ટિ હોવી જરૂરી છે. - *અશોક શાસ્ત્રી (૧૦૯૮-જે, પુષ્પપાર્ક સોસાયટી, મુનીડેરી પાસે, ભાવનગર-૧.)*

તુફાન બહિરાંતરી !/*ભાનુપ્રસાદ પંડ્યા*

(પૃથ્વી•સૉનેટ)

સમુદ્ર અતિ ઘૂઘવે ફૂંફવતા મહા વ્યાલ શા
પ્રચંડ જલ-ઓઘમાં ગ્રસિત વ્હાણ ત્યાં નાખુદા,
ખલાસી ભયભીત સૌ, વજન ફેંકતા - થાય જો
જરી હળવું - નીરને ઊલચતાં, તહીં જિંદગી
તુફાન સહ ઝૂઝતી, વ્યથિત ઉરથી બંદગી
વહે સહજ, સન્મુખે મરકતું દીસે મોતને !

તદા ધ્રૂજતી નાવને અદીઠ એક ખૂણે સૂતો
નચિંત ભર ઊંઘમાં અજબ એક કો આદમી !
ખલાસી જઈ ચીખતો: મરણની ક્ષણે ઊંઘ શેં
તને અબુધ આવતી ? ઊગરવા મથી રૂહે, ભલા !
ઘડી નયન ચોળતાં વિહસી એ વદ્યો નીરને:
'સબૂર! બસ, શાંત હો ઉદધિ ! શાંત! ભાખ્યું તને !'
અજાયબ થયું - અહો, નીરવ શાંતિ ! ઝંઝા હટે !
તુફાન બહિરાંતરી - સબળ આત્મનાદે મટે ?

સંદેશ/*મણિલાલ હ. પટેલ*

(ગાન)

પંખી પાછાં વળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
વૃક્ષો-વેલ કજળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

ગોખે દીવા બળવા લાગ્યા : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
પથ્થર પણ પીગળવા લાગ્યા : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

મેળે લોકો મળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
પાદર અમને છળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

એકાન્તો ખળભળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
મંનમિનારા ઢળવા લાગ્યા : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

દાડમ ફૂલે ફળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
સંયમ પણ ઓગળવા લાગ્યા : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

કાગળ જૂના જળવા લાગ્યા : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
ઘરમાં તોય પલળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

વર્ષો ને વય ઢળવા લાગ્યાં : પ્રીતમ વ્હેલા ઘેર આવજો
ઝાંખા દીપ ઝઝળવા લાગ્યા : પ્રીતમ વ્હેલા ઘેર આવજો.

છોડોને ગુલબાંગો/*ધીરુ પરીખ*

'શબ્દ હે, હરિનામને આંબો' :
કહે કવિશ્રી નિજ પ્રતિભાને,
'શા માટે તેં પંથ લીધો છે લાંબો ?
શબ્દ હે, હરિનામને આંબો.'

શબ્દ બિચારા આકળ-વિકળ :
'ક્યાં છે દોષ અમારો ?
અમે કલમથી વહ્યા સુણીને
કેવળ સાદ તમારો.
કવિવર તમને પ્રાસ મળે ના
કાર્તિકેયની જેમ તમે તો લીધો છે પથ લાંબો
અને કહો છો અમને વિનવી:
શબ્દ હે, હરિનામને આંબો.'

કવિવર હાંફે શબ્દદોડમાં
કહેવું શું ? ના સૂઝે;
વળીવળીને એક જ રટણા-
શબ્દને હરિવર ક્યારે દૂઝે ?
કાગળ અને કલમને અળગાં મૂક્યાં
કવિવર એને ઝડપી લેવા ફરીફરીને ઝૂક્યા.
ત્યાં કોઈ આવી કહે કાનમાં :
'કવિવર, છોડોને ગુલબાંગો.'

બુઝાઈ ગઈ છે/*શોભિત દેસાઈ*

(ગઝલ)

કરશો ન શોક, નબળી બોલી સમાઈ ગઈ છે;
તમને ગમી હતી એ ભાષા ભુલાઈ ગઈ છે.

સાચે જો તું મળે તો સાચે તને જણાવું;
આ આદિ-અંત વચ્ચે ક્ષણક્ષણ પિસાઈ ગઈ છે !

આકાશ તો મળ્યું પણ ઊડી નથી શકાતું,
પિંજરને તોડવામાં પાંખો કપાઈ ગઈ છે !

સરવૈયું માંડી બેઠા, ત્યારે આ તથ્ય જાણ્યું,
એ જિંદગી જ નહોતી તો પણ જિવાઈ ગઈ છે.

રાખ આંખમાં ઊડે છે ચારેતરફથી એની,
નરવી મનુષ્યતાની પેઢી બુઝાઈ ગઈ છે.

મૃત્યુક્ષણની અનુભૂતિ, પહેલાં

યોસેફ મેકવાન

'હું' મારાથી છૂટી ગયો !
પળનો એક પરપોટો તરતો
શ્વાસછેડાની અણીએ કેવો ફૂટી ગયો !
'હું મારાથી છૂટી ગયો !
ક્યાંક હતો હું અંતરિયાળ ને
ક્યાંક હતો ઊઘડેલો,
પડ-પાતળાં પાણી પડમાં
કોરો પડી રહેલો.
જાગ્યો ત્યારે જાણ્યું કણકણ
અહંકારથી તૂટી ગયો. 'હું' મારાથી...

સળવળતું સોનેરી ગગન તે
મારો ખુદનો કિસ્સો,
રૂપરૂપની સકલ સૃષ્ટિ આ
ધરતી મારો હિસ્સો
હાથ સમયનો અડ્યો મને તે
મારું મારું લૂંટી ગયો... 'હું' મારાથી...

ભીતરને મૉલ મ્હાલનારા...

ઊજમશી પરમાર (ગાન)

વાદળનો વાદ કરી જોશો રે કેટલે,
જીવ તો જમીન ધાવનારા,
મોંઘી મીરાત એક માટીની મૂળને,
ક્યાંથી આકાશ ફાલનારા ?

વાળી પલાંઠી તું આસન જમાવ,
તારા અહીંયાં મુકામ, અહીં ડેરા,
સપનાં તો સતપતિયાં અમથાં રે આદરે,
ફોગટના થાય બધા ફેરા;
પરમાણુ માંહ્ય આખી દુનિયાને દેખતા,
ભીતરને મૉલ મ્હાલનારા.

મહાસાગર મનડાનો ખેડવો રે દોહ્યલો,
આવે નહીં કોઈ દી'ય આરો,
સામે રે તાણ તરી જાણનાર વીર કોઈ,
તરવૈયો કોક ઝૂઝનારો;
છબછબિયે તરનારા બહુયે જઈ આવતા,
તળને તો કોક તાગનારા.

સૂત્રસાર

કામ અને વિશ્રામનું સનાતન ચક્ર

રાધેશ્યામ શર્મા

ભારતમાં અંગ્રેજો 'રાજ' કરવા આવ્યા ત્યારે તેમણે કેટલીક જાહેર સેવાની સંસ્થાઓ ઊભી કરી લોકોની સુખસગવડ અને સુવિધાઓમાં વધારો કરવાનો ઉપક્રમ કર્યો.

આશય એવો કે લોકોને નવરા બેસી રહ્યાં કરતાં કામ મળશે. પરિશ્રમ અને પુરુષાર્થનું ફળ મળતાં મહેનતનો મહિમા સમજાશે.

રેલવેલાઇન નાખવાની શરૂઆત થઈ ત્યારે બ્રિટનથી એક ખાસ ઈજનેર આખા પ્રોજેક્ટનું ધ્યાન રાખવા અને માર્ગદર્શન આપવા ભારત આવેલો.

ખાસ પ્રદેશ નક્કી કરી સેંકડોની સંખ્યામાં મજૂરો, કારીગરોને નોતરવામાં આવ્યા.

લોખંડના પાટા, રેતી, કાંકરા, કપચી, પથ્થરિયો સાજસરંજામ તે જગા પર ઉતારવામાં આવ્યો. એ કાળમાં જે પશુઓ અને વાહનોનો માલ લેવા-મેલવા ઉપયોગ થતો એની મદદથી કામ ધમધોકાર ચાલતું હતું.

જમીનો ખોદવી, જરૂર હોય ત્યાં ખાડાખૈયાનું ધૂળરેતીથી પુરાણ કરવું, રેલપાટા નાખવા, ભૂમિને સમથળ કરવી, ટેકરા-ટેકરીઓની ઉબડખાબડતા દૂર કરવી, પ્લેટફૉર્મ, સ્ટેશન, સિગ્નલ બાંધવાં - આવું બધું જ કાર્ય એક શ્રમયજ્ઞની રીતે અવિરતપણે ચાલતું હતું.

ગાઇડ-સુપરવાઇઝરના હોદ્દાથી ભારત આવેલો બ્રિટિશ એન્જિનીઅર એક આદિવાસીની વિચિત્ર વર્તણૂકથી નવાઈ પામતો હતો.

અહીં જે બાજુ પાટા નાખવા-પાથરવાનું કામ ચાલતું હતું એની સામી બાજુએ એક ગરીબ દેખાતો આદિવાસી છાંયાદાર વૃક્ષ નીચે આવી રોજ બેસતો.

આદિવાસી ગામડિયો પોતાની સાથે ભાતાની એક પોટલી લાવતો. અંગ્રેજ ઈજનેરના મનમાં એમ કે કો'ક દિવસ આ ભલોભોળો ગરીબ ગામડિયો પોતાની પાસે કામ માગવા આવશે.

પરંતુ આ માન્યતા ધરાર ખોટી પડી. ગામડિયો એક તટસ્થ પ્રેક્ષકની પેઠે થઈ રહેલાં કામોને કુતૂહલથી જોયાં કરતો પણ એકે દિવસ કામની માગણી કરવા ન આવ્યો.

ત્યારે તે અહીં શું કરતો હતો ? ક્યાંકથી આવતો, કામને જોયાં કરતો અને ભૂખ લાગે એટલે ભાતાની પોટલી ખોલી થોડુંઘણું ખાઈ પેલા ઘટાદાર વૃક્ષની શીતળ છાયામાં ચેનથી ઘોરી જતો.

ક્યારેક તો ગામડિયાનાં બપોરી નસકોરાં અંગ્રેજને પણ સાંભળવા મળતાં ! એનાથી એને અચંબો અને પરેશાની બંને થતાં.

ઘટનાક્રમ રોજનો થઈ પડ્યો. ગામડિયો ઊંઘમાંથી ઊઠતો એટલે પાછો ચાલી રહેલાં કામોને દૂરથી નિરખ્યા કરતો. ઈજનેરને થયું કે આ તો મારોય સુપરવાઇઝર લાગે છે ! જિજ્ઞાસા વધી પડતાં તેણે ગામડિયાને પૂછી જ લીધું: 'અલ્યા, તું અહીં રોજ આવે છે, કામ જુએ છે, પણ કામ માગતો નથી અને ખાઈપીને ઊંઘી જાય છે. અહીં તનેય કામ મળી શકશે...'

ગામડિયો: 'મારે શા માટે કામ કરવું પડે ?'

અંગ્રેજ: 'કેમ, આ તમામ લોકો શા માટે કામ કરે છે ? દામ કમાવવા માટે, પૈસા રળવા કામ કરે છે એમ તું પણ જો...'

ગામડિયો: 'પણ સાહેબ, પૈસા મારે શા માટે કમાવા જોઈએ ?'

અંગ્રેજ: 'અરે આળસુના સરદાર, તું તો બેવકૂફ છે. આરામથી આનંદથી જીવવા માટે પૈસા કમાવા પડે છે. કમાઈને પછી લહેર કરવાની.'

ગામડિયો: 'સાહેબ, આ કામનું ચક્કર મારા દિમાગમાં નહિ ઊતરે. પહેલાં પૈસા માટે પરસેવો-લોહી પાડી કામે ચઢવાનું અને પછી આરામ અને આનંદ કરવાનો. અત્યારે જ હું આનંદ અને આરામ ભોગવી રહ્યો છું. તે હાલ તમારા ભાગ્યમાં ક્યાં છે ?!'

આકૃતિ અને ઘાટના સર્જક



શ્રી દેવરાજભાઈ 'સૂત્રધાર'

ખોડીદાસ પરમાર

૭૫ વર્ષની વયને આંબેલા અને સતત શિલ્પકંડારમાં રમમાણ શ્રી દેવરાજભાઈ (ઉપનામ 'સૂત્રધાર') સંચાણિયા, ભાવનગર જિલ્લામાં આવેલા લીંબડા (હનુભાના)માં ઈ.સ. ૧૯૨૮ની સાલમાં જન્મ્યા. પિતાજી બેચરભાઈ અને માતા મોતીબહેનનાં લાલનપાલનમાં ઊછરેલા દેવરાજને નાનપણથી જ કલાકારી પ્રત્યે સહજ આકર્ષણ ખરું, એ કાળે લીંબડામાં આવેલી એજન્સીની શાળામાં શ્રી કરુણાશંકર શાસ્ત્રી પાસે સાત ચોપડી સારા ગુણ સાથે પાસ કરી. એ પછી શહેરમાં જઈને આઠમી શ્રેણીમાં ભણવાની ઉત્કંઠા હોવા છતાં માતાપિતાને ઈચ્છા હતી કે પોતાનો વ્હાલસોયો દીકરો પોતાની સાથે રહી વંશ-પરંપરાના પોતાના સુથારીકામના ધંધામાં માહેર થાય. એમ થવાથી તેઓ આગળ અભ્યાસ ન કરી શક્યા.

શાળાકીય ભણતર પૂરું થતાં પિતાની ઈચ્છા મુજબ ઘરની સુથારી કોઢ્યમાં તેમનું ધંધાકીય પળોટણ મંડાયું, ઘડતર અને ચિત્રણમાં નાનપણથી જ રસ હોવાથી હવે દેવરાજે કોઢ્યમાં બેસીને જે કામ ઉપાડ્યું તેમાં દિલ દઈને પેઢી-પરંપરાની લઢણ જાળવી, ઉપરાંત પોતાની કોઠાસૂઝના અજવાળે નાનુંમોટું ઘડતર-તક્ષણનું કામ શરૂ કરી દીધું.

બેચરભાઈ સત્સંગી આદમી. મોતીબહેન પણ આવ્યા-ગયાને આદર આપવાની ભાવનાવાળાં હોવાથી, સ્વામીના ગઢડે તેમજ ઢસા જનારા સાધુ, સંતો, સંન્યાસીઓનાં ઠેરણઠામ. એથી સાધુસંતો રાતવરત એમના અતિથિ બનતા ત્યારે બેચરભાઈનો સાધુઓ સાથે જે સત્સંગ મંડાતો તે કિશોર દેવરાજ ધ્યાન દઈને સાંભળતો. સંતો દ્વારા પૂજા-આરતી થતી. ઉપરાંત રાતે ભજનની ઝુક મંડાતી એ બધું તેણે એકકાન થઈને ઝીલી લીધેલું હતું, લીંબડા ગોહિલ રાજપૂતોનું ભાયાતી ગામ હોવાથી ત્યાંની રાજગઢીમાં આવતા ચારણ, બારોટ, મીર, ઢાઢી, રાવળિયાનાં ગીત, કવિત, લોકવારતાનાં શ્રવણ દ્વારા લોકસાહિત્ય તરફ તેમનો અહોભાવ પણ વધતો ગયો. નવરાત્રમાં ભવાઈવેશો પણ બહુ રસથી માણેલા. એથી તળપદ લોકવાઙ્મય પ્રત્યે તેમની અતૂટ શ્રદ્ધા થઈ ગઈ.

ઘેર થતાં સત્સંગમાંથી ઈતિહાસ, પુરાણ, વેદો, આખ્યાન-કથાઓ તેમજ ઋષિઓની ધનુર્વિદ્યાની વાતો સાંભળી દેવરાજનું મન આવાં અસ્ત્રશસ્ત્ર તૈયાર કરવાના ઘોડા ઘડતું હતું. સાથોસાથ લીંબડા ગામમાં ખેડવાયાની વહુદીકરીઓ ભીંતે આળેખ કરી ભરત ભરતી એ જોઈ તેમનું મન હરખતું, વરત-વરતુલા અને લગ્નપ્રસંગે ગવાતાં લોકગીતો તો કંઠે કરી લેતાં. આમ, ઘર અને ગ્રામપરિસરમાંથી તેઓએ ઘણું હૈયેહોઠે સંઘરી લીધેલું.

લીંબડામાં બેચરભાઈની સુથારી કોઢ્ય એટલે 'વંધેડું' (જેમાં સાંતી, દંતાળ, ધૂંસરી વગેરેનું ઘડતર તેમજ સમુંનમું કરવાની જગ્યા) આવાં ખેતીનાં ઉપસ્કરો ઉપરાંત બેચરભાઈ અહીં ઘંટીનાં થાળાં, ડામચિયા, અભેરાઈ, નેવાના કંડાર, કુંભી વગેરેનું ઘડતર તક્ષણ-જડતર કરતાં હોવાથી કોઢ્યમાં બધી જ તરેહનાં હથિયાર પણ ખરાં. એથી કિશોરવયથી દેવરાજે આ કોઢ્યમાં બેસીને બંબુડા, મોઈદાંડિયા, ભમરડા, બળેવનું પ્રતીક નાનું હળ, રમવાનાં ગાડાં વગેરે બનાવવા માંડેલાં.

એક વાર ઘરના ડામચિયામાં કંડારેલ ઢેલનું મોઢું તૂટી ગયું એને દેવરાજે સમુંનમું કરી, વ્યવસ્થિત બનાવી દીધું. એ જોઈને પિતાજીએ એમને લાકડાના બે ઊભા ધોકા આપ્યા અને તેમાં કાંઈક કંડારવા સૂચવ્યું.

દેવરાજે એ ધોકા પર પેન્સિલથી ઊભેલા એવા માણસનો આલેખ દોરી પછી રોજબરોજ વાંસલો, છીણી, ફરસીથી કંડારીને મંદિરના બારણે મુકાય એવાં પ્રાળિયા (ચોકીદાર) કંડારી, ઢસાથી તૈલરંગ લાવી બંનેને રંગી દીધા. આ પ્રોળિયા લાઠી સ્વામિનારાયણ મંદિરનાં સંચાલિકા માસાહેબને આપ્યા. આ પ્રોળિયા જોઈને ખુશી થયેલાં માસાહેબે તેમને રૂ. ૧૦/-નો સરપાવ આપ્યો અને સાથે હૃદયથી શુભેચ્છા દીધી કે 'મોટો કલાકાર થાજે.'

પિતાજીને આર્થિક મદદ થાય એવું વિચારીને સોળેક વર્ષની વયે તેઓએ જાળિયા ગામની જીનિંગ ફેક્ટરીમાં ઑઈલ-મૅન તરીકે છએક માસ કામ કર્યું, પણ શિલ્પસર્જન-પ્રક્રિયા તરફ જીવ હોવાથી કામ છોડી લીંબડા આવી ગયા.

૧૮ વર્ષની વયે બોટાદનાં શ્રી શારદાબહેન સાથે લગ્નબંધનથી જોડાયા પણ શિલ્પચિત્રાંકન પ્રત્યેની ભાવનાનું વિશેષ ખેંચાણ થતાં પોતે ઈ.સ. ૧૯૪૬માં ભાવનગર આવી ગયા. ભાવનગરમાં આવી 'ધ નૅશનલ ઇલેક્ટ્રિક વર્ક્સ'નામની ફૅક્ટરીમાં જોડાયા, અહીં તેઓ પ્લાસ્ટર ઑવ્ પૅરિસનાં રમકડાં બનાવતા હતા, દિવસે કારખાનામાં અને રાતે તેઓ ભાવનગરના 'નટરાજ થીએટર' (જે પાછળથી 'રૂપમ થીએટર' અને આજે ત્યાં વ્યાપારી સંકુલ ઊભું થયું)માં શ્રી બાબુભાઈ પેન્ટર જેઓ ફિલ્મનાં બૅનર બનાવતા હતા એની સાથે બૅનરમાં નાનુંમોટું કાર્ય શરૂ કર્યું. આમ છતાં શિલ્પચિત્ર સર્જનની તેના મનમાં પ્રબળ ઇચ્છા હોવાથી ભાવનગર ખાતે કોઈ ગુરુ-માર્ગદર્શકની શોધમાં તો હતા જ.

આ કાળે ભાવનગરમાં બે ચિત્રકારો કાર્યશીલ હતા : શ્રી સોમાલાલ શાહ પૌરસ્ત્ય શૈલી સ્વરૂપે જળરંગમાં સૌરાષ્ટ્રનું લોકજીવન ચિત્રિત કરતા હતા. શ્રી હરજીવનભાઈ દવે તૈલરંગમાં વાસ્તવદર્શી શૈલીમાં સૌરાષ્ટ્રનું લોકજીવન આલેખતા હતા, પણ વિશેષરૂપે પશ્ચિમી કલાકારોનાં ચિત્રોની તેઓ તૈલરંગમાં નકલો પણ કરતા હતા. દેવરાજભાઈની રુચિ વાસ્તવલક્ષી હોવાથી તેઓએ શ્રી હરજીવનભાઈ પાસે તાલીમ લેવાની શરૂઆત કરી દીધી અને વિષયચયન, રચનારીતિ, રેખાવટી, રંગચયન ઉપરાંત ઍનૅટોમી, પર્સપૅક્ટિવ, ડાઈમેન્શનની ક્રમશઃ સમજ મેળવતા રહી ગુરુપરંપરાની લઢણે અને પોતાની સૂઝ પ્રમાણે આગળ વધતા રહ્યા.

નાનપણમાં પોતાના ઘરે આવતા અનેક સાધુ, સંત, મહાત્માનો પરિચય થયો હોવાથી તેમના માનસમાં આવા સાધુઓના મુખવટા, વેશભૂષા, ટીલાંટપકાં, જટામંડલ વગેરેની દૃઢ છાપ અંકિત તો હતી, ઉપરાંત સ્વ. મેઘાણીનું સંતસાહિત્ય તેમજ સ્વામિનારાયણ પરંપરાનું અધ્યયન કરતા રહ્યા હોવાથી તેમને સાધુસંતોના આલેખનમાં વિશેષ રસ રહ્યો, જેમાં 'આપો જાદરો', 'કચ્છના સંત મેકરણ', 'સંત દેવીદાસ' તેમજ બગડાણાના સંતશ્રી બજરંગદાસના જીવન-પ્રસંગો જળરંગમાં કર્યા, 'શ્રી સહજાનંદ સ્વામી અને લાડુ બારોટ' (બ્રહ્માનંદ સ્વામી)નું મિલન વગેરે જેવાં તેમણે ઘણાં



શ્રીગણેશ (સવનના લાકડામાંથી)

ચિત્રો કર્યાં છે.



'શબરીનાં બોર'

'શ્રી રામ-પંચાયત', 'રામ અને શબરી', 'બુદ્ધ અને આમ્રપાલી', 'ભગવાન વિશ્વ-કર્મા', 'દેવી ચામુંડા' આદિ ચિત્રોમાં તેમની કલમનો કસબ જોઈ શકાય છે, પણ લોક-જીવનના ચાહક આ ચિત્રકારે લોક-ગીતોની પંક્તિ ઉપરથી પણ જે ચિત્રો કર્યાં તે જોતાં જરૂર બોટાદકર યાદ આવી જાય. જેમ કે

'બાર બાર વરસે રે, બેનીનો વીરો આણે આવ્યો રે
વીરો આણે આવ્યો રે
કઈ રે દશ્યે બેન તારાં ખોરડાં ?
ઘર આડી રે વીરા કરમલ (કદંબ)ની વાડ્યું રે
કરમલની વાડ્યું રે
ઘર પછવાડે લીલો લીંબડો.'

અહીં હેતાળ ભાઈબહેનનું બારબાર વરસે થયેલું મિલન, ગ્રામીણ પાત્રો, હરીભરી પ્રકૃતિની પશ્ચાદ્ભૂમિનું સુંદર ચિત્રણ થયું છે. તો બીજાં લોકપરિવેશના ચિત્રમાં વાડીમાં ચાલતા કોઈ તરસ્યો મુસાફર પાણી પીવા આવે છે, તેમાં પણ મેઘાણીની વાર્તા 'બોળો' ડોકાય ખરી.

લોકસમાજના ઓથારે લોકકલા-કારીગરીનું ઘડતર, કંડાર, ચિત્રણ તળપદ કલાકારો અને વસવાયાના સમૂહ દ્વારા સાંઘિકાદર્શે પેઢી-ઉતાર સર્જાતું, ઘડાતું ઊતરી આવ્યું હોવાથી આવી બધી કલાકારીગરીમાં લગભગ પૂર્ણતા, સંઘટ્ટતા અને ઠાવકાઈનું દર્શન થાય છે, પણ આ ચાલી આવતી પરંપરામાં કોઈ નવો કલાકાર કસબી, પેઢીની પરંપરાને જાળવીને પોતાની કોઠાસૂઝથી કશુંક નવ્યતર ઉમેરણ પણ કરે તે પણ લોકજીવનમાં સ્વીકાર્ય ને આસ્વાદ્ય બની રહે છે.

આવું જ શ્રી દેવરાજભાઈ ગજધરે (સૂત્રધાર) સુથારની ઘડતર, તક્ષણ, જડતર પરંપરાને પૂરેપૂરી અંગભૂત કરી લીધા પછી લૌકિક પરંપરાથી ઉફરાટે જઈને લલિત સ્વરૂપના શિલ્પઘાટ કંડારવાની શરૂઆત માંડી દીધી. પ્રથમ પહેલે વાસ્તુવિદ્યાના દાતા શ્રી વિશ્વકર્માનું શિલ્પ કંડાર્યું.

ભાવનગર આવી પોતાની ચિત્ર-શિલ્પલક્ષી ભાવનાઓ



શ્રી વિશ્વકર્મા (સાગના લાકડામાંથી)

સંમાર્જી ખરી, પણ આ બધી કલાકૃતિઓમાંથી ઉપાર્જન કેટલું ? કુટુંબનિર્વાહ માટે આર્થિક આવક થાય એવો કોઈ ઉદ્યોગ કરવો જરૂરી જણાયો. એથી એમણે પોતાની સુથારી આવડત અને કોઠાસમજણે 'પૅટર્ન મેકિંગ', 'લેથ વેલ્ડિંગ', 'મિલિંગ' વગેરે જોબવર્કના અનુભવો મેળવ્યા અને ૧૯૫૩ સુધીમાં વિવિધ વ્યવસાયની તાલીમ મેળવી કલાકારી સાથે ઉદ્યમ-પરાયણતા જોડી પોતાની આર્થિક કારકિર્દી સુધારી લીધી.

ઈ.સ. ૧૯૫૩-૫૪માં ભાવનગર રેલવે સ્ટેશન સામે તેમણે 'વિશ્વકર્મા કલામંદિર' નામે સ્ટૂડિઓ શરૂ કરી ફર્નિચર-નકશીકામ, મૂર્તિ-કંડારણ અને પૅટર્ન બનાવવાનું શરૂ કર્યું. ઈ.સ. ૧૯૬૦માં યુનાઈટેડ મિનરલ્સમાંના ગ્રાઈન્ડિંગના અનુભવના આધારે 'પલ્વરાઈઝર' મશીનો બનાવવાનું 'વી. કે. એન્જિનીઅરિંગ વર્ક્સ યૂનિટ' શરૂ કર્યું. તળાજા, જૂનાગઢ, અમરેલીમાં સિમેન્ટના પ્લાન્ટ શરૂ કરાવ્યા. આમ, સૌરાષ્ટ્રમાં મિનરલ્સનાં કારખાનાં શરૂ થયાં, એની પાછળ દેવરાજભાઈની દૃષ્ટિ સંમિલિત થયેલી જોઈ શકાય.

સમય જતાં પરિવાર વધ્યો, પ્રૌઢત્વ પાંગર્યું. આર્થિક સધ્ધરતા સારી થતાં પોતાના મનમાં રહેલી મુરાદને માર્ગ આપવાની શરૂઆત માંડી દીધી. પરંપરિત કલાકારીગરી, શિલ્પ-સ્થાપત્યનાં પુસ્તકોનો અભ્યાસ માંડ્યો. ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રતીકોની ભરમાર તેમજ ગુજરાતી સાહિત્યનું પરિશીલન કરતાં કરતાં તેમણે પોતાની રીતે તારવ્યું કે ધર્મ, લલિતકલાઓ અને વિજ્ઞાન અલગ નથી પણ પરસ્પર સંકળાયેલાં છે.

શ્રી હરજીવનભાઈ દવે પાસેથી ચિત્રનું જ્ઞાન તો મેળવ્યું હતું, એટલે તેમણે માટી, પ્લાસ્ટર ઑવ્ પેરિસ, લાકડું, પથ્થર, સિમેન્ટ અને ધાતુઓની પ્રતિમા કંડારવાનું શરૂ કર્યું. ધર્મપરાયણ દેવરાજભાઈએ પ્રથમના તબક્કે દેવ-દેવીઓની પ્રતિમાનું શિલ્પકાર્ય માંડી દીધું. તેમની ગજધરી લઢણમાં પરંપરા તો હતી જ પણ એની સાથે ભારતનાં શાસ્ત્રીય રૂપનાં દેવદેવીઓનાં રૂપપ્રમાણનું અનુશીલન કરી પોતાની શિલ્પ-લઢણમાં કશુંક નાવીન્યનું રૂપ આરૂઢ કર્યું, સાથોસાથ દેશ-પરદેશનાં શિલ્પો અને શિલ્પીઓની કરામતનો અભ્યાસ કરતા રહી, પ્રથમ માટીના પિંડમાં કાચો ઘાટ ઘડી તે પછી તેને ધાતુમાં ઢાળી-તરાસીને સુંદર શિલ્પો બનાવ્યાં.



મા શારદા (પ્લાસ્ટર ઑવ્ પેરિસમાંથી)

લાકડાનું માધ્યમ તેમને મનભાવન હોવાથી લાકડામાં એવાં સુંદર શિલ્પરૂપ કંડાર્યાં કે જાણે મીણમાં ન કંડાર્યું હોય! વિવિધ માધ્યમમાં તેમણે જે શિલ્પસર્જન કર્યાં એને નીચે પ્રમાણે વિભાગી શકીએ: ૧. ગૃહશોભનનાં ઉપસ્કરો, રમતગમતના પાટલા, શિલ્ડ, કાળિયારમુખ વગેરે. ૨. દેવી-દેવતાઓની પ્રતિમાઓ. ૩. મહાપુરુષોનાં બાવલાં. ૪. પૌરાણિક કાળે વપરાતાં અસ્ત્રની વિભાવન:નાં યંત્રોની શિલ્પાકૃતિ.

જૈન તેમજ જૈનેતરોમાં માંગલિક પ્રસંગે મંડાતા મંગલાષ્ટક બાજઠ, રામ કે કૃષ્ણ જન્મમહોત્સવનું સીસમનું ધાતુજડિત પારણું, ચોપાઈ ઉપર જડિત્ર સંસારી ચોપાટ, સ્તંભ, સ્વસ્તિક અને કુંભ તેમજ શુકનનાંચિહ્નોથી ખચિત ટેબલ, ઘોડાનું શિલ્ડ, સિંહ અને પાડાનું ગતિમય ધીંગાણું વગેરે જેવાં શિલ્પોમાં ગતિમય સાદૃશ્યતા જોઈ શકાય છે.

દેવીદેવતાઓની પ્રતિમાઓમાં તેમની આગવી કોઠાસૂઝનું દર્શન થાય છે. તેમાં 'વાસ્તુવિદ્યાના દાતા વિશ્વકર્મા', નૃત્યમય તેમજ સ્થિર સ્થિત શ્રીગણેશ, 'શિવ પંચાયતન', 'શ્રીરામ પંચાયતન', 'દેવ-દેવીઓમાં સૂર્યદિવાકર', 'સરસ્વતી', 'શુભ-અશુભ લક્ષ્મી', 'વનશ્રી', 'પુરાતીત રાધામાધવ' વગેરે તેમની ગણનીય પ્રતિમાઓ છે.

મહાપુરુષોનાં બાવલાંમાં મહાત્મા ગાંધીજી, સ્વ. ઝવેરચંદ મેઘાણી તેમજ અન્ય એવી તેમણે માનવકદની પ્રતિમાઓ સર્જી છે. શિશુવિહારના વાનપ્રસ્થ ભવન માટે શ્રવણ કાવડિયાની ગતિમાન પ્રતિમા પણ નયનગમ્ય થઈ છે.

પૌરાણિક કથાઓમાં જે યુદ્ધ વર્ણવેલાં છે, એ યુદ્ધોમાં જે અસ્ત્ર ફેંકાતાં, એની તેમણે મનોકલ્પનાના દોર સાંધીને જે

(અનુસંધાન પૃ. ૧૧ પર)

ગતાંકમાં ડૉ. રમણભાઈ પટેલના જીવનચરિત્રાત્મક લેખમાં યુવક વિકાસ ટ્રસ્ટે પ્રકટ કરેલા પુસ્તક 'કર્મનિષ્ઠ જનસેવક ડૉ. રમણભાઈ પટેલ' (ડબલ ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૬૮+૧૨ ફોટો પ્લેટ, રૂ.૧૦૦/-)નો સાભાર આધાર લેવામાં આવ્યો છે.

સ્મૃતિશ્રાપ

ભરત ના. ભટ્ટ

વિષયા પોતાના વિશાળ પ્રાસાદની અટારીએ બેઠી હતી. જમણે હાથે નજીકમાં જ વધુ ઊંચો ને મોટો રાજમહેલ શોભતો હતો. તેની નજર સામે નીચે હતો વૃક્ષોથી હરિયાળો ને ફૂલોથી મઘમઘતો ઉદ્યાન. ઉદ્યાનની વચ્ચે ફુવારો હતો. પંખીઓનો કલરવ હતો; પવનની નાની-હળવી લહેરખીઓ સંતાકૂકડી રમતી હતી ને સંધ્યાનો કેસરિયો રંગ ફુવારામાંથી ઊડતી આછી ઝણ વચ્ચે મેઘધનુષ્ય રચતો હતો. વિષયાની આંખો સામે કળા કરી રહેલું આ સુંદર દશ્યઃ તેને મનભર કહેવું કે મનહર ?

વિષયા સુખી હતી. વાનપ્રસ્થાશ્રમને આવકારી તેની સાથે રહી હૂંફ આપતાં ને માર્ગદર્શક બનતાં વિષયાનાં માતા-પિતા તેની સાથે જ હતાં. પ્રેમાળ પતિ હતો જે એ વિષયાના પિતાની જગ્યાએ આ રાજ્યનો પ્રધાન બની યશ કમાતો હતો. થોડા વખતમાં જ એક ગુલ ખીલી આ પ્રાસાદને કિલકિલાટથી ભરી દેવાનું હતું. વળી જ્યારે જુઓ ત્યારે આંખમાં અમૃત આંજતો વિષયાનો પ્રિય આ ઉદ્યાન પણ તેની સન્મુખ જ હતો.

આ સર્વ મધ્યે શા માટે વિષયાનું મન ગ્લાનિ, કંપ ને દિલગીરી અનુભવતું હતું ? વિષયાનું એક મન તેના બીજા મનને પૂછતું હતું. પછી જાણે બંને સાથે જ જવાબ આપતાં કે આ સર્વ વચ્ચેથી સતત અતીત ડોકિયાં કરે છે. ત્યાં પડી છે તો મધુરસ્મૃતિઓ પણ આ સુખ-શાંતિમાં તે જાણે ડંખ માર્યા કરે છે. આ સુખશાંતિ જ તેને અસહ્ય બનાવે છે.

'આજથી ચાર વર્ષ પહેલાંની જ વાત છે આ.' વિષયા બધું સંભારતાં ગણગણે છે : 'મારા પિતા આ રાજ્યના માનવંતા પ્રધાન હતા ને હું હતી મુગ્ધાવસ્થાના દ્વાર ખખડાવતી કન્યા.' વિષયા સ્મરણોમાં સરતાં જરા મલકી ગઈ ! 'હું આ જ અટારીએ બેઠી હતી. આમ જ ગમગીન થઈને.' તેને ગમગીનીનાં કારણો યાદ આવ્યાં :એક તો મારો આ માનીતો, મારી આંખની કીકી જેવો ઉદ્યાન સાવ ઉજ્જડ હતો ને બીજું એ કે મારી પ્રિય સખી, આ રાજ્યની રાજકુમારી, ચંપકમાલિની પોતાના ભાઈને ત્યાં બાજુના રાજ્યમાં રહેવા ગઈ હતી. બે નયનોની જેમ પરસ્પરને અનુસરતી સખીઓ અમે છૂટી પડીએ તે કેમ સહ્યું જાય ?

હું આમ બેઠી હતી ત્યાં અચાનક આવી ચડી ચંપકમાલિની ! કહે, 'ગઈ રાતે જ ભાઈને ત્યાંથી આવી. સવાર માંડ પડી. ઊઠતાં જ આવી ગઈ તારી પાસે.'

મારી ગમગીની તો જાણે પવનવેગે નાસી ગઈ. પણ... ! પોતાનામાં જ ખોવાતી જતી વિષયા બોલતી હતી 'પણ... મને એટલું તો લાગ્યું જ કે આ ચંપકમાલિની કાંઈક બદલાઈ તો છે જ. આજે તેના ચહેરા પર કેવળ ગુલાબની લાલી નહોતી. તેની વચ્ચે સંધ્યાના શેરડા પણ હતા. પ્રફુલ્લતા હતી પણ મુક્ત નહીં, કશુંક ઢાંકતી, બરફના તરતા પહાડ જેવી, છુપાવા મથતી.'

થોડી વાર હસ્યાં-બોલ્યાં એ પછી મેં પૂછેલું, 'ચંપકમાલિની, તું તો બદલાઈ ગઈ !' પછી મલકીને પૂછેલું, 'કાંઈ છે કે શું ?' તોબરો ચઢાવીને મને છણકો કરતી બોલી, 'શું કાંઈ, વળી ?'

'કહે છે રાજકુમારીઓને તો તેનો ભાવિ સ્વામી સ્વપ્નમાં આવે. છે એવું કાંઈ ?'

'ઓ... હો... હો... બહુ ઠાવકાઈ આવી ગઈ કાંઈ !' કહી ચંપકમાલિની મારી પડખે ભરાઈ ગઈ ને પછી કાનમાં કહે, 'હં...'

પછી તો તેમની વચ્ચે ગમ્મતનો એક સરસ વિષય આવી ગયેલો તે વિષયાને યાદ આવ્યું. જરા મલકી સ્વગત બોલી, 'પછી મેં પૂછી પૂછીને ચીડવી ચીડવીને તેની પાસેથી બધી વાત કઢાવેલી.'

ચંપકમાલિનીએ જે પ્રસંગ વર્ણવ્યો તે આજે વિષયાના કાનમાં જીવંત બન્યો. તેણે કહેલું, 'વિષયા, ભાઈને ઘરેથી પાલખીમાં હું આવતી હતી. બરાબર જંગલ આવ્યું ને જંગલી પ્રાણીઓનું એક જૂથ અમારી પાછળ પડ્યું. મારું- સૌનું શું થશે એની જ ચિંતા થવા લાગી. બરાબર આ જ સમયે કોઈ અજાણ્યો રાજકુમાર શિકારે નીકળેલો તે આવી ચડ્યો ને પેલાં પશુઓને નસાડ્યાં. વિષયા, શું તેની હિમ્મત ને તીરંદાજીનું કૌશલ ?' પછી અટકીને શરમાતાં શરમાતાં ચંપકમાલિનીએ કહેલું, 'વિષયા, અમે પછી નચિંત થયાં ત્યાં તો તેઓ પાલખી સામે આવીને ઊભા ! સાચું કહું ? તેમને જોતાં જ મારા અંતરમાં તે વસી ગયા. પછી તો અમે છૂટાં પડ્યાં ત્યાં સુધી મારી તો જીભ જ સિવાઈ ગઈ. ફક્ત છેલ્લી ઘડીએ તમારું નામ કહેશો ? દેશ કયો ? એટલું મારાથી માંડ પુછાયેલું ને...'

'શું ને... ? અટકી કેમ ગઈ ?'

'ને...' પાણી પાણી થઈ જતાં મેં પૂછેલું, 'તમારો પરિચય પિતાજીને આપું ?' ને વિષયા. પછી તો અમે છેક અહીં મહેલે પહોંચ્યાં ત્યાં સુધી મને તો કશું ભાન જ નહીં રહેલું. માત્ર કાનમાં તેમનો જવાબ ગુંજ્યા કરેલો. રાજકુમારીએ કાંઈ આજ્ઞા માગવી પડે ?'

'લુચ્ચી, તું તો પૂરી ચાલાક નીકળી હોં !' મેં તેની ચિબુક પકડી કહેલું.

'ને તું ? વિષયા બહાર તેટલી જ ભોંમાં છો. તારી પોતાની વાત

તો કદી કરશે જ નહીં ને ! પરંતુ જોઈ લેજે, તારું કાવતરું પણ બહાર પાડીશું જ.' આટલું મને કહીને તે ચંપકમાલિનીને ખોટું ચીડવવા જતાં હસી પડેલી.

વિષયા અત્યારે એકદમ હસી પડી. તેને યાદ આવી વિશાખા. તે દિવસે ચંપકમાલિની હજી આટલું બોલી રહી ત્યાં જ બહારથી 'આવી ગયું, કાવતરું બહાર આવી ગયું' કહેતી વિશાખા અમારી પાસે દોડતી આવેલી.

'આ વિશલીનું સ્થાન મારી ને ચંપકમાલિની વચ્ચે અનોખું હતું. અમને બંનેને એ ખૂબ વહાલી લાગે. અમારાથી નાની. દૈયડની જેમ આખો દિવસ મીઠું મીઠું બોલ્યાં કરે. વિષયાને તે જાણે સામે આવી ગઈ. તેને યાદ આવ્યું ને સ્વગત બોલી, 'હજી તો ગયે વરસે જ પરણીને સાસરે ગઈ. જતાં પહેલાં મને મળવા આવેલી ને ભેટી પડીને શું રડેલી !'

'શું છે વિશાખા ?' અમે બંને સાથે જ પૂછી રહેલાં.

'અ...મે. છે...ને. મા...ળી... ને...' વિશાખા લગભગ હાંફતી હાંફતી બોલતી હતી. જરા શ્વાસ ખાઈને કહે, 'અમે આપણા માળીને પૂછ્યું કે આ ઉદ્યાન હવે લીલો થશે કે નહીં ?' એટલે માળીએ શું કહ્યું કહું ? કહ્યું કે જે દિવસે વિષયાનો સ્વામી આ ઉદ્યાનમાં આવશે તે દિવસે આ ઉદ્યાન ફરી હરિયાળો થશે.

અને પછી બધી સખીઓએ જે ધમાચકડી મચાવેલી ને આ પ્રાસાદ ગજવેલો તે વિષયાને આજે પણ યાદ છે. સૌ જરાં ધીરાં પડ્યાં પછી ચંપકમાલિનીએ લુચ્ચું હસી કહેલું, 'હશે કોઈ કામદેવનેય લજવે તેવો ! તો જ ઋતુરાણી વસંત તેની પાછળ પાછળ અહીં પધારે ને !' બધાંની મશ્કરીમાંથી પોતે માંડ છૂટેલી. વિષયાની નજર આ બધું સંભારતાં, આજે સાવ સૂના પડેલા એ ખંડ તરફ ગઈ.

*

પછી તો મારી સખીઓએ જ આ વાત મારી માતા સુધી પહોંચાડી. માતા આ વાત સાંભળી જરા ગમગીન થઈ ગયેલી, પણ તેનું કારણ સમજાયેલું નહીં. આજે એ કારણ જાણ્યા પછી, આટલી સલામતી ને નચિંતતા વચ્ચે પણ શરીરમાંથી લખલખું પસાર થઈ જાય છે. વિષયા સ્મૃતિ તાજી કરતાં બબડી. માતાએ તેને એક દિવસ એકાંતમાં બધી વાત કહેલીઃ

'બેટા, તું બહુ નાની હતી ત્યારની વાત છે. તારા પિતાજીએ તે દિવસે નગરના સર્વ બ્રાહ્મણોને જમવા નોતરેલા. તેમાં એક બ્રાહ્મણની સાથે એક પાંચ વર્ષનો છોકરો પણ આવેલો.' માતાએ જરા વિરામ લીધેલો ને પછી કાંઈક દિવ્ય જોતી હોય તેમ એ આગળ બોલેલી, 'બેટા, તેનું કપાળ તેજ કરે, પરંતુ તેને લાવનાર બ્રાહ્મણ તો કહે, કોઈ દાસીનો છોકરો છે ને મા મરી ગઈ છે એટલે અમે રાખીએ છીએ.' આગળ ચલાવ્યું, 'બેટા, તે બ્રાહ્મણપુત્ર નથી એ જાણતાં તારા પિતાએ તો મીઠાઈમાં તેને તારવીને પીરસવાનું કહ્યું. રાજગોર ગાલવ પણ ત્યાં જ હતા. તેમણે આ પક્ષપાત જોયો. ભાણાઅંતર જોયું એટલે કહે, 'મહારાજ, તેને અબ્રાહ્મણ ગણી તારવશો નહીં ! એના કપાળમાં તો તમારા જમાઈ થવાનું લખ્યું છે.' ને પછી વેદના ને કંપ સાથે માતા આગળ બોલેલી, 'બેટા વિષયા, આ સાંભળીને તારા પિતાને તો ભારે ક્રોધ ચડ્યો. પણ પોતે ત્યારે કશું બોલ્યા નહીં. ભોજન પત્યું એટલે તેમણે પેલા બ્રાહ્મણને બોલાવીને 'આ છોકરાને અમે ઉછેરશું.' તેમ કહી તેની પાસેથી લઈ લીધો ને સીધો સોંપ્યો મારાઓને. હાય રામ ! મારો તો જીવ શું ફફડે ! શું ફફડે !'

'આ બધી વાત માતાએ મને અમારાં લગ્ન પછી જ કરેલી. આ બધું કહ્યા પછી કહે, 'પણ બેટા, મને મારું અંતર એમ પણ કહેતું હતું કે રાજગોર ગાલવની વાણી કદી મિથ્યા થાય નહીં. ભગવાન કરે ને એ છોકરાને મારી નાખતા મારાઓનો જીવ ન ચાલે ને તેને છોડી મૂકે. ને પછી કોઈ રાજવી કે સારા પરિવારમાં ઊછરીને પ્રતાપી થાય એવું ન બને ?' ને અટકીને બોલેલી, 'પણ અમંગળની દહેશત વધુ જ હોય. મેં એ દિવસો કેમ કાઢ્યા છે તે તો મારું મન જાણે છે.' માતાએ જાણે તે દિવસે બધું કહી દેવાનું જ નક્કી કરેલું.

'મારાં લગ્ન થયાં પછીની નચિંતતા ને ખુશાલી મોં પર લાવતાં તે કહે, 'બેટા, આજે તો તારા વરને જોઈને મારી તો શું પણ તારા પિતાની આંખ કેવી ઠરે છે; છાતી કેવી ફૂલે છે !'

મારા પતિ તે જ એ બ્રાહ્મણ સાથે તે દિવસે જમવા આવેલો છોકરો એ વાતનો ઘટસ્ફોટ તો મને મારા સ્વામીએ પોતે કર્યો ત્યારે જ સૌને ખબર પડેલી. બધું સંભારતાં સંકોચ ને તૃપ્તિ વિષયાના ચહેરા પર ધસી આવ્યાં.

*

'પણ અમારા મિલનને વાગોળવાનું-સંભારવાનું તો કેમ છોડાય ?' વિષયાએ વળી ભૂતકાળનાં વચલાં પડળ ખોલ્યાં, 'માળીની વાત વિશાખા લાવી પછીના અમારા દિવસો કેટલા આનંદ-સભર ! બસ હસવું-રમવું ને એકબીજાંને ચીડવવાં. હું ને ચંપકમાલિની રોજ નવા નવા શણગાર સજીએ ને સહેલીઓ એવી પજવે ! અમે તેમને છણકાવીએ-વઢીએ-ઝઘડીએ ને રિસાઈએ. પણ... ? પણ એકાદ દિવસ પણ જો આવી ગમ્મત-પજવણી વગરનો જાય તો જાણે ભવ વિત્યા હોય તેવું લાગે.

'ઉદ્યાન હરિયાળો થયો એ દિવસ તો હજી આ મારી નજર સામે જ તરે છે. ચંપકમાલિની સહિત સર્વ સખીઓના વર્તનમાં જાણે આનંદનો મહેરામણ ઊમટેલો ! મારી સ્થિતિ

કેવી કહેવી ? અંતરનું અવિરત નર્તન ચાલે ને પગમાં જાણે ક્ષોભની બેડીઓ !

'હું ને ચંપકમાલિની ઉદ્યાનમાં ગયાં. ઉદ્યાનની શોભા અનેરી હતી. કોયલના ટહુકાએ ને મોગરાની સુવાસે અમારું સ્વાગત કરેલું. મારા મનની સ્થિતિ કેવી ? 'એ' ક્યાં હશે ? આ બાજુ કે પેલી બાજુ ?એ જોયા નથી, જાણતી નથી ને છતાં હું તો વરી ચૂકી છું ! આવી સ્થિતિ !

'લગ્ન પછી હું એક,વાર તેમને આ બધી વાત કહેતી હતી. શું હસ્યા છે એ ! કહે, 'સાવ આવું તારું સ્નેહજગત-નિરાધાર ?' પછી લુચ્ચાઈ કરતા કહે, 'મને ખબર નહીં, નહીંતર ઘડીક અવગણના કરી ચીડવત ને પારખુંય કરત.'

બાગની મધ્યમાં ફુવારો. તેની પાસેના વૃક્ષે એક પંચકલ્યાણી ઘોડો બાંધ્યો હતો. જરા દૂર બકુલવૃક્ષની ઘટા નીચે એક રાજકુમાર સૂતા હતા. અમે વૃક્ષોની ઓથે થતાં થતાં કુમાર સૂતા હતા તેની નજીક એક વૃક્ષની આડશે પહોંચ્યાં. લપાઈને જોયું તો તેઓ ભરનિદ્રામાં ! ચહેરો બરાબર દેખાય. હું તો તેમને જોઈને સ્થિર જ થઈ ગઈ ! તે, તેમનો ઘોડો, બાજુમાં પડેલો સામાન મને મારાં લાગવા માંડ્યાં. એટલામાં ચંપકમાલિની ધ્યાનથી જોઈને કહે, 'છે ને મેં કહેલું તેવા કામદેવ જેવા ?' ને પછી મને ધક્કો મારી બોલી,'અલી ત્યાં પાસે જાને !' ને આમ કરી એ કયારે, ક્યાં ભાગી ગઈ તેનો કાંઈ અણસાર જ ન આવ્યો. મને પછી એટલું યાદ આવેલું કે કુમારને જોતાં ચંપકમાલિનીના હાથમાં આછી કંપારી આવેલી !

અમારા ઝાંઝરના અવાજથી કુમાર જાગી ગયા ને મને જોઈને એકદમ ઊભા થઈ ગયેલા ! મને તો ક્યાં બીજું કશું ભાન હતું ! મેં તો પારિજાતની ફૂલમાળા તેમના ગળામાં પહેરાવી દીધી ! વિષયા તો જાણે ચલચિત્ર જોતી હોય તેવી તેની સ્થિતિ હતી.

ઘડીક ન એ કશું બોલ્યા; ન હું કશું બોલી શકી. પછી એમણે પૂછ્યું, 'આ શું કર્યું તમે ?'

'કેમ ન ગમ્યું ?'

'માઠું લાગ્યું ? આર્યકન્યાની વરમાળા કદી પાછી ફરી મેં તો સાંભળી નથી !' આટલું બોલી મારી સામે આવીને કહે, 'આગળના રાજ્યમાં પિતાજીએ આપેલો સંદેશો પહોંચાડવા જાઉં છું. ઘરેથી નીકળતાં માતાને પગે લાગવા ગયેલો. મને હાથ પકડી ઊભો કરતાં તેઓ કહે છે, 'બેટા, જલ્દી પાછો આવ ને રતન જેવી વહુ પસંદ કરતો આવ.'

મેં કહ્યું, 'માતા, રાજ્યવહીવટનો સંદેશો લઈને જાઉં છું. થોડો હું આ માટે જાઉં છું ? તું આવી આશિષ કેમ આપે છે ?'

પછી વિષયાને યાદ આવ્યું કે તેનો હાથ મૃદુતાથી પકડીને તે કુમારે પોતાને વીંટી પહેરાવતાં કહેલું, 'તમને જોઈને મારી માતા કેટલી ખુશ થશે !'

'પછી તો...' વિષયા બધું યાદ કરતી બોલી, 'અમે બાગમાં જ બેસીને કેટલીય વાતો કરેલી. પછી તેમને લઈને હું અમારા પ્રાસાદે આવી ત્યારે યાદ આવ્યું કે હમણાં આવશે, એમ કહી બે ઘડી રાહ જોઈને થાકીને તેને બોલાવવા દાસીને મોકલી તો સમાચાર આવ્યા કે તેના ભાઈએ બોલાવી તેથી તે અચાનક તેના ભાઈને ત્યાં ગઈ છે.'

મારાં લગ્નમાં પણ તે ન આવી શકી. વિષયાથી આજે પણ નિઃસાસો નંખાઈ ગયો. ને પછી તો એ ક્યાંય સુધી પોતાના પિતાને ત્યાં પણ ન આવી ત્યારે મેં દુઃખ ને ચિંતાની વધારે તપાસ કરાવી. આ પછી જે વિગત જાણી તેનાથી તો હું ચોંકી જ ગઈ ! તેની વિગત એવી હતી કે ચંપકમાલિની તો અહીંથી થોડે દૂર સાધ્વીઓનો એક મઠ છે ત્યાં રહેવા ગઈ છે ને થોડા સમયમાં તે પણ દીક્ષા લેવાની છે.

ચંપકમાલિનીનાં લગ્નમાં તો અમે બંને બધું સંભાળશું. કેવી લ્હેર પડશે ? કેવી ધમાલ થશે ? આવી કલ્પનાઓમાં હું તો રાચતી હતી એવામાં આ સમાચારથી મારું તો જીવન-ઉલ્લાસનું વહાણ જાણે ડૂબી ગયું ! પ્રિયતમ સખીની ઓથ - સાથ વગરના મારા દિવસો અકારા થઈ પડ્યા ! પણ દુઃખનું ઓસડ દહાડા તેમ હું પણ આ બધાંથી ટેવાતી તેમાંથી બહાર નીકળવા લાગી.

એવામાં મારા સીમંતનો અવસર આવ્યો ને મારી દુનિયા બદલાવા લાગી. દિવસો વીત્યા ને લક્ષ્મી સમી પુત્રીએ મારો ખોળો ચેતનવંતો કર્યો. તેના પિતા, નવા પ્રધાનશ્રી તો એવા ખુશ ! કહે, 'મારે પહેલી પુત્રી જ જોઈતી હતી તે તેં આપીને મને ધન્ય કર્યો છે.' મારે કહેવું હતું કે મને માતૃત્વ આપીને જીવનની સંપૂર્ણતા તમે બક્ષી છે ! પણ મોં ઊઘડે તો ને ! તેમણે કોઈની વાત કાને ધર્યા વગર આખા નગરમાં મીઠાઈ વહેંચાવેલી !

હવે વિષયાને એ પ્રસંગ યાદ આવ્યો જે આજ પર્યન્ત વ્રણ સમો બની રહ્યો હતો. એક દિવસ આવી પુત્રીને રમાડી. પછી મારા હાથમાં આપીને તેની સામું સ્નેહથી એકીટશે જોતાં કહે, 'વિષયા, આનું નામ ચંપકમાલિની રાખીએ તો ?' ને એકદમ મોં ફેરવી ખંડબહાર નીકળી ગયા ! તેમનો અવાજ, તેમની ચાલ આ બધા પરથી મને લાગ્યું કે એમની આંખ માત્ર ભીની જ નથી થઈ; ચૂઈ પણ પડી છે !

શા માટે ? ને મને જાણે વંચાઈ ગયું. ચંપકમાલિનીની તેમના ઉદ્યાન-આગમન પછીની ગતિ ને તેમના દ્વારા આ નામનું સૂચન ! વિષયા, હજી તને નથી સમજાતું આ શું થયું તે ? વિષયાને તે પોતે જ પૂછતી હતી.

બસ તે દિવસથી મને કૉળતું નથી. દીકરીને અંકમાં લઉં ને રડી પડાય છે ! કોને કહું આનું કારણ ? ચંપકમાલિની,

બહેન, પ્રિય સહેલી, આપણું સખ્ય આટલું છીછરું હતું ? આપણી વચ્ચે કોઈ વાત ખાનગી હતી ? ને કૌશલ્યા, સુમિત્રા ને કૈકેયી સાથે રહી શક્યાં; કુંતાજી ને માદ્રી સાથે રહ્યાં તો આપણે ન રહી શકત ? તેં તો મનની વાત જ ન કરી ! આપણી મૈત્રીને આવો દગો ? તેના પર અવિશ્વાસનું, ગુપ્તતાનું, અંગતતાનું આવું કલંક ?

વિષયા ચોધાર આંસુએ રડવા લાગી. વળી બોલવા લાગી; 'વહાલી સખી, તેં મારા સંસારસુખ માટે આ કર્યું પણ મને એ સુખ જાણે કરડે છે, સતત બાળે છે ! થાય છે કે તને એક વાર મળી લઉં પણ હવે તેથી શું ? દશે દિશામાં અંધકાર જ છે.'

વિષયાની આંખે અંધારાં આવ્યાં. તે ઉદ્યાનની રમ્યતા વધુ સમય ન જોઈ શકી. તેણે પોતાની આંખો આડા હાથ સજ્જડ દાબી દીધા. ❐

[પ્રેમાનંદ રચિત 'ચંદ્રહાસ-આખ્યાન'ના આધારે લખેલી વાર્તા. - લે.]

અનુસંધાન] શ્રી દેવરાજભાઈ 'સૂત્રધાર' [પૃ. ૭ થી

નિર્મિતિ માંડી છે એના પોતે મોડેલો પણ તૈયાર કર્યાં છે.

'જમદગ્નેય ધનુર્વેદ'ના અગ્ન્યાસ્ત્ર - જે છેતરીને સાત હુમલા કરી અને કાપતું, બાળતું 'અગ્ન્યાસ્ત્ર' છે. 'વશિષ્ઠ ધનુર્વેદ' એ ભૈરવયંત્ર યુદ્ધમાં પથ્થરો ફેંકવામાં વપરાતું 'કાષ્ઠયંત્ર'. ઉપરાંત 'યાજ્ઞવલ્ક્ય ધનુર્વેદ' - જેમાં વિમાન, ઊડણખાટલી કે પવનપાવડી જેવાં ઊડતાં યંત્રો છે.

સૌરાષ્ટ્રમાં છેલ્લી દોઢ-બે સદીમાં સલાટ શિલ્પીઓએ દેવાલય, મંદિર વગેરેના થાંભલે ગોખ-ગવાક્ષે જે પથ્થરની મૂર્તિઓ કંડારી એનું પ્રમાણ મનફેર રીતે થોડુંક ઠીંગણું લાગે ખરું, એની અસર જાણે-અજાણે દેવરાજભાઈની કોઈ કોઈ પ્રતિમામાં ધ્વનિત થાય ખરી. શિલ્પી ચિત્રકાર અને કોઠાસૂઝથી ઈજનેરી શાખાના પણ કોયડા ઉકેલનાર દેવરાજભાઈ લોક અને શાસ્ત્રીય પરંપરાના જ્ઞાતા પ્રત્યુત્પન્ન બુદ્ધિવાળા હોવાથી તેમણે પોતાની આગવી સમજણથી 'શિલ્પ લક્ષાર્થ' નામે એક પુસ્તક પણ પ્રસિદ્ધ કર્યું છે. અને નગરરચના, જળાશયો, કૂપ, મકાનો, સંરક્ષણનાં ઓજારો વગેરેની વિસ્તૃત માહિતીભર્યો ગ્રંથ તૈયાર કરી રહ્યા છે.

એમનાં ચિત્ર-શિલ્પોનાં નિજીપ્રદર્શનો ભાવનગર, રાજકોટ, ચલાળા, અમરેલી વગેરે શહેરોમાં થઈ ચૂક્યાં છે.

તેમનાં શિલ્પો મુંબઈ, વડોદરા, નવસારી, અમરેલી વગેરે શહેરોના કલાપ્રિય સદ્ગૃહસ્થોના આવાસોને શણગારી રહ્યાં છે.

તેમને અનેક માનસન્માનો તેમજ પારિતોષિક મળી ચૂક્યાં છે. પુત્ર, પૌત્રાદિના ભર્યા પરિવારમાં તેઓ વરિષ્ઠરૂપે બિરાજે છે.

ઈ.સ. ૧૯૯૬થી પોતાના પુત્ર-પૌત્રાદિને સર્વ કાર્યભાર સોંપી પોતે હાલ પોતાની પ્રિય શિલ્પ-પ્રવૃત્તિમાં નિમગ્ન થઈ આનંદમય જીવન ગાળે છે. ❐

જાણીતા માણસની અજાણી વાતો

ડૉ. કનક રાવળ

૧૯૬૩માં જાણીતા નોબેલ વિજેતા ડૉ. સુબ્રહ્મણ્યમ ચન્દ્રશેખર (વૈજ્ઞાનિક સમાજના ડૉ. ચન્દ્રા) વડોદરાની મુલાકાતે આવ્યા હતા. ડૉ. અને શ્રીમતી ચન્દ્રા ડૉ. વિક્રમ સારાભાઈના મિત્ર હતા. વિક્રમભાઈ પોતાની ફાર્માસ્યુટિકલ ઔદ્યોગિક વસાહત બતાવવા આ મિત્રોને લઈ આવ્યા હતા.

આ સમયે હું સારાભાઈ કેમિકલ્સનો પ્લાંટ મૅનેજર હતો. તે જ અરસામાં કંપનીનાં નવાં મકાનો એને આધુનિક યંત્ર-સામગ્રીથી નવું ઔદ્યોગિક તંત્ર રચવાનો પ્રોજેક્ટ પૂરો થયો હતો. સારાભાઈ કેમિકલ્સનો ભારતની દવાની દુનિયામાં ચડતો સિતારો હતો અને તે માટે અમે સૌ કર્મચારીઓ મગરૂર હતા.

વિક્રમભાઈએ કહ્યું, 'રાવળ, આપણા ખાસ મહેમાનને આપણી ફૅક્ટરી બતાવો. તેમને ખયાલ આવશે કે દવાના ઉદ્યોગમાં ભારત દુનિયાની બરોબરી કરી શકે તેમ છે.' ડૉ. ચન્દ્રા જેવા વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકના એકાદ કલાક માટે પણ યજમાન બનવાની તક મળતાં હું ઘણો પ્રોત્સાહિત થઈ ગયો અને ફેક્ટરીની મુલાકાત શરૂ કરી.

કંપનીમાં કેટલા કર્મચારીઓ છે, કેટલા કરોડ રૂપિયાની દવાઓનું ઉત્પાદન થાય છે, ભારતમાં સારાભાઈ કેમિકલ્સ કેવું મોખરાનું સ્થાન ધરાવે છે તેના આંકડા અને વર્ણન કરતાં મેં માનનીય મહેમાનોને જુદા જુદા વિભાગોમાં ફેરવવા માંડ્યા.

નવા ફાર્માસ્યુટિકલ પ્લાંટમાં હું આગળ ચાલીને વિવિધ પ્રવૃત્તિઓનું વર્ણન કરતો હતો. એકાએક મને લાગ્યું કે હું મારી જાતને જ વાત કરી રહ્યો હતો. અટકીને જોયું તો મહેમાન દંપતી સોએક ફુટ પાછળ રહી ગયું હતું. છત તરફ આંગળી ચીંધીને ડૉ. ચન્દ્રા તેમનાં પત્નીને કંઈક કહી રહ્યા હતા. હું સફાળો ત્યાં જઈ પહોંચ્યો. જઈને મેં જોયું તેનાથી હું અચંબો જ પામી ગયો. છત પર પસાર થતી વિવિધ રંગની સર્વિસ લાઈનને બતાવી ડૉ. ચન્દ્રા અબજો માઈલ આવેલી કોઈ નિહારિકાનું વર્ણન કરી રહ્યા હતા. બ્રહ્માંડનું મનન કરતા ફિલસૂફ-વૈજ્ઞાનિકને, સુઘડ રીતે ગોઠવાયેલી નળીઓ પણ તેમના મનોકાશમાં આકાશગંગાની યાદ ઉપજાવતી હતી. ગોળીઓ અને ઓસડિયાં ક્યાંક ધરતી પર રહી ગયાં હતાં.

મને આવતો જોઈને તરત મારી સાથે ચાલવા માંડ્યાં. તેમના ચહેરા પર વિસ્મયભર્યું સ્મિત વિલસી રહ્યું હતું. બેશક થોડી ક્ષણો પૂર્વે અગણિત તારા, ગ્રહો અને કૃત્તિકાઓથી ભરપૂર અગાધ બ્રહ્માંડની સફર તેમણે પૂરી કરી હતી. ❐

પરમાણુ ઊર્જા વિભાગની સુવર્ણ જયંતી

પ્રહ્લાદ છ. પટેલ

આઝાદી પછી પરમાણુ ઊર્જા, અવકાશ, સંશોધન, કૃષિ અને તબીબી ક્ષેત્રે ભારતની તસ્વીર અત્યંત ઊજળી બની છે. રાષ્ટ્રના વિકાસ અને સ્વનિર્ભરતા પરત્વે આ ક્ષેત્રોનું અનોખું યોગદાન રહ્યું છે. ભારતનો પરમાણુ ઊર્જા વિભાગ ૨૦૦૩માં પોતાના પ્રમાણભૂત કાર્યનાં પચાસ વર્ષ પૂરાં કરે છે. પરમાણુ ઊર્જા વિભાગ દ્વારા તેની ઑગસ્ટ ૨૦૦૩થી ઑગસ્ટ ૨૦૦૪ દરમ્યાન સુવર્ણ જયંતી ઉજવાઈ રહી છે. રાષ્ટ્રની પ્રગતિના આવા ઉત્સવને ઉજાળવા માટે બાજુની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે લૉગોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે. તે સ્વચ્છ પર્યાવરણ-મિત્ર સ્રોતનું નિરૂપણ કરે છે. તેના ગુંબજ ઉપર ઊભેલ વ્યક્તિઓ પરમાણુ ઊર્જા વિભાગ દ્વારા થતા અનુસંધાન, વિકાસ, સમૃદ્ધિ, સંવૃદ્ધિ તથા જનસામાન્યના જીવનની ગુણવત્તાનાં પ્રતીક છે.



કોઈ પણ જયંતી-સમારોહ ટાણે જે તે સંસ્થાની પ્રમુખ ઉપલબ્ધીઓનું સરવૈયું કાઢવાનું હોય છે અને ભાવિ પ્રગતિ તથા પ્રકલ્પો માટે સંકલ્પ કરવાનો અવસર બની રહે છે. આધુનિક વિજ્ઞાન અને યુગની ટેક્નોલૉજીની સિદ્ધિઓનાં ફળ આમ-જનતા ભોગવી રહી છે. માનવજીવન-શૈલીને સર્વદા ઉપકારક બને તેવી સુવિધાઓ પ્રાપ્ત કરાવવા માટે પરમાણુ ઊર્જા વિભાગ અને અવકાશ સંશોધન વિભાગ સંનિષ્ઠ પ્રયાસો કરે છે. આ વિભાગોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે કેટલાક પેટા વિભાગો પણ તૈયાર કરવામાં આવ્યા છે. પરમાણુ ઊર્જા વિભાગનો શુભારંભ ઑગસ્ટ ૩, ૧૯૫૪ના રોજ શરૂ થયો. આ પહેલાં ડૉ. હોમી ભાભાએ સર દોરાબજી તાતાને ન્યૂક્લિઅર અનુસંધાન માટે માર્ચ ૧૨, ૧૯૪૪ના રોજ પત્ર લખ્યો. ડૉ. ભાભાના પ્રયત્નોને કારણે તાતા મૂળભૂત અનુસંધાન સંસ્થા (T.I.F.R.)ની જૂન ૧, ૧૯૪૫ના રોજ મુંબઈમાં સ્થાપના થઈ.

આ રીતે આઝાદી પહેલાં ડૉ. ભાભાના સંનિષ્ઠ અને ઉત્કૃષ્ઠ પ્રયાસોને કારણે પરમાણુ ઊર્જા વિભાગનાં બી વવાયાં. જેમાં સરકારનો સહયોગ મળી રહ્યો.

પરમાણુ ઊર્જા અધિનિયમ એપ્રિલ ૧૫, ૧૯૪૮ના રોજ પસાર કરવામાં આવ્યો. પરમાણુ ઊર્જા આયોગ (Atomic Energy Commi-ssion)ની ઑગસ્ટ ૧૦, ૧૯૪૮ના રોજ રચના કરવામાં આવી.

વિરલ ખનીજ સર્વેક્ષણ એકમને જુલાઈ ૨૯, ૧૯૪૯ના રોજ ૫, ઊ.આ. સાથે જોડી દેવામાં આવ્યો. તેનું નામ રૉ મટિરિયલ ડિવિઝન (આર.એમ.ડી.) રાખ્યું જેનું મુખ્યાલય દિલ્હી રહ્યું. ૧૯૭૪માં આ વિભાગને હૈદરાબાદ ખાતે ખસેડવામાં આવ્યો. જુલાઈ ૨૯, ૧૯૮૮ના રોજ આ વિભાગનું નામ બદલીને પરમાણુ ઊર્જા અન્વેષણ (Atomic Minerals Division) રાખવામાં આવ્યું.

ઈંડિયન રેર અર્થ લિમિટેડ (I.R.E.)ની ઑગસ્ટ ૧૮, ૧૯૫૦માં સ્થાપના કરવામાં આવી. એપ્રિલ ૧૯૫૧માં પરમાણુ ખનિજ નિદેશાલય દ્વારા જદુગુડા ખાતે યૂરેનિઅમ નિક્ષેપની શોધ કરવામાં આવી. ડિસેમ્બર ૧૯૫૧માં વેધન (drilling) કાર્ય શરૂ કરવામાં આવ્યું.

ડિસેમ્બર ૧૯૫૨માં વિરલ મૃદાઓ (rare earths)તથા થૉરિઅમ-યૂરેનિઅમ- સાંદ્ર ઉત્પાદન શરૂ થયું.

ઑગસ્ટ ૩, ૧૯૫૪ના રોજ પરમાણુ ઊર્જા વિભાગનું ગઠન કરવામાં આવ્યું.

૧૯૫૫માં સહા ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ન્યૂક્લિઅર ફિઝિક્સ (કોલકાતા)ને પરમાણુ ઊર્જા વિભાગની અનુદાન પ્રાપ્ત સંસ્થા બનાવી. ટ્રૉમ્બે સ્થિત થૉરિઅમ સંયંત્ર(plant)એ ઑગસ્ટ ૧, ૧૯૫૫માં ઉત્પાદન શરૂ કર્યું. આજે તે બંધ છે.

પરમાણુ ખનીજ નિર્દેશાલયે ઉમરા (રાજસ્થાન)માં યૂરેનિઅમ ખનિજીકરણની શોધ કરી.

ઑગસ્ટ ૪, ૧૯૫૬ના રોજ એશિયાના પ્રથમ અનુસંધાન રિઍક્ટર-અપ્સરા(APSARA)એ (ટ્રૉમ્બે, મુંબઈ) ક્રાંતિકતા (criticality) પ્રાપ્ત કરી.

જાન્યુઆરી ૨૦, ૧૯૫૭ના રોજ પરમાણુ ઊર્જા સંસ્થાપના ટ્રૉમ્બે (Atomic Energy Establishment, Trombe)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. એ.ઈ.ઈ.ટી.નું નામ પાછળથી ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર (B.A.R.C.)રાખવામાં આવ્યું. ઑગસ્ટ ૧૯, ૧૯૫૭થી ટ્રૉમ્બે ખાતે એ.ઈ.ઈ.ટી. પ્રશિક્ષણ શાળા શરૂ કરવામાં આવી.

જાન્યુઆરી ૩૦, ૧૯૫૯માં ટ્રૉમ્બે સ્થિત યૂરેનિઅમ ધાતુ સંયંત્રને યૂરેનિઅમનું ઉત્પાદન શરૂ કર્યું.

ફેબ્રુઆરી ૧૯, ૧૯૬૦ના રોજ સાઇરસ (CIRUS) રિઍક્ટર માટે ૧૦ ઈંધણ તત્ત્વોનું ટ્રૉમ્બે ખાતે સંવિરઅન (fabrication) કર્યું.

જુલાઈ ૧૦, ૧૯૬૦ના રોજ ૪૦ મેગાવૉટની ક્ષમતા વાળા અનુસંધાન રિઍક્ટર સાઇરસે ક્રાંતિકતા પ્રાપ્ત કરી. તેના નવીનીકરણ બાદ ૩૧, ઑક્ટોબર, ૨૦૦૨ના રોજ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું.

જાન્યુઆરી ૧૪, ૧૯૬૧ના રોજ અનુસંધાન રિઍક્ટરને ઝર્લીના, ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૬૨માં તાતા મેમૉરિઅલ હૉસ્પિટલને પરમાણુ ઊર્જા વિભાગને સોંપવામાં આવી.

જાન્યુઆરી ૨૨, ૧૯૬૫ના રોજ ટ્રૉમ્બેમાં પ્લૂટોનિઅમ સંયત્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

એપ્રિલ ૧૧, ૧૯૬૭ના રોજ ઇલેક્ટ્રોનિક કૉર્પોરેશન ઑવ્ ઇન્ડિયા લિમિટેડ(ECIL)ની સ્થાપના કરવામાં આવી.

જૂન ૧, ૧૯૬૭ના રોજ પાવર પ્રોજેક્ટ્સ એન્જિનીઅરિંગ ડિવિઝન(PPED)ની મુંબઈ ખાતે રચના કરવામાં આવી. પાછળથી ઑગસ્ટ ૧૭, ૧૯૮૪માં તેને ન્યૂક્લિઅર પાવર બોર્ડમાં રૂપાંતરિત કરવામાં આવ્યું.

ઑક્ટોબર ૪, ૧૯૬૭ના રોજ જદુગુડા (ઝારખંડ) ખાતે યૂરેનિઅમ કૉર્પોરેશન ઑવ્ ઇન્ડિયા લિમિટેડ(UCIL)ની રચના કરવામાં આવી.

મે ૧૯૬૮માં રોજના ૧૦૦૦ ટનની ક્ષમતાવાળી જદુગુડા સ્થિત યૂરેનિઅમ મિલને મૅગ્નેશિઅમ ડાઇયૂરેનેટનું (યલો કેક) વેપારી ઢબે ઉત્પાદન શરૂ કર્યું.

ડિસેમ્બર ૩૧, ૧૯૬૮ના રોજ ન્યૂક્લિઅર ઈંધણ સંમિશ્ર (amplex)ની હૈદરાબાદ ખાતે સ્થાપના કરવામાં આવી.

માર્ચ ૧૨, ૧૯૬૯ના રોજ રિઍક્ટર અનુસંધાન કેન્દ્ર (RRC)કલપકમ ખાતે ચાલુ કરવામાં આવ્યું. ડિસેમ્બર ૧૯૮૫માં તેનું નામ ઇંદિરા ગાંધી પરમાણુ અનુસંધાન કેન્દ્ર (IGARC)રાખવામાં આવ્યું.

મે ૧, ૧૯૬૯માં ભારે પાણિ પરિયોજનાનું ગહન કરવામાં આવ્યું. પાછળથી તેને ભારે પાણી બૉર્ડ બનાવવામાં આવ્યું. (વડોદરા, કોટા, તૂતિકોરિન, નાંગલ, હજીરા, થલ, મનુગુરુ, તાલ્ચેર ભારે પાણી પેદા કરતાં કેન્દ્રો છે.)

ઑક્ટોબર ૨, ૧૯૬૯ના રોજ તારાપુર પરમાણુ વિદ્યુતમથકને વેપારી ઢબે શરૂ કરવામાં આવ્યું.

૧૯૭૦માં પરમાણુ ખનીજ નિદેશાલય નરવા પહાડ નિક્ષેપને યુ.સી.આઈ.એલ.ને સોંપ્યો.

સપ્ટેમ્બર ૬, ૧૯૭૦ના રોજ યૂરેનિઅમ-૨૩૩ને કિરણિત થોરિઅમથી અલગ કરવામાં આવ્યું.

ફેબ્રુઆરી ૧૮, ૧૯૭૧ના રોજ અનુસંધાન રિઍક્ટર પૂર્ણિમા માટે પ્લૂટોનિઅમ ઈંધણનું સંવિરચન ટ્રૉમ્બે ખાતે કરવામાં આવ્યું.

છતરપુર (ઓરિસ્સા) અને નીંદાકરા-કયાનુકુલમ (કેરલ) સ્થિત પુલિન બાલુકા(beach sand) નિક્ષેપો આઈ. આર.ઈ.ને ૧૯૭૫માં સોંપ્યાં.

ફેબ્રુઆરી ૩, ૧૯૭૨માં પરમાણુ ઊર્જા વિભાગની સુરક્ષા-પુનરીક્ષા સમિતિ (Safety Review Committee)ની રચના કરવામાં આવી.

મે ૧૮, ૧૯૭૨ના રોજ અનુસંધાન રિઍક્ટર પૂર્ણિમા- Iએ ક્રાંતિકતા પ્રાપ્ત કરે છે.

નવેમ્બર ૩૦, ૧૯૭૨ના રોજ કોટા (રાજસ્થાન) નજીક રાવતભાટા સ્થિત પરમાણુ વિદ્યુતમથકનો એકમ- I વેપારી ઢબે શરૂ થયો. તેનો બીજો એકમ- II નવેમ્બર ૧૯૮૦ના રોજ તે રીતે શરૂ થયો.

૧૯૭૪માં યૂ.સી.આઈ.એલ.નો જદુગુડા-સ્થિત આડ-પેદાશ પુનઃપ્રાપ્તિ સંયંત્રને કમિશન કરવામાં આવ્યો.

મે ૧૮, ૧૯૭૪ના રોજ પોકરણ(રાજસ્થાન)ની ભૂમિ નીચે શાંતિપૂર્ણ પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યું.

સપ્ટેમ્બર ૧૯૭૫માં યૂ.સી.આઈ.એલ.ના સુરદા યૂરેનિઅમ પુનઃપ્રાપ્તિ સયંત્રને કમિશન કરવામાં આવ્યો.

જૂન ૧૬, ૧૯૭૭ના રોજ પરિવર્તી ઊર્જા સાઇક્લોટ્રોન કેન્દ્ર (Variable Energy Cyclotron Centre) શરૂ કરવામાં આવ્યું.

૧૯૭૯માં પરમાણુ ખનીજ નિદેશાલયે ભાટિન તથા તરુમદીહ (પૂર્વ ઝારખંડ) સ્થિત યૂરેનિઅમ નિક્ષેપો યૂ. સી. આઈ.એલ.ને સોંપ્યા.

નવેમ્બર ૧૮, ૧૯૭૯ના રોજ પ્લૂટોનિઅમ-યૂરેનિઅમ મિશ્રિત ઑક્સાઇડ (Mox) ઈંધણનું સંવિચરણ ટ્રૉમ્બેમાં કરવામાં આવ્યું.

નવેમ્બર ૧૯, ૧૯૮૨ના રોજ ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્રનો તારાપુર સ્થિત વિદ્યુત રિઍક્ટર ઈંધણ પુનર્સંસાધન(reprocessing) સંયંત્ર કમિશન કરવામાં આવ્યો.

ફેબ્રુઆરી, ૧૯૮૩માં યૂ.સી.આઈ.એલ.નું રાખા યૂરેનિઅમ પુનઃપ્રાપ્તિ સંયંત્ર કમિશન કરવામાં આવ્યો.

નવેમ્બર ૧૫, ૧૯૮૩ના રોજ મુંબઈમાં પરમાણુ ઊર્જા નિયામક બોર્ડ(A.E.R.B.)ની રચના કરવામાં આવી.

૧૯૮૪માં ડોમિયાસિયાટ મેઘાલયમાંથી રેતીના પથ્થર પ્રકારના યૂરેનિઅમની શોધ કરવામાં આવી.

જાન્યુઆરી ૨૭, ૧૯૮૪ના રોજ કલપક્કમ સ્થિત મદ્રાસ

પરમાણુ વિદ્યુતમથકનું એકમ- I અને માર્ચ ૨૧, ૧૯૮૬ના રોજ એકમ- II વેપારી ઢબે શરૂ થયાં.

ફેબ્રુઆરી ૧૯, ૧૯૮૪ના રોજ ઈંદોર (મધ્યપ્રદેશ) ખાતે પ્રગત પ્રૌદ્યોગિકી કેન્દ્ર (Advance Technology Center - CAT)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

માર્ચ ૮, ૧૯૮૪ના રોજ ફાસ્ટ બ્રીડર ટેસ્ટ રિઍક્ટર (F.B.T.R.) માટે પ્લૂટોનિઅમ - યૂરેનિઅમ મિશ્રિત કાર્બાઇડ ઈંધણનું ટ્રૉમ્બે ખાતે સંવિચરણ કરવામાં આવ્યું.

મે ૧૦, ૧૯૮૪ના રોજ યૂરેનિઅમ - ૨૩૩ ઈંધણથી ચાલતું એક સમાંગી રિઍક્ટર, અનુસંધાન રિઍક્ટર પૂર્ણિમા-IIએ ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૮૫માં પરમાણુ ખનીજ નિદેશાલયે બોડલ સ્થિત યૂરેનિઅમ નિક્ષેપ યૂ.સી.આઈ.એલ.ને સોંપ્યો.

માર્ચ ૫, ૧૯૮૫માં તારાપુરસ્થિત અપશિષ્ટ પદાર્થ અચલીકરણ (Waste Immobilisation Plant)ને કમિશન કરવામાં આવ્યો.

માર્ચ ૨૫, ૧૯૮૫ના રોજ ભુવનેશ્વરના ભૌતિકી સંસ્થાન (Institute of Physics)ને પરમાણુ ઊર્જા વિભાગમાં અનુદાન-પ્રાપ્ત સંસ્થા તરીકે અપનાવી.

ઑગસ્ટ ૮, ૧૯૮૫ના રોજ અનુસંધાન રિઍક્ટર ધ્રુવે (૧૦૦ મૅગાવૉટ) ક્રાંતિકતા પ્રાપ્ત કરી. તથા ૧૭ જાન્યુઆરી, ૧૯૮૮ના રોજ તેણે પૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરી.

ઑક્ટોબર ૧૮, ૧૯૮૫ના રોજ ઈંદિરા ગાંધી પરમાણુ અનુસંધાન કેન્દ્ર સ્થિત ફાસ્ટ બ્રીડર ટેસ્ટ રિઍક્ટરે ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૮૬માં ચેન્નઈ સ્થિત ગણિત-વિજ્ઞાન સંસ્થા (Institute of Mathematical Sciences)ને પરમાણુ ઊર્જા વિભાગની અનુદાન-પ્રાપ્ત સંસ્થા તરીકે અપનાવવામાં આવી. તે જ સમયે ઑસ્કૉમ (છતરપુર, ઓરિસ્સા) સ્થિત નિકર્ષક ખનન, ખનીજ પૃથ્થકરણ અને સિંથેટિક રૂટાઇલ સંયંત્રને આઈ.આર.ઈ.એ કમિશન કર્યાં તથા હીરો પરિયોજના (આલ્વે, કેરલ)નો શુભારંભ થયો.

ઑક્ટોબર ૧૯૮૬માં યૂ.સી.આઈ.એલે. ખાણને કમિશન કરી તથા અયસ્કને સંશાધન માટે જદુગુડા મિલમાં મોકલવામાં આવ્યા.

ડિસેમ્બર ૧૯૮૬માં યૂ.સી.આઈ.એલ.ના મુસાબની યૂરેનિઅમ પુનઃપ્રાપ્તિ સંયંત્રનું કમિશન થયું.

૧૯૮૭માં પરમાણુ ખનીજ નિદેશાલયે તુરુમડીહ (પશ્ચિમ) યૂરેનિઅમ નિક્ષેપોને યૂ.સી.આઈ.એલ.ને તથા તામિલનાડુ સ્થિત પુલિન બાલુકા નિક્ષેપોને આઈ.આર.ઈ.ને સોંપવામાં આવ્યા.

સપ્ટેમ્બર ૧૭, ૧૯૮૭ના રોજ પૂર્વ-ન્યૂક્લિઅર વિદ્યુત બોર્ડને બદલી ન્યૂક્લિઅર પાવર કૉર્પોરેશન ઑવ્ ઇન્ડિયા લિમિટેડ (NPCIL) બનાવવામાં આવ્યું.

૧૯૮૮માં પરમાણુ ખનીજ નિદેશાલયે કુટ્ટુમંગલમ્ અને વેટ્ટમાડિયા બાલુકા નિક્ષેપને આઈ.આર.ઈ.ને સોંપ્યા.

ડિસેમ્બર ૩૦, ૧૯૮૮ના રોજ ૧૪ મૅગાવૉટ ક્ષમતાના પેલ્ટ્રોન પ્રવેગકનું મુંબઈમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રવેગક B.A.R.C. અને T.I.F.R.નો સંયુક્ત પ્રયાસ છે.

૧૯૮૯માં એ.એમ.ડી.ની પ્રશિક્ષણ શાળા શરૂ થઈ બોર્ડ ઑવ્ રૅડિયેશન ઍન્ડ આઈસોટોપ ટેક્નોલૉજી (R.R.M.C.)ની રચના કરવામાં આવી.

જાન્યુઆરી ૩, ૧૯૮૯ના રોજ રીજિયોનલ રૅડિયેશન મેડિસીન સેન્ટર કોલકાતા ખાતે શરૂ કરવામાં આવ્યું.

માર્ચ ૧૨, ૧૯૮૯ના રોજ નરોરા (ઉ.પ્ર)ના પરમાણુ પાવર મથકના એકમ- I તથા એકમ- IIએ ઑક્ટોબર ૨૪, ૧૯૯૧ના રોજ ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૯૦માં કુડપ્પા ઘાટીના પશ્ચિમ કિનારા ઉપર ડૉલોસ્ટોનયુક્ત યૂરેનિઅમ ખનીજીકરણની શોધ કરવામાં આવી. આઈ.આર.ઈ.ના ખનીજ અનુસંધાન વિકાસ કેન્દ્રનો કોલ્લમ (કેરલ)માં આરંભ કરવામાં આવ્યો. ચવરા(કેરલ)માં એક ડ્રેજ-વ-વેટ સાંદ્રણ સંયંત્ર ચાલુ કરવામાં આવ્યો.

નવેમ્બર ૯, ૧૯૯૦ના રોજ યૂરેનિઅમ-૨૩૩ ઈંધણ વેડ ચાલના અનુસંધાન રિઍક્ટર પૂર્ણિમા- IIIએ ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૯૧માં એ.એમ.ડી.એ. નાલગોડા (આંધ્રપ્રદેશ) જિલ્લાના લંબાપુરમાં યૂરેનિઅમના ખનીજીકરણની શોધ કરી. તથા કુનકુરીમાં સાંદ્ર-પૂર્વ અપગ્રૅડેશન સંયંત્ર(Pre-concentrate Upgradation Plant PUP)માં અપગ્રેડ કરેલા જિનોટાઈમ સાંદ્રનું ઉત્પાદન કરવામાં આવ્યું.

મે ૧૬, ૧૯૯૧ના રોજ દેશનું પ્રથમ ઇલેકટ્રોન સાઇક્લોટ્રોન રેઝોનન્સ (ECR)ભાટે આયન સ્રોત વી.ઈ.સી. કેન્દ્ર કોલકાતા ખાતે કાર્યરત બને છે.

ગણિતીય ભૌમિકી માટે હરિશ્ચંદ્ર સંસ્થાન (પૂર્વ મહેતા સંસ્થાન) પરમાણુ ઊર્જા વિભાગનું અનુદાન પ્રાપ્ત સંસ્થાન બને છે.

પહેલો સુદૂર પરિચાલિત રેડિયાગ્રાફી કૅમેરા સ્થાપવામાં આવ્યો.

આઈ.આર.ઈ.એ ઑસ્કોમ (છતરપુર, ઓરિસ્સા)ને નવા થૉરિઅમ સંયંત્રનું કમિશન કર્યું.

સપ્ટેમ્બર ૩, ૧૯૯૨ના રોજ કાકરાપાર પરમાણુ વિદ્યુત મથકના એકમ-I અને ૮ જાન્યુઆરી, ૧૯૯૫ના રોજ એકમ-IIએ ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૯૩માં ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્રએ રેડિયો-સમસ્થાનિકની એક લાખની ખેપ પૂરી પાડી.

૧૯૯૫માં વિકિરણ તથા આઈસોટોપ પ્રૌદ્યોગિક બોર્ડને અનુસંધાન કિરણક ગામા ચૅમ્બર-૫૦૦૦ લૉંચ કર્યો.

જાન્યુઆરી ૧૯૯૫માં નરવા પહાડ ખાણનું ઉદ્દઘાટન કર્યું.

૧૯૯૬માં ૩૦ કિલોવૉટ ક્ષમતાના કામિની રિઍક્ટરે ક્રાંતિકતા પ્રાપ્ત કરી. સપ્ટેમ્બર ૧૯૯૭માં તેને પૂર્ણ વિદ્યુતસ્તર સુધી લઈ જવામાં આવ્યું.

માર્ચ ૨૭, ૧૯૯૬ના રોજ કલપક્કમ પુનર્સંધાન સંયંત્ર (કાર્ય)ને કોલ્ડ કમિશન કરવામાં આવ્યો. સપ્ટેમ્બર ૧૫, ૧૯૯૮ના રોજ તે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો.

ઑક્ટોબર ૧, ૧૯૯૬ના રોજ પ્લાઝમા અનુસંધાન સંસ્થા (IPR), અમદાવાદ, ગુજરાત, પરમાણુ ઊર્જા વિભાગની સ્વાયત્ત સંસ્થા બની.

ઑક્ટોબર ૨૦, ૧૯૯૬ના રોજ યૂરેનિઅમ-૨૩૩ ઈંધણથી પરિચાલિત કલપક્કમ મિનિ રિઍક્ટર (કામિની) IGARC (તમિલનાડુ) ખાતે ક્રાંતિકતા પ્રાપ્ત કરી.

૧૯૯૭માં એ.એમ.ડી.એ. ભીમાઘાટી (ગુલબર્ગ જિલ્લો, કર્ણાટક)માં ગોગી નામના સ્થળે વિખંડિત ચૂનાના પથ્થરોમાં યૂરેનિઅમ ખનીજીકરણની શોધ કરી.

અવરા (કેરલ)સ્થિત આઈ.આર.ઈ.ના માઇક્રોવર સંયંત્રએ ઉત્પાદન શરૂ કર્યું.

માર્ચ ૩૧, ૧૯૯૭ના રોજ રાજસ્થાન પરમાણુ વિદ્યુત મથક એકમ-Iને ફરીથી કમિશન કર્યો.

ડિસેમ્બર ૧૯૯૭માં રોજના ૨૦૯૦ મે.ટન અયસ્ક સંસાધિત કરવા માટે જદુગુડા મિલનો વિસ્તાર કરવામાં આવ્યો.

આઈ.આર.ઈ. લિમિટેડે પ્રિન્સ (PRYNCE) (95% નિયોડિમિઅમ ઑક્સાઇડ) સંયંત્ર ચાલુ કર્યો.

મે ૧૧ અને ૧૩, ૧૯૯૮ના રોજ પોકરણ રેન્જમાં પાંચ ભૂમિગત પરમાણુ પરીક્ષણો કર્યાં.

માર્ચ ૨૭, ૧૯૯૮ના રોજ શીતલક ચૅનલોને એકસાથે બદલી દેવાથી રાજસ્થાન પરમાણુ વિદ્યુતમથક એકમ-II ફરીથી કમિશન થયો.

ઑગસ્ટ ૧૦, ૧૯૯૮ના રોજ B.A.R.C.માં ૫૦૦ કિલોવૉટ ક્ષમતાવાળા ઔદ્યોગિક ઈલેક્ટ્રોન પ્રવેગકને કમિશન કરવામાં આવ્યું.

આઈ.આર.ઈ. આલ્વે(કેરલ) સ્થિત વિરલ વિભાગમાં ઍમોનિયમ ડાઈપૂરેનેટ (એડીયુ)નું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું.

એપ્રિલ ૨૨, ૧૯૯૯ના રોજ ૪૫૦ MeVનો સિંક્રોટ્રોન વિકિરણ સ્રોત ઇન્ડસ-Iને ૧૦૦૦MAથી અધિક ઈલેક્ટ્રોને બીમ પ્રવાહ હાંસલ કર્યો.

જુલાઈ ૧૯૯૯માં તારાપુરમાં ઠોસ ભંડારણ અને સર્વેક્ષણ સુવિધા (Solid Storage & Surveillance Facility S3F)ને કમિશન કરવામાં આવી.

સપ્ટેમ્બર ૨૪, ૧૯૯૯ના રોજ કૈગા (કર્ણાટક) પરમાણુ વિદ્યુતમથકનો એકમ-૨એ ક્રાંતિકતા પ્રાપ્ત કરી, ડિસેમ્બર ૨, ૧૯૯૯ના રોજ ગ્રિડ સાથે જોડવામાં આવ્યું અને માર્ચ ૧૬, ૨૦૦૦ના વાણિજ્ય જાહેર કરવામાં આવ્યું.

ડિસેમ્બર ૨૪, ૧૯૯૯ના રોજ રાજસ્થાન પરમાણુ વિદ્યુતમથક એકમ-૩એ ક્રાંતિકતા પ્રાપ્ત કરી. માર્ચ ૧૦, ૨૦૦૦ના રોજ ગ્રિડ સાથે જોડવામાં આવ્યું. જૂન ૨, ૨૦૦૦ના રોજ વાણિજ્ય જાહેર કરવામાં આવ્યું.

જાન્યુઆરી ૧, ૨૦૦૦ના રોજ વિકિરણ તથા આઈસોટીવ પ્રૌદ્યોગિકી બોર્ડનું વાશી (નવી મુંબઈ) સ્થિત વિકિરણ સંશાધન સંયંત્રને કમિશન કરવામાં આવ્યો.

૨૦૦૦માં બૉરોન સમૃદ્ધીકરણ સંયંત્રને કલપક્કમ ખાતે કમિશન કરવામાં આવ્યો.

માર્ચ ૨૦૦૦ તથા મે ૨૦૦૦ના રોજ તારાપુર પરમાણુ વિદ્યુત પરિયોજના-૩ તથા ૪એ પ્રગતિ કરી.

એપ્રિલ ૨૧, ૨૦૦૦ના રોજ ટ્રોમ્બે સ્થિત ફૉલ્ડેડ રૅડમ આયન પ્રવેગકે લક્ષ્ય ઉપર પ્રથમ બિંબ ફેંક્યું.

સપ્ટેમ્બર ૨૬, ૨૦૦૦ના રોજ કૈગા પરમાણુ વિદ્યુતમથકના એકમ-Iને ક્રાંતિકતા પ્રાપ્ત કરી. ઑક્ટોબર ૧૨, ૨૦૦૦થી તે ગ્રિડ સાથે જોડવામાં આવ્યું.

નવેમ્બર ૩, ૨૦૦૦ના રોજ રાજસ્થાન પરમાણુ વિદ્યુત મથકના એકમ-ચોથાએ ક્રાંતિક્તા પ્રાપ્ત કરી. નવેમ્બર ૧૭, ૨૦૦૦ના રોજ ગ્રિડ સાથે જોડવામાં આવ્યું. આ એકમ ડિસેમ્બર ૨૩, ૨૦૦૦ના રોજ વાણિજ્ય જાહેર થયું.

નવેમ્બર ૧૬, ૨૦૦૦ના રોજ કૈગા પરમાણુ વિદ્યુત મથકનો એકમ-૧ને વાણિજ્ય જાહેર કર્યું.

૨૦૦૧માં ફાસ્ટબ્રીડર ટેસ્ટ રિઍક્ટરનું ઈંધણ ૧૦૦,૦૦૦ મેગાવૉટ-દિવસ/ટનના બર્ન-અપ સુધી પહોંચ્યું.

માર્ચ ૧૮, ૨૦૦૧ના રોજ રાજસ્થાન પરમાણુ વિદ્યુતમથકનાં એકમ-૩ અને ૪ને રાષ્ટ્રને સમર્પિત કર્યાં.

ફેબ્રુઆરી ૧૨, ૨૦૦૨ના રોજ ભારતે કુડનકુલમ (તામિલનાડુ)માં પરમાણુ વિદ્યુતમથક માટે રશિયા સાથે કરારો પર હસ્તાક્ષર કર્યા.

માર્ચ ૩૦ અને મે ૧૦, ૨૦૦૨ના રોજ કૈગા પરમાણુ વિદ્યુતમથકની પરિયોજના ૩ તથા ૪ના એકમ-૩ તથા એકમ-૪માં કાંકીટની પહેલી ખેપ નાખી.

માર્ચ ૩૧, ૨૦૦૨ના રોજ કુડનકુલમ પરમાણુ વિદ્યુત પરિયોજનાના એકમ-૧ અને ૨માં કાંકીટની પહેલી ખેપ નાખી.

સપ્ટેમ્બર ૧૮, ૨૦૦૨ના રોજ રાજસ્થાન પરમાણુ વિદ્યુત પરિયોજના-૫ તથા ૬ના એકમ-૫માં કાંકીટની પહેલી ખેપ નાખી.

ઑક્ટોબર ૩૧, ૨૦૦૨ના રોજ અપશિષ્ટ પદાર્થ અસલીકરણ સંયંત્ર અને યૂરેનિઅમ-થોરિઅમ પૃથક્કરણ સંયંત્ર (બંને ટ્રૉમ્બેમાં) તથા મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં લાસલગાંવ સ્થિત સંશાધન સંયંત્ર કૃષકને રાષ્ટ્રને સમર્પિત કર્યું.

નવેમ્બર ૨૦૦૨માં યુ.સી.આઈ.એલ. ખાણ (ઝારખંડ)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. અને પ્રૌદ્યોગિકી પ્રદર્શ પ્રાયોગિક સંયંત્રનું પરિચાલન જદુગુડામાં શરૂ કર્યું.

૨૦૦૩માં ફાસ્ટ બ્રીડટ ટેસ્ટ રિઍક્ટરના કાર્બાઇડ ઈંધણને પ્રયોગશાળાના સ્તરે પુનર્સાધિત કરવા માટે ૧.૭ MeV ટૅંડેટ્રોન પ્રવેગક એ પ્રદર્શ સુવિધા લીડ મિનિ સેલ (LMC) ને IGARCમાં કમિશન કરવામાં આવ્યા.

પરમાણુ ઊર્જા વિભાગે આજથી ચારેક વર્ષ બાદ ૬૮૦૦ MWeની ક્ષમતા નિર્ધારિત કરી છે. તેમાં ૪૫૦૦MWe દાબિત ભારે પાણી રિઍક્ટર (PHWR) વડે અને ૨૩૨૦ MWe હલકા પાણી રિઍક્ટર (LWR)વડે પ્રાપ્ત થશે. ૨૦૨૦ સુધીમાં ૨૦,૦૦૦MWe ન્યૂક્લિઅર પાવર ઉપલબ્ધ કરવો એવો ડી.એ.ઈ.એ કાર્યક્રમ સૂત્રબદ્ધ કર્યો છે.

ડી.એ.ઈ.નાં સંશોધન કેન્દ્રો અને અનુદાન-પ્રાપ્ત સ્વાયત્ત સંસ્થાઓમાં શુદ્ધ અને પ્રયુક્ત વિજ્ઞાનના ક્ષેત્રે ગણિતશાસ્ત્રથી કમ્પ્યૂટરો ભૌતિકવિજ્ઞાનથી ખગોળવિજ્ઞાન, જૈવવિજ્ઞાનથી કૅન્સરને લગતાં મૂળભૂત અને શ્રેષ્ઠ (ઉત્કૃષ્ટ) સંશોધન ચાલે છે.

ડૉ. હોમીભાભાએ ગ્રામીણ અને સ્વનિર્ભર ન્યૂક્લિઅર વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિકસાવવા માટે દૃષ્ટિકોણ આપ્યો. તેમના મતે વિકાસના તમામ લાભો આમજનતા સુધી પહોંચવા જોઈએ. સૌને આનંદ થાય તેવી વાત છે કે ડી.એ.ઈ. દ્વારા સર્વાંગી અને સવર્તોમુખી પ્રગતિ થઈ છે. અનેક હરકતો આવવા છતાં તેમનું સ્વપ્ન પરિપૂર્ણ થતું જાય છે.

ન્યૂક્લિઅર વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં ભારત સ્વ-નિર્ભર રાષ્ટ્ર બની ચૂક્યું છે. પરિણામે ન્યૂક્લિઅર ટેક્નોલૉજીમાં વિકસિત રાષ્ટ્રોની હરોળમાં ભારતે પોતાનું આગવું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. □

લઘુકથા

ડેથ સ્ટોરી

મનસુખ સલ્લા

સુકેતુ ફોન મૂકીને ચીફની ઑફિસમાં દોડી ગયો. ઉતાવળે બોલી ગયો, 'જૂના તળાવ પાસે, નવલની પોળમાં રમખાણ થયાના સમાચાર છે.'

ચીફે ઠંડકથી તેની સામે જોયું. પૂછ્યું, 'કેટલા ઘાયલ ને કેટલાં ડેથ થયાં છે ?'

'અત્યારે જાણવા મળ્યું તે મુજબ તો આઠ ઘાયલ છે અને ત્રણનાં ડેથ થયાં છે. આપણે કવર કરવા જવું...'

ચીફ, 'ઊભા છો કેમ ? બેસો.' સુકેતુ ઊભા થવાની ઉતાવળ હોય તેમ બેઠો. ચીફે કહ્યું, 'જુઓ, તમે જયહિન્દ ચૅનલમાં નવા છો. આપણી ચૅનલમાં ઓછામાં ઓછાં પાંચ ડેથ હોય તો સ્ટોરી ગણીએ છીએ. ફોન આવે એટલે દોડી ન જવાય !'

સુકેતુથી રહેવાયું નહીં, બોલ્યો, 'સર, આંકડો વધે તેવી શક્યતા છે તેમ પણ કહ્યું છે.'

'ત્યારે જોઈશું.' કહી ચીફે સિગારેટ સળગાવી. કોઈએ પગ નીચે સળગતી સિગારેટ અડાડી હોય તેમ સુકેતુ ઊભો થઈ ગયો. ઑફિસની બહાર નીકળતો હતો ત્યાં ચીફે કહ્યું, 'મિ. સુકેતુ, તમે અત્યારે બ્યૂટિ કૉન્ટેસ્ટ છે તેની સ્ટોરી કવર કરવા નીકળી જાઓ... નવલની પોળમાં જરૂર પડશે તો હું કોઈને મોકલી દઈશ.'


સુકેતુ પોતાના ટેબલે આવી બેસી ગયો.... ગયા વર્ષે પોતાનો પગ જરાક મચકોડાઈ ગયો ને આખો મહિનો હેરાન થયો હતો... આઠ ઘાયલનું શું થયું હશે ? મરી ગયાં તેનાં ઘરનાંનું શું ? ... પણ મારે બ્યૂટિ કૉન્ટેસ્ટની સ્ટોરી કવર કરવાની છે... ઊઠીને ચાલતાં સુકેતુને લાગ્યું કે પગમાં આવું વજન શાનું છે ? તેને લાગ્યું કે પોતાની અંદર કશુંક મરી ગયું હતું.... પણ આવા 'ડેથ'ને પોતાની ચૅનલ સ્ટોરી થોડી ગણશે ?... □

મહત્ત્વની સૂચના

'કુમાર' ટ્રસ્ટને નામે નાણાં મોકલવાં

હવેથી લવાજમનાં, જાહેરખબરનાં, દાનનાં સઘળાં નાણાં રોકડેથી યા ચેક-ડ્રાફ્ટથી 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવાં સૌને વિનતિ છે. 'કુમાર'ના એજન્ટભાઈઓએ પણ આની ખાસ નોંધ લેવી.

શામળાજીનાં જોવાલાયક સ્થળો: ૪



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

શામળાજીના ભગવાન ગદાધરના મુખ્ય મંદિર ઉપરાંત અન્ય જોવાલાયક સ્થળો આ પ્રમાણે છે :

૧. ત્રિલોકનાથજીનું મંદિર: શામળાજીના ભગવાન ગદાધરના મુખ્ય મંદિરમાંથી બહાર નીકળતાં તરત જ જમણી બાજુએ ત્રિલોકનાથજીનું મંદિર આવેલું છે. અહીં ચતુર્ભુજધારી વિષ્ણુની મૂર્તિ સ્થાપિત છે. ગુપ્તકાલીન શિલ્પશૈલીમાં કંડારાયેલી વ્યાઘ્રચર્મ પહેરેલી ત્રિશૂલધારી ભગવાન શિવની મૂર્તિ પણ તેમાં છે. ડાબા હાથમાં ત્રિશૂલ છે, જ્યારે જમણા હાથ ફરતે નાગ વીંટળાયેલો છે. મસ્તકે જટામુકુટ છે.

૨. ખાખચોક: શામળાજીના મુખ્યમંદિરની સામેના ભાગમાં રામાનંદી સાધુઓનો આશ્રમ છે. તે 'ખાખચોક'ના નામથી જાણીતો બનેલો છે. આ સ્થળે ઉત્ખનન કરતાં એક ભૂગર્ભીય ગુફા મળી આવેલી છે. અહીં ઈંટો અને ચૂનાથી બાંધેલી એક ઓરડી પણ છે, તેને બંધ રાખવામાં આવે છે.

ખાખચોકના એક મંદિરમાં શ્રી ગિરધરલાલજીની તથા બીજા મંદિરમાં લક્ષ્મણજીની મૂર્તિ સ્થાપેલી છે. સાધુસંતો તેમજ યતિઓને અહીં રહેવાની જગા અપાય છે. ચોકમાં ગણપતિની મૂર્તિ પણ છે. અહીં આવેલા બગીચાને છેડે એક સૂર્યમંદિર પણ છે.

૩. કાશીવિશ્વનાથ મંદિર: ખાખચોકને ઉત્તર છેડે એક પ્રાચીન શિવાલય છે. આ શિવાલય ભૂમિસપાટીથી નીચે તરફ આવેલું છે. નીચે ઊતરીને શિવાલયમાં જઈએ તો મંદિરની દીવાલોની ઉપર તરફ ત્રણ મીટરની ઊંચાઈએ તેનો છતભાગ આવે. મંદિરમાંની સદાશિવની સ્થાપિત મૂર્તિ દિવ્ય તેમજ અજોડ છે એટલું જ નહિ, તે એકમુખી, ત્રિનેત્રધારી અને જટાજૂટ છે.

મંદિરમાં ગંગાવતરણનું સુંદર ચિત્ર પણ છે. ચિત્રમાં ગંગાજીને શિવની જટામાંથી બહાર નીકળતી અને ભૂમિ પર વહેતાં દર્શાવેલાં છે. અહીંની શિવમૂર્તિ સાતમી સદીની હોવાની માન્યતા છે.

૪. કરામ્બુજ તળાવ: આ તળાવ, શામળાજી મંદિરથી આશરે એક કિ.મી.ને અંતરે આવેલું છે. તે ઘણું જ પ્રાચીન, પવિત્ર તેમજ ઐતિહાસિક સ્થળ ગણાય છે. અગાઉ આ તળાવની બે બાજુએ પથ્થરનાં પગથિયાંવાળો ઘાટ હતો તથા અહીં દેવ-દેવીઓની નાનીનાની કેટલીક દેરીઓ પણ હતી. સમય વીતતાં ઘાટ અને દેરીઓ તૂટી ગયાં. કહેવાય છે કે ભારે ભૂપાતથી ઘાટ નષ્ટ થઈ ગયો અને તળાવનું પાણી શોષાઈ ગયું. આ તળાવને કેટલાક 'કરમાબાઈનું તળાવ'ના નામે ઓળખે છે. આજે તેની સૂકી ભૂમિ પર ખેતી થાય છે. મેશ્વો જળાશય ભરાઈ જાય ત્યારે તેનું વધારાનું પાણી નદીના હેઠવાસમાં તથા તળાવમાં વહેવડાવાય છે.

૫. ગોવિંદઆશ્રમ અને ગણપતિમંદિર: ભિલોડા-નિવાસી સંત ગોવિંદકાકા આ આશ્રમના સ્વપ્નદ્રષ્ટા અને સ્થાપક હતા. આશ્રમમાં ગણપતિનું મંદિર છે, તેમાં ગણેશજીની ઊભી મૂર્તિ હતી, જે હવે જોવા મળતી નથી. બોલુન્દ્રા આશ્રમના જ્યોતિષાચાર્ય શ્રી શુકદેવપ્રસાદે આ મંદિરનું સમારકામ કરાવી તેમાં ગણેશજીની મૂર્તિ પણ મુકાવી છે, તે પછીથી તેની નિયમિત પૂજા થાય છે.

૬. નાગધરો: મેશ્વો અને પિંગા નદીઓના સંગમસ્થાનને નાગધરો કહે છે. કહેવાય છે કે કોઈ એક માણસે આ ધરામાં ડૂબકી મારેલી, તેનાથી તેના પર થયેલાં જાદુટોણાં અને મેલી વિદ્યાની અસરમાંથી તે દોષમુક્ત થયેલો. આ નાગધરા માટે બીજી પણ એક પ્રબળ માન્યત પ્રવર્તે છે કે મૃતાત્માની રાખ અહીં પધરાવાય અને શ્રદ્ધાપૂર્વક તેનું તર્પણ કરવામાં આવે તો તેનો મોક્ષ થાય છે.

નાગધરા નજીકના નદીપટમાં એક પ્રેતશલ્યા પણ હતી. ધરો સદા પાણીથી ભરેલો રહેતો. નજીકમાં એક નાની દેરી પણ હતી. એક લોકવાયકા એવી પ્રવર્તે છે કે કોઈ પણ વ્યક્તિ તેના પિતૃઓની મુક્તિ માટે અહીંના નાગધરામાં ડૂબકી મારી સ્નાન કરે ત્યારે તેને પ્રેતશલ્યાનાં દર્શન થાય છે અને પિતૃમુક્તિ થાય છે. મેશ્વો બંધનું નિર્માણ થયા પછી નાગધરો, પ્રેતશલ્યા બધું જ જળાશયમાં ડૂબી ગયેલું છે.

૭. મેશ્વો જળાશય: મેશ્વો-પિંગા નદીઓના સંગમસ્થળ પર ભારત સરકાર દ્વારા નજીક નજીકની બે ટેકરીઓને જોડતો મેશ્વો બંધ બંધાયો છે. તેની ઊંચાઈ ૬૦ મીટરની છે. બંધ માટેના ખોદકામ વખતે બૌદ્ધકાલીન સ્તૂપ, વિહાર, મહાક્ષત્રપ રાજવી રુદ્રદામાના વખતના સિક્કા તથા અસ્થિપાત્ર મળી આવ્યાં છે. ઉપલબ્ધ બધા નમૂના વડોદરાના એમ.એસ.યુનિવર્સિટીના સંગ્રહસ્થાનમાં રાખેલા છે. સ્તૂપ તેમજ વિહાર જળાશયના ડૂબમાં ગયાં છે. જળાશયનાં પાણી સાબરકાંઠા અને ખેડા જિલ્લાને અપાય છે.

૮. હરિશ્ચંદ્રની ચૉરી: દંતકથા મુજબ, અયોધ્યાના રાજા હરિશ્ચંદ્રે પુત્રપ્રાપ્તિ માટે અહીં રાજસૂય યજ્ઞ કરેલો. તેથી આ સ્થળ હરિશ્ચંદ્રની ચૉરીને નામે જાણીતું બનેલું છે.

મેશ્વો નદીની પેલી પાર ખંડિયેર હાલતમાં એક

ઉત્તરાભિમુખ મંદિર આવેલું છે. તેમાં મૂર્તિ નથી, પરંતુ ત્યાં એક ભવ્ય, સુશોભનયુક્ત તોરણ છે. કલાના નમૂનારૂપ આ તોરણથી મંદિરની શોભા વધી જાય છે. આ તોરણ ગુજરાતનું સૌથી પ્રાચીન તોરણ ગણાય છે. ભારત સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી તેને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવેલું છે. લોકવાયકા મુજબ આ મંદિર મંગલાદેવીનું હતું.

૯. *વિશ્રામઘાટ:* મેશ્વો (મેશ્વતી) નદીકાંઠો માનવજીવન માટેનો છેલ્લો વિશ્રામઘાટ ગણાય છે. જૂના વખતમાં ડાઘુઓ નનામીને અહીં ઉતારીને ક્ષણ-બેક્ષણ વિસામો આપતા, તે પછી જ નજીકના તળાવકાંઠાના સ્મશાને લઈ જતા.

અહીં નજીકમાં બે મંદિરોનાં ખંડિયેર આવેલાં છે. એક મંદિરમાં વિષ્ણુની કે વિશ્વરૂપની કે બ્રહ્માજીની મૂર્તિ હશે એમ જણાય છે. આ મૂર્તિને આઠ હાથ અને ત્રણ કે ચાર મુખ હતાં. સ્થાનિક આદિવાસીઓ તેને 'કળશી (સોળ) છોકારાંની મા' તરીકે ઓળખાવે છે, બાળકોના રક્ષણહાર તરીકે તેને પૂજે છે. મૂર્તિના બધા જ હાથ તૂટી ગયા હોવા છતાં તેની આઠની સંખ્યા ગણી શકાય છે. ત્રણ મુખની પાછળ ચોથું મુખ પણ હશે. પીતાંબર અને કમરબંધ પરિધાન કરેલી મૂર્તિના સ્કંધો પર બીજી નાની ૨૪ મૂર્તિઓ મસ્તક ફરતે વીંટળાયેલી હોય તેમ દેખાય છે. મૂર્તિઓના કાનમાં રત્નજડિત કુંડલ હશે. મુખ્યમૂર્તિના ચહેરાનો ભાગ કરચો નીકળી જવાથી વરતાતો ન હોવા છતાં પહોળી છાતી પરથી ખમીર દેખાઈ આવે છે. એવું મનાય છે કે આ મૂર્તિ છઠ્ઠી સદીની છે.

ભગ્નાવસ્થામાં રહેલું બીજું એક મંદિર રઘુનાથજીનું હતું. રાતા રંગના રેતીખડકથી બાંધેલા આ મંદિરમાં ઈંટોના ટુકડાઓ પણ વાપરેલા છે. મંદિરની અંદરના ભાગની છત ખૂબ જ કલાત્મક છે. મંદિરનો જીર્ણોદ્ધાર કરેલો છે. તે પછીથી તેમાં ગોવર્ધનનાથજીની મૂર્તિ પધરાવેલી છે. આજે તે ગોવર્ધન-નાથજીના મંદિર તરીકે ઓળખાય છે.

૧૦. *રણછોડરાયજીનું મંદિર:* મેશ્વો નદીને કાંઠે સૂર્યકુંડ નજીક રણછોડરાયજીનું મંદિર આવેલું છે. તેનાં શિલ્પશૈલી અને સ્થાપત્ય પરથી કહી શકાય છે કે છઠ્ઠી સદીમાં તે બાંધેલું છે. મંદિરના ચોકમાં વિશાળ કદનો નંદી હતો, તે આજે મુંબઈના સંગ્રહસ્થાનમાં છે. મંદિર ઘણું જ પ્રાચીન છે. આજે તે ખંડિયેર હાલતમાં છે. મંદિરની દીવાલો પરનાં શિલ્પો પરથી ઘણી માહિતી એકત્ર થઈ શકે તેમ છે. સૂર્યકુંડના તૂટી ગયા પછી તેનું દીવાલમાં રૂપાંતર કરાયેલું છે. મંદિરમાં શ્રીકૃષ્ણના રણછોડરાય સ્વરૂપની મૂર્તિ સ્થાપિત કરેલી છે. મૂર્તિની સામે ભગવાન શિવનું જ્યોતિર્લિંગ સ્વરૂપનું ચિત્ર છે. આ ચિત્રમાં ભગવાન શિવ કૃષ્ણજન્મ પછી જશોદામાતાના નંદભવન ખાતે બાળકૃષ્ણનાં દર્શને જતા બતાવેલા છે. કેટલાકના મત અનુસાર, ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપની પાછળ કૃષ્ણની મૂર્તિ મૂકેલી છે.

મંદિરના બહારના ભાગમાં ગણપતિ અને હનુમાનજીની મૂર્તિઓ છે. આ મંદિર રણમુક્તેશ્વર મહાદેવના નામે પણ ઓળખાય છે. મંદિરની દીવાલની પાછળના ભાગમાં ત્રિશૂલ-ધારી ભગવાન શિવની બે મૂર્તિઓ છે. આ મૂર્તિઓમાં ભગવાન શિવના નટરાજ સ્વરૂપની કલાનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે.

૧૧. *ગંગાનંદપુરી આશ્રમ:* રણછોડજીના મંદિરની નજીકમાં ટેકરી પર મધ્ય ભાગમાં આ આશ્રમ આવેલો છે. હરિશ્ચંદ્રની ચૉરીના પાછળના ભાગમાંથી આ આશ્રમ સુધી પહોંચવાની એક કેડી તૈયાર કરેલી છે. પ્રાચીન કાળમાં અહીં રામભક્ત શબરીની ઝૂંપડી હતી એવી માન્યતા પ્રવર્તે છે.

સંત ગંગાનંદપુરીએ અહીં એક આશ્રમની સ્થાપના કરેલી. સાથે એક મંદિર તથા રહેવા માટેના થોડા કક્ષ પણ છે. મંદિરમાં ભગવાન દત્તાત્રેયની પાદુકાઓ પ્રસ્થાપિત કરેલી છે. સત્સંગ-મંડળીઓ અને ભક્તમંડળીઓ અહીં અવારનવાર આવે છે.

૧૨. *બ્રહ્માનંદ આશ્રમ:* મેશ્વો નદીકાંઠા પરના કાંકરિયા ધરા નજીક એક આશ્રમ આવેલો છે. ગોકુળ-મથુરા નજીકના રમણરેતીના નિવાસી સંતે આ આશ્રમ વૃક્ષોની ઝાડીના ઝુંડ વચ્ચે સ્થાપેલો. આ સંતના મૃત્યુ બાદ બીજા કોઈ સાધુ-સંત અહીં વસ્યા નથી. આશ્રમનું સ્થળ ખૂબ જ આકર્ષક અને ખુશનુમા વાતાવરણ વચ્ચે આવેલું છે.

૧૩. *ભાઈ-બહેનની દેરી:* કાંકરિયા ધરાની સામે આવેલી ટેકરીની ટોચ પર 'ભાઈ-બહેનની દેરી' નામનું નાનું મંદિર આવેલું છે. ક્યારેક આ સ્થળ નીમ જાતિનાં લોકોની દેવીનું સ્થાનક હતું. આજે આ દેરી ખંડિયેર હાલતમાં છે. ભાઈબહેનની બહાદુરીની ગાથાની યાદ જાણે કે આ દેરીના પાષાણોમાં ઊભરી આવતી જણાય છે. ટેકરીની ખીણમાં કેટલીક મૂર્તિઓ અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડેલી છે.

૧૪. *સર્વોદય આશ્રમ:* મેશ્વો નદીના કાંઠાના કાંકરિયા ધરાથી ભિલોડા તરફ જતાં, એક તરફ સર્વોદય આશ્રમ નજરે પડે છે. અહીં આદિવાસી ભીલજાતિનાં છોકરા-છોકરીઓની શાળા અને છાત્રાલય આવેલાં છે, શાળામાં બુનિયાદી તાલીમ અપાય છે, હુન્નર-ઉદ્યોગ પણ શીખવાય છે. અહીં દર વર્ષની ફાગણ વદત્રીજે ગાંધી - ઘેરમેળો ભરાય છે. હજારો આદિવાસી સ્ત્રી-પુરુષો અને બાળકો 'ઘેર'માં ભાગ લેવા અહીં ઊમટી પડે છે. ઢોલ ધ્રિબાંગ ધ્રિબાંગ વાગતો જાય છે અને લોકહૈયાં હિલોળે ચઢે છે. સ્ત્રીઓ અને નાની છોકરીઓ માથે જ્વારા વાવેલી ટોપલીઓ લઈને તાલબદ્ધ નૃત્ય કરે છે. આ 'ઘેરમેળો' ભરાવો શરૂ થયા પછી ઘણા આદિવાસીઓએ દારૂ પીવાની આદત છોડી દીધી છે. (ક્રમશઃ)

ભારતનાં રાજ્યોઃ ૨૮

ઉત્તર પ્રદેશ

ડૉ. જયકુમાર ર. શુક્લ




ભારતની ઉત્તરે ઉત્તર પ્રદેશનું ઘણું મોટું રાજ્ય આવેલું છે. તેની ઉત્તરે ઉત્તરાંચલ અને હિમાચલ પ્રદેશ, પશ્ચિમે હારિયાણા, દક્ષિણે મધ્યપ્રદેશ તથા પૂર્વ બિહારનાં રાજ્યો આવેલાં છે. તેનો વિસ્તાર ૨,૩૮,૫૬૬ ચોરસ કિ.મી. તથા વસ્તી ૧૬,૬૦,૫૨,૮૫૯ છે. તેની મુખ્ય ભાષાઓ હિંદી તથા ઉર્દૂ છે અને તેનું પાટનગર લખનઊ છે.

ઉત્તર પ્રદેશમાં ૨૦ ટકા લોકો તેનાં શહેરોમાં રહે છે તથા કુલ વસતીનાં ૨૨ ટકા લોકો અનુસૂચિત જાતિનાં છે. ત્યાં વસતીની ઘનતા દર ચોરસ કિ.મી.એ ૬૮૯ માણસોની છે. કુલ વસતીના ૮૨ ટકા લોકો હિંદુ, ૧૭ ટકા લોકો ઈસ્લામ તથા બાકીનાં લોકો અન્ય ધર્મો પાળે છે. ત્યાંનાં લોકો હિંદી, ઉર્દૂ, પંજાબી, બંગાળી વગેરે ભાષાઓ બોલે છે. ત્યાં ખેતીકામમાં રોકાયેલાં મજૂરોનું દૈનિક લઘુતમ વેતન રૂ.૩૭/- છે અને રાજ્યનાં ૩૫ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. રાજ્યનાં લોકોની વાર્ષિક સરાસરી આવક રૂ.૧૭૫૦/- છે.

ઈતિહાસઃ ઉત્તર પ્રદેશમાંથી પ્રાચીન, મધ્ય તથા લઘુપાષાણ યુગના અવશેષો મળ્યા છે. યજુર્વેદમાં ગંગા તથા યમુના નદીઓના ઉલ્લેખો મળે છે. વેદકાલમાં રાજાની ચૂંટણી થતી અને સભા તથા સમિતિના સભ્યો રાજાને તેના કાર્યમાં સહાય કરતા હતા. ઉત્તર પ્રદેશનો ઈતિહાસ ઘણો રસપ્રદ છે. અનુવેદ કાલમાં તેને મધ્યપ્રદેશ અથવા બ્રહ્મર્ષિ દેશ કહેતા હતા. ભારદ્વાજ, ગૌતમ, યાજ્ઞવલ્ક્ય, વશિષ્ઠ, વિશ્વામિત્ર અને વાલ્મીકિ જેવા વેદયુગના અનેક મહાન ઋષિઓ આ રાજ્યમાં થઈ ગયા. આર્યોના પવિત્ર ધાર્મિક ગ્રંથોની આ રાજ્યમાં રચના થઈ હતી. ભારતનાં બે પ્રાચીન જગપ્રસિદ્ધ મહાકાવ્યો - રામાયણ તથા મહાભારત - ની રચના આ રાજ્યમાં થઈ હતી.

ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ગૌતમ બુદ્ધે સારનાથમાં ધર્મોપદેશનો આરંભ કર્યો, તથા કુશીનગરમાં તેઓ નિર્વાણ પામ્યા. ભગવાન બુદ્ધના સમયનાં ૧૬ જનપદોમાંનાં કુરુ, પાંચાલ, શૂરસેન, વત્સ, કોશલ, મલ્લ, કાશી અને ચેદિ - આ આઠ જનપદો ઉત્તર પ્રદેશમાં આવેલાં હતાં. ગૌતમ બુદ્ધે આ રાજ્યનાં અનેક સ્થળોની મુલાકાતો લઈને ઉપદેશ આપ્યો હતો. નંદવંશના અનેક સ્થળોની મુલાકાતો લઈને ઉપદેશ આપ્યો હતો. નંદરાજ્ય ઉત્તર પ્રદેશમાં ફેલાયેલું હતું. શકોનું પાટનગર મથુરા હતું. ગુપ્તવંશના ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્ય, સ્કંદગુપ્ત જેવા પ્રતાપી સમ્રાટો અહીં થઈ ગયા. દસમી સદીથી મુસલમાનોના હુમલા થયા. ૧૩મી સદીમાં દિલ્હી સલ્તનત સ્થપાઈ. મુઘલ વંશના બાદશાહો પછી બ્રિટિશ શાસન સ્થપાયું. ૧૮૫૭ના વિપ્લવમાં ઉત્તર પ્રદેશનો વિશેષ ફાળો હતો.




તાજમહાલ

સ્વતંત્ર ભારતના રાજકારણમાં ઉત્તરપ્રદેશનું અગ્રસ્થાન રહ્યું છે. જવાહરલાલ નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, ચરણસિંહ, રાજીવ ગાંધી, વી.પી.સિંહ, ચંદ્રશેખર તથા બાજપાઈ વડાપ્રધાનો તથા જનસંઘના દીનદયાળ ઉપાધ્યાય, ભા.જ.પ.ના અટલબિહારી બાજપાઈ તથા હિંદુ મહાસભાના અગ્રણી માલવીયજી, સમાજવાદી વિચાર-સરણીના આચાર્ય નરેન્દ્ર દેવ અને રામમનોહર લોહિયા આ રાજ્યના હતા.

નદીઓઃ ઉત્તરપ્રદેશમાં ગંગા, યમુના,

ગોમતી, ગંડક, ઘાઘરા, ચંબલ વગેરે નદીઓઅહીં આવેલી છે.
હવાઈ મથકો: અલ્હાબાદ, કાનપુર, આગ્રા, લખનઊ, ઝાંસી, વારાણસી, પંતનગર, બરેલી, વગેરે શહેરોમાં હવાઈમથકો છે.
સરકાર: ઉત્તર પ્રદેશનું આગ્રા, અલિગઢ, મથુરા, અલ્હાબાદ, બરેલી. બસ્તી, ફૈઝાબાદ, વારાણસી સહિત કુલ ૭૦ જિલ્લામાં વિભાજન કરવામાં આવ્યું છે. ત્યાં દ્વિગૃહી ધારાસભા છે. તેની વિધાનસભાની સભ્ય-સંખ્યા ૪૨૫ તથા વિધાનપરિષદની સભ્યસંખ્યા ૧૦૮ની છે. આ રાજ્ય દેશની લોકસભામાં ૮૫ સભ્યો ચૂંટીને મોકલે છે. રાજ્યસભામાં ત્યાંથી ૩૪ સભ્યો ચૂંટીને મોકલવામાં આવે છે.
નૃત્ય: ઉત્તર પ્રદેશ કથક નૃત્ય માટે પ્રસિદ્ધ છે. નૃત્યના આ પ્રકારનો હિંદુ તથા ઈસ્લામ સંસ્કૃતિના સમન્વયમાંથી ઉદ્ભવ થયો છે. ભારતના નૃત્ય પ્રકારોમાં કથક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત રામલીલા, રાસલીલા, નૌટંકીમાં લોકોના જીવનની રીતભાત પ્રતિબિંબિત થાય છે.
ઉત્સવો: આ રાજ્યમાં અનેક ઉત્સવો તથા મેળા ઊજવવામાં આવે છે. મથુરામાં જન્માષ્ટમી, અયોધ્યામાં રામનવમી, વારાણસીમાં રામલીલા અને શિવરાત્રિ, વ્રજભૂમિમાં હોળી, મોરાદાબાદમાં ઉર્સ, કુશીનગર અને સારનાથમાં બુદ્ધજયંતી લોકો પારંપરિક રિવાજો, શ્રદ્ધા તથા ભક્તિભાવપૂર્વક ઊજવે છે.

અલ્હાબાદમાં દર બાર વર્ષે કુંભમેળો તથા દર છ વર્ષે અર્ધકુંભમેળો અને માઘમેળો ભરાય છે. કાર્તિક પૂર્ણિમાએ પણ ગંગાસ્નાન કરવા દેશભરમાંથી લાખો લોકો ત્યાં જાય છે.
મુખ્ય પાક: રાજ્યનાં ૭૮ ટકા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. આ રાજ્યમાં ઘઉં અને ચોખાનો પાક પુષ્કળ થાય છે. આ ઉપરાંત કઠોળ, મકાઈ, જવ, ચણા, શેરડી, બટાટા વગેરે ત્યાં પાકે છે. ભારતનાં બધાં રાજ્યો કરતાં અહીં અનાજ, શેરડી તથા બટાટાનો પાક વધારે થાય છે. આખા રાજ્યમાં ૧૬૮.૧૯ લાખ હેક્ટર જમીનમાં ખેતી કરવામાં આવે છે. રાજ્યમાં ૨૪૯.૫૦ લાખ મૅટ્રિક ટન ઘઉં, ૧૧૫.૪૦ મૅટ્રિક ટન ચોખા, ૨૧.૪૬ લાખ મૅટ્રિક ટન કઠોળ અને ૭.૧૯ લાખ મૅટ્રિક ટન તેલિબિયાં પાકે છે. આ ઉપરાંત ૧૦૬૬ લાખ ટન શેરડીનું ઉત્પાદન થાય છે. ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં આ રાજ્યમાં અનાજનું કુલ ઉત્પાદન ૪૨૩.૨૨ લાખ મૅટ્રિક ટન થયું હતું.
ઉદ્યોગો: રાજ્યમાં ખાંડનું ઉત્પાદન સમગ્ર દેશમાં બીજા ક્રમાંકનું થાય છે. સુતરાઉ કાપડ, ચામડાની વસ્તુઓ, તેલ, રસાયણો, કાગળ, કાચ, ખાતરો, પોલિસ્ટર, હેવી ઈલેક્ટ્રિકલ્સ, ઍરોનોટિક્સ, કમ્પ્યૂટર, ટેલિકૉમ, સિમેન્ટ, તેલશુદ્ધીકરણ, હાથસાળ ઈત્યાદિ ઉદ્યોગોનો આ રાજ્યમાં નોંધપાત્ર વિકાસ થયો છે.
ખનીજો: આ રાજ્ય ખનીજની બાબતમાં પણ સમૃદ્ધ છે. ચૂનો, તાંબું, મૅગ્નેસાઈટ, ડોલોમાઈટ, જિપ્સમ, કોલસો, બૉક્સાઈટ, કાચ, રેતી, આરસ, ફૉસ્ફો-રાઈટ વગેરે ખનીજો સારા પ્રમાણમાં મળે છે.


પંડિત જવાહરલાલ નેહરુનું પૈતૃકગૃહ 'આનંદભવન'

પ્રાણીજીવન:
ઉત્તર પ્રદેશમાં પ્રાણીઓ માટેનાં કેટલાંક અભયારણ્યો આવેલાં છે. રાજ્યમાં વાઘની વસતી બીજા ક્રમે છે. કૉર્બેટ રાષ્ટ્રિય ઉદ્યાન - ભારતનો પ્રથમ રાષ્ટ્રિય ઉદ્યાન છે. તેમાં ૧૨૩ વાઘ, ૪૨ ચિત્તા, ૧૯૦૬૪ ટપકાંવાળાં હરણ, ૧૯૮ હાથી અને બીજાં પ્રાણીઓ છે. નેપાળની સરહદે આવેલો દુધવા રાષ્ટ્રિય ઉદ્યાન પણ વાઘની જાળવણી માટેનો છે. તેમાં વાઘ, હરણ, રાઈનો વગેરે પ્રાણીઓ છે.
પ્રવાસન: આગ્રાનો તાજમહાલ - દેશવિદેશના લાખો પ્રવાસીઓને આકર્ષે છે. વારાણસી (કાશી) સમગ્ર દેશના હિંદુઓનું મહત્ત્વનું યાત્રાધામ છે. અલ્હાબાદ પાસેનું પ્રયાગ ત્રિવેણીસંગમ માટે જાણીતું પવિત્ર સ્નાન માટેનું તીર્થધામ છે. મથુરા-વૃંદાવન વૈષ્ણવ સંપ્રદાયનાં મુખ્ય તીર્થધામો છે. અકબરે બંધાવેલું પાટનગર ફત્તેહપુરસિક્રી પાણીની તંગીને લીધે થોડાં વર્ષો બાદ ખાલી કરવું પડ્યું હતું ત્યાંના અવશેષો શહેરની ભવ્યતાનો ખયાલ આપે છે. ત્યાંનો બુલંદ દરવાજો અકબરે ગુજરાતની જીતની ખુશાલીમાં બંધાવ્યો હતો.

સારનાથમાં આવેલ અશોકસ્તંભ ઉપરથી સ્વતંત્ર ભારતનું રાષ્ટ્રિય પ્રતીક બનાવવામાં આવ્યું છે. વારાણસી ભારતનું જ નહિ, પરંતુ વિશ્વનું સૌથી પ્રાચીન નગર છે. તે બૅબિલોન, નિનેવા અને થીબ્ઝનું સમકાલીન નગર છે. ઈ.સ.પૂ. ૫૦૦માં ગૌતમ બુદ્ધ વારાણસી ગયા હતા. મહાભારતમાં તેના ઉલ્લેખો મળે છે. પુરાણો મુજબ તેનું અસ્તિત્વ ૩૦૦૦ વર્ષ જૂનું છે. કાશીમાં વિશ્વનાથનું મંદિર બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. પ્રાચીન મંદિરનો વારંવાર જીર્ણોદ્ધાર થયો હોવાથી હાલનું મંદિર આધુનિક છે. તે ઈ.સ. ૧૭૭૬માં ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઈએ બંધાવ્યું હતું. અલ્હાબાદમાં નેહરુપરિવારનું 'આનંદભવન' આવેલું છે.

અહીંના સંત કબીરે સર્વધર્મસમભાવ પ્રબોધ્યો તથા તુલસીદાસે રામાયણ જેવા મહાકાવ્યની રચના કરી. ❐

મકરસંક્રાંતિ પુણ્ય–પર્વણી...!

જયંત જી. ગાંધી

સને ૨૦૦૩ના વર્ષના પ્રથમ મહિનામાં જ, ચોક્કસ તારીખ કહીએ તો ૧૭ જાન્યુઆરીના રોજ દૈનિક અખબારમાં અમે એક અવનવો, અનન્ય, અનોખો અને આનંદપ્રદ અહેવાલ વાંચેલો કે જેથી અમારાં અંતરમાં જાણે હરખની હેલી ચઢેલી. વાચકમિત્રોમાં મોટા ભાગનાંએ તે વાંચ્યો જ હશે, પરંતુ એ વાંચીને અમારાં હૃદયમાં જે સ્પંદન જાગ્યાં હતાં એવી અનુભૂતિ એમને નહીં થઈ હોય એવી અમને ચોક્કસ ખાતરી છે. અમે જે અખબારી વૃત્તાંતની વાત કહેવા માગીએ છીએ તે આ મુજબ હતો...

સૌરાષ્ટ્રની શાન સમી એક નગરીમાં ચૌદમી જાન્યુઆરીના રોજ જે મકરસંક્રાંતિની પુણ્ય-પરવણીની ઉજવણી થઈ તેમાં પરંપરાગત પ્રથાને બદલે એક નવતર પ્રકારે આ પર્વ ઊજવવાનો ત્યાંના કેટલાક બુદ્ધિજીવીઓએ નિર્ણય કરેલો. પાંચ હજાર વર્ષોથી યે વધુ પુરાણી પરંપરા અનુસાર મકરસંક્રાતિની આ પુણ્યદા પર્વણીના પુનિત અને પાવક પરોઢિયાથી પ્રારંભીને સલૂણી સંધ્યા સુધીના પુણ્યકાળમાં મહાપુણ્ય કમાઈ લેવાના શુભ, શુચિ અને સુગમ ઉદ્દેશથી પુણ્યવાંછુ બહેનો અને ભાઈઓ, આપણા સનાતન ધર્મમાં જેમને ગૌમાતા કહીને પૂજનીય ગણવામાં આવે છે એવાં ગૌમાતાજીઓને બાજરો બાફીને બનાવેલ ઘૂઘરી, કપાસિયા, ખોળ, ઘઉંનાં ભૂસાંમાં તેલ, તલ અને ગોળમિશ્રિત કરીને બનાવેલા લાડવાઓ તેમજ ગદબ અને મકાઈ જેવું લીલું ઘાસ ખવડાવવા ઊલટભેર નીકળી પડે છે.

પુણ્યપર્વણીના આ પાવક પ્રસંગ માટે જનતાજનાર્દનને સહાય રૂપ બનવા માટે જ આ ગૌમાતાઓના માલિકો પણ તત્પર રહે છે.परोपकाराय वहन्ति नद्याः । परोपकाराय फलन्ति वृक्षाः । परोपकाराय तपन्ति सन्ताः । જેવી આપણી મહાન સંસ્કૃતિને અનુરૂપ જ આ ગૌમાલિકો પણ જાણે કે परोपकाराय पालयन्ति धनेव । જેવી ભવ્ય ભાવના ધરાવતા હોય છે. અને સાંભળ્યા મુજબ એમની આ ભવ્ય ભાવનાને ચરિતાર્થ કરવા તેઓ તેમની ગૌમાતાઓને તેરમી જાન્યુઆરીના રોજ ખાસ ઉપવાસ કરાવે છે, જેથી બીજે દિવસે તેમને ખાદ્ય પદાર્થો અને લીલો ચારો ખવડાવનાર પુણ્યવાંછુઓ ને ઉત્તરાયણના આ પવિત્ર પરોઢે ભૂખી ગાયોને ધરવવાનું બેવડું પુણ્ય સાંપડી શકે ! ચૌદમી જાન્યુઆરીએ પરોઢે ચાર વાગતા સુધીમાં તો આ પરોપકારી ગૌમાલિકો નગરની વિવિધ સોસાયટીઓમાં તેમજ રાજમાર્ગો અને હવેલી-મંદિરો જેવાં સ્થળોએ પોતાનાં ગૌધનને વિહરતાં અને વિચરતાં કરી દે છે !.. અને પરોઢિયે પાંચ વાગતાંમાં તો પુણ્યવાંછુ નારીઓ... સજીધજીને પોતાનાં કરકમલમાં રાંધેલી બાજરાની ઘૂઘરીનાં તપેલાંઓ કે કથરોટો લઈને આ લોકકલ્યાણાર્થે જ વિચરતી ગૌમાતાઓને એ સામગ્રી પ્રેમપૂર્વક પીરસતી જોવા મળે છે.

જો કે ઉપરોક્ત ૧૭ જાન્યુઆરી ૨૦૦૩ના દૈનિક અખબારમાં અમે જે વૃત્તાંત વાંચ્યો એમાં જણાવેલું કે... સૌરાષ્ટ્રની શાન સમી આ નગરીના કેટલાક બુદ્ધિજીવીઓએ પૂર્ણ, પુખ્ત અને પુષ્ટ વિચારણાને અંતે નક્કી કરેલ કે 'આપણાં આ લોકશાહી, પ્રજાસત્તાક અને પળેપળે જ્યાં માનવઅધિકારની જાળવણી માટે બુલંદ ઘોષણાઓ વિવિધ વ્યક્તિઓ અને મંડળો તથા વિદેશો દ્વારા પણ કરવામાં આવે છે એવા આ પુણ્યપ્રદેશ ભારતમાં એમણે માત્ર માનવઅધિકાર અંગે જાગૃત રહેવા જેટલું સીમિત અને સ્વાર્થી નહીં રહેતાં જાનવરાધિકારને પણ જાળવવા કશુંક નક્કર પ્રતીતિજનક પગલું લેવું જોઈએ.' અને આવા ઉત્તમ વિચારને આચારમાં કઈ રીતે મૂકવો એ અંગે વિચારતાં તેમને થયું કે મકરસંક્રાતિની આ પુણ્યપર્વણી નિમિત્તે લોકો દ્વારા જે માત્ર ગાયોને જ ખાદ્યાન્ન, ખોળ, ગદબ ઈત્યાદિ આરોગાવવાનો એકાધિકાર છે તે શા માટે ચલાવી લેવો ?

વધુ વિચાર કરતાં આ બુદ્ધિજીવી મનુષ્યોને થયું હશે કે હજારો વર્ષોથી સર્વે ચોપગાં જાનવરોમાં ગાયોને સહુથી પવિત્ર પશુ તરીકે આપણાં શાસ્ત્રોમાં વર્ણવી તેમને મનુષ્યો દ્વારા જો વિવિધ ખાદ્યાન્ન ઈત્યાદિથી પરિતૃપ્ત કરવામાં આવે તો જ પુણ્યપ્રાપ્તિ થઈ શકે એ પ્રકારનો તે પવિત્ર પશુ હોવાનો એકાધિકાર ધરાવે છે. તે વાત માની લઈએ કે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગમાં આ ભલે સત્ય હોય પરંતુ આ કળિયુગમાં જ્યારે આપણા પ્રજાસત્તાક દેશમાં જ્યારે રાજાશાહીને દેશવટો દેવામાં આવ્યો છે, સર્વધર્મસમભાવના સિદ્ધાંતને બંધારણ દ્વારા માન્ય રાખવામાં આવ્યો છે, ત્યારે ગાયો પ્રત્યે જ આટલું પક્ષપાતી વલણ શા માટે હોવું જોઈએ ? તો પછી આ પુણ્યપર્વણી નિમિત્તે મૂગાં ઢોરને ચારો આપવાની આપણી પરંપરાને બીજા કયા યોગ્ય માર્ગે વાળવી ? અને આવા ધન્ય વિચારો બાદ એ નગરના એ બુદ્ધિજીવી માનવીઓએ અદ્યપિ સમાજ દ્વારા ઉપેક્ષિત, શોષિત અને વિડંબના પામેલા એવા શ્રમજીવી પશુસમાજના ગર્દભોને પણ આ પુણ્યપર્વણી નિમિત્તે ગવતરી માટે ગર્દભ એ એક જ રાશિનાં પ્રાણીઓ છે માટે પુણ્યપ્રાપ્તિ માટે ગર્દભસમાજ પણ ગાયો જેટલો જ લાયક ગણાવો જોઈએ એવો નિર્ણય લઈને અદ્યપિ એ નિર્દોષ, નિર્દંભ, નિરહંકારી એવા ગર્દભોને આ મકરસંક્રાતિએ ખાસ ખવડાવવા માટે 'ગદબ' નામના લીલાચારાની ટ્રકો ભરીને નીકળી પડવાનો

સ્તુત્ય, પ્રેરક અને પ્રશંસનીય ઉદ્યમ કરવાનું વિચાર્યું. જોકે એ બુદ્ધિજીવી મિત્રોને એમ પણ થયું હશે કે હજારો વર્ષની પ્રાચીન પરંપરાથી વિપરીત વાત અને વર્તન અંગે જો સમાજમાં અગાઉથી જાણ થશે તો સ્થાપિત હિતોનો વિરોધ થશે અને વળી જો સમાજમાં આવું ક્રાંતિકારી પગલું લેવું હોય તો તેની જાહેરાતોને બદલે એક ધન્ય દિવસે એ અમલમાં મુકાય તેમાં જ તેની વશેકાઈ.

આમ, તે તારીખ: ચૌદમી જાન્યુઆરી ૨૦૦૩ના મકરસંક્રાતિ પુણ્યપર્વણીના ધન્ય દિવસે જે મંગળવારે હોવાથી મંગળકાર્યના પ્રારંભ માટે ઉચિત હતી અને વળી એ દિવસે 'પુત્રદા એકાદશી'નો પુનિત દિવસ હોવાથી પુત્રવાંછુ નરનારીઓ માટે એ નિમિત્તે પુણ્યપ્રાપ્તિ દ્વારા પુત્રેષણા સંતોષવાનો પુણ્યપ્રદ દિવસ પણ હતો એ સુભગ સંયોગની ગંગા-જમનાના સંગમની સાથોસાથ ગુપ્ત સરસ્વતી જેવી એમની 'ગર્દભ-ગદબ-પ્રાશન'ની ક્રાંતિકારી યોજનાને ગુપ્તપણે અમલી બનાવવા આ બુદ્ધિજીવી મનુષ્યોએ આગલી રાત્રે જ પૂર્ણ તૈયારીઓ પ્રચારનાં કશાં ઢોલનગારાં વગાડ્યાં વિના જ કરી રાખી. અને ફક્ત ગર્દભોને જ ખવડાવવા માટે ગદબ જેવો લીલો ચારો ભરીને ભારવાહક વાહન તૈયાર રાખ્યાં.

એમ લાગે છે કે એ મિત્રોને આ 'ગર્દભ' ને 'ગદબ' આ બે શબ્દોમાં રહેલું વધુ પડતું સામ્ય જોઈને એમ પણ થયું હશે કે હવે પછી જો ધીમેધીમે સમાજ તેમની આ સુધારણા-ઝુંબેશને આવકારીને પુણ્યપર્વણી નિમિત્તે ગાયોને બદલે ગર્દભોને જ તૃપ્ત કરવામાં સક્રિય સહકાર આપે તો પછી 'ગર્દભ' અને 'ગદબ' બંને શબ્દોનું ઉચ્ચાર સામ્ય જોતાં 'ગદબ' નામનું ઘાસ માત્ર ગર્દભસમાજ માટે જ અનામત રાખવાની ઝુંબેશ ચલાવવાની પાવક પ્રેરણા પણ મળશે જ.

અલબત્ત, અખબારી વૃત્તાંતમાં આગળ જણાવ્યા અનુસાર આ બુદ્ધિજીવી મનુષ્યોને એમની વિશિષ્ટ વિચારણા બાદ લેવાયેલો નિર્ણય અમલમાં મૂકતાં થોડી અગવડ પણ વેઠવી પડી. મકરસંક્રાતિના પ્રાતઃકાળે 'ગર્દભ-ગદબ પ્રાશન'ના પુનિત સેવાકાર્ય માટે જેમણે મંગલ પ્રસ્થાન કરેલું એવા એ મહાનુભાવોને 'ગદબ' ભરેલાં વાહનો સાથે નીકળ્યા બાદ શરૂઆતમાં તો નગરનાં વિવિધ ભાગોમાં ફરવા છતાં ગદર્ભ-દર્શન જ ન થયાં. આથી આ ક્રાંતિકારી કદમ ઉઠાવવા તત્પર થયેલા એવા એ બુદ્ધિજીવીઓને પ્રારંભમાં થોડી નિરાશાની લાગણી ઉદ્ભવી. 'અરે આવડા મોટા નગરમાં આપણને આપણી ભવ્ય ભાવનાને અમલમાં મૂકવા એક ગર્દભ પ્રાણી પણ નહીં મળે કે શું ?' એવા વિચારોમાં જો તેમનામાં કોઈ કવિ હોતે તો તુરત કાવ્યપંક્તિઓ જોડી કાઢતે -

રે ! શું ગર્દભ કોઈ આ નગરમાં, એકે નથી આપડા ?
કાં એ તો નજરે ન આજ ચઢતાં, ભૂખ્યા હશે બાપડા !
લાવ્યા ખૂબ અમે અહીં ગદબનો, ચારો રૂડો આ લીલો,
કિંતુ સર્વ અરે છૂપ્યાં અમ થકી, રે ક્યાં ગયાં ગર્દભો ?!

જો કે અખબારી વૃત્તાંતમાં એ મિત્રોએ આવી કોઈ કાવ્ય-પંક્તિઓ રચ્યાનો કે ગાયાનો ઉલ્લેખ તો નથી જ. પરંતુ અખબારી વૃત્તાંત વાંચતાં એમની પ્રારંભિક નિરાશાની વાત અમારાં કવિહૃદયને સ્પર્શી ગઈ અને પરિણામે એમની નિરાશાની દ્યોતક એવી આ કાવ્યપંક્તિઓ આ લેખ માટે જ અમે ખાસ રચી છે !

આખરે ભગવાને ગીતામાં કહેલ વચન - नहि कल्याणकृत कश्चिद् दुर्गतिम् तात गच्छति । (કલ્યાણ માર્ગે કરેલી પ્રવૃત્તિ નિરર્થક નથી જતી) ને સત્ય પ્રમાણિત કરવું હોય તેય એ મહાનુભાવોને નગરના એક ચોક્કસ ચૉકમાં માત્ર એક નહીં પણ અનેક (અખબારી વૃત્તાંતમાં જણાવ્યા મુજબ પૂરાં એક ડઝન કહેતાં બાર) ગર્દભપ્રાણીઓ મળી ગયાં. અને આમ એ બુદ્ધિજીવી સજ્જનોને મકરસંક્રાતિની પુણ્યપર્વણી નિમિત્તે નિજી ભાવના અનુસાર અદ્યપિ ઉપેક્ષિત, આનાદરણીય અને શોષિત એવાં આ શ્રમજીવી પ્રાણીઓને ધરાઈને ગદબ ખવડાવી એમની આંતરડી ઠાર્યાનું પુણ્યકાર્ય કર્યાનો પરિતોષ પ્રાપ્ત થયો. અખબારી અહેવાલમાં આટલી વિગતો પ્રકટ થઈ છે જે વાંચીને અમને પણ પરિતોષ થયો છે અને એમની આ પાવક પ્રવૃત્તિ આગામી વર્ષમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં, ગરવી ગુજરાતમાં અને ભવ્ય ભારતદેશમાં પ્રચલિત થાય એવી અમારી પણ લાગણી છે.

'ગર્દભ - ગદબ- પ્રાશન'નો આ પુણ્યપર્વણીએ પ્રારંભ કરવાનો આ નગરીના નવયુવાન મિત્રોનો અખબારી અહેવાલ વાંચ્યા બાદ અમને થયું કે આ કાર્યક્રમ વિશે એ મિત્રોએ છેવટની ઘડી સુધી ગોપનીયતા રાખી તે અનાવશ્યક હતી. આ તો જાહેરખબરોનો જમાનો છે. ખરેખર તો ૧૪ જાન્યુઆરીની આગળનાં ત્રણચાર સપ્તાહ પહેલાં જ તેમણે પોતાના નેક ઈરાદાની જાણ જનતા-જનાર્દનને ચોપાનિયાંઓ, બૅનરો ને ટી.વી.ની લોકલ ચૅનલની જાહેરાતો દ્વારા કરવી જોઈતી હતી. જો લોકોને આ નવતર અભિગમની જાણ આગોતરી હોત તો તેમણે પણ આ 'ગર્દભ-ગદબ-પ્રાશન'ના કાર્યક્રમ માટે તનમનધનથી સહકાર જરૂર આપ્યો હોત.

વળી, આ લેખમાં પ્રારંભમાં જેમ ધેનુમાલિકોની લોકોને સહકાર આપવાની ભવ્ય ભાવના વિષે લખ્યું છે તેમ ગર્દભ-માલિકો પણ આ અભિનવ પ્રથાને આવકારવા તલપાપડ હોત. અને જેમ આ નગરના બુદ્ધિજીવીઓને પ્રથમ વર્ષે ગર્દભની

(અનુસંધાન પૃ. ૨૭ પર)

સમાંતર જીવન

મૂ. લેખિકા : સુનીતા દેશપાંડે   અનુવાદ : અરુણા જાડેજા

૪. ચાર્લ્સ ડિકિન્સ અને કૅથરિન હોગાર્થ

પ્રારંભે યુવાનીના કાળમાં ચાર્લ્સ ડિકિન્સ જ્યારે 'મૉર્નિંગ ક્રૉનિકલ'માં ખબરપત્રી તરીકે કામ કરતો હતો ત્યારે પહેલા જ લેખક તરીકે નામના મેળવી ચૂકેલ જ્યૉર્જ હોગાર્થ પણ એ જ છાપામાં હતો. હોગાર્થ સર વૉલ્ટર સ્કૉટનો મિત્ર જ નહોતો પણ સલાહકારેય હતો. ખાધેપીધે સુખી હતો. ડિકિન્સની આર્થિક સ્થિતિ સાવ જ માપોમાપ હતી. મારિયા બીડનેલ નામની એની પ્રિયતમાએ 'એનું કાંઈ ભવિષ્ય નથી' એમ કહીને એને નકાર્યો હતો. ડિકિન્સ એ જ વખતે 'બૉઝ' એવા ઉપનામથી લંડનમાં જિવાતાં જીવનનાં શબ્દચિત્રો એ આલેખતો હતો. બૉઝનું આ



લખાણ લોકપ્રિય થવા લાગ્યું હતું. એ ખુશીમાં ડિકિન્સે પોતાનો ત્રેવીસમો જન્મદિવસ જરા રંગેચંગે ઊજવ્યો. જેમાં એણે જ્યૉર્જ હોગાર્થને બોલાવ્યો હતો. એ જ પાર્ટીમાં જ્યૉર્જથી મોટી દીકરી કૅથરિન હોગાર્થ સાથે ડિકિન્સની ઓળખાણ થઈ.

સુંદર ભૂરી આંખોવાળી કૅથરિન હોગાર્થ પ્રેમાળ અને સુસ્વભાવી હતી. એ બંનેની ઓળખાણ વધતી ગઈ અને પછી તેમનાં લગ્ન પણ થયાં. કૅથરિન જેવી મોટા ઘરની દીકરી પત્ની તરીકે પામવાથી ડિકિન્સ ખૂબ ખુશ હતો. એણે નાનકડો સંસાર માંડ્યો અને કૅથરિનની નાની બહેન અને ડિકિન્સનો નાનો ભાઈ એ લોકો પણ એમની સાથે રહેવા આવ્યાં. આ બધી યુવાન ટોળી પેલા નાનકડા ઘરમાં મોટી મજામાં રહેતી હતી.

લગ્ન પછી નવ મહિનામાં ચાર્લ્સ ડિકિન્સને પહેલું બાળક થયું. ડિકિન્સની બાબતમાં બધી જ બાબતો એકદમ ઝપાટાભેર થવા લાગી. એને લેખક તરીકે માનપાનેય ઝટ દઈને મળ્યાં. અનેક સુંદર કલ્પનાઓથી એનું ભેજું જાણે ભરાયેલું રહેતું. 'પિકવિક પેપર્સ', 'ઑલિવર ટ્વિસ્ટ', 'નિકૉલસ નિકલ્બી', 'ધી ઓલ્ડ ક્યૂરિયોસિટી શૉપ' કેટલાંયે મોટાંમોટાં પુસ્તકો એણે એ પહેલાં છસાત વર્ષોમાં લખ્યાં. એક જ વખત એ બબ્બે પુસ્તકો લખવા લેતો. એક પૂરું થાય તે પહેલાં બીજું અને બીજું પૂરું થાય તે પહેલાં ત્રીજું. એક પછી એક જેટલાં પુસ્તકો લખાતાં જતાં હતાં તેટલાં જ બાળકોયે તેને એક પછી એક થતાં જતાં હતાં. બધી જાતની એની સુખસગવડ સાચવનારું એનું કુટુંબ ફાલી રહ્યું હતું. આ ફૂલીફાલી રહેલા કુટુંબ માટે એ પણ ખૂબ લખતો હતો, પૈસા કમાતો હતો, અને વધારે ને વધારે મોટાંમોટાં ઘર લેતો જતો હતો. ભર્યાભાદર્યા કુટુંબનું જે ચિત્ર એ પોતાના લખાણમાં દોરતો એ જ પ્રત્યક્ષ એના ઘરમાં કલ્લોલતું હતું. બધી રીતે એ સુખી હતો.

બાપ બેજવાબદાર હોવાથી એનું પોતાનું બાળપણ વેઠવૈતરાં અને અવગણના, હાલહવાલીમાં ગયું હતું; જેની ખોટ એણે પોતાના સંસારમાં પૂરેપૂરી ભરી કાઢી. બાળકોને ખૂબ લાડ લડાવ્યાં. ફક્ત પત્ની કે બાળકોની જ નહીં, પણ ઘરનાં બીજાં સગાંસંબંધીઓની બધી જ સુખસગવડ પ્રત્યે ધ્યાન આપ્યું. એની પત્ની કૅથરિન હોગાર્થ, જેન કાર્લાઇલ કે હેરિયેટ મિલ જેવી બુદ્ધિમતી નહોતી પણ તે તેનો સંસાર પૂરા તનમનથી સાચવતી હતી. ઉપરાછાપરી આવતી ગર્ભાવસ્થાઓ કે સુવાવડો છતાં પણ થાય એટલું તે ઘરનું કામ કરતી રહેતી. ઉપરાંત નોકરચાકરોય હતા જ. તેની બહેનોય મદદમાં હતી. ડિકિન્સ પોતાનું લખાણ આવતાંજતાં તેને વાંચી બતાવતો અને એ અંગેની તેની પ્રતિક્રિયા પરથી પોતાના વાચકવર્ગ પર થનારી અસરનો અંદાજ લેતો. સર્વસાધારણ રીતે કોઈ પણ પતિને પોતાનું ઘર ચલાવવા, છૈયાંછોકારાંઓનું ભરણપોષણ કરવા, આવ્યાંગયાંની ખાસ ચાહીને આગતાસ્વાગતા કરવા, થાકીપાકી ઘરે પાછાં ફર્યા બાદ હસતે મોંએ પોતાનું સ્વાગત કરવા, હક્કથી પોતાને જોઈતાં એવાં શારીરિક સુખો પૂરાં પાડવાં માટે પત્નીની ગરજ ભાસતી હોય છે. હવે જો પતિ ડિકિન્સ જેવો અસામાન્ય હોય તો પોતાની વૈચારિક કલાત્મક ભૂખ ભાંગવા એને ઘરબહારની દુનિયામાંય અનેક બાબતો જોઈએ તેટલી ઉપલબ્ધ હોય છે. મિત્રમંડળ, પુસ્તકો, સાંસ્કૃતિક કાર્યક્રમો, લેખક-વિચારક- કલાકાર વગેરેના વર્તુળમાં સહભાગી થઈને બૌદ્ધિક લેણદેણ વગેરે. ડિકિન્સનું મિત્રમંડળ એ દૃષ્ટિએય ઘણું મોટું અને ઈર્ષ્યા આવે તેવું હતું.

વૈવાહિક જીવનનાં પહેલાં પાંચ વર્ષના ગાળામાં એમને ચાર બાળકો થયાં. ઉપરાંત કૅથરિનને એક વાર ગર્ભપાતેય થયો. આ જ પાંચ વર્ષોમાં એણે પાંચ શ્રેષ્ઠ નવલકથાઓ લખી. સ્કૉટલૅન્ડ, અમેરિકા વગેરેનો પ્રવાસ થયો. નોકરચાકર, બીજાં-સગાંવહાલાં, મિત્રમંડળ એ બધાં પર બાળકોની જવાબદારી સોંપીને આ પ્રવાસમાં કૅથરિનેય તેની સાથે સામેલ થઈ. ઉમદા

લેખક તરીકે બધે એનું અને તેની પત્નીનુંય અભૂતપૂર્વ સ્વાગત થયું. વિભૂતિપૂજા કોને કહેવાય એનો એકદમ ગૂંગળાવી નાખનારો અનુભવ થઈ આવે એવી રીતે લોકો એની સાથે વર્ત્યા અને પ્રવાસમાં પ્રત્યક્ષ એમને જે વાવાદળનો ત્રાસ થયો એમાં કહો કે બધે એમનો જે ગૌરવપૂર્ણ સત્કાર થયો એમાં કહો, કૅથરિને એનો સાથ નિભાવવામાં ક્યાંય પાછી પાની કરી નહીં.

આ બધાંની સાથોસાથ પોતાના મિત્રોનાં કુટુંબીજનોનાય જન્મદિવસ, નાતાલના બધા તહેવારો ઊજવવા, નૃત્ય, ગાયન અને જાદુપ્રયોગ કરવામાં જ ડિકિન્સ આગળ રહેતો.

ખરું પૂછો તો એણે પોતાનો સંસાર આટલે સુધી જ મર્યાદિત રાખવા જેવો હતો. વધારે બાળકો થવાં જોઈતાં નહોતાં. પુસ્તકોની શરૂઆતની માંગેય જરા ઓસરવા લાગી હતી. એના ભાઈભાંડુઓ, મા અને ખાસ તો બિનજવાબદાર બાપ એના પૈસાને જોરે બેધડક મોજમજા અને ઉડાઉગીરી કરતા હતા. એમને સંભાળવા એના હાથ બહારનું થઈ પડ્યું હતું. પહેલાંની જેમ એક પછી એક ગ્રંથો લખવાનું કામ હવે એનાથી ઉપાડાતું નહોતું. વળી, લોકપ્રિયતાનીય એક બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે જ. એમનો પત્રવ્યવહાર, ભાષણ માટેનાં નિમંત્રણો, સાર્વજનિક સમારંભો, સલાહસૂચનો અને આર્થિક મદદ માટે લોકોની એની તરફ વધી રહેલી અપેક્ષા - આ બધી ભીંસ હેઠળ એ પૂરેપૂરો દબાવા લાગ્યો, ત્રાસી ઊઠ્યો. વધારામાં એને ત્યાં પાંચમું બાળક થયું. ભગવાન એક વાર આપવા બેસે તો એને અટકાવવાની તાકાત ડિકિન્સ થયો તોય એનામાં ક્યાંથી હોય ? એ પછીય એક પછી એક એને પાંચ બાળકો થયાં.

ભરવીસીમાં હતો ત્યારે જે મારિયા બીડનેલના પ્રેમમાં પાગલ થયેલો તેણે એને 'ભવિષ્ય ન હોવાથી' ત્યારે એને ફિટકારેલો. એ પછીનાં બે જ વર્ષોમાં એ આટલી નામના મેળવશે એવી તેને કલ્પના ક્યાંથી હોય ? તેણે તો પૂરું વિચારીસમજીને ડિકિન્સને નકારીને હેન્રી વિન્ટર સાથે લગ્ન કર્યાં હતાં. પણ લગ્ન પછી દેઢ ચોવીસ વર્ષે તેને કોણ જાણે કેમ પણ અચાનક ડિકિન્સની યાદ આવી, અને તેણે એને કાગળ લખ્યો એ પત્રે શું જાદુ કર્યો ખબર નહીં. ડિકિન્સ પણ પોતાનું અપમાન ભૂલ્યો અને એ વખતની અઢાર વર્ષની મારિયા એ જ સાચે તો એની પ્રેરણાદેવી હોવાનો એને સાક્ષાત્કાર થયો. તે જ ખરી નાયિકા હોવાનાં ચિત્રો દોરવા લાગ્યો. અને એણે તેને ગળગળા થઈને પ્રતિસાદ આપતો પ્રત્યુત્તર પાઠવ્યો.

પૂરેપૂરો વિચાર કરીને કરેલાં લગ્ન પછીય વીસપચ્ચીસ વર્ષે અનેક સ્ત્રીપુરુષને થવા લાગે કે 'આના' બદલે 'પેલો' આપણો જીવનસાથી હોત તો ચિત્ર અધિક સુંદર અને મનગમતું થયું હોત. એવું જ કાંઈક બન્યું હતું. પણ મારિયા વધારે સજાગ હતી. ડિકિન્સના પ્રત્યુત્તરે તે ખૂબ જ સુખાઈ હતી એ સાચું પણ તોય એણે સૂચવ્યા પ્રમાણે એ બંનેની ગુપચુપ મુલાકાત થાય તો હવે એનો તો અપેક્ષાભંગ જ થવાનો એય તેણે એને જણાવ્યું. અત્યાર સુધીમાં તો ખાસ્સી જાડીભમ થઈ હતી. દાંત પડી ગયા હતા. રૂપ ઝાંખું થયું હતું, ઉંમર જણાવા લાગી હતી. પણ પિસ્તાલીસ વર્ષની મારિયા કરતાંય ચાલીસ વર્ષની પોતાની પત્ની કૅથરિન વધારે પડતી જાડીપાડી, ઘરડી, મૂર્ખ અને ઘૃણાસ્પદ લાગવા માંડી હતી. પોતાની પત્ની આવી થઈ ગઈ તેમાં આ બધો જ દોષ પૂરેપૂરો તેનો જ છે, એવું જ આ બુદ્ધિમાન લેખકના મને માની લીધું ! તેની અંતર્મનની ગંદી પ્રવૃત્તિઓના જ તેના શરીર પર આવો પ્રભાવ પડ્યાની એને હવે ખાતરી થઈ ગઈ. મારિયાની બાબતમાં તો આવું કાંઈયે થવું કઈ રીતે શક્ય હતું ?

છેવટે એણે પૂરાં વિચારપૂર્વક ઘડેલી યોજનાનુસાર કૅથરિન બહાર ગઈ હોય ત્યારે મારિયા 'અ. સૌ. ડિકિન્સને મળવા' એમ કરીને એમના ઘરે આવી. અ.સૌ. ડિકિન્સ ઘરે ન હોવાથી સ્વાભાવિક જ નોકરોએ 'શ્રી ડિકિન્સ'ને તેના આગમનની વરધી આપી અને એ બંનેની આટલાં વર્ષે ફરી પાછી મુલાકાત થઈ. આ પહેલી જ મુલાકાતમાં સ્વર્ગમાં તરંગનારો આ મહાન કલાકાર એક જ ઝાટકે ધરતી પર આવી ગયો ! અને કલાકારે કલાને જ પોતાનું સર્વસ્વ અર્પવું જોઈએ, જીવનની ઐહિક બાબતોમાં મનને અટવાવા દેવું નહીં, મોહના પાશમાં જકડાવું બરાબર નહીં, એવો એને ક્ષણમાં જ સાક્ષાત્કાર થયો.

જીવનની પહેલી પરોઢે જે અલૌકિક અથવા મહાન લાગે એ એટલું કાંઈ મહાન નથી હોતું એ વાત તડકા ઊતરતા જાય તેમ તેમ ધ્યાનમાં આવતી જાય. સવારે આપણે જેને સત્ય માનતા હતા એ જીવનની સાંજે અસત્ય ઠરી શકે, ફિલૉસૉફર યુંગની આ વાતની આવા સમયે પ્રતીતિ થાય છે. આ તો જગતનો નિયમ છે. ગમે તેની જિંદગીમાં આવું બની શકે. પણ ડિકિન્સ તો પોતાને બે-ચાર જણાં જેવો સામાન્ય માનતો નહોતો. એ કોઈક 'સ્પેશ્યલ', અસામાન્ય હતો. ઉમદા કલાકારેય માણસ તરીકે સામાન્ય હોઈ શકે. પણ એને પોતાનેય જો સત્ય લાધે તો એ કદાચિત્ તત્ત્વજ્ઞ થઈ જાય, પણ એનો પેલો કલાનો અંકુર માત્ર તેટલો કરમાઈ જવાનો સંભવ છે. પોતાની જિંદગીમાં ઘટેલી આ ઘટના એક અસામાન્ય બાબત છે એવી સમજૂતી કરી લઈને ડિકિન્સ પોતાનાં આ દુઃખ કે નિરાશા પોતાની ફરતે જ વીંટતો રહ્યો.

મોટે ભાગે મોટા લેખકોના યુવાનીના લેખનની વસંત વયાનુસાર ઓસરતી જાય છે. સર્જનની ગતિ મંદ થતી જાય. એ લોકો વધારે વિચારપૂર્વક લખવા માંડે. એમનું સર્જન વધુ પરિપક્વ થયેલું દેખાય. સાધારણતઃ 'ડૅવિડ કૉપરફિલ્ડ' લખાયું

એ અરસામાં ડિકિન્સની બાબતમાંય તે જ પરિવર્તન શરૂ થયેલું દેખાય છે. પણ પોતાના લેખનનો વેગ ધીમો બની રહ્યો છે એનો અપજશ એણે કૅથરિનને માથે ઢોળ્યો. ઘરનો બધો કારભાર કુનેહકરકસરથી સમોસૂથરો ચલાવનારી, પોતાના પરનો આર્થિક બોજો ઓછો કરનારી એવી કૅથરિન જોઈતી હતી પણ પ્રત્યક્ષ ચિત્ર તો સાવ જુદું જ હતું. લગ્નનાં સોળ વર્ષમાં એને દસ બાળકો થયાં. ઉપરાંત વચ્ચે કસુવાવડેય થતી જ રહેતી. સતત ગર્ભાવસ્થા કે પછી સુવાવડ લઈને ફરનારી કૅથરિન ફૂલી રહી હતી. તેની યુવાની તદ્દન જ ઓસરી ગઈ હતી. તેના અતિશય મોહક અવાજનું, સુંદર ભૂરી આંખોનું અને સૌમ્ય વ્યક્તિત્વનું હાન્સ ક્રિશ્ચન ઍન્ડરસનેય કૌતુક કર્યું હતું. પણ ડિકિન્સને તે હવે પહેલાંની જેમ જોઈતીગમતી લાગતી નહોતી. ઉમ્મર અને શરીર જવા દો તો તે પહેલાં જેવી જ હતી, સુસ્વભાવી, ઉદાર. પોતાના પતિને આ જ ગુણો તો એટલા પ્રિય હતા તો પછી હવે જ એને સાવ અણગમતા કેમ થઈ રહ્યા એ જ બિચારીને કાંઈ સમજાતું નહોતું.

લેખકને આવશ્યક એવું માનસિક બળ પૂરું પાડવા આપણું કોઈ નથી એ વિચારે ડિકિન્સ અત્યંત દુઃખી થઈ રહ્યો. પત્ની તો આવી. પહેલી પ્રિયતમા મારિયા પાછી પોતાની પ્રેરણાદેવી થઈ શકે એ સપનું આવે આવે એ પહેલાં જ વેરાઈ ગયું. એને બાલઝૅક, જ્યૉર્જ સૅંડ વગેરે ફ્રૅંચ લેખક-લેખિકાઓની અદેખાઈ થતી. પણ એની કક્ષાનો ઈંગ્લિશ માણસ ફ્રૅંચ થોડો જ થઈ શકે ? આ બંને દેશોની નૈતિકતા અને શિસ્તનો પાયો જ વેગવેગળો હતો. ડિકિન્સ અત્યંત અસ્વસ્થ થયો. નવું કાંઈ લખવાનું સૂઝે એ પહેલાં લેખક અસ્વસ્થ થઈ શકે પણ આ વખતે એને હદબહાર ત્રાસ થવા લાગ્યો. જીવનની વાંછા જ જાણે ઊડી ગઈ. પહેલાંના દિવસો સાંભરીને પોતે હાલના દુઃખમાં જ ડૂબી જવા લાગ્યો.

ચાર્લ્સ ડિકિન્સ ઉત્તમ અભિનેતા હતો. બાળકોના જન્મદિવસ નિમિત્તે વગેરે એ નાટકો કરતો. એ નાટકોનું દિગ્દર્શન, નેપથ્ય, પ્રમુખ ભૂમિકા, નિર્માણ બધું એ જ કરતો. ઘરનાં બાળકો, સખીસખા, મિત્રમંડળ વગેરેને લઈને તે નાટકો ઊભાં કરતો. આ સર્જનનું પરિણામ પ્રેક્ષકોની પ્રતિક્રિયામાંથી ત્યાંનું ત્યાં જ જણાઈ આવતું એ માટે વાચકોની પ્રતિક્રિયા જેવી રાહ જોવી પડતી નહીં, જેથી રંગભૂમિ પ્રત્યેનું એનું આકર્ષણ વધતું જ ગયું. એ તો પોતાનાં લખાણોના વાચનનો જાહેર કાર્યક્રમેય કરવા લાગ્યો. કેટલાંક નાટકોમાંની એની ભૂમિકામાં એનો જીવ એવો તો જડાયો કે એમાંથી એના હાથે પછી તો 'લિટ્લ ડૉરિટ', 'અ ટેલ ઑફ ટૂ સિટીઝ' જેવી અપ્રતિમ નવલકથાઓનું નિર્માણ થયું.

એમનાં એ નાટકોની લોકપ્રિયતા વધવા લાગી, બહારગામથી પ્રયોગો માટેની માગ આવવા માંડી. એમાં ઘરની બેનદીકરીઓને ત્યાં લઈ જવું શક્ય પણ નહોતું. વળી, હજારો પ્રેક્ષકો સામે નાટકો કરવાનાં એટલે છેલ્લી હાર સુધી અવાજ પહોંચાડવાનો કસબેય એમની પાસે નહોતો. ત્યારે એમના બદલે વ્યાવસાયિક અભિનેત્રી લેવી આવશ્યક હતું. માંચેસ્ટરના પ્રયોગ માટે મારિયા ટર્નરને લેવામાં આવી અને ડિકિન્સે એની સાથે કામ કરવાની શરૂઆત કરી. તાકાતવાન નાયકની ભૂમિકા કરનારા ડિકિન્સને નાજુક, દૂબળી-પાતળી નાયિકાની ભૂમિકામાં મારિયાનું અભિનેત્રી તરીકે શ્રેષ્ઠ લાગવું સાહજિક જ હતું. પુરુષોએ કેવા પડછંદ હોવું અને સ્ત્રીઓએ તો ગમે ત્યારેય પુરુષોના આશ્રયે જીવનારી નાજુક, દૂબળી-પાતળી, વૃક્ષના આધારે જીવનારી કોક વેલી જેવું પરાવલંબી હોવું જોઈએ. પણ સ્ત્રીમાંનું આ દૂબળાપણું ચપળ, તરલ, લવચિક, સંવેદનશીલ, ટૂંકમાં કહીએ તો પુરુષનું સામર્થ્ય જગાવનારું હોવું જોઈએ. કૅથરિન જેવી કોક ભેંસ આગોળતી-વાગોળતી પડી હોય તેવું ન ચાલે. હકીકતે તો મારિયાની નાની બહેન ઍલન ચાર્લ્સ ડિકિન્સની દીકરી કૅટની સરખેસરખી, એટલે માંડ અઢાર વર્ષની. અભિનયમાં મારિયાના પ્રમાણમાં ઊણી ઊતરે તેવી. પણ આ નાટકની ત્રણ દિવસની તાલીમ અને માંચેસ્ટર સુધીનો પ્રવાસ એટલા અમસ્તા ગાળામાં જ ડિકિન્સ એના પ્રેમમાં પડ્યો. લગ્ન અસફળ થયાનું જણાય તો પ્રતિષ્ઠિત માણસોને પોતાનું મન રીઝવવા બીજું ઘણુંયે હાથવગું હોય છે. વાચન, કોક ધંધો અથવા શૉખ, મિત્રમંડળ વગેરે. પણ બીજી કોક સ્ત્રીના પ્રેમમાં પડવા જેટલી સહેલી વાત બીજી કઈ હોઈ શકે ?

પોતાનું ઘર, સંસાર હવે ડિકિન્સને સ્વાભાવિક જ અડચણ રૂપ થવાં લાગ્યાં. કર્તવ્ય અને પ્રેમમાં એની ફૂતરાંખેંચ શરૂ થઈ અને બૂરી રીતે અસ્વસ્થ થયો. આ છૂપો પ્રેમ ચાર જણાની નજરે ચડે તે પહેલાં જ પોતે સંસારમાં કેટલો દુઃખી છે એની નોંધ કરાવડાવી લેતો પત્ર એણે જૉન ફોર્સ્ટર નામના પોતાના સાવ નજીકના એવા મિત્રને લખવાની શરૂઆત કરી. ફોર્સ્ટર એનો માર્ગદર્શક અને કાયદાવિષયક સલાહકારેય હતો. ડિકિન્સ આ પત્રોમાંની શબ્દરચના તોલીમાપીને કરતો હતો. ડિકિન્સે પોતે જ જાણે પોતાના અંગત જીવનની નવલકથા રચવાની શરૂઆત કરી. પણ ફોર્સ્ટર પાસેથી એને મનગમતો પ્રતિસાદ ન મળ્યો. ફૉર્સ્ટરને થતું કે લગ્ન કરીએ એટલે બે વાસણ તો ખખડવાનાં, ગોબાય પડવાના, એવું તો ચાલ્યા જ કરે. શાણાઓએ એમાં વધારે સમજદારી દાખવવી જોઈએ. ડિકિન્સે પોતાના પ્રત્યે પણ વસ્તુનિષ્ઠ થઈને નીરખવું, પોતાની ભૂલો પરેય વિચાર કરવો. પછી બધું કાંઈ ચતુરાઈથી પાર ઊતરશે એવી સલાહ આપીને આ મિત્રે તો પંચાત જ ઊભી કરી દીધી.

એ જ અરસામાં ઈંગ્લન્ડમાં છૂટાછેડા વગેરેના કાયદાના

વિચારો શરૂ થયા હતા, પણ એ પસાર થવા માટે હજી વાર લાગે તેમ હતું. વળી, વિભક્ત થવા માટે બેમાંથી એકના પક્ષે તો લગ્નબાહ્ય સંબંધનો ગુનો સાબિત થવો જરૂરી હતો. કૅથરિન તો બેઠેલી જગ્યાએથી હલેય માંડ. એટલે એનું તો આવું કાંઈ શક્ય નહોતું. અને ડિકિન્સ જેવા જગપ્રસિદ્ધ પ્રતિષ્ઠિત લેખકના હાથે આવું કઈ રીતે ઘડાય? છી છી ! ભળતું જ કાંઈ ! છેવટે એમાંથી રસ્તો એટલે પતિ-પત્નીએ વેગવેગળાં સ્વતંત્ર રહેવું એ જ એક ઉપાય હતો. ડિકિન્સે નવલકથામાં દોરેલા વ્હાલ-પોતીકાઈના કપોળકલ્પિત ચિત્ર સાથે આ બંધબેસતું નહોતું. પણ એ તો નાઈલાજ હતો.

વિચિત્ર મનઃસ્થિતિવાળા ડિકિન્સનું વરસ-બે વરસના આ ગાળામાં પોતાના મિત્રમંડળ સાથેનું વર્તન કંઈક અંશે બાલિશ હતું. હિંદુસ્તાનના ૧૮૫૭ના બળવાની ફતેહમંદ પાયાતોડ કરવાની ખુશીમાં ઈંગ્લન્ડમાં એ વર્ષે નાતાલનો ઉત્સવ ઘેરઘેર મોટા ઉત્સાહે ઊજવવામાં આવ્યો. પણ જ્યાં નાનાસૂના ઘરગથ્થુ તહેવારોમાંય દરવખતે ઉત્સવનું સ્વરૂપ આપનારા ડિકિન્સના ઘરનું વાતાવરણ સૂતકિયું થઈ રહ્યું. કૅથરિન તો બિચારી માથે હાથ દઈ બેઠી હતી. ડિકિન્સ તો ઉદાસ હતો જ. છોકરાંઓ બાવરાં બની ગયાં હતાં. નાનીમોટી ગુપ્ત મસલતો કરીને બીજા પાત્રોને પજવનારા ખલનાયકને છાજે તેવી અનેક બાબતો આ ગાળામાં આવા આ મહાન લેખકના હાથે ઘડાઈ. કૅથરિનને શરમિંદા થઈને આ અપમાન સહન કરવું પડ્યું. ઈર્ષ્યાપેટે તે ઍલન માટે અમથી જ શંકા કરે છે એ મુદ્દે ઍલનના ઘરે જઈને ઍલનની માફી માગવી એવી ફરજ ડિકિન્સે તેને પાડી. છેવટે અસહ્ય થવાથી કૅથરિને પોતાનું દુઃખ પોતાનાં માબાપને જણાવ્યું અને પછી તો ડિકિન્સને ભાવતું'તું ને વૈદે કહ્યું. એ લોકોએ સામેથી જ કૅથરિને છૂટાં થવાની માગણી મૂકી. પછી તો બિચારો ડિકિન્સેય શું કરે ? એણે 'ડોબી રે ડોબી' કહેતાં કહેતાં છેવટે 'નાછૂટકે જ' આ વાત માટે સંમતિ આપી.

એણે પોતાના પ્રતિષ્ઠિત પરિચિતોનેય પોતે કેવો નિરપરાધી છે તે પટાવી દેવાનોય પ્રયત્ન કર્યો. કૅથરિનને થોડીઘણી જીવાઈ અને રહેવા માટે સ્વતંત્ર ઘર આપવામાં આવ્યું. બાળકો તો ચાર્લ્સ ડિકિન્સ પાસે જ રહેવા લાગ્યાં. એને પોતાને છોકરાંઓ તો હેવાયાં હતાં જ, અને એ બાળકોય પોતાનો બાપ કેવો નામાંકિત સજ્જન છે તેની ખબર હોવાથી એમની પાસે જ રહેવામાં વધારે આનંદ અને અભિમાન માનતાં હતાં. માની સતતની ગર્ભાવસ્થા અને સુવાવડને લીધે ઘરની જવાબદારી અને બાળકોનો ઊછેર માને બદલે માસી પર જ આવી પડ્યો હતો. આંથી બાળકો માસીનાં વધારે હેવાયાં હોવાથી તેય એમની સાથે આવી. ફક્ત એમનો સૌથી મોટો દીકરો થોડાક સમય પૂરતો તેની મા સાથે રહેવા ગયો.

બધું કાંઈ કાયદેસર થયું. એ કાળમાં ઈંગ્લિશ કાયદોય કેવો હતો જુઓ ! કૅથરિન નૉર્ટન નામની લેખિકા પોતાના લફંગા પતિથી છૂટી થઈ તો એનાં બાળકોનો જ નહીં, પણ તેનાં પોતાનાં લખાણ પર તેણે મેળવેલા પૈસાનોય હક તેના હાથમાંથી જતો રહ્યો, જે તેના પતિને મળ્યો અને પોતાનાં બાળકોને જતાં-આવતાં મળી શકાય તે માટેય તેને ખૂબ લડવું પડ્યું.

લોકોને કાયદાનો આધાર મળે એ સગવડ મળી, પણ સાથોસાથ સામાજિક ન્યાય તરીકેય કાંઈક તો હોય છે. પતિપત્ની છૂટાં થયાં એટલે બેઉમાંથી કોક એકનું તો કાંઈ લફરું હોવું જોઈએ એવી શંકા ભલભલાને આવવી સ્વાભાવિક જ છે. બિચારી કૅથરિનની બાબતમાં તો એ શંકા કોઈ કરી શકે તેમ શક્ય નહોતું. તો પછી ડિકિન્સની જ કાંઈક ભાંજગડ હોવી જોઈએ, એવી ખાતરી થતાં ગુસપુસ શરૂ થઈ. ડિકિન્સે ભારે ચાલાકીથી સારી એવી ગુપ્તતા રાખી હતી, જેથી આ વાતની જડ ઍલન છે એવી ખાસ શંકા કોઈને આવી નહીં. તો પછી બીજી સ્ત્રી કોણ હોઈ શકે ? હા, એ તો એની સાળી જ્યૉર્જિયાના જ હોઈ શકે. બહેનને બદલે બનેવીના ઘરે અમસ્તી કાંઈ રહેવા આવી હશે ? બાપ રે ! આ તો બહુ ખરાબ કહેવાય. કારણ કે ઈંગ્લન્ડમાં તે સમયે પત્નીના મૃત્યુ પછીયે સાળી સાથે લગ્ન કરવાં તે ગેરકાયદેસર હતું. અહીં તો પ્રત્યક્ષ પત્ની જીવતી હોવા છતાંયે - એમાંયે પાછું ડિકિન્સ જેવા દરજ્જાનો માણસ, આ તો બહુ થયું. છેવટે ડિકિન્સનો પક્ષ લઈને એનો મિત્ર થૅકરે ઊભો રહ્યો અને એણે છાતી ઠોકીને કહ્યું કે ડિકિન્સની સાળી માટે આવી શંકા કરવી તે અન્યાય છે. તે 'સ્ત્રી' એટલે એની સાળી જ્યૉર્જિયાના તો બિલકુલ નથી. એ તો પેલી અભિનેત્રી છે. આ ભલેને સાચું હોય તોયે એ કહી દેવા માટે થઈને ડિકિન્સ થૅકરે પર ભારે રીસે ભરાયો. આ બધી બદનસીબીના મૂળમાં પેલી કંકાસણી કૅથરિન જ હોવા છતાં થૅકરે આવું કેમ બોલ્યો ? મિત્ર થયો એટલે શું થયું ? નિર્દોષ ડિકિન્સે આવા મિત્રો સાથે ટૂંકમાં છેડો ફાડી નાખ્યો.

સાચે તો આ પ્રકરણ અહીં જ પૂરું થવું જોઈતું હતું. પણ આ છાપાંવાળાયે એક વિચિત્ર જાતના ! સરસ મજાનાં ગડી કરીને કબાટમાં મૂકેલાં રેશમી વસ્ત્રોને પણ કોણ જાણે ક્યાંકથી ઉપાડીને ડિકિન્સના આ સમાચારને પ્રસિદ્ધિ આપી જે વાંચીને ડિકિન્સ ઊકળ્યો. એ ડાહ્યોડમરો થઈને ચૂપ બેઠો હોત તો આવો હોબાળો થયો ના હોત. પણ પોતાની દરેક હીલચાલ પર આખીયે દુનિયાની નજર મંડાઈ છે એવું માની લેનાર ડિકિન્સ માટે એ કેવી રીતે શક્ય હતું ? તરત જ એણે પોતે કેવો નિરપરાધી છે અને ખાલી અમથાં જુદાં થવું એ તો પતિપત્નીની

કેવી વૈયક્તિક, બિલકુલ અંગત એવી બાબત છે. કોઈનાયે નામ સામે આંગળી ચીંધવી, અફવા ઉડાવવી એ કેવું નિંદ્ય છે વગેરે વગેરે ખાસ્સો મોટો એવો ખુલાસો કર્યો અને પછી તો દુનિયાને ઉઘાડેચોક જાહેર ચર્ચા કરવા માટે મફતિયો વિષય મળી રહ્યો.

ડિકિન્સનું ઍલન માટેનું ખેંચાણ વધતું જ ગયું. એના કુટુંબને તો એ પુષ્કળ આર્થિક મદદ કરતો જ રહ્યો. ડિકિન્સની દીકરી કૅટ તો કહેતી કે એ બેઉને એક બાળકેય થયું હતું, જે શિશુકાળે જ મરણ પામ્યું. પણ આવું બધુંય હોવા છતાંય એવડા મોટા પ્રતિષ્ઠિત માણસની શોભે તેવી સફાઈથી સાવ ગુપ્તપણે, પાક્કા બંદોબસ્તમાં લપાઈછુપાઈને એ બધું ચાલી રહ્યું હતું. જિંદગીને વળગેલા આ વલણનું પ્રતિબિંબ એના એ પછીના લખાણમાંય જણાતું હતું.

ચાર્લ્સ ડિકિન્સ જેવા જગપ્રસિદ્ધ મહાન લેખક-કલાકારનું વૈવાહિક જીવન આમ આવી રીતે દયનીય થઈ રહ્યું. એણે એની પત્નીનો સહવાસ તિરસ્કાર્યો હતો. ઍલન સિવાય એને ચેન પડતું નહોતું. એ તો એની આવશ્યકતા થઈ પડી હતી, પણ આ પ્રિયતમાના સહવાસમાં ખુલ્લેઆમ રહેવાની એનામાં જરાયે હામ નહોતી. એનું મન એને કોરતું રહેતું તેમ તેમ વધારે ને વધારે જૂઠાણાંથી વર્તવાનો વારો એના જેવા માણસ પર જ આવતો ગયો, જે સાચે તો દુઃખદ ઘટના જ છે. પણ આ દુઃખને માટે એકેય શરીરસંબંધ જવાબદાર નથી. એ પોતે, એની પત્ની કે પ્રિયતમા આ ત્રણેયમાંથી કોઈ એકેય જવાબદાર નથી એવું જ કહેવું પડશે. પોતાનાં વાચકો અને ચાહકો સાથે મનથી એ વચનબદ્ધ થયેલો હતો. બ્રિટિશ જનતા સામે થયેલાં તેનાં આ લગ્ન જ આ દુઃખના મૂળમાં હતાં. લોકપ્રિયતા સાથે થયેલાં લગ્ન તોડવાની તાકાત આ સિદ્ધહસ્ત લેખકને લાધી નહોતી. 'આ પત્ની'ની માગણીઓ અપાર હોય છે, જેને પૂરી પાડવી અશક્યપ્રાય જ હોય છે.

ડિકિન્સ પતિપત્ની વિભક્ત થયાં પછીનાં બાર વર્ષે ચાર્લ્સ મૃત્યુ પામ્યો અને વીસ વર્ષે કૅથરિન ગઈ. ચાર્લ્સ આ બાર વર્ષના કાળમાંયે લખતો હતો. ભલેને ગુપ્તપણે હોય, પણ સુખોપભોગ માણતો હતો. એક રીતે તો એની જિંદગી સફળ થઈ હતી. લેખક તરીકે જગતભરમાં નામના આજેય ઓસરી નથી. પણ કૅથરિનની વાત માત્ર જુદી હતી. એની સાથે રહેતી વખતે લોકોનો પ્રેમ એટલે શું એનો સ્વાદ તેણેય લીધો હતો. પણ આ છેલ્લાં વીસ વર્ષોમાં પતિના, બાળકોના, ઇતર લોકોના, કોઈ એટલે કોઈનાય પ્રેમની લહેરખી તેના બિચારીના ભાગે આવી નહીં. ચાર્લ્સ ડિકિન્સે પહેલાં તેને લખેલા પત્રો તેણે સાચવી રાખ્યા હતા, જે મૃત્યુ પૂર્વે તેણે પ્રસિદ્ધ કરવા માટે થઈને કૅટને આપ્યા. ચાર્લ્સ ડિકિન્સ જેવા માણસે પોતાને પ્રેમ કર્યો, આવોય એક સમય જિંદગીનો આવી ગયો એટલું માત્ર દુનિયાએય જાણવું એવું એનેય થાય તો એમાં નવાઈ શી ?

આગળ જતાં એ પુરાવા કૅટે નષ્ટ કરવાનો નિર્ણય લીધો. ન કરે નારાયણ ને કાલે ઊઠીને કોઈ ચાર્લ્સે ઍલનને લખેલા પત્રોય પ્રસિદ્ધ કરે, તો પ્રેમપત્રો તરીકે તો એ જ સાચા ઠરવાના અને પોતાની માની સ્થિતિ વધારે દયનીય થવાની એવી બીક એને લાગી હોવી જોઈએ. પણ કૅટનો આ નિર્ણય કાને પડતાં જ, જ્યૉર્જ બર્નાર્ડ શૉ પોતે વચ્ચે પડ્યા અને આટલા ગાળા પછી પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે, ઇબ્સન પછી સ્ત્રી પ્રત્યે જોવાનો સમાજનો દૃષ્ટિકોણેય બદલાયો છે, ત્યારે આ પત્રોને પોતાનું ઐતિહાસિક મહત્ત્વ કેટલું છે એ શૉએ તેને ગળે ઉતારી લીધું અને આથી એ પત્રો બ્રિટિશ મ્યૂઝીઅમમાં મૂકવામાં આવ્યા. કૅથરિન ડિકિન્સના દુઃખમાં પડેલો ટીપુંભર સુખનો પુરાવો આવી રીતે અમર થઈ રહ્યો, એટલું જ. ❐

અનુસંધાન] મકરસંક્રાંતિ... [પૃ. ૨૨ થી

શોધમાં નગરની શેરીઓમાં, 'તૂમ છૂપે હો કહાં ? હમ તડપતે યહાં' જેવી ગીતની પંક્તિ ગણગણતાં ઘૂમવું પડ્યું તેવું ન થતાં ગર્દભમાલિકોની સહકારની ભવ્યભાવનાને મૂર્તિમંત કરતો એવો ગર્દભસમૂહ તેમને ગામતી ગલીએ ગલીએ જોવા મળત.

અને જો આમ એક નગરમાં આ 'ગર્દભ - ગદબ - પ્રાશન'નો કાર્યક્રમ જનતાનાં ઉમંગભેર અપનાવી લેતા તો પછી તો આ 'ઘેલુડી ગુજરાત'નાં પ્રત્યેક ગામડાં, નગર અને મહાનગરોમાં પણ ચૌદમી જાન્યુઆરી એ ગર્દભસમાજની ઉદરતૃપ્તિનો આ કાર્યક્રમ અચૂક યોજાવા લાગત. અને એક જમાનામાં જેમ 'નવનિર્માણ' નામે ક્રાંતિનો પ્રારંભ કરવાનો યશ ગુજરાતના નવયુવકો ખાટી ગયેલા તેવી જ રીતે આ શોષિત જાનવરોની ઉન્નતિ માટેના કાર્યક્રમનો પ્રારંભ કરવા માટે પણ યશભાગી બનત.

ખેર ! જે થયું તે થયું. વર્ષને જતાં ક્યાં વાર લાગે છે ?એ આ જૂથો માટે અમે જાન્યુઆરીમાં જ આ કટાક્ષિકાનો કાચો લેખ તૈયાર કરી રાખેલ. પણ એ મઠારીને આ મૅગેઝીનમાં પ્રકાશનાર્થે મોકલતાં જ મહિના પસાર થઈ ગયા ! એટલે આગામી જાન્યુઆરીની ચૌદમી તારીખ પહેલા આ નવ અભિયાન માટે નવયુવાનો જો 'યા હોમ કરીને પડે, તો જરૂર તેમની 'ફતેહ છે આગે.' એ વાતમાં જરાય સંશય નથી. ❐

'વંદે માતરમ્' : ભારતીય સંસ્કૃતિનો હૃદયમંત્ર

ભારતની આઝાદીની લડત દરમિયાન સ્વાતંત્ર્ય-સૈનિકોને સર્વોચ્ચ બલિદાનની પ્રેરણા પૂરી પાડનાર, રાષ્ટ્રગીતની સમકક્ષ દરજ્જો ધરાવતું ભારતનું રાષ્ટ્રિય પ્રેરણાગીત 'વન્દે માતરમ્' ભારતીય સંસ્કૃતિનું અણમોલ અને અવિસ્મરણીય રત્ન છે. ઈ.સ.૧૮૭૬માં બંકિમચંદ્રે તેમની પુત્રીની અપેક્ષા સંતોષવા આ ગીત રચ્યું અને તેમના 'બંગદર્શન' સામયિકમાં 'આનંદમઠ' ધારાવાહિક નવલકથાના ભાગરૂપે સૌપ્રથમ પ્રકટ થયું ત્યારે તેનો વિશેષ ચાહકવર્ગ બંગાળમાં પાંગરવા લાગ્યો.

ઢાકાથી પ્રકટ થતા 'બાંધવ' સામયિકમાં કાલિપ્રસન્ન ઘોષે છેક ૧૮૮૩માં 'વન્દે માતરમ્'ને સૌપ્રથમ પારખીને તેને રાષ્ટ્રગીત તરીકે ઓળખાવ્યું હતું. હરિશ્ચંદ્ર હલદાર નામના ચિત્રકારે આ ગીતના આધારે ભારતમાતાનું ચિત્ર તૈયાર કર્યું. ૧૮૮૬માં હેમચંદ્ર બંદ્યોપાધ્યાયે તેને ભારતવાસીઓના ગીત તરીકે ઓળખાવ્યું. 'વન્દે માતરમ્' શબ્દદ્વયનો ઘોષણામંત્ર તરીકે વ્યાપક ઉપયોગ કરવાની સૌથી પહેલી ઉત્સાહપૂર્ણ અપીલ બંગાળી વિદ્વાન યોગેન્દ્રનાથ વિદ્યાભૂષણે તેમના ગ્રંથ 'ગૅરિબાલ્ડીનું જીવનચરિત્ર'માં ઈ.૧૮૯૦માં કરી. ગાંધીજી કિશોરવયમાં આ ગીતથી અત્યંત પ્રભાવિત થયેલા અને ગીતના પ્રથમ શ્રવણે ભાવવિભોર બની ગયા હતા. ૧૮૯૬માં કોલકાતા કૉંગ્રેસ અધિવેશનમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે તેનું સૌપ્રથમ ગાન કર્યું અને તેની રેકૉર્ડ પ્રસિદ્ધ થઈ.


૧૯૦૫માં બંગાળના ભાગલાની જાહેરાત થતાં બંગભંગના આંદોલનનો આરંભ થયો, કોલકાતાના ટાઉનહૉલમાં આ ગીત ગવાયું. રમેન્દ્રસુંદરે 'બંગલક્ષ્મીર વ્રતકથા' નામે પરંપરાગત વ્રતકથાના આરંભ અને અંતમાં 'વન્દે માતરમ્'ને સ્થાન આપ્યું. આ પછીના ટૂંકા ગાળામાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે કહ્યું કે 'વન્દે માતરમ્' દરેકે દરેક કંઠમાંથી ઉચ્ચારિત હો અને દેશના ખૂણે ખૂણે તેનો પ્રતિઘોષ ઊઠો. આમ, સમગ્ર બંગાળમાં 'વન્દે માતરમ્' પ્રસર્યું. તેના આ વિસ્તરતા પ્રભાવને રોકવા બંગાળના મુખ્ય સચિવ પી.સી.લૉયને આ ગીત અને તેમની ઘોષણા જાહેરમાં કરવાની મનાઈ ફરમાવતો પરિપત્ર કમિશનરને મોકલ્યો. એથી આ ગીતનાં સૂત્રોચ્ચાર કે ગાન પર પ્રતિબંધ લાદવામાં આવ્યો. આ ફરમાનની નાફરમાનીથી ગીતને નવી શક્તિ સાંપડી. આ ગીત બંગાળના અન્ય વિસ્તારોમાં ફેલાયું. ૧૯૦૫માં ભારતીય રાષ્ટ્રિય કૉંગ્રેસના વારાણસી અધિવેશનમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની ભત્રીજી સરલાદેવીએ તેનું ગાન કર્યું અને માનવમેદનીએ 'વન્દે માતરમ્'નો મહાજયઘોષ કર્યો !



'હિંદદેવી' (ચિત્રકાર: મગનલાલ શર્મા)

આ ગીતની અસામાન્યતાથી મહર્ષિ અરવિંદ ઘોષ પણ આકર્ષાયા. વડોદરાની પ્રાધ્યાપકની નોકરી છોડી બંગાળ ગયા અને ૧૯૦૬માં 'વન્દેમાતરમ્' સામયિક શરૂ કર્યું તેમજ આ ગીતનો પદ્યમાં અને ગદ્યમાં અંગ્રેજી અનુવાદ કર્યો. આ વર્ષે ૭મી ઑગસ્ટે ભારતીય રાષ્ટ્રધ્વજ સૌપ્રથમ વાર પારસી બાગાન સ્ક્વેર (હાલ ગ્રીન પાર્ક) કોલકાતા ખાતે ૧૦૧ તોપોની સલામી સાથે ફરકાવ્યો ત્યારે તેના વચલા પીળા રંગના પટ્ટામાં 'વન્દે માતરમ્' શબ્દો દેવનાગરી લિપિમાં અંકિત હતા. દેશવટો પામેલા ક્રાંતિકારીઓ પૅરિસ ખાતે આવો જ રાષ્ટ્રિય ધ્વજ લહેરાવી 'વન્દે માતરમ્'ને આંતરરાષ્ટ્રિય સ્તરે વિસ્તાર્યું. દેશવટો પામેલા ક્રાંતિકારીઓએ જિનીવા શહેરમાંથી 'વન્દે માતરમ્' સામયિકોનો આરંભ કર્યો. માદામ ભીખાઈજી કામાએ જર્મનીમાં સ્ટટગાર્ટ ખાતેની સમાજવાદીઓની પરિષદમાં ઉપર્યુક્ત ઘટનાનું અનુસરણ કર્યું. ૧૯૦૬માં ગુજરાતની ધરતી પર તેનું ગાન થયું. તમિળ ભાષાના મહાન કવિ સુબ્રહ્મણ્ય ભારતીએ તેનો બે વાર અનુવાદ કરી તેને મદ્રાસ ઈલાકામાં લોકપ્રિય બનાવ્યું. મહારાષ્ટ્રમાં, વિશેષે નાગપુરમાં,

(અનુસંધાન પૃ. ૩૩ પર)



ઈ. ૧૯૦૬ની ૭મી ઑગસ્ટે કલકત્તામાં રચાએલો પહેલો રાષ્ટ્રધ્વજ, જેમાં મથાળે હિંદુના લાલ પટ્ટામાં આઠ કમળ; વચ્ચે પીળા પટ્ટામાં 'વન્દેમાતરમ્' શબ્દો ને નીચે મુસ્લિમના લીલા પટ્ટામાં સૂર્ય ને ચાંદતારા.

છેલ્લો ચુકાદો

ડૉ. કેશુભાઈ દેસાઈ

એમની ઇચ્છા તો શુભેચ્છાપત્ર લખવાની હતી. પણ જિંદગીભર ફક્ત જજમેન્ટ લખ્યે રાખ્યાં હતાં. એ આદત મુજબ કલમ વધુ એક ચુકાદો ચીતરીને અટકી ગઈ. ગુનેગારને આકરામાં આકરી સજા ફરમાવીને એમણે કલમની જીભ બટકી નાખી. મેજ નીચેની કચરાટોપલીમાં ફેંકી દીધેલી પેન કામવાળીએ સાચવીને પાછી કલમદાનીમાં ગોઠવી દીધી હતી એની તો એમને બીજે દિવસે વહેલી સવારે રોજિંદા ક્રમ મુજબ સ્ટડીરૂમમાં ટપાલના જવાબો લખવા બેઠા ત્યારે ખબર પડી. 'સ્ટ્યૂપિડ !' કહી રોષપૂર્વક એમણે એ કલમને બૂટ તળે કચડીને ફરી પાછી કચરાટોપલીમાં પધરાવી દીધી ને ટેવવશ ખુરશી પરથી ઊભા થઈ જઈને બંગલાની બહાર નીકળી ગયા... ચુકાદો સંભળાવીને નીકળી જતા એમ !

જસ્ટિસ સોહનલાલ મોતીલાલ દેસાઈએ મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે સેવાઓ આપ્યા પછી નિવૃત્ત જીવન વતન ખાતે વિતાવવાનું નક્કી કર્યું હતું. ચાલુ સર્વિસ દરમિયાન જ ભવિષ્યના આગોતરા આયોજન લેખે એમણે ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર એક સ્કીમમાં નામ નોંધાવી દઈ ત્રણસો ચોરસમીટરનો બંગલો બનાવડાવ્યો હતો. છેલ્લાં દસેક વર્ષથી ત્યાં જ રહીને ગામના કેળવણી મંડળના પ્રમુખ તરીકેની વિશેષ જવાબદારી પણ વહન કરી રહ્યા હતા. હજી તંદુરસ્તીને મુદ્દે ખાસ ફરિયાદ જેવું કંઈ ઊભું નહોતું થયું. જો કે શરીર કદાચ થોડું શિથિલ પડ્યું હશે તોય મન અને મગજ તો અગાઉ જેવાં જ અડીખમ હતાં. ઘરભંગ થયા પછી પણ એમની દિનચર્યામાં ફેર નહોતો પડ્યો. દરરોજ સવારસાંજ કોબા સર્કલ સુધી વૉક માટે નીકળવું, શનિવારે સત્તરમાં સેક્ટરના હનુમાનજીને તેલ અને સિંદૂર ચડાવવું, સોમવારે પૌરાણિક ધોળેશ્વર મહાદેવનાં દર્શન કરવાં અને અઠવાડિયે એક વાર અચૂક અમદાવાદની ઊડતી મુલાકાત લઈ આવવી - એ એમના સાપ્તાહિક ટાઈમટેબલની અફર આઈટમો હતી. મહિને એક વાર વતનના ગામનું રાઉન્ડ પણ ખરું. જૂની પેઢી એમને સુધારાવાદી ગણીને છેટા રાખતી અને નવી પેઢી સિદ્ધાંતવાદીનું લેબલ મારીને અંતર જાળવતી. ઉભય પક્ષો સરવાળે તો એમનો આદર કરતા અને ન્યાયમૂર્તિના દરજ્જાને અનુરૂપ મર્યાદા સચવાઈ જતી. હોદ્દાનો મોહ નથી એવું કહ્યા કરતા, પણ કામગરા સ્વભાવને લીધે નવરા બેસી રહેવાનું ફાવતું નહીં, એટલે કંઈક કામ કરી શકાય એટલા સારુ પણ હોદ્દાની જરૂર રહ્યા કરતી. જિંદગીભર ન્યાય તોળતા રહ્યા હતા એટલે નિવૃત્ત થયા પછી પણ કોઈ સલાહસૂચન માગે તેવી અપેક્ષા રહ્યા કરતી.

મગજ એ પ્રમાણે ટેવાઈ ગયેલું ને ! કહો કે આખા વ્યક્તિત્વનું 'કંડિશનિંગ' થઈ ગયું હતું. અડધી વાર જમવાનું ન મળે તો ચાલી જાય. પણ પાંત્રીસ વરસ લગી એકધારું માન મળ્યા કર્યું હતું એના અજાણતાં જ પોતે બંધાણી બની ગયા હતા. એટલે ગાંઠના રૂપિયા ખરચીને પણ જિવાય ત્યાં સુધી 'સાહેબ' તરીકે જીવવાનો નિર્ણય કર્યો હતો. ઘરમાં પણ અધિકારીની જેમ જ રહેતા. એકલા હતા છતાં અપ ટુ ડેટ, ચોવીસે કલાક સજ્જ. કામવાળી સવારસાંજ આવી બંગલાની સાફસૂફી અને વાસણકૂસણ કરી જતી. અઠવાડિયામાં બે વાર ધોબી આંટો દઈ જતો. રસોઈ માટે ખાસ મહારાજ બાંધેલો હતો. શોભાબહેનને છેલ્લે છેલ્લે તો લકવો થયેલો. ખાસ્સો ત્રણ-સાડાત્રણ વરસ ખાટલો રહ્યો. એવા કપરા સંજોગોમાં પણ જસ્ટિસ દેસાઈએ વટ નહોતો છોડ્યો. માણસ છે, બીમાર પણ થાય. એથી હારી થોડું જવાય ! જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિનું ચક્ર તો ચાલતું રહ્યું છે અને અનંત કાળ પર્યંત ચાલ્યા કરવાનું. આપણે ફરજ ન ચૂકીએ એ મહત્ત્વનું છે. શોભાબહેન કૅનૅડામાં સેટ થઈ ગયેલા તરુણને સંભારીને ઢીલાં થઈ જતાં ત્યારે એ છંછેડાઈ જતા. એની જિંદગી પર તમારો કોઈ હક્કદાવો ખરો ? ખલિલ જિબ્રાનની ચોપડી વાંચો તો સમજાય. ચોખ્ખા શબ્દોમાં કહી ગયો છે કે તમારાં બાળકો એ અર્થમાં તમારાં નથી. એમનું સ્વતંત્ર અસ્તિત્વ છે. એમને આગવી ઓળખ ઊભી કરવા દો. એમને પોતાની કલ્પના મુજબની જિંદગી જીવવાનો હક્ક છે.

'ને માબાપ પ્રત્યે, સમાજ પ્રત્યે એમની કશી ફરજ નથી ? ફક્ત હક્કો જ ભોગવવાનું લખ્યું છે તમારા કાયદામાં ?' શોભાબહેન જાણતાં હતાં કે જજસાહેબ બધું વગર કીધે સમજે એવા હતા. છતાં રહેવાતું નહીં એટલે બકી જવાતું. બાપડી અલકાએ એનું શું બગાડ્યું હતું ? એ જમાનામાં નાતમાં સૌથી વધારે ભણેલી છોકરી એ સ્તો હતી. એના બાપે દીકરો ગણીને ઉછેરી હતી અને મા વગરની છોકરીને માના ઓરતા નહોતા આવવા દીધા. પોતે હાઈ સ્કૂલના શિક્ષક હતા એટલે કાળજાના કટકા જેવી લાડકીને પણ ભણાવીગણાવીને મઢમડી બનાવવાનાં સપનાં સેવતા હતા. છોકરીએ બાપને મરણપથારી પર જે કૉલ આપ્યો હતો એ પાર પાડી બતાવ્યોઃ શિક્ષક નહીં બાપુ, કૉલેજની

પ્રોફેસર થશે તમારી અલકા ! તમારા આશીર્વાદ છે, પછી બીજું શું જોઈએ ?

શોભાબહેન એને સંભારી સંભારીને વલોપાત કરતાં રહેતાં. પોતે એને હૂંફ નહોતાં આપી શક્યાં એટલે એની પાસે સેવાની અપેક્ષા તો કઈ રીતે રાખે - સમૂળગો સંબંધ જ નહોતો રહ્યો ત્યાં ? પણ એની પ્રગતિના સમાચાર જાણતાં ત્યારે મનોમન ગૌરવ જરૂર અનુભવતાં. કામવાળી સાથે વાતે વળગતાં; જજસાહેબ સાંભળી ન જાય એટલી ખાતરી કરીને, જે વહુ વળતે આણે સાસરે આવી જ નહોતી એનાં ભરપેટ વખાણ કરવા લાગતાં. એના દીકરાનો ફોટો 'ગાંધીનગર સમાચાર'માં છપાયેલો, એ એમણે જજસાહેબની રજા લઈને કાપી લીધેલો. છોકરો એસ.એસ.સી.માં સેન્ટર ફર્સ્ટ આવ્યો હતો ! દાદીને હરખ કેમ ન થાય ! પણ એને કયે મોઢે અભિનંદન આપવા જાય ? કદાચ વણનોતર્યાં જઈ ચડીને એની મમ્મી અપમાન કરી બેસે તો ? છોકરો પોતે જ કંઈ કડવુંમીઠું નહીં સંભળાવી દે એની પણ શી ખાતરી ? આખરે એ એની મમ્મીનો હોય એટલો આપણો થોડો હોય ! બલકે આપણને એ ઓળખે જ નહીં ને !

જસ્ટીસ દેસાઈ એ મુદ્દે મૌન રાખતા. વાંક તરુણનો જ હતો, પણ પોતાનું નામ પણ એ ગુનાની મદદગારીમાં સામેલ ગણીને ચાલતા હતા. તરુણને જ્ઞાતિના રિવાજ મુજબ વરઘોડો કાઢીને મોટે ઉપાડે પરણાવવા ગયેલા. એટલે પોતેય ગુનેગાર તો ખરા જ વળી. એ વખતે તો આખું પરગણું જોવા ચડેલું. મણિલાલ માસ્તર ભરજુવાનીમાં વિધૂર બન્યા હતા. જ્ઞાતિની પરંપરા મુજબ બીજી વાર ઘોડે ચડી શક્યા હોત, પણ એમણે અલકાને સવાઈ દીકરો ગણીને ઉછેરી હતી. લોક છોકરીઓને ગામની નિશાળ મોકલતાં ખંચકાતું, એ જમાનામાં એમણે એને વિદ્યાનગર ભણવા મૂકી હતી. છોકરી બી.એ.માં ફર્સ્ટક્લાસ લઈ આવી એથી એમનો ઉત્સાહ બેવડાયો હતો. એને લાગલાગટ એમ.એ. કરાવી દીધું હતું. તરુણ વડોદરામાં ભણી-ગણીને વિદેશનાં સપનાં જોવા લાગ્યો હતો. ન્યાયમૂર્તિના પુત્ર તરીકે એને અનુકૂળતા પણ હતી. અંગત રીતે પિતા એકનો એક દીકરો દેશમાં ભણીગણીને વિદેશમાં સ્થાયી થાય એવું નહોતા ઇચ્છતા, પણ વ્યક્તિસ્વાતંત્ર્યના હિમાયતી હોઈ એ નડવાના નહોતા, એટલી ખાતરી હતી. માતાની એક માત્ર પ્રાયોરિટી દીકરાને વેળાસર માસ્તરની ભણેશરી દીકરી સાથે પરણાવી દેવાની હતી. પછી એ ભલેને ધરતીના છેડે જઈને નોકરીધંધો જમાવે. બે-પાંચ વરસ પછી વહુને તેડી જાય એટલે આપણે ડોસાડોસી ગંગા નાહ્યાં... !

સોહનલાલ આગળ ને આગળ ચાલતા રહ્યા. કોબા સર્કલથી પાછા વળવાનું પણ સાંભર્યું નહીં. પાયજામાના ખિસ્સામાં ગડી વાળીને મૂકેલા જજમેન્ટના શબ્દો એમના માનસપટ પર અંકાતા ચાલ્યા. આમ તો આવા મહત્ત્વના કેસને બોર્ડ પર લેતાં આટલો લાંબો સમય લાગે એ બાબત જ એક નવા ગુના જેવી ગણાવી જોઈએ. શરૂઆતના બે ફકરા એમણે 'જસ્ટિસ ડિલેડ ઇઝ જસ્ટિસ ડિનાઇડ' એ વિધાનના પ્રતિપાદન સમો કેસ પોતાના ઘરમાં જ હોવાની નુકતેચીની કરી હતી. ફરિયાદીની ફરિયાદ કરવાની પણ મર્યાદા હોય. અમુક સમયગાળો પસાર થઈ ગયા પછી એ પોતે જ ફરિયાદ કરવાનું માંડી વાળે છે. એને જ્યારે ખાતરી થઈ જાય કે ન્યાય નથી જ મળવાનો, પછી એ માથાં શું કામ પટકે ! અન્યાય કોઠે પડી ગયા પછી માણસને ન્યાયની અબળખા નથી પજવતી. અલકા મણિલાલ પંડ્યાને હવે આટલાં વર્ષો પછી દેસાઈ પરિવાર પાસે એવા કોઈ ન્યાયની અપેક્ષા પણ ન જ હોય. એણે ક્યારેય નહોતા છૂટાછેડા માગ્યા કે નહોતો ભરણપોષણનો દાવો મૂક્યો. બલકે આ તબક્કે એને એવી જરૂર પણ નહોતી રહી. દીકરો દેસાઈ-કુટુંબનો ગણાય એટલા પૂરતું એનું નામ એ પરિવાર સાથે જોડાયું હતું. પ્રજ્ઞેશ તરુણકુમાર દેસાઈ. પણ આ તરુણકુમાર દેસાઈ કોણ ? - એટલું કોઈ પૂછી બેસે તો છોકરો મૂંઝાઈ જતો. હશે કોઈ. મે બી, હિ વૉઝ માઇ ઍક્સ-ફાધર ! અત્યારે તો મારી મા ગણો તો મા અને બાપ ગણો તો બાપ- આ અલકા પંડ્યા જ વળી. પ્રિન્સિપાલ અલકા પંડ્યા. સરકારી આટ્ર્સ કૉલેજનાં માનનીય આચાર્યા. કેન્દ્ર સરકારે તાજેતરમાં જેમને 'પદ્મશ્રી' અલંકરણ માટે પસંદ કર્યાં છે, એ જ. મહિલા અને બાળ-કલ્યાણક્ષેત્રે એમનું પ્રદાન એટલું માતબર છે કે ભવિષ્યમાં કદાચ રાષ્ટ્રપતિ એમને રાજ્યસભામાં નિયુક્ત કરે અથવા રાજ્યસરકાર એમને કોઈ યુનિવર્સિટીનાં કુલપતિ બનાવે. કેળવણીક્ષેત્રે મળતાં રાષ્ટ્રિય સન્માન તો એમણે દસ વર્ષ પહેલાં હાંસલ કરી લીધાં હતાં. અમારા બે બેડરૂમવાળા નાના ફ્લૅટમાં એમને મળેલાં સન્માનપત્રો અને મહાનુભાવો સાથેની છબીઓ પ્રદર્શિત કરવાની જગ્યા જ નથી રહી...

આ તમામ સિદ્ધિઓ અલકાએ એની જાતમહેનતથી મેળવી હતી. મરણપથારીએ પડેલા શિક્ષક પિતાને દીકરીનું કોણ એની ચિંતા સતાવી રહી હતી. મોટું ઘર જોઈ આંધળૂકિયાં કર્યા બદલ પસ્તાવો થતો હતો. ત્યારે અલકાએ જ એમને ખાતરી આપેલીઃ બાપુ, મારામાં મારું ફોડી લેવાની આવડત છે. તમે ખોટી ફિકર ન કરો તો સારું. જેણે ધાવણા આપ્યા છે એ ચાવણા યે આપશે. શ્રદ્ધા રાખો. આશીર્વાદ આપો. અલકા પંડ્યા તમારી સાત પેઢી ઉજાળશે એની ખાતરી રાખો.

ભગવાન જે કરે તે સારા માટે !

મરવા પડેલા બાપને એથી વધુ શું જોઈએ ? કલ્યાણ વાંછતા હોઠ ફફડ્યા, હાથ આશીર્વાદની મુદ્રામાં ઊંચકાયા એ જ ક્ષણે હંસલો ઊડી ગયો હતો. અલકામાં એ જ પળે એક નવી અલકા જન્મી હતી. જસ્ટિસ દેસાઈને એ બધી જ માહિતી 'વાયા મીડિઆ' મળતી રહી. એમના કરતાં શોભનાબહેન એ જાણવા વિશેષ ઉત્સુક રહેતાં. મુંબઈ અને ચેન્નાઈ રહેતાં તો ય એમનો જીવ તો વતનમાં જ ભરાઈ રહેતો. પુત્રવધૂ પ્રત્યે શ્વસુરને પણ ઓછી લાગણી નહોતી. પણ વ્યક્તિસ્વાતંત્ર્યના હિમાયતી હોઈ બિનજરૂરી દખલ કરવા કરતાં એને પોતાની રીતે પોતાના પ્રશ્નો ઉકેલવા દેવાની તરફેણ કરતા હતા. એને એના ઘરવાળાએ તરછોડ્યા એ પરિવારના વડીલ તરીકે એમને ગમ્યું નહોતું. પણ પોતાનું એમાં શું ચાલે ? ભૂલ જરૂર થઈ ગઈ હતી. ઉત્સાહમાં આવી જઈને જ્ઞાતિમાં દીકરો પરણાવી દીધો હતો. પણ પરિણામ વિપરીત આવ્યું હતું. કૅનૅડા ગયા પછી એને ત્યાં જ કોઈ યુવતી સાથે પ્રેમ થઈ ગયો. અલકાને સારા દિવસો છે એવું જણાવ્યું ત્યારે એક લીટીનો જવાબ મોકલાવેલો: 'અબૉર્શન કરાવી દેજો; નહીંતર જન્મનાર બાળકની જવાબદારી તમારા સહુની રહેશે.'

શોભાબહેન પર તો આભ તૂટી પડ્યું હતું. અલકા હજી તો ભણતી હતી. ઉતાવળ કર્યા બદલ પસ્તાવોયે થયો હતો. પણ વહુને એમ થોડું કહેવાય કે અબૉર્શન કરાવી દે ! એના પિતાને તો દીકરીને સારા દિવસ રહ્યા છે એ જાણીને સ્વર્ગ હાથવેંતમાં લાગવા માંડ્યું હતું... એમને જમાઈરાજ વકરી ગયા છે એ વાતની ખબર જ ક્યાં હતી ?

એક નાની અમથી ન્યૂઝ આઈટમને સુધ્ધાંને રીટ ગણીને કડક ચુકાદા આપનાર ન્યાયમૂર્તિ પોતાની પુત્રવધૂને કેવડો મોટો અન્યાય કરી બેઠા હતા ! એણે ફરિયાદ ન કરી એ એનો ગુનો હતો ? એ તો ચૂપચાપ પિયરમાં ચાલી ગઈ હતી. ખાનદાન ઘરની દીકરી હતી. અજાણ્યાં ફળ ઉતાવળે ખવાઈ ગયાં હતાં. એણે મક્કમ બનીને આવી પડેલી આફતનો સામનો કરવાનો નિર્ધાર કર્યો હતો. ફરજ પોતે ચૂક્યા હતા. પિયર ગયા પછી એના ખબરઅંતર સુધ્ધાં નહોતા પૂછ્યા. એક વીંધાયેલી પંખિણીને એના નસીબ પર છોડી દીધી હતી. એનો તરફડાટ નજરે જોવો ન પડે એ સારુ આંખ આડા કાન કરી દીધા હતા. દીકરાનાં કર્મ દીકરો ભોગવે. અમે એને જાણ કરી. દબાણ કરવાનું અમને ગમે પણ નહીં. અને આ જમાનાના જુવાનિયા એવાં દબાણ ગણકારે પણ નહીં. હજી પણ કંઈ થઈ શકે એમ લાગતું હોય તો અલકાએ જ ઇનિશ્યટિવ લેવો જોઈએ. આખરે આ એનો અંગત મામલો છે.

મણિલાલે માથાં પટકવાનું જ બાકી રાખ્યું હતુંઃ 'તમને આવા નો'તા ધાર્યા વેવાઈ !' માસ્તરે પહેલી જ વાર 'જજ સાહેબ'ને બદલે 'વેવાઈ' સંબોધન વાપર્યું હતું.

દીકરીનો બાપ હતો બિચારો... વળી પાછો સામાન્ય શિક્ષક પણ દીકરીએ ચાણક્યનું સૂત્ર સાર્થક કરી બતાવ્યુંઃ 'શિક્ષક ક્યારેય સામાન્ય નથી હોતો. ભલે ઉપરથી એવો દેખાતો હોય !'

અલકાએ એની કરિઅર જાતે ઘડી કોઈની પણ મહેરબાની હેઠળ આવ્યા વગર. દીકરો ડૉક્ટર થઈ પરદેશ જવાનું વિચારતો હતો ત્યારે ફક્ત એક જ સવાલ કર્યો હતો: 'પ્રજ્ઞેશ, પરદેશ જઈને તું ય તારા ઍક્સ-ફાધરની જેમ બગડી તો નહીં જાયને, બેટા !'

પ્રજ્ઞેશ માટે એટલી ટકોર પૂરતી હતી. એણે ગાંધીનગરમાં જ રહી વતનનાં ગ્રામીણ ગરીબોની સેવા કરવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. સિવિલ હૉસ્પિટલમાં મેડિકલ ઑફિસર તરીકે જોડાયો ત્યારે એનો ઇન્ટર્વ્યૂ પાટનગર ન્યૂઝ ચૅનલ પર પ્રસારિત થયેલો : 'હું મારા પૂર્વજોના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માગું છું. એટલા માટે જ મને આગોતરી સર્વિસની ઑફર મળી હોવા છતાં હું વિદેશ નથી જવાનો.' એનો ફોટો જોઈને જસ્ટિસ સોહનલાલ મોતીલાલ દેસાઈને તરુણ યાદ આવી ગયો હતો. એણે તો અમેરિકા ગયા પછી વતન સામે નજર સુધ્ધાં કરવાની તસ્દી ક્યાં લીધી હતી ? પરણેતરને તરછોડી એટલું પૂરતું ન હોય એમ વૃદ્ધ માતાપિતાને પણ હાંસિયે ધકેલી મેલ્યાં હતાં. વરસના વચલા દહાડે એકાદ રંગીન પતાકડું આવતું એના નામનું. ક્રિસમસ કે દિવાળી ગ્રીટિંગ્સ પૂરતા સંબંધો સીમિત થઈ ગયા હતા. નહીં કશી વાત કે ચીત. છેલ્લા શ્વાસ સુધી શોભાબહેન એમણે ફક્ત ફોટામાં જોયેલી 'નવી'ના સારા સમાચારની વાટ જોતાં રહ્યાં.

'તમે નાહક ધાંધાં થઈ ગયાં છો.' એ પત્નીને દિલાસો આપવા કોશિશ કરતા. 'મૉડર્ન સોસાયટીમાં હવે બાળકનું મહત્ત્વ બિલકુલ ઘટી ગયું છે. બહુ ઝંખના જાગે તો એ લોકો કોઈ એશિયન કે આફ્રિકન કંટ્રીમાં આંટો દઈ આવે અને પોતાની પસંદગીનું છોકરું કોઈ અનાથાલયમાંથી ખરીદી લે. પ્રેગ્નંસીની ઝંઝટ હવે ત્યાંની વર્કોહૉલિક પેઢીને પરવડે એમ નથી. એ લોકો થાકી જવાય એટલું કામ કરવામાં માને છે. બાળક હોય તો એની પાછળ કેટલો બધો વખત બગડે !'

'એમ કહોને કે છોકરું પાળવા કરતાં કૂતરું પાળવામાં એમને વધુ અનુકૂળતા રહે છે.' એ નાન્સીએ તેડેલા વિકૃત ચહેરાવાળા કૂતરાના બચ્ચાની છબી સામે આંગળી ચીંધીને

કહેતાઃ 'રેડીમેડ છોકરો જોઈતો હોય તો ઘરનો જ ક્યાં નહોતો?' એક વાર સામા પગલે જઈને ઊભાં રહીએ તો અલકા ના થોડી પાડે ? બીજા કોઈનું નહીં તો છેવટે તમારું માન તો જાળવે જ. છોકરો ય કેવો કેલૈયાકુંવર જેવો છે ! એના બાપ જોડે એ પણ કેનેડામાં સેટ થઈ જાય, કેમ વળી ? 'તમારે સપનાં જોવાં હોય તો હું શું કામ આડો આવું ?' એમને ગામઠી સંસ્કારો ધરાવતાં શોભાબહેનનો વલવલાટ જોઈને અનુકંપા જાગતી. જે શક્ય જ નહોતું એની રટણા કર્યે શું વળવાનું હતું ? પણ એ ક્ષણોપૂરતું અપત્યસુખ મમળાવવાના એમના અધિકારને પડકારવા કરતાં મૂક રહેવાનું જ વધારે ઉચિત લાગતું. એમને ક્યાં ખબર હતી કે એમની 'જૂની' કદાચ પીગળી પણ જાય તોય પેલો વછેરો એની માને ..કલી મૂકીને, એને પોતાની હયાતીમાં વિધવા જેવી બલકે એથીય બદતર જિંદગી જીવવા મજબૂર બનાવનાર નામ પૂરતી ઓળખાણવાળા બાપનો છાંયડો લેવાય તૈયાર ન જ થાય ! સારું થયું કે એમણે એવું જોખમ ખેડવા પોતાને દબાણ ન કર્યું. નહીંતર આખી કારકિર્દી દરમિયાન કોઈનો તું-કારો નહીં સાંભળનાર ન્યાયવિદ સીનિઅર સિટીઝનને સગા પૌત્રના તિરસ્કારનો ભોગ બનવું પડ્યું હોત. કદાચ પોતે એ અપમાન પચાવી પણ ન શક્યા હોત. વખ ઘોળવું પડ્યું હોત કાં પછી પૉઇન્ટ બ્લૅન્ક...

એ એકદમ સજાગ થઈ ગયાઃ નો, નો ! ધેર આર હંડ્રેડ ઍન્ડ ઑડ ઑલ્ટરનેટિવ્ઝ. બીજા ઘણા સુગમ રસ્તાઓ છે મરવા માટેના. માણસનું મગજ આટલું વિકસ્યું હોય છતાં એ આરામથી મરીય ન શકે, એ તો બહુ મોટી વિડંબના ગણાય. એ હસ્યા. અનાયાસ હાથ પાયજામાના ખિસ્સામાં ઊતરી ગયો. એમણે ગડી વાળીને મૂકેલો ચુકાદો અકબંધ હતો. ગુનેગાર નંબર એક વિદેશી ના..રિકત્વ ધરાવતો થઈ ગયો હતો. ગુનેગાર નંબર બે વર્ષોથી ન્યાયક્ષેત્ર સાથે સંકળાયેલ હોઈ વધુ આકરી સજા માટે લાયક ઠરતો હતો. ગુનેગાર નંબર ત્રણનો વાંક હોય તો એટલો કે એણે ગુનેગારને જન્મ આપ્યો હતો... મોડી મોડી પણ ગુનેગારોને સજા તો સંભળાવી જ દીધી, એનો એક પ્રામાણિક ન્યાયધીશ તરીકે એમને સંતોષ હતો. અલબત્ત, સજાનો અમલ થાય તો જ એ સજા કર્યાનો કંઈ અર્થ રહે. ગુનેગારો પૈકી એક - નામે શોભાબહેન દેસાઈ - તો કાયમને માટે ફરાર હતાં ! નહીંતર સજાનો અમલ જરા જુદેરા માહોલમાં થયો હોત... ગઈ સાંજે વૉકિંગનો કાર્યક્રમ પતાવી બંગલે પરત આવ્યા કે કામવાળી બાઈ કહેવા લાગીઃ 'સાહેબ, ગાંધીનગરથી એક દાક્તરસાહેબ આવ્યા'તા. આ કંકોતરી મેલતા ગયા છે !' ઉતાવળે કવર ખોલ્યું કે એક ચિઠ્ઠી સરકી પડી હતીઃ

શ્રદ્ધેય વડીલશ્રી,

સાદર ચરણસ્પર્શ. આવતી કાલે સવારે ચિ. પ્રજ્ઞેશની પત્ની સૌ. સ્મિતાના સીમંત પ્રસંગે રાંદલ તેડ્યાં છે. આશીર્વાદ આપવા પધારશો તો આભારી થઈશું.

તા.ક. કંકોતરી લઈ પ્રજ્ઞેશ રૂબરૂ આવી રહ્યો છે.

આજ્ઞાંકિત છોરુ,

- અલકા

એ ચિઠ્ઠી વાંચીને પડું પડું થઈ ગયા હતા. છાપેલી કંકોતરી વાંચવાની જરૂર નહોતી રહી. એકાએક એમને વહી ગયેલી જિંદગી વળગી પડી હતી. જવું ? કે ન જવું ? શોભાબહેન જીવતાં હોત તો આ કંકોતરી કાં તો એમનો લકવો મટાડી દેત, કાં તો હરખના અતિરેકમાં હંસલો અંકાશે ઊડી જાત.

થયુંઃ પોતરાનું મોઢું જોવા મળ્યું હોત તો સારું હતું. પોતે એટલા કરમના કાઠા. લોહી સામે પગલે મળવા આવ્યું ત્યારે પોતે બંગલામાં હાજર ન મળ્યા. પોતે મરશે ત્યારે કદાચ પોતરો પરગામ ગયો હશે. વિધાતા તમારા લોહીના વિજોગ પાડવાનું જ નક્કી કરી બેઠી હોય તો એમાં તમારો કાયદો ઓછો ચાલવાનો ? તમે જબરા હશો તો તમારા ઘરના. કુદરતે તો તમને ક્યારનાય કદ પ્રમાણે વેતરી નાખ્યા છે. એકના એક દીકરાએ પચીસ વરસથી અમથો એક ટહુકો કરવાની ય તસદી લીધી છે ?

એમણે પાછળ નજર કરી. કોબા સર્કલ બે-એક ફર્લાંગ પાછળ રહી ગયું હતું. એકાએક એમના મગજમાં નવો જ વિચાર ઝબૂક્યો. એમના ચહેરા પર ચમક આવી ગઈ. એમના સિત્તેર વર્ષથી ચાલતા પગમાં પવનપાવડી લાગી ગઈ. ગણતરીની ક્ષણોમાં એ નર્મદાની મેન કૅનાલ પર પહોંચી ગયા. સવારની ઠંડી હવા અને ધસમસતો જળરાશિ જોઈ એમના ચિત્તના તમામ ઉદ્વેગ શમી ગયા. એમણે આસન લગાવીને પંચાક્ષરી મંત્રની માળા કરી. પછી જ્યારે નિમિલિત નેત્ર ઊઘડ્યાં ત્યારે પૂર્વમાં ડોકાઈ રહેલા સૂર્યનારાયણના તેજનું આવાહન કરી એમણે સૂર્યનમસ્કાર કર્યા. આખું વાતાવરણ આહ્‌લાદથી છવાઈ ગયું. એમણે ઇષ્ટદેવનું સ્મરણ કર્યું. ઊંડા ઊંડા શ્વાસ લઈ ભ્રામરી પ્રાણાયામ કર્યો અને 'હરિઃ ૐ'ના ઘેઘૂર ઉદ્‌ઘોષ સાથે પ્રવાહમાં ઝંપલાવી દીધું.

*

આખો દિવસ ચાતક નજરે રાહ જોયા છતાં જજસાહેબની કાર સેકટરના પ્રવેશદ્વારમાં ડોકાઈ નહીં ત્યારે અલકા પંડ્યાનું મન ઉદાસ થઈ ગયું. પોતાનું તો જે થવાનું હતું એ થઈ ગયું. જિંદગીની જનમટીપને ઓચ્છવમાં પલટી નાખીને પોતે તો

મરણપથારીએ સૂતેલા શિક્ષક પિતાને આપેલ વચન પાળી બતાવ્યું હતું. એ સાચું કે સાસુ-સસરાના ઘડપણની લાકડી પોતે નહોતી બની શકી. કારકિર્દી પાછળ એટલી હદે ઘેલી બની ગઈ હતી કે વહુ થઈને જીવવાની ઇચ્છા જ મરી ગઈ હતી. નહીંતર દીકરો તો એમને હાથતાળી દઈ ગયો હતો ને ! પોતાને એકલીને એણે થોડી છેતરી હતી ? એવે સમયે વહુ દીકરો થઈને એ ઓશિયાળાં મોટાં મનેખને એમના ઢળતા દિવસોમાં હૂંફ પૂરી પાડી શકી હોત. એ તક એનાથી ચુકાઈ ગઈ.

પણ જસ્ટિસ સોહનલાલ મોતીલાલ દેસાઈએ બરાબર યાદ રાખીને એક ઝડપી લેવા જેવી તક ઝડપી લીધી હતી. એમના પાયજામાના ખિસ્સામાંથી મળી આવેલ ચુકાદાના છેલ્લા ફકરામાં એમણે લખ્યું હતું:

ગુનેગાર નંબર એક વિદેશી નાગરિક હોઈ એની સજાનું અમલીકરણ મુશ્કેલ છે. ગુનેગાર નંબર બે મુખ્ય ગુનેગારના પિતા તરીકે એની સજા ભોગવે તો નૈતિક દૃષ્ટિએ એ અનુચિત નહીં ગણાય. ગુનેગાર નંબર ત્રણ રૂઢ અર્થમાં ગુનેગાર નથી. એમને હું ગુનેગારની યાદીમાં ફક્ત એટલા કારણસર મૂકું છું કે એ ખરા ગુનેગારનાં જન્મદાત્રી હોવા ઉપરાંત માતા તરીકે એને સ્ત્રીદાક્ષિણ્યના સંસ્કાર સીંચવાનું ચૂકી ગયાં છે. હવે એ મૃત્યુલોકમાં હયાત નથી એટલે એમને સજા ફરમાવવાનો કોઈ અર્થ રહેતો નથી. બધી બાબતો ધ્યાને લઈ કોર્ટ ગુનેગાર નંબર બે એટલે કે જસ્ટિસ સોહનલાલ મોતીલાલ દેસાઈને ઇન્ડિયન પિનલ કોડ મુજબ ફરમાવી શકાતી સૌથી કઠોર સજા ફરમાવે છે : 'દેહાંત દંડ.' આ સજાનો અમલ જેટલો વહેલો કરી શકાય એટલું ઔચિત્ય સચવાશે. ઉંમર અને દરજ્જો જોતાં દેહાંત સિદ્ધ કરવા માટે આરોપીની મરજી મુજબનો માર્ગ અપનાવવાની છૂટ આપવામાં આવે છે.

ગુનેગાર નંબર બેના દેહાંત પછી એમની તમામ ચલઅચલ સંપત્તિની માલિકી ગાંધીનગરનિવાસી પદ્મશ્રી અલકા પંડ્યા, પ્રિન્સિપાલઃ ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરના પુત્ર ડૉ. પ્રજ્ઞેશ તરુણકુમાર દેસાઈની રહેશે. મૃતક આરોપીના હિંદુવિધિ મુજબ અગ્નિસંસ્કાર કરવાની જવાબદારી પણ ઉપરોક્ત ડૉ. પ્રજ્ઞેશ દેસાઈની રહેશે. વળી, અગ્નિસંસ્કાર કર્યા પછી તેર દિવસ દરમિયાન કૅનેડા ખાતે સ્થાયી થયેલા આરોપીના પુત્ર શ્રી તરુણકુમાર સોહનલાલ દેસાઈને આરોપીના અવસાન વિશે જાણ કરવાની જવાબદારી પણ એમના શિરે રહેશે.

ઘરમાંથી રાંદલ વિદાય થયાં અને એસ.પી. રામાનુજ પ્રવેશ્યા. પદ્મશ્રી અલકા પંડ્યાને નમસ્કાર કરીને એમણે ગંભીર વદને પૂછ્યું: 'આપ જસ્ટિસ એસ.એમ.દેસાઈસાહેબને ઓળખો ખરાં ?' ❐

અનુસંધાન] 'વંદેમાતરમ્'... [પૃ. ૨૮ થી

આ ગીત વિદ્યાર્થીવૃન્દમાં બહુ લોકપ્રિય નીવડ્યું. પારસ્પરિક અભિવાદનમાં 'વન્દે માતરમ્'ના શબ્દદ્વયની આપલે શરૂ થઈ. ૧૯૦૮માં લંડન ખાતે ૧૮૫૭ના વિપ્લવની સુવર્ણજયંતી પ્રસંગે 'વન્દે માતરમ્'ના ગાનનો, બિલ્લાઓનો વ્યાપક પ્રયોગ થયો. ૧૭ ઑગસ્ટ, ૧૯૦૯ના રોજ ક્રાંતિકારી મદનલાલ ધિંગરાને ફાંસીના માંચડે ચઢાવ્યા ત્યારે તેમના અંતિમ શબ્દો હતા 'વન્દે માતરમ્'. શહાદત વહોરી લેનાર પ્રત્યેક ક્રાંતિકારી આ શબ્દોના ઉચ્ચારણ સાથે તન્મય બની ગયો હતો. તેમને માટે 'વન્દે માતરમ્' એ ક્રાંતિમંત્ર જીવનમંત્રથી પણ સવિશેષ 'કંઈક' હતો.

ભારતીય રાષ્ટ્રિય કૉંગ્રેસના અધિવેશનોનો આરંભ મુખ્યત્વે આ ગીતથી થતો અને પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કર તેમાં આ રાષ્ટ્રગીત રજૂ કરતાં. ભારતીય સંસદની પ્રારંભની પ્રથમ બેઠકમાં પંડિત ઓમકારનાથ ઠાકુર અને હીરાબાઈ બડોકેદરે યુગલસ્વરોમાં 'વન્દે માતરમ્'નું ગાન કર્યું હતું. પરંતુ સાંસ્કૃતિક વિવાદને કારણે 'વન્દે માતરમ્'ને સ્થાને અધિકૃત રાષ્ટ્રગીત તરીકે 'જનગણમન' ગીત પર પસંદગી ઊતરી અને 'વન્દે માતરમ્'ને રાષ્ટ્રિય પ્રેરણાગીતનો દરજ્જો આપવામાં આવ્યો.

૧૯૭૬માં આ ગીતના શતાબ્દી સમારોહ પ્રસંગે તેની અનન્ય યાદગીરી રૂપે ટપાલટિકિટ બહાર પાડવામાં આવી હતી. ૧૯૯૭માં સ્વતંત્ર ભારતની પ્રથમ સુવર્ણજયંતીના અવસરે સંસદ ભવનમાં પંડિત ભીમસેન જોશીએ રાગ દેસમાં આ ગીત ગાયું હતું અને તે પ્રસંગના પૂર્ણાહુતિ સમારંભમાં પંડિત જસરાજે તે રજૂ કર્યું હતું. દેશના વિવિધ સંગીતકારોએ વિવિધ રાગમાં અને બંદિશોમાં ઢાળીને આ ગીતને અપાર લાડ લડાવ્યાં છે. વિષ્ણુપંત પાગનીસે રાગ સારંગમાં, પંડિત સાવળારામ બુવાએ રાગ કલિંગડામાં, સુબ્રહ્મણ્ય ભારતીએ કર્ણાટકી સંગીતશૈલીમાં, બંગાળના સ્વરકાર તિમિરબને રાગ દુર્ગામાં આ ગીતની સ્વરરચના કરી છે.

ચલચિત્રજગતે પણ આ ગીતમાં ઊંડો રસ દાખવી છ ચલચિત્રોમાં તેને સ્થાન આપ્યું હતું. જેમાં 'આલમઆરા' (૧૯૪૭), 'આંદોલન'(૧૯૫૧), 'આનંદમઠ' (૧૯૫૨), 'મહાવિપ્લવી અરવિંદો' (૧૯૫૨), 'લીડર' (૧૯૬૫) અને 'મેકિંગ ઑવ્ ધ મહાત્મા'નો સમાવેશ થાય છે.

આકાશવાણી અને દૂરદર્શન તેમના પ્રારંભકાળથી પ્રત્યેક સવારે આ ગીતની પ્રથમ પંક્તિના ગાનથી તેમના કાર્યક્રમનો આરંભ કરે છે અને એ રીતે આ ગીત ભારતીય પ્રજા અને સંસ્કૃતિના હૃદયમાં સ્થપાયેલું રહ્યું છે. ❐

('વિશ્વવિહાર'માંથી સાભાર)

આત્મકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

અમારી શાળામાં નાગરની છોકરીઓની સંખ્યા વધારે હતી. એ જમાનામાં (૧૯૩૭-૩૮) પણ નાગરો દીકરીઓને સહશિક્ષણની શાળામાં ભણવા મૂકતા. એક સમયના ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અમારી શાળામાં જ ભણેલા. તેમનાં બહેન મહાશ્વેતા પણ આ જ શાળામાં ભણતાં હતાં. તેઓ મારી મોટીબહેનના વર્ગમાં હતાં. આજે પણ શ્રી કુલીનચંદ્ર તેમને યાદ કરે છે. આમ, હાઈ સ્કૂલનો અભ્યાસ નડિયાદમાં ચાલતો હતો. હું ૧૯૪૨માં પાંચમું ધોરણ પાસ કરી છઠ્ઠા ધોરણમાં આવી ત્યારે 'ભારત છોડો'ની ચળવળ શરૂ થઈ અને અમે સરકારી શાળામાં ભણતાં હતાં તેથી સ્કૂલમાં જવાની બંધી કરવામાં આવી. જાતજાતની વાયકાઓ સંભળાતી તેથી છોકરીઓને શાળામાં જવાનું બંધ કરવું પડ્યું. શાળાને અને ભણતરને મારે માટે અલવિદા કરવાનો સમય સર્જાયો.

હવે શાળામાંથી ઘર તરફ વળું છું. ભણતાં હતાં ત્યારે અમારે બંને બહેનોને પુષ્પોના મોટા એક એક હાર બનાવવાની જવાબદારી મળી હતી. આ બંને હાર મારી બા લઈને, મોટરમાં બેસીને સંતરામ મંદિરમાં જતાં. આ હાર ગત મહારાજની ગાદીઓ પર ચઢાવવામાં આવતા, એટલે મસમોટા હાર બનાવવા પડતા, પણ એમાં આનંદની અનુભૂતિ થતી. મારી બાને મેં પૂજા કરતાં કે માળા ફેરવતાં ક્યારેય જોઈ નથી, પણ સંતરામ મંદિરમાં બીજાં તેમની ઉંમરનાં બહેનો મળે, વાતચીત થાય, ભજન ગવાય એટલે તે મંદિરમાં જતાં. પણ દિલની ભારે ઉદાર હતી. નોકરની પત્નીને સુવાવડ આવવાની હોય અથવા ગાય વિયાવાની હોય ત્યારે જાતે પાસે ઊભી રહે અને ડૉક્ટરની જરૂર હોય તો બોલાવે પણ ખરી. તે સાવ અભણ હતી, પણ માનવતાના ગુણોથી ભરીભરી હતી. પિતાજી પ્રાણાયામ કરે, પૂજા કરે, સ્તોત્ર બોલે, એકાદ કલાક પૂજાધ્યાનમાં ગાળે. અમને દીકરીઓને માનવતા અને શ્રદ્ધાના ગુણો માબાપે વારસામાં આપ્યા છે.

હવે એક રમૂજભરી વાત પર આવું. સંતરામ મંદિરમાં મહારાજની ગાદીની આગળ એક ચોકઠું બનાવેલું. તેમાં જેને ભૂત વળગ્યું હોય તેને બેસાડવામાં આવે, જે ધૂણ્યા કરે. થોડી વાર પછી મહારાજશ્રી આવે અને ભૂતવાળી વ્યક્તિ પર જાળીની પાછળ ઊભા રહી જળછંટકાવ કરે એટલે પેલી વ્યક્તિ 'જાઉં છું જાઉં છું' એમ બૂમો પાડે. આ દૃશ્ય એક વાર મારી નજરે પડ્યું અને મારાં તો હાંજાં ગગડી ગયાં. ત્યારથી મંદિરમાં જવાનું બને ત્યારે પહેલાં દૂરથી જોઈ લઉં કે ભૂતના વળગણવાળું કોઈ બેઠું નથીને ! અને જો બેઠેલું દેખાય તો મંદિરમાંથી ભાગીને મોટરમાં આવી બેસી જાઉં અને 'રામ, રામ, રામ' જપવા માંડું. મને ત્યારે ભૂતની બહુ બીક લાગતી. અમે જે બંગલામાં રહેતાં હતાં ત્યાં માળ પર ભૂત રહે છે એવો અનુભવ ઘરનાં કેટલાંક સભ્યોને થયો તેથી બીજા નવા બંગલામાં રાત્રે સૂવા જતા.


અમારે ત્યાં રસોઈયો હતો. નામ હતું મણિલાલ. તેને અમે મહારાજ કહીને બોલાવતાં. તેને માટે રાંધવાનો રૂમ અલગ આપેલો જેમાં ચૂલો, સગડી, નળ બધી વ્યવસ્થા હતી. જાતે બ્રાહ્મણ તેથી તેમના રસોડામાં અમારે જવાય નહીં અને કશાયને અડાય નહીં. મિલમાં આવતા બધા વેપારીઓને જમાડવા માટે મિલના માલિકે આ વ્યવસ્થા કરેલી. એ ગાળો કિશોરાવસ્થાનો હતો તેથી કેટલીક રમૂજ હું કરતી. મને ઘી બહુ ભાવે તેથી ભાતમાં ઘી વધારે નાખવા મહારાજને કહું. પણ મહારાજ સોદાબાજી જબરી કરે. મિલમાં એક નિયમ હતો કે જેનાં સંતાનો શાળામાં ભણતાં હોય તેમને મિલ તરફથી દર મહિને કાગળ, પેન્સિલ, રબર વગેરે મફત મળે. આ તકનો લાભ લઈ મહારાજ કહે કે મારાં સંતાનો માટે પેન્સિલ, કાગળ, રબર આપું તો ઘી વધારે મળે. જો કે એમનાં સંતાનોને મિલ તરફથી આ બધી વસ્તુઓ મળતી હતી અને મારા પિતા મિલ-મૅનેજર હતા તેથી આ વસ્તુઓ અમને વધારે પ્રમાણમાં મળતી. આ વાત મહારાજના ધ્યાનમાં હતી એટલે મારી પાસેથી વધારે વસ્તુઓ મળે તેથી મને પટાવી વસ્તુઓ લેવાની તેમને ફાવટ આવી ગઈ હતી.

આ મહારાજની મજા કરવાની પણ મને ટેવ હતી. મિલમાં એક વેસ્ટના વેપારી અવારનવાર બહારગામથી આવતા હતા. રિવાજ પ્રમાણે બે પાટલા ઢાળી તેમને જમવા બેસાડવાની સગવડ હતી, પણ આ વેપારી એક પાટલા પર ઊભા પગે બેસીને જમે. લગભગ દોઢેક ડઝન રોટલી ખાય. શાક, દાળ, ભાત તો જુદાં. અને બે લોટા પાણી પીએ. અમને બારણાની તિરાડમાંથી આ દૃશ્ય જોવાની બહુ મજા પડતી. મહારાજ રોટલી વણીને કંટાળે પણ આ ભાઈ તો શાંતિથી જમે. એક વાર શનિવારે બપોરે બાર વાગ્યાની ગાડીમાં આ વેપારીભાઈ પધાર્યા. શનિવાર એટલે મારે સવારની સ્કૂલ હતી. તેથી હું ઘેર આવી ગઈ હતી. મેં તેમને જોયા એટલે દોડતી મહારાજ પાસે ગઈ અને તેમના આગમનના સમાચાર મજાક કરીને આપ્યા. મહારાજ જમીને રસોડું બંધ કરીને ઘેર જવાની તૈયારી કરતા હતા. મેં મલકાતાં મલકાતાં કહ્યું કે મહારાજ પેલા વેસ્ટના વેપારી આવી ગયા છે. મહારાજના પેટમાં ફાળ પડી. તેઓ વેપારીની પાસે ગયા અને પૂછ્યું, 'ભા, જમવાના છો ?' વેપારીએ શાંતિથી જવાબ આપ્યો, 'નિરાંતે રસોઈ બનાવો; કારણ કે પરમ



નડિયાદ-સંતરામ મંદિરનો ફોટો - હવે આવો ફોટો જોવા નહીં મળે.

(બંને તસ્વીર : અશોક પુરોહિત, વસો)



ન્યૂ શોરોક મિલનો જૂનો મુખ્ય દરવાજો

દિવસનો ગુરુવારનો ઉપવાસ હતો અને ગઈ કાલે અગિયારસ કરી હતી.' મહારાજનો ચહેરો જોવાની મને ખૂબ મજા પડી. મહારાજે મોટાં મોટાં પરોઠાં અને બટાટાનું સારું એવું પાણી રેડી રસાદાર શાક બનાવ્યું. હું તો હસતી જાઉં અને તાળીઓ પાડતી જાઉં કે મહારાજનું આજે કેવું આવી બન્યું છે ! એક વાર શ્રી પ્રાણસુખભાઈ શેઠ મિલમાં આવેલા. તેમની સામે આ વેપારીને જમવા બેસાડેલા. તેમની ઊભા પગે બેસવાની ઢબ, મોટા કોળિયા ભરવાની રીત અને અધધધ આટલો ખોરાક ! આ બધું જોઈને શેઠે મારા પિતાજીને કહ્યું, 'મારી સાથે આપણા બે સિવાય કોઈ બીજું જમવા ના બેસે તે તકેદારી રાખજો. કારણ આ વેપારીની જમવાની રીતરસમ જોઈને મને હાર્ટઅટૅક આવે એવું થઈ ગયું.' વળી, બીજા એક વેપારી કલકત્તાથી ક્યારેક આવતા હતા. શરીરે જાડા અને નીચી કાઠીના હતા. સફેદ ખમીસ અને ધોતિયું તેમનો પહેરવેશ. નોકરવર્ગે તેમનું નામ 'કલકત્તાની કોઠી' પાડેલું. તેઓ કૉફી પીતા. તેઓ આવે ત્યારે અમારો નોકર નામે મંગો તેમને પૂછવા જાય કે તેઓ શું પીશે ? હવે તેઓ કેવો જવાબ આપે છે તે જાણીને મને હસવું આવી જાય. તેઓ કૉફીને બદલે 'કાફી' શબ્દ વાપરે અને બોલે, 'કાફી, કાફી, કાફી'. એટલે અમે એમનું નામ પાડેલું 'કાફીવાળી કલકત્તાની કોઠી.'

અમારી બાજુના બંગલામાં નડિયાદ મિલ્સના મફતલાલના દીકરા શેઠ ભગુભાઈના સાળા ભોળાનાથ રહેતા હતા. તેમને વિધવા માતા હતાં પણ પ્રેમાળ હતાં. અમને પોતાનાં સંતાનોની જેમ ચાહતાં હતાં. ભોળાનાથનાં પત્ની ગામડાનાં હતાં. તેથી તેઓ કેવી રીતે બોલતાં તે સાંભળી અમે છાનાંમાનાં હસી લેતાં. તેઓ સાસુને કહે, 'જી, જમવાનું પીરસું જી', 'જી, કચરો કાઢી નાખું જી.' અમે આ 'જી' અક્ષર તેઓ વારંવાર બોલતાં તે સાંભળીને ઘેર આવી ચાળા પાડતાં. એક વાર તેમણે મારાં બાને ફરિયાદ કરી કે કમાબહેન અને પ્રભાબહેન બંને બહેનો ગાદી પર પાથરેલી નવી ચાદર પર ગલોટિયાં ખાઈ મેલી કરે છે. જો કે એમની વાત સાચી હતી; પણ પરિણામ કેવું આવ્યું ? માતાએ તો સોટીથી ખાસ કરીને મને બરડા પર ઝાપટવા માંડી. ભોળાનાથનાં બાને અમે 'મા' કહેતાં. તેઓ દોડતાં આવ્યાં, મારી બાનો હાથ પકડી લીધો અને મને તેમના ઘરે લઈ ગયાં. મારું ફ્રૉક ઊંચું કરી બરડા પર મારથી પડેલા સૉળ જોઈ તેમનાં આંસુ મને યાદ આવતાં ગદ્‌ગદિત થઈ જાઉં છું. પાકેલી કેરીઓ ખાવા આપી, બરડા પર હાથ ફેરવ્યો. આજે તો એ મા સ્વર્ગે સીધાવી ગયાં હશે પણ પ્રેમથી વરસાવેલાં પેલાં આંસુનો અહેસાસ હજુ ભુલાતો નથી.

હવે બીજી એક હસવું આવે તે વાત પર આવું છું. મિલમાં એક મહારાષ્ટ્રિયન ઘરડા સેક્રેટરી હતા. તેઓ મહારાષ્ટ્રિયન હતા તેથી ગુજરાતી શબ્દો તેમને બોલતી વખતે શોધવા પડે. બધા તેમને દાદા કહેતા. હવે બીજા એક દામાજી નામના અમદાવાદની શૉરોક મિલ્સના મૅનેજર હતા. તેમની ટેવ હતી વાતવાતમાં 'છતે કે' બોલવાની. આ બંને જ્યારે ટેલિફોન પર વાત કરે ત્યારે ગમ્મત થાય. અમે તો ઑફિસમાં ક્યાંથી હોઈએ ? પણ પિતાજી વાત કરે તેથી ખબર પડે. તેમની વાત આ પ્રમાણે હોય. દાદા ફોનમાં બોલે, 'જાને કે મિલ બરાબર ચાલે છે, જાને કે શેઠ તમે ક્યારેં આવવાના છો, જાને કે તબિયત સારી હશે.' હવે સામે દામાજી બોલે, 'છતે કે હમણાં તો નહીં અવાય, પણ છતે કે પંદર દિવસ પછી છતે કે આવીશ ત્યારે છતે કે આપણે મળીશું.' આમ, ટેલિફોનમાં 'જાને કે' અને 'છતે કે'ની રમઝટ જામે.

અમારી બાએ મોટા બગીચામાં શાકભાજીનું સારું એવું વાવેતર કરાવેલું. તેમાં મૂળા, મોગરી, દૂધી, કારેલાં, ટીંડોળાં. ભીંડા, મેથી, ટામેટાં, પરવળ, કઠોળ બધું જ હોય. અમારે રજા હોય ત્યારે સીઝનનાં શાક થયાં હોય તે ચૂપકીથી ખાવા માટે બગીચામાં પહોંચીએ. બા બપોરે ઊંઘે એની રાહ જોઈએ અને જ્યારે એનાં નસકોરાંની સારેગમ શરૂ થાય ત્યારે અમે બંને બહેનો છાનીમાની બગીચામાં પહોંચી જઈએ અને જ્યાં મૂળા

(અનુસંધાન પૃ. ૫૮ પર)

હાસ્યકથા

ગાંડા માણસો - ૪

બહાદુરભાઈ જ. વાંક

કૉલેજમાં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતાં ભૂષણલાલને છેલ્લાં કેટલાંક સમયથી એક પ્રકારની ઘેલછા ઊપડી ગઈ હતી - સતત સતત બોલતા રહેવાની ! આને ભૂષણલાલનો રોગ સમજવો કે ટેવ સમજવી કે સ્વભાવની 'ઍબનોર્મલિટી' સમજવી એની હજુ સુધી કોઈને ખબર પડી શકી નહોતી. થોડી વાર માટે પણ બોલતાં અટકી જાય તો તેમને કંઈનું કંઈ થવા માંડે ! - કાં બેચેની સાથે માથું ચકરાવા માંડે; કાં બી.પી. વધી જાય કે પછી તાવથી શરીર ધગધગવા માંડે !

કૉલેજમાં દાખલ થતાંની સાથે તેમની વાણીનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેવા માંડે. વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે, સ્ટાફરૂમમાં અધ્યાપકો સાથે, લાઈબ્રેરી કે ચાની કૅન્ટિનમાં કોઈની પણ સાથે વાતો કરવામાં એવા તલ્લીન થઈ જાય કે તેમને સમયનો પણ કશો ખયાલ ન રહે ! વાતો કરવામાં કંપની મળી રહે એટલે કોઈને પણ આગ્રહ કરી તેઓ કૅન્ટિનમાં ખેંચી જાય. પોતાની સાથે વાતો કરવામાં જેટલાં જોડાય એ બધાને હોંશે-હોંશે ચા-પાણી પીવડાવે, નાસ્તો કરાવે કે પછી આઈસ્ક્રીમની લાણી.... વાતો દરમ્યાન કોઈ હોંકારો આપે છે કે નહીં કે પછી કોઈ ધ્યાનપૂર્વક પોતાની વાતો સાંભળે છે કે નહીં એની એમને બહુ દરકાર પણ નહીં. સતત બોલતાં રહેવાની - વ્યાખ્યાનો આપતાં રહેવાની તેમની આ વિશિષ્ટતા કહી શકાય એવી ખાસિયતના કારણે કૉલેજમાં અને શહેરમાં તેમનું નામ ભૂષણલાલમાંથી ભાષણલાલ થઈ ગયું હતું.

કૉલેજમાંથી છૂટીને ઘર તરફ સ્કૂટર દોડાવી મૂકે ત્યારે પણ અંગત કહી શકાય એવા મિત્રો સાથે મોબાઈલ ફોનમાં વાત કર્યા વગર રહે નહીં. આ વખતે મિત્રો તેમને ટકોર પણ કરતા રહે - મોબાઈલ ફોનમાં વાતો કરતાં કરતાં ક્યાંક અકસ્માતનો ભોગ થઈ ન પડતા. ત્યારે તેઓ તરત મિત્રોને સંભળાવી દેતા- જ્યાં સુધી મારા મોંમાં મારી જીભ સલામત - ગતિશીલ છે ત્યાં સુધી મને કંઈ જ થવાનું નથી !

ઘરમાં પગ મૂકે કે તરત જ તેમની વાતોનો ત્રીજો દોર ચાલુ થઈ જાય. પત્ની, મા-બાપ, ભાઈ-બહેનોને તેમની સાથે વાતો કરવાની ફરજ પડતી હોય એમ બધાં મને-કમને તેમની વાતો સાંભળ્યાં કરે. કુટુંબમાં હવે બધાંયને એક જ પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો - આ ભૂષણલાલનું હવે કરવું શું ? ઘરનાં માણસો પણ એવી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગયાં હતાં કે ભૂષણલાલને ન સાંભળે તો ભૂષણલાલ માંદા પડી જાય અને સાંભળે તો એ બધાં માંદગીનો અનુભવ કરવા માંડે !

એક દિવસ ઘરનાં બધાંયના અતિ આગ્રહને કારણે ભૂષણલાલે નારાજ થઈને બોલવાનું બંધ કર્યું કે તરત જ અતિ માંદગીમાં પટકાઈ પડ્યા. આથી ઘરનાં બધાં ભારે મૂંઝવણ અનુભવવા લાગ્યાં. ડૉક્ટરની સારવાર કરાવવા છતાં તાવ ઊતરવાનું નામ ન લે.

તાવમાં કણસતાં કણસતાં ભૂષણલાલ તાડૂકી ઊઠ્યાઃ 'મને બોલવાનું બંધ કરાવ્યું તો શું પરિણામ આવ્યું એ હવે તમે બધાં જોઈ લો. હવે હું સારો થવાનો નથી.'

ભૂષણલાલની તબિયત સારી થઈ જાય એ માટે કુટુંબનાં સભ્યોએ તેમની સાથે સામેથી જ વાતો કરવાનું શરૂ કરી દીધું. પણ ભૂષણલાલે બધાંને ધમકી જ આપી દીધીઃ 'હવે હું બોલવાનો જ નથીને... ને નહીં બોલું એટલે વધારે જીવી પણ નહીં શકું સમજ્યાને ?'

ઘરમાં બધાં ભારે દ્વિધામાં પડી ગયાં. આખરે ભૂષણલાલના પિતા કાનજીભાઈએ ભૂષણલાલના ખાસ અંગત વાતોડિયા મિત્ર શ્યામને બોલાવીને બધી વાત કરી. ને ભૂષણલાલની તબિયત સારી થઈ જાય એ માટે કંઈક કરી છૂટવા અનુરોધ કર્યો.

શ્યામ ભૂષણલાલ પાસે આવ્યો ને તેના ખબરઅંતર પૂછતાં બોલ્યોઃ 'ભૂષણ, તું ઍલોપૅથિક દવાની આડઅસરો વિશે ને આયુર્વેદિક સારવાર વિશે શું માને છે ?'

ને ભૂષણલાલના શરીરમાં ગરમી આવી ગઈ. ઝડપથી તેઓ પથારીમાં બેઠા થયા. તકિયા પાછળ વાંસો ટેકવીને આયુર્વેદ અને એલોપેથીના સારવારના અનુસંધાને બધાને તેમણે લંબાણપૂર્વકનું તુલનાત્મક વ્યાખ્યાન સંભળાવી દીધું. બધાને આશ્ચર્ય તો એ વાતનું થયું કે વ્યાખ્યાન પૂરું થવાની સાથે જ ભૂષણલાલનો તાવ પણ અદૃશ્ય થઈ ગયો !

રાહત અનુભવતાં ઘરમાં બધાંએ ફરીને ભૂષણલાલની વાતો કશી જ રોકટોક વગર સાંભળવાનું શરૂ કરી દીધું. થોડા દિવસ તો બધું બરાબર ચાલ્યું. પણ પછી પત્ની સહિત કુટુંબનાં બધાં સભ્યો ભૂષણલાલની એકધારી વાતોનો એટલો બધો ત્રાસ અનુભવવા માંડ્યાં કે તેમનાથી દૂર ભાગવા માંડ્યાં, તો માતાપિતા - કાનજીભાઈ અને નર્મદાબહેને કાનની અંદર સાઉન્ડપ્રૂફ ડટ્ટીઓ ભરાવી દીધી, ને ભૂષણલાલને તેમની વાતો સાંભળતાં હોય એમ માત્ર હોંકારો આપ્યાં કરે. આથી બંનેએ રાહતનો દમ લીધો ને ભૂષણલાલ પણ આનંદમાં રહેવા માંડ્યા. પણ થોડા દિવસમાં જ ભૂષણલાલને ખબર પડી ગઈ કે માત-પિતાએ તો કાનમાં સાઉન્ડપ્રૂફ ડટ્ટીઓ ભરાવી દીધી છે. ત્યારે

(અનુસંધાન પૃ. ૫૮ પર)

પ્રસંગચિત્ર

કપાળે ટિકિટ

નટુ મિસ્ત્રી

લગભગ ૧૯૫૩ની વાત છે. ફેબ્રુઆરી-માર્ચનો સમય હતો. અમદાવાદની સી.એન.ફાઈન આર્ટ્સ કૉલેજમાં વિદ્યાર્થીઓ કલાભ્યાસ માટે રાતદિવસ કામ કરતા. કલા પ્રત્યે અદમ્ય રુચિ ધરાવતા અને તેનું કારણ હતું કલાકાર રસિકભાઈ પરીખનું વ્યક્તિત્વ, તેમનું પ્રોત્સાહન.

આ સમયે ડી.ટી.સી.ના કલાવર્ગમાં આજના પ્રખ્યાતનામ કલાકાર હિંમત શાહ પણ અભ્યાસ કરે. અલગારી કલાકાર જીવ. આર્થિક સ્થિતિ સારી ન હોઈ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સ્કૉલરશિપ મળે તેમાંથી ગાડું ચાલે.

એક દિવસ થોડા મિત્રોએ ભેગા થઈ માઉન્ટ આબુ લૅન્ડસ્કેપ કરવા જવાનો કાર્યક્રમ બનાવ્યો. હિંમત શાહ તેના લીડર. વાતવાતમાં હિંમત શાહે દરખાસ્ત મૂકી કે, 'ભાઈ, આબુ જઈએ પણ જે.તેમ નહિ, રાજાશાહીથી જઈએ. પ્રથમવર્ગમાં મુસાફરી કરી નવો અનુભવ લઈએ.' આ વાત સાંભળી ઘણા મિત્રો છટકી ગયા. પણ આ લખનાર અને હિંમત શાહ બંનેએ આબુ જવાનું નક્કી કર્યું. નક્કી દિવસે, નક્કી સમયે સ્ટેશન પર આવી જવાનું ઠરાવ્યું. ટિકિટ વગેરેની વ્યવસ્થા ભાઈ હિંમતે સ્વીકારી હતી.

સમય પ્રમાણે હું તો સ્ટેશને પહોંચી ગયો. થોડી વારમાં દૂરથી કોઈ અલગારી કલાકાર આવતો દેખાયો. માથે ટકોમૂડો, વાદળી રંગની ચડ્ડી, બટનવાળી બાંય વગરની બંડી, પગ ઉઘાડા, ખભે મોટો ઇમ્પીરિઅલ સાઈઝનો બગલથેલો. બસ, ભાઈ તો મસ્તીથી ડબ્બા શોધતા શોધતા આગળ આવે. પણ નજીક આવતાં જ હું તો દંગ થઈ ગયો. આવનાર મિત્રકલાકાર હિંમત શાહ હતા. સામાન્ય રીતે હિંમત વર્ગમાં તો ખાદીનો લેંઘો-ઝભ્ભો ને પગમાં અહિંસક ગાંધી-ચંપલો પહેરે. માથે સરસ મજાના વાળ પણ ખરા. આ નવું સ્વરૂપ ખરેખર આશ્ચર્યજનક હતું. અમે અમારી બેઠક જોઈ પ્રથમવર્ગના ડબ્બામાં ગોઠવાયા. ભાઈ હિંમત પાસે સામાનમાં આ એક પૉર્ટફોલિઆ સિવાય કંઈ જ નહિ. ચિત્રકામનો સામાન, કાગળ તથા કપડાં બધું એમાં જ. ચિત્રનો સામાન વધારે. કપડાંમાં ખાસ એક જોડી સિવાય કાંઈ નહિ !

પ્રથમ વર્ગના ડબ્બાની મુસાફરી એ વખતે લગભગ ઘણી મોંઘી અને મોભાદાર ગણાતી. ખૂબ જ પૈસાદાર વર્ગ સિવાય પ્રથમ વર્ગમાં કોઈ મુસાફરી કરતા ન હતા.

ડબ્બામાં બેઠા. ડબ્બા પાસેથી ખારી સીંગવાળો પસાર થયો. ભાઈ હિંમતે સીંગ ખરીદી. બારી બહાર ડોકું કાઢી એ તો મસ્તીથી સીંગ ખાધે જાય અને સ્ટેશનની ચહલપહલ નીરખે જાય. એટલામાં ગાર્ડને ત્યાંથી પસાર થવાનું થયું. પ્રથમ વર્ગમાં ખાલી ચડ્ડી-બંડીધારી અને ટકામૂડાવાળા સાથેના બે ૨૦ વર્ષના યુવકોને જોઈ એ ડબ્બા પાસે આવ્યો, અને ભાઈ હિંમતને હુકમ કર્યો, 'ચાલો ડબ્બામાંથી નીચે ઊતરો.' ભાઈ હિંમતે સામે પ્રશ્ન કર્યો, 'કેમ સાહેબ અમે નીચે ઊતરીએ ?' તો જવાબ મળ્યો, 'આ ફર્સ્ટ ક્લાસનો ડબ્બો છે. એમાં એલફેલ લોકોથી ન બેસાય. ફર્સ્ટ ક્લાસની ટિકિટવાળા જ બેસી શકે.' ભાઈ હિંમતે તો જરાય વિચલિત ન થતાં શાંતિથી જવાબ વાળ્યો કે, 'અમને ખબર છે કે આ પ્રથમવર્ગનો ડબ્બો છે અને માટે જ એમાં બેઠા છીએ.' પણ ગાર્ડને હજી વિશ્વાસ બેસતો ન હતો. કડક અવાજે હુકમ કર્યો કે, 'ટિકિટ બતાવો.' ભાઈ હિંમત પણ ઊતરે તેમ ન હતા. જવાબ આપ્યો કે, 'પ્રથમ વર્ગના મુસાફર સાથે વાતચીત કરતાં શીખો. ડબામાં ઉપર આવી ટિકિટ માગો તો જ મળશે.' ગાર્ડ ડઘાઈ ગયો ! ડબામાં ઉપર આવી અમારી સામેની બેઠકમાં બેઠો. ડબામાં અમારા બેઉ સિવાય કોઈ વધારાનું પેસેન્જર ન હતું. ભાઈ હિંમતે શાંતિથી પૉર્ટફોલિ-આમાંથી બે પ્રથમવર્ગની ટિકિટ બતાવી. બિચારા ગાર્ડને ક્ષોભીલા પડવું પડ્યું.

હજી ગાડીને ઊપડવાની વાર હતી. થોડી વાર થઈ અને ટી.સી. ત્યાંથી પસાર થયો. તેને પણ ગાર્ડની માફક જ વિચાર આવ્યો કે આ જરૂર કોઈ ખુદાબક્ષ મુસાફરો પ્રથમ વર્ગના ડબામાં ઘૂસી ગયા છે. એટલે એમણે પણ ટિકિટ માગી. અને એ જ પ્રસંગ ફરીથી રિપીટ થયો ! ગાડી ઊપડવાનો સમય થવા આવ્યો. એટલામાં અટેન્ડન્ટની નજર પ્રથમ વર્ગના ડબા પર પડી. કોઈ ખુદાબક્ષ મુસાફર જેવું લાગતાં ડબા પર આવ્યો, અને ફરી પાછું એ જ નાટક ભજવાયું !!!

આ પ્રસંગથી ભાઈ હિંમત જરા ખિન્ન થયા. પણ એટલામાં ગાડી ઊપડી. હિંમતને નવો તુક્કો સૂઝ્યો. બગલથેલો ખોલી અંદરથી ગુંદરની બાટલી કાઢી. પોતાની ટિકિટ લઈ પાછળ ગુંદર લગાડી ટિકિટ તો તેમણે કપાળ પર ચોઢી દીધી. હવે તો ટિકિટ દૂરથી દેખી શકાય તેમ હતી !

ગાડી સાબરમતી સ્ટેશને ઊભી રહી. ભાઈ હિંમત ડબામાંથી નીચે ઊતરી ગાર્ડના ડબા તરફ ગયા. દૂરથી ગાર્ડને બૂમ પાડી, 'સાહેબ ટિકિટ' એમ કહી કપાળ પર ચોંટાડેલી ટિકિટ બતાવી. પછી ટી.સી. પાસે જઈ એ જ વિધિ પતાવી. આમ જે જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાં ત્યાં ભાઈ હિંમત ડબામાંથી નીચે ઊતરી ગાર્ડ, ટી.સી., એટેન્ડન્ટ વગેરેને કપાળ પર ચોંટાડેલી ટિકિટ બતાવી બૂમ પાડે, 'સાહેબ ટિકિટ'. પાલનપુર આવતાં આવતાં તો એ બધા ટિકિટ માગનાર સાહેબો પરેશાન પરેશાન થઈ ગયા. બધા ભેગા થઈ અમારા ડબા પાસે આવ્યા અને ભાઈ હિંમતને હાથ જોડી માફી માગી કે, 'ભાઈસાબ, હવે તો અમને છોડો.' અને આનંદની લહરી પ્રસરી ગઈ.

પ્રાસંગિક

સુરેન્દ્ર પટેલનું સન્માન

નૌતમભાઈ વખારિયા

ઔડા (અમદાવાદ અર્બન ડેવેલપમેન્ટ ઑથૉરિટી)ના અધ્યક્ષ સુરેન્દ્ર પટેલને તા. ૬-૯-૨૦૦૩ના રોજ અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિએશનના ઉપક્રમે ૨૦૦૨ના વર્ષના 'ઉત્કૃષ્ટ મૅનેજર'નો અવૉર્ડ અરુણ શૌરીના હસ્તે એનાયત કરવામાં આવ્યો. ઔડાની અનન્ય સિદ્ધિ હાંસલ કરવા બદલ તેમજ ઔડાને ગતિશીલ બનાવવા બદલ તા. ૨૪-૧૧-૨૦૦૩ના રોજ, ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ સિવિલ એન્જિનીઅર્સ ઍન્ડ આર્કિટેક્ટ્સ તરફથી ખાસ સમારંભ યોજી સુરેન્દ્રભાઈનું બહુમાન કરવામાં આવ્યું હતું સુરેન્દ્રભાઈ ૧૯૯૫ની સાલથી (નાનાકડા અંતરાયને બાદ કરતાં) ઔડાના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. લગભગ નિષ્ક્રિય સંસ્થામાંથી એક ધબકતી શહેરી સંસ્થામાં ફેરવી નાખવાની અનુપમ સિદ્ધિ હાંસલ કરવા બદલ સુરેન્દ્રભાઈને આ અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અવૉર્ડપ્રદાન સમારંભમાં કેન્દ્રિય મંત્રીશ્રીએ જણાવ્યું કે નિમ્નસ્તરના રાજકારણની જ્યારે હાલ વ્યાપક ફરિયાદ સંભળાઈ રહી છે ત્યારે આ અવૉર્ડ જાહેર જીવનને એક નવી ઊંચાઈ આપે છે. અવૉર્ડ સ્વીકારતી વખતે પોતાના કર્મચારીઓ અને સંગી-સાથીઓને બિરદાવતાં સુરેન્દ્રભાઈએ વિનમ્રતાથી જણાવ્યું કે અવૉડનું સાચું શ્રેય તેમની ટીમને જાય છે. આ અવૉર્ડ દ્વારા અમદાવાદનાં શહેરીજનોએ નગરને હજુ પણ આગળ ને આગળ ધપાવવાની એક મોટી જવાબદારી ઔડા ઉપર લાદી છે. વધુમાં તેઓએ જણાવ્યું કે આ તો એક શરૂઆત છે, કારણ કે હજુ ઘણું કરવાનું બાકી છે અને આ જ રીતે આગામી વર્ષોમાં પણ જ્યારે તેમના સહકાર્યકરોના સંઘભાવના બળથી શહેરની હજુ વિશેષ કાયાપલટ થશે ત્યારે શહેરનાં નગરજનોનો જે અહોભાવ મળશે તે આપણા માટે એક અનન્ય અવૉર્ડ હશે.



ખેડા જિલ્લાના ગાડા ગામમાં તા.૧૧-૧૨-૧૯૩૭ના રોજ જન્મેલા સુરેન્દ્રભાઈએ ૧૯૬૦ની સાલમાં અમદાવાદની એલ.ડી.એન્જિનીઅરિંગ કૉલેજમાંથી બી.ઈ.સિવિલની ઉપાધિ મેળવી સિવિલ એન્જિનીઅર બન્યા. તેમનું પૈતૃક કુટુંબ તો ૧૯૨૦ની સાલથી અમદાવાદમાં આવીને વસ્યું હતું અને ૧૯૨૫ની સાલથી બાંધકામના વ્યવસાયમાં જોડાયેલું હતું. સુરેન્દ્રભાઈ પણ તે વ્યવસાયમાં જોડાયા.


૧૯૭૮ની સાલમાં ઔડા અસ્તિત્વમાં આવ્યું. શરૂઆતનાં તે વર્ષોમાં અમદાવાદની આડેધડ વૃદ્ધિનું ઔડા મૂક પ્રેક્ષક બની રહ્યું. ઔડાના ઍક્ટ પ્રમાણે તેની પાસે શહેરના વિકાસનું નિયમન કરી શકવાની પૂરતી સત્તા હતી. પણ નાણાંકીય બાબતમાં રાજ્ય ઉપર નિર્ભર હોવાથી ઔડા બહુ ઝાઝું કાઠું કાઢી શક્યું નહોતું. ઔડાના ચૅરમેન તરીકેનો હોદ્દો સંભાળતાંવેંત સુરેન્દ્રભાઈએ આ પડકાર ઝીલી લીધો અને અમદાવાદની સિકલ બદલી નાખવાનાં ત્વરિત પગલાં લેવા માંડ્યાં. (જુઓ ઔડા મારફત તૈયાર થતો અમદાવાદનો રિંગ રોડનો રંગીન નકશો. પૃ ૩૯)

સૌપ્રથમ સુરેન્દ્રભાઈએ શહેરના જીર્ણશીર્ણ વિકાસ-નકશામાં આમૂલ પરિવર્તન લાવી તેને ઔદાર્યપૂર્ણ, વ્યવહારુ, પારદર્શક, નગરરચનાના આધુનિક સિદ્ધાંતોને સાંકળી લેતો અને પ્રજાની ભાગીદારીના અભિગમવાળો વિકાસનકશો બનાવ્યો. તેમાં પૂરતી હરિયાળી રહે તેનો ખયાલ રાખ્યો. પહોળા રસ્તાઓ, અર્ધશતક જેટલા બગીચાઓ, સ્ટ્રીટલાઇટો અને ફુવારાની ઝાકઝમાળ રચીને અમદાવાદને રળિયામણું બનાવી દીધું. શહેરી વિકાસનકશામાં ટેક્નિકલ કામ માટે ખાનગી નિષ્ણાતોની સેવાઓ મેળવવાની તેમણે પહેલ કરી. ઔડામાં સ્ટાફ વધારીને પગાર અને પેન્શનનું કાયમી ભારણ વધારવાને બદલે તેમણે બહારના તજ્જ્ઞોની મદદથી નજીવા ખર્ચે છેલ્લાં પાંચ વર્ષમાં રૂા. ૩૦૦ કરોડથી વધુનાં કામો પાર પાડ્યાં. ઉસ્માનપુરામાં આવેલા ઔડાના મકાનમાં કર્મચારીઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડીને સુરેન્દ્રભાઈએ કચેરીનો માહોલ સુધારી નાખ્યો અને તે રીતે કર્મચારીઓની બંધિયાર માનસવૃત્તિમાં પરિવર્તન લાવ્યા. ઔડાના વિકાસ-નિયમનતંત્રને એકસૂત્રે બાંધી અને તે રીતે નોકરશાહીની પકડને સાવ ઢીલી કરી નાખી. માત્ર ૨૦૦ કર્મચારીઓથી કામ ચલાવીને સુરેન્દ્રભાઈએ મહેકમનો મોટો ખર્ચ બચાવી લીધો.

જમીનના આડેધડ વપરાશને અટકાવવા માટે સુરેન્દ્રભાઈએ 'પહેલાં માળખાકીય સવલતો અને પછી બાંધકામ'ની નીતિ અપનાવી. સામાજિક સવલતોને પ્રાધાન્ય આપ્યું. વિકાસના નિયમોના કાયદા ઘડવા માટે તેમણે તે વિષયના નિષ્ણાતોની સેવાઓ લઈને એક વાસ્તવિક બજારલક્ષી અભિગમ અપનાવ્યો. આને કારણે લોકોએ પણ ઔડાના કાયદાના માળખામાં રહીને વિકાસ સાધવાનું પસંદ કર્યું.

સુરેન્દ્રભાઈની દૃઢ માન્યતા છે કે પારદર્શકતા અને લોકોના સહભાગીપણા વડે કોઈ પણ સંસ્થા અસરકારક કામગીરી બજાવી શકે અને તે રીતે લોકમત કેળવીને લોકો સુધી

(અનુસંધાન પૃ. ૫૨(બાવન) ૫૨)



''ઓડા'' દ્વારા તૈયાર થતો રીંગ રોડ

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો- ૨૪

સૂરા

જયોર્જસ પિઅર સૂરાનો જન્મ ૧૮૫૯ના ડિસેમ્બરની બીજી તારીખે પૅરિસમાં થયેલો. સ્વભાવે એના પિતા જેવો એ અતડો હતો. પણ એનામાં અખૂટ શક્તિ હતી. એ નવરો પડતો ત્યારે લા ગ્રાન્દ જાત ટાપુ પર ટહેલવા ચાલ્યો જતો બુલેવર્દ દ મૅજેન્તામાં એણે એનો અપાર્ટમેન્ટ ખરીદેલો. અહીં ટહેલવા આવતાં લોકો એના મિત્રોના વિષયો બનતા રહ્યા. એ દેખાવે સોહામણો હતો. એને પુસ્તકો ખરીદવાનોય ભારે શૉખ હતો. એ એની શાળામાં વિદ્યાર્થી તરીકે ખાસ ઝળકી શકેલો નહીં.ઇકોલ બ્વા આર્ટ સ્કૂલમાંય એ કશું ઉકાળી ન શકયો. એકાદ વર્ષ એણે લશ્કરમાંય સેવાઓ આપેલી.

એના મિત્ર સિગ્નેક દ્વારા એ ઘણા કલાકારોના સંપર્કમાં આવી શકેલો. સિગ્નેક સૂરાની નવી ચિત્રશૈલીનાં ચાહક હતો. સૂરાએ મિત્રભાવે એનું પોર્ટ્રેટ કરેલું.

લશ્કરી સેવાઓ દરમિયાન સૂરાને બ્રેસ્ટ પોર્ટમાં રહેવાનું થયેલું. અહીં રહ્યે રહ્યે એણે જહાજો, નૌકાઓ તથા ત્યાં જોવા મળતી વ્યક્તિઓના ઘણા સ્કેચ કરેલા. શરૂમાં ભાગીદારીમાં સ્ટૂડિઓ કર્યા પછી બે વર્ષ બાદ એણે પોતાનો સ્ટૂડિઓ ઊભો કર્યો.



લાગલાગટ બે વર્ષ સુધી એણે શ્વેત-શ્યામ ચિત્રો સર્જ્યા કર્યાં. ૧૮૯૩માં એણે એનું ગણનાપાત્ર સર્જન બેધિંગ ઍટ ઍસ્નિએરસ કર્યું. પણ સેલોનની જયુરીએ આ ચિત્રને પ્રદર્શનમાં પ્રવેશ ન આપ્યો. બસ ત્યારથી એણે પારંપરિક શૈલીને રામરામ કહી દીધા કાયમને ધોરણે. ને એ પ્રયોગશીલ સર્જકો ભેગો ભળી ગયો. સૂરામાં નૈસર્ગિક કૌશલ્ય અને એકાગ્રતા ગજબની માત્રામાં હતાં. એ ખંતીલો પણ એવો જ.

સૂરાને એની નવી ચિત્રશૈલી પોઇન્ટિલિઝમમાં પૂર્ણ શ્રદ્ધા હતી. ધીમે ધીમે એના સમકાલીનો એને અનુસરવા લાગેલા. વખત જતાં તો એ આ શૈલીનો અગ્રેસર બની ગયો. સેલોન દ્વારા જાકારો પામેલા કલાકારોએ રચેલ મંડળ 'Society des Artists Independents'માં સૂરા જોડાઈ ગયો ૧૮૮૪માં એણે સર્જેલું ચિત્ર La Grande Jatte એણે છાયા-વાદીઓની કૃતિઓ ભેગું પ્રદર્શિત કર્યું. આ ચિત્રને જોઈને દર્શકો, કલાવિદો એના પર વારી ગયેલા. કલાવિવેચક ફેલિક્સે તો એને નવ્ય-પ્રભાવવાદી તરીકે બિર-દાવ્યો. ચિત્રે થોડો વિવાદ પણ જગાવ્યો.



પથ્થરફોડુ

સૂરાના સ્ટૂડિઓમાં લોત્રેક, દેગા, ગોગાં, વાન ઘોઘ જેવાઓની મંડળી જામતી રહેતી. બધાંની વાતનો વિષય મોટે ભાગે સૂરા પોતે જ હોય. એનું ચિત્રસર્જન વાસ્તવદર્શી વિશેષ હોય, કલ્પનાવિહારી ઓછું. કોઈકે એનાં ચિત્રોને કાવ્યમય કહ્યાં ત્યારે એ બોલી ઊઠેલો, 'No, I apply my method and that is all.' સ્ટૂડિઓમાં બેસીને એ વિશાળ કદનાં ચિત્રો સર્જતો. દરિયાકિનારે ટહેલતાં ટહેલતાં એ નાનાં કદનાં ચિત્રોનું નિર્માણ કરતો. એક મૉડેલના ગાઢ સંપર્કમાં આવતાં એ એની સાથે સંસાર માંડી બેઠેલો. એ મૉડેલે એને એક સંતાનની ભેટ ધરેલી.

સૂરા ટપકાંની દુરારાધ્ય શૈલીનો પ્રણેતા છે. એનાં ચિત્રોમાં સઘળું પૂર્વયોજિત હોય. ચિત્રસર્જન ટાણે લાગણીના આવેશમાં તણાવાની વાત નહીં. સ્ટૂડિઓમાંની સીડીને પગથિયે બેસીને એ સામે ગોઠવેલ કૅનવાસ પર ચિત્ર દોરતો. ચિત્રસર્જન ટાણે એની આંખો અર્ધ નિમિલિત હોય, મોંમાં પાઈપ ખોસી હોય. સૌપ્રથમ કૅનવાસ પર રંગનો વૉશ લગાવ્યા પછી એ બ્રશથી સ્ટ્રોક લગાવે ને ચિત્ર ઉપસાવે. કૅનવાસના એક ખૂણેથી બહુરંગી ટપકાંમાં ચિત્રનો પ્રારંભ થાય. શરૂમાં એણે લાકડાની પટ્ટી પર છાયાવાદી



સૂરાનું શ્વેતશ્યામ રંગોમાં એક મિજબાનીનું ચિત્ર



ધ પોઈન્ટિલિસ્ટ ન્યૂડ



પોર્ત-ઍ-બેસીન ટપકાંશૈલીમાં



વાનરોનાં રેખાંકનો

શૈલીમાં ખેડૂતોનાં ચિત્રો સર્જેલાં. The Stone-breakers (૧૮૮૩) એ શૈલીમાં નિર્માયું છે. રંગો વિષે પૂરી સમજ કેળવવા એણે એ વિષયમાં પુસ્તકોનો અભ્યાસ કરેલો. દશ્યાત્મક મિશ્રણનો સિદ્ધાંત એને ગળે ઊતરી ગયેલો. પેલેટમાં રંગોને એકમેકમાં ભેળવવાથી એમની અસલી ચમક ચાલી જાય છે એમ એ માનતો. Models ચિત્ર એણે ડોટપદ્ધતિથી ચીતરેલું. આ પદ્ધતિ સ્ટૂડિઓમાં કે નિર્બન્ધ આકાશ નીચે બેસીને ચીતરવામાં ઉપકારક નીવડે છે, એમ સિદ્ધ કરવા એણે આ ચિત્ર સર્જેલું. At the Concert Europeen ચિત્રમાં સૂરાની ચિત્ર સર્જવાની ટેક્નિક ચરમ સીમાએ પહોંચી છે.




નાઈટ કલબનું એક દશ્ય – લ શાહુ (૧૮૯૦)

સૂરા શુદ્ધ રંગોનાં ટપકાં કૅનવાસ પર એકમેકની પડખે ગોઠવી દેતો. આ ટપકાં દ્રષ્ટાંતની આંખમાં એક-બીજામાં ભળી જતાં, એમની અસલી ચમક ગુમાવ્યા વિના. વસ્તુઓ પર-કુદરતી પ્રકાશની અસરમાં થતા ફેરફારોને ઝડપવા એણે ટપકાં પદ્ધતિ પ્રયોજી. આ પ્રકારની શૈલીને પોઇન્ટિલિઝમ નામ અપાયું. એના ચિત્રના રંગોનો દર્શકો પર થતો પ્રભાવ નિયંત્રણમાં રાખવા એનાં ચિત્રોની કિનારીઓ રંગીન બનાવતો.

રંગોની પૂરી સમજ કેળવ્યા પછી એણે રેખાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. રેખાઓના વળાંકની દિશા દ્વારા ભિન્ન મનોભાવો વ્યક્ત કરી શકાય છે એ સૂરાએ એનાં ચિત્રો દ્વારા દર્શાવ્યું. ઉપરની દિશામાં જતી રેખાઓ ખુશીનો ભાવ વ્યક્ત કરે છે. નીચે ઢળતી રેખાઓ શોકની લાગણી તથા ક્ષિતિજને સમાંતર ખેંચાયેલી રેખાઓ ગાંભીર્ય દાખવે છે.

સૂરાએ એનાં ચિત્રોના વિષયો સાંપ્રત જીવનમાંથી પસંદ કર્યા છે. એનાં ગ્રીષ્મનાં ભૂદશ્યો છાયાવાદની શૈલીમાં નિર્માયાં છે. એણે સરકસની પરેડ કેન-કેન નૃત્ય તથા સરકસના ગાયકો અને વિદૂષકોનેય કૅનવાસ પર ઉતાર્યાં છે. અગાઉથી દોરેલાં વ્યક્તિઓનાં ચિત્રોને એ જરૂર પડ્યે એનાં વિશાળ કદનાં ચિત્રોમાં ગોઠવી દેતો. ઘણી વાર આવાં વ્યક્તિચિત્રો મૂળ ચિત્રમાં ઓગળી શક્યાં નથી. એનાં ચીતરેલ ટોળાં પણ શાંત લાગે. એના આકારો શાશ્વત કાળ સુધી ટકી રહે એ માટે એ એના ચિત્રના વિષયને સુપેરે સંકલિત કરીને એને સરળ બનાવતો. આડીઊભી રેખાઓ દ્વારા એ ચિત્રનો ટોન ઊભો કરતો. આછા રંગવાળી પાર્શ્વભૂમાં એ શ્યામરંગી છાયાચિત્ર રચતો. રોજિંદા સામાન્ય જીવનને ઝીલતાં એનાં ચિત્રો થોડાં નિરસ લાગે. પણ સંવાદિતા અને ઝાકઝમાળને એણે એના ચિત્રોમાં જે હદે



સરકસના સિંહનો સામનો

સમતોલ રાખ્યાં છે એનો જોટો જડવો મુશ્કેલ છે. એના ચિત્ર The Nude (૧૮૮૭)માં પાત્રનું ફોર્મ એણે સરળ બનાવ્યું છે. સુવ્યવસ્થિત રીતે ગોઠવેલાં ડૉટ્સ દ્વારા પાત્રના દેહની પુષ્ટતા સુપેરે ઉપસાવાઈ છે. Quay નામક ચિત્રમાંના ડૉટ્સ જોનારને ધબકતાં ભાસે. એનાં ચિત્રોમાં શુદ્ધ રંગો વિરોધી રંગોમાં ભળી જતા લાગે. લાલ સાથે લીલો, નારંગી સાથે ભૂરો. આ સિદ્ધાંત પર આધારિત ચિત્રશૈલી એટલે જ પૉઇન્ટિલિઝમ.

La Grande Jatte :(૧૮૮૪) વિશાળ ફલકના આ ચિત્રના નિર્માણમાં કલાકારને બે વર્ષ લાગેલાં. સ્ટુડિઓમાં એનું સર્જન હાથ ધરતાં પહેલાં એણે દરિયાકિનારાના સહેલાણીઓ તથા ભૂદૃશ્યોનો અભ્યાસ કરેલો. ૧૮૮૬માં છાયાવાદીઓ દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં સૂરાએ આ ચિત્ર રજૂ કર્યું ત્યારે એના પ્રશંસકોએ એને 'નવ્ય કલાનો મસિહા' કહી એને બિરદાવેલો. દસ ફૂટના કૅનવાસ પર વિસ્તરેલું આ ચિત્ર એણે એના સ્ટૂડિઓની સીડીના પગથિયે બેસીને ચીતરેલું. એમાં વ્યક્તિઓનાં ચિત્રો એણે થોડી હળવાશથી ચિતર્યાં છે. એનાં પાત્રોનાં પોશાકો એણે ત્યારની ફૅશન પ્લેટોને આધારે ચીતર્યાં છે. ચિત્રમાંના બંદરને ત્યાં ગોઠવતાં પહેલાં એણે એનાય ઘણા સ્કેચ કરેલા.



વિખ્યાત રશિયન બેલેનર્તકી અને પાવલોવા

Bathing at Asnieres : (૧૮૮૩-૮૪) આ ચિત્ર પરંપરાગત શૈલીમાં સર્જાયું છે. ચિત્રમાં શ્રમિકો આરામ કરતા દેખાય છે. પાર્શ્વભૂમાં સીન નદીનો પુલ નજરે પડે છે. પાત્રોના સ્થિર પોઝ આરામની પળો સૂચવે છે. મોં પર હાથ મૂકીને ઊભેલ છોકરો માત્ર કશોક અવાજ કરતો લાગે.

Boats at Grandecamp : (૧૮૮૫) આ ચિત્રમાં સર્જકે નૌકાઓનાં શ્યામ સૂકલકડી કાઠાં (body) તથા એમના વિશાળ શ્વેત શઢો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચિત્રમાંનું લાલ નારંગી, જામલી અને ભૂરા રંગનું ઝાંખરું કૅનવાસના કેન્દ્રને ભરી દે છે. અહીં દરિયો સંયત સ્ટ્રોકસમાં ચિતરાયો છે.

La Parad :(૧૮૮૮) ચિત્રમાંનું કાર્નિવલ બૂથ લૅસ લેમ્પના ઉજાશમાં ઝળાંહળાં થઈ રહ્યું છે, મધ્યમાં વાજિંત્ર વગાડનારનું છાયાચિત્ર ધ્યાનાકર્ષક બની રહે છે. પાર્શ્વભૂના આછા ઉજાશમાં ડર્બી હૅટધારી બૅન્ડ વેરવિખેર થઈ જતું લાગે. શ્રોતાઓ બેધ્યાનાવસ્થામાં પૂઠાના કટિંગ જેવાં ભાસે છે.

The Harbour at Gravelines : (૧૮૯૦) આ ચિત્રમાં દરિયાકિનારાના આછા વળાંક લેતી દીવાલના આગળના ભાગમાં જહાજોને બાંધવાનો સ્તંભ દર્શાવાયો છે. કિનારે નાંગરેલ જહાજોના કૂવાથંભો બડી નાજુકતાથી ચિતરાયા છે. ચિત્રમાંનું સવારનું નીતર્યું વાતાવરણ શાંત રસથી ભર્યુંભર્યું છે.

La Chahut :(૧૮૯૦) નાઇટ ક્લબના આ ચિત્રમાં કલાકારે હવામાં અધ્ધર ઊંચકાયેલા નર્તકીઓના મોહક પગ પર દર્શકોનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચિત્રમાં વાદ્ય ત્રાંસું ગોઠવ્યું છે. પુરુષ નર્તકોના કોટની હવામાં ફરફરતી ફડકો તથા નારીઓનાં પગરખાં પરનાં ઊડતાં ફૂમતાં દ્વારા ઉલ્લાસની લાગણી વ્યક્ત થઈ છે.

Sunday Port an - Bressin : ચિત્રમાં ડાબી બાજુએ નૌકાઓના કૂવાથંભોની દીર્ઘ પંક્તિ ચિત્રના ફૉર્મને ઉપસાવે છે. કૂવાથંભોની આરપાર આપણે દૂરના બંદરનું દૃશ્ય નિહાળી શકીએ છીએ. દીવાના થાંભલા ને મકાનોની સાંકડી બારીઓ દ્વારા ઊભી રેખાઓની ભાત સાદ્યંત જળવાઈ રહી છે, આ ભાતના સાતત્ય દ્વારા ગ્રીષ્મની સંધ્યાની નિઃશબ્દતા વ્યક્ત થઈ છે.

સૂરાનાં મોટા ભાગનાં ચિત્રોનો પાયો આડી ને ઊભી રેખાઓનો હોય છે. ઊંચાં વૃક્ષો, કારખાનાંનાં ધુમાડિયાં, સીધા સોટા જેવાં માણસો એનાં ચિત્રોમાં ગોઠવીને કલાકાર એની રચનાઓમાં ક્રમિકતા અને નિયમિતતા નિષ્પન્ન કરે છે.

૧૮૯૧માં માત્ર ૩૧ વર્ષની વયે સૂરા મૅનેન્જાઇટીસમાં સપડાયો. રોગ જીવલેણ નીવડ્યો. એને શ્રદ્ધાંજલિ આપતાં મિત્ર સિગ્નેકે કહેલું, 'બીચારા અમારા આ મિત્રે અતિશ્રમથી પોતાને હણી નાખ્યો.'


- *હરિત પંડ્યા : નટુપરીખ*

નળસરોવર - વિવિધલક્ષી પર્યટન પ્રકલ્પ-આયોજન

પ્રો. આર.વાય.ગુપ્તે

ગુજરાતનું સૌથી મોટું અને અદ્દભુત પક્ષી-અભયારણ્ય એવું નળસરોવર ભારતભરમાં પ્રખ્યાત છે. શિયાળામાં દેશ-પરદેશનાં વિવિધ પ્રકારનાં પક્ષીઓ ત્યાં મોટી સંખ્યામાં આવે છે. ત્રણ-ચાર મહિના નિવાસ કરે છે, અને પાછાં પોતાના મુલકમાં ચાલ્યાં જાય છે. લગભગ ૨૫ કિ.મી. લાંબું અને ૬ કિ.મી. પહોળું નળસરોવર, જ્યારે ચોમાસામાં છલકાય છે ત્યારે સ્થાનિક પઢાર લોકો 'નળ ભરાણો' કહીને ખુશી વ્યક્ત કરે છે. નળસરોવર તેમની બારમાસી આજીવિકાનું સાધન છે. નળસરોવરને ફરતાં ૧૨ ગામોમાં મુખ્યત્વે પઢાર અને કોળીઓની વસ્તી છે, જેમનો મુખ્ય વ્યવસાય મત્સ્યઉદ્યોગ અને પ્રવાસીઓની હોડીઓ(તળિયા)માં જલ-પ્રવાસ કરાવવાનો છે. વેકરિયા, શિયાળ, મૂળ બાવળા, રાણાગઢ, ભગવાનપુરા, નાની કઠેચી, મોટી કઠેચી, શાહપુર, કાયલા, અણિયાળી વગેરે કાંઠા ઉપરનાં ગામો છે. નળસરોવર ફરતે આ ગામોની જીપમાં મુલાકાત લેવામાં આવે તો ૧૦૦ કિ.મી.થી વધુ જીપપ્રવાસ કરવો પડે છે.

લગભગ ૧૫૦ ચો.કિ.મી.માં પથરાયેલા આ જલ-વિસ્તારનું દૃશ્ય કેવળ અદ્દભુત છે. ભારત અને ગુજરાતમાં આનાથી વધુ જલ-રાશિ સંગ્રહ કરનારા નાના-મોટા અનેક ડેમ છે, પરંતુ નળસરોવર ઉપર જે સંખ્યામાં વિવિધ પક્ષીઓ મુલાકાતે આવે છે તેટલાં પક્ષીઓ બીજે ક્યાંય આવતાં નથી. પાણીના જથ્થા સિવાય અન્ય ભૌગોલિક અને સ્થાનિક પર્યાવરણીય પરિસ્થિતિ આને માટે જવાબદાર છે. ચોમાસામાં ભારે વરસાદ હોય તો આખા સરોવર-વિસ્તારમાં ૮થી ૧૦ ફૂટ પાણી જોવા મળે છે. શિયાળો આવતાં તેમાં ૩થી ૪ ફૂટ જેટલું પાણી રહેવા પામે છે. ચોમાસામાં જળબંબાકાર દેખાતા સરોવરમાં પાણીની સપાટી ઊતરતાં નાનામોટા અનેક બેટો દેખાવા માંડે છે. નાનામોટા કુલ ૧૩૦ જેટલા બેટો પાણીની સપાટી ઊતરતાં ઊપસી આવે છે. કેટલાક મોટા અને ઊંચાણ ઉપર આવેલા બારમાસી બેટો ઉપર બાવળ અને પિલુની ઝાડીઓ જોવા મળે છે. બાકીના નાના બેટો ઉપર ગોયંદ્રો, વાંસી કે નાગરમોથ (ચીયો-સાયપ્રસ)નાં જૂથો વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. આ બેટો અને વિવિધ પ્રકારની વનસ્પતિની ઝાડી પક્ષીઓને સંરક્ષણ અને ખોરાક પૂરો પાડે છે. છીછરાં પાણીમાંથી માછલાં કે અન્ય જલીય જીવાતો મોટા પ્રમાણમાં સહેલાઈથી મળી રહે છે.



નળ સરોવરની વિશિષ્ટતા એ છે કે તે ચોમાસામાં મીઠાં પાણીનું સરોવર છે. પરંતુ શિયાળામાં અને ઉનાળામાં પાણીનું સ્તર ઘટતાં પાણીની ખારાશ વધવા માંડે છે અને શિયાળા બાદ જો ઉનાળામાં પાણી હોય તો તે તદ્દન ખારું બની જાય છે. આપણા ગામનાં તળાવોમાં આવું ભાગ્યે જ બને છે. પાણીની ખારાશ વધતાં જલજ વનસ્પતિના પ્રકારો પણ બદલાય છે. નળસરોવરમાં પ્રથમ વેલિસનેરિયા, નાયાસ જેવી જલીય વનસ્પતિને સ્થાને ક્રમશઃ કારા અને નાઈટેલા નામની વનસ્પતિનું પ્રમાણ વધવા માંડે છે. ઉનાળો આવતાં જ્યાં પાણી સુકાઈ જાય છે ત્યાં ક્ષારની છારી ઠેરઠેર જામેલી જોવા મળે છે. નાનાં

જળચર પ્રાણીઓમાં પણ ખારું અને મીઠું પાણી સહન કરી શકનારાં પાયલા જેવા શંખ અને અન્ય છીપો વધુ પ્રમાણમાં જોવા મળે છે. કદમાં નાની એવી ખારા-મીઠા બંને પ્રકારનાં પાણીમાં રહેનાર માછલી લગભગ આખું વર્ષ મળી રહે છે. ખોરાકના વૈવિધ્યને કારણે વિવિધ પ્રકારનાં પક્ષીઓ વર્ષ દરમિયાન આ સરોવરની કાયમ મુલાકાત લેતાં રહે છે. મુલાકાતી પક્ષીઓની વિવિધતા તેમને ઉપલબ્ધ વિવિધ પ્રકારના ખોરાકને આભારી છે. આમ, નળસરોવર પક્ષીઓ માટે ટકાવી રાખનાર પરિબળ, સ્થાનિક લોકો માટે જીવાદોરી, અને પર્યટકો માટે મનોરંજન અને અભ્યાસ માટેનું શ્રેષ્ઠ સ્થળ છે. પ્રવાસ અને પર્યટન વિભાગ તેમજ વન-વિભાગ આ સરોવરની ક્ષમતા વધારવા પ્રયત્નશીલ છે. અને વિવિધલક્ષી પ્રકલ્પોનું આયોજન કરે છે.

નળસરોવરની ઉત્પત્તિ : ભૌગોલિક દૃષ્ટિએ અને ભૂસ્તર-શાસ્ત્રીની દૃષ્ટિએ નળસરોવરની ઉત્પત્તિ વિશિષ્ટ છે. તે ડુંગરાળ પ્રદેશની ખીણોમાં પાણી ઝમીને એકઠું થયેલું સરોવર નથી, કે નથી નદીના પ્રવાહમાં રુકાવટ આવીને બનેલું સરોવર. નળસરોવરનો ઉદ્‌ભવ ખાડી (નાળ)માંથી થયેલો છે. લાખો વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર બેટ હતો અને ખંભાતનો અખાત અને કચ્છનો અખાત એક ખાડી-નાળ થઈ જોડાયેલા હતા. કાળક્રમે આ બંને છેડા નદીઓના મુખ્ય પ્રદેશોમાં કાંપથી પુરાવા માંડ્યા; વચમાં ખાડીનો જે ભાગ રહ્યો તે નાળ અગર નળસરોવરથી ઓળખાવા લાગ્યો. આજે પણ નાની ખાડીને નાળથી ઓળખવામાં આવે છે. નળસરોવરથી દક્ષિણપૂર્વમાં જમીનનો ઊપસી આવેલો ભાગ ભાલપ્રદેશ તરીકે ઓળખાય છે. દક્ષિણમાં લોથલ પાસે સાબરમતી નદી, અને ઉત્તરમાં ઝીંઝુવાડા પાસે રૂપેણ નદીનો મુખપ્રદેશ નળસરોવરની મૂળ નાળ-ખાડીનું અસ્તિત્વ દર્શાવે છે. નળસરોવરને નળ-દમયંતીનાં નામો સાથે જોડવાની ચેષ્ટા માત્ર મનોરંજન ખાતર છે. હાલમાં નળસરોવરમાં પાણીની આવક ઉત્તર ગુજરાતના કડી-વિરમગામ વિસ્તારમાં થતા વરસાદનાં પાણી ઉપર અવલંબે છે. દક્ષિણ-પશ્ચિમ છેડે મૂળ બાવળા પાસે વઢવાણ ભોગાવો દ્વારા વરસાદનું પાણી નળસરોવરમાં આવે છે. એકંદરે નળસરોવરનો સ્રાવપ્રદેશ ઓછા વરસાદવાળા અર્ધશુષ્ક પ્રદેશવાળો છે અને તેથી નળસરોવરમાં પાણીની આવક મર્યાદિત છે અને ક્યારેક દુષ્કાળની પરિસ્થિતિમાં નળસરોવર ઉનાળામાં તદ્દન સુકાઈ જાય છે. નળસરોવર સુકાઈ જતાં વેકરિયાથી રાણાગઢ (અંતર ૬ કિ.મી.) જીપ દ્વારા ઓળંગી શકાય છે. ત્યારે નિર્જળ નળસરોવરનો પટ જોઈને આપણું મન નિસાસો નાખે છે! આ દુઃખદ પરિસ્થિતિ નિવારવા અને નળસરોવર બારેમાસ પ્રવૃત્તિઓથી ધમધમતું રાખવા કોઈ નક્કર યોજના ઘડી કાઢવી જરૂરી લાગે છે. આ અંગે વિવિધ સ્તરે ચર્ચા-વિચારણા-અધ્યયનપ્રક્રિયા ચાલુ છે જેની ઝાંખી અત્રે પ્રસ્તુત કરી છે :

નળસરોવર વિકાસ પ્રકલ્પ :

નળસરોવરના વિકાસ પ્રકલ્પનો વિચાર કરતા ત્રણ વિરોધાભાસી મુદ્દાઓ નજર સમક્ષ આવે છે. જેમ કે -

(૧) પ્રવાસ-પર્યટનના વિકાસને ઉત્તેજન

(૨) પક્ષી અભયારણ્યનો વિકાસ અને સંરક્ષણ

(૩) મત્સ્ય ઉદ્યોગને ઉત્તેજન

(૧) પ્રવાસ-પર્યટનને ઉત્તેજન : મોટા ભાગનાં પર્યટકો કે સહેલાણીઓ માત્ર મનોરંજન માટે જ નળસરોવરની મુલાકાત લે છે. સહેલાણીઓનાં ધાડાં ઘોંઘાટ અને ગંદકી કરી પક્ષી-અભયારણ્યના શાંત વાતાવરણને દૂષિત કરે છે. ઘણી વાર પ્રવાસીઓના નામે અસામાજિક તત્ત્વો ત્યાં પ્રવેશે છે. આવાં તત્ત્વો પક્ષીઓનો ગેરકાયદેસર શિકાર કરી શહેરોની થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટેલોને મોટી સંખ્યામાં પક્ષીઓ પૂરાં પાડે છે. તેમાં સ્થાનિક તત્ત્વો સાથ આપે છે. મોટી સંખ્યામાં પક્ષીઓના શિકાર માટે વિવિધ પ્રકારની જાળ બિછાવવાની તરકીબો કરે છે. પક્ષીઓને જાળના સકંજામાં લેવા ગોઠવાયેલી તરકીબોને ધરાબ કહે છે. આવી ધરાબનું સંચાલન દૂરથી છુપાઈને થાય છે. બેટ ઉપર પક્ષીઓ બેસવા જતાં આ દૂર સંચાલિત ધરાબમાં ફસાઈ જાય છે, અને પક્ષીઓ શિકારનો ભોગ બને છે. પ્રવાસીઓ, નળસરોવરનાં લોકો માટે મોટામાં મોટું આવકનું સાધન છે. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે પક્ષીઓ સલામત હશે તો જ પ્રવાસીઓ ત્યાં આકર્ષાશે. આમ, અત્યારે પ્રવાસીઓને ઉત્તેજન એ પક્ષી-અભયારણ્યને જોખમમાં મૂકવાની પ્રક્રિયા છે, છતાં પ્રવાસીઓ અને પક્ષીઓ બંનેનાં હિત સચવાય તેવું આયોજન શક્ય છે.

(૨) પક્ષી અભયારણ્યનો વિકાસ અને ઉત્તેજન: નળસરોવરમાં પાણીની અછત અથવા અનિયમિત આવક-જાવક પક્ષીઓની સંખ્યા અને વિવિધતા ઉપર ખૂબ માઠી અસર કરે છે. અતિ ઊંડું અગર અતિ છીછરું પાણી અનેક સમસ્યાઓ ઊભી કરે છે. આખું વર્ષ તૃષ્ટિમાન પાણીનું સ્તર જળવાય અને અનુકૂળ ક્ષારતા કે P^H જળવાય તે માટે સતત મોનિટરિંગ જરૂરી છે. મુલાકાતી પક્ષીને પૂરતા પ્રમાણમાં ખોરાક અને સંરક્ષણ મળી રહે તેવું આયોજન જરૂરી છે.

(૩) મત્સ્ય ઉદ્યોગને ઉત્તેજન: મત્સ્ય-ઉદ્યોગ વિકસાવવા માટે મોટાં ઊંડાં જળાશયો હોવાં જરૂરી છે. નળસરોવરને મોટા ઊંડા જળાશયમાં ફેરવવામાં આવે તો તે પક્ષીઓ માટે અનુકૂળ નથી. પક્ષીઓ માટે છીછરાં અને માછલીઓ ઉપરાંત છીપ જેવાં

પ્રાણીઓ પણ મળી રહે તેવાં જળાશયોની જરૂર છે. આમ, બહોળો મત્સ્ય-ઉદ્યોગ અને અભયારણ્યમાં પક્ષી-સંરક્ષણ બંને પરસ્પર વિરોધાભાસી પ્રકલ્પો છે.

નળસરોવરના વિકાસ માટે આ ત્રણ પ્રકલ્પો એકબીજાથી વિરોધાભાસી છે. પ્રથમ દૃષ્ટિએ નળસરોવર માટે આ વિકલ્પો એકસાથે વિચારવા કદાચ વ્યવહારુ ન પણ લાગે(!). નળસરોવર ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આ ત્રણે વિરોધાભાસી વિકલ્પોને એકીસાથે મેળ બેસાડી શકાશે એવી એક રજૂઆત કરવામાં આવી હતી. આ વિકલ્પોનો સૈદ્ધાન્તિક સ્વીકાર થયો છે. પરંતુ તે અંગેનો પ્રકલ્પ હજુ હાથ ધરાયો નથી.

વૈકલ્પિક મહાપ્રકલ્પ : આ મહાપ્રકલ્પનો આશય 'એક કાંકરે ત્રણ પક્ષી મારવાં', માફ કરજો, એક મહાપ્રકલ્પ મારફત ત્રણે પ્રકલ્પોને જીવાડવાનો છે.

પ્રકલ્પની રૂપરેખા -

(૧) નર્મદા કૅનાલની એક નરસિંગપુર કે વિરમગામ શાખા મારફત નળસરોવરમાં પાણી છોડવામાં આવે. સૌરાષ્ટ્ર શાખાની ભાસ્કરપુરા શાખાનું પાણી નળસરોવરમાં લાવવાનું નક્કી કરેલ છે.

(૨) શાહપુર - નાની કઠેચી વચ્ચે આ કૅનાલનું પાણી લાવી ત્યાં મત્સ્ય-ઉદ્યોગ માટેનાં આવશ્યક તળાવો અને જલસંગ્રહાલય તૈયાર કરવાં. આ જળાશયોમાં બારેમાસ પાણી ભરેલું રાખવું. રાણાગઢ પાસે મત્સ્ય-ઉદ્યોગનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે.

(૩) આ જળાશયોમાંથી નિયંત્રિત માત્રામાં સમયાંતરે નળ-સરોવરમાં પાણી છોડતા રહેવું, જેથી ત્યાં પાણીની સપાટી ૩-૪ ફીટથી વધે નહીં કે ઘટે નહીં. આમ કરવાથી બેટોનું અસ્તિત્વ જળવાશે.

(૪) નળસરોવરનો અત્યારનો મુખ્ય ભાગ પક્ષી-અભયારણ્ય તરીકે અનામત રાખવો. તેનું નિયંત્રણ વન-વિભાગને હસ્તક રાખવું. અભયારણ્યનો વિસ્તાર પણ વધારી શકાય તેમ છે.

(૫) ભાસ્કરપુરા નરસિંગપુર કે વિરમગામ શાખાનો એક ફાંટો તેમજ મત્સ્યાલયના-વેસ્ટ વિયરના ભાગનું પાણી નળ-સરોવરના પૂર્વ ભાગમાં કાયલા વકેરિયા-શિયાળ ભાગમાં લઈ જવો. બીજો ફાંટો ભગ઼઼નપુરા, રાણાગઢ તરફ પણ વાળી શકાય તેમ છે.

(૬) કાયલા, અણિયાળી, વકેરિયા અને શિયાળ સુધીનો નેહર વિસ્તાર અને જલવિભાગ ટૂરિસ્ટ રીક્રિએશન સેન્ટર તરીકે વિકસાવવો. ત્યાં બોટિંગ, ઘોડેસવારી કે અન્ય મનોરંજનનાં સાધનો ઊભાં કરી ટૂરિસ્ટોને આકર્ષી શકાય તેમ છે. આ સ્થળે પક્ષીઓ પણ ખૂબ જોવા મળશે.

(૭) વકેરિયા-શિયાળ-બગોદરા ધરી ટૂરિસ્ટો માટે વિકસાવી આગળ તે લોથલ સુધી લંબાવી શકાશે. લોથલ એ હડપ્પન સંસ્કૃતિ ધરાવતું ૩૦૦૦ વર્ષ જૂનું સ્થળ છે. ત્યાં મ્યૂઝીઅમ વગેરેની સગવડ પણ છે.

(૮) નળસરોવરની સહેલ કરવા આવેલાં ટૂરિસ્ટો જો રસ ધરાવતાં હોય તો તેમને લોથલ સુધી લાવવા-લઈ જવાનો પ્રવાસ-કાર્યક્રમ ટૂરિઝમ ડિપાર્ટમેન્ટ હાથ ધરે તો ટૂરિસ્ટો મોટી સંખ્યામાં આવવા પ્રેરાય.

(૯) મત્સ્યઉદ્યોગ, પક્ષી-અભયારણ્ય અને પ્રવાસ-પર્યટન અલગ અલગ છતાં એક સંકુલમાં મેગા પ્રોજેક્ટ નીચે આવરી શકાશે. આખો મેગા પ્રોજેક્ટ મોટી આવકનું સાધન પણ બનશે અને પર્યાવરણ પણ સાચવશે.

(૧૦) મેગા પ્રોજેક્ટનું આયોજન-મોનિટરિંગ વગેરેનું સંચાલન નર્મદા-પ્લાનિંગ ગ્રૂપને હસ્તક રાખી ગાંધીનગરથી તેનું તમામ સંચાલન થઈ શકે તેમ છે.

આવા મેગા પ્રોજેક્ટના આયોજન દ્વારા નળસરોવર અને તેની સાથોસાથના હજારો ચો.કિ.મી.ના વિસ્તારમાં રોજગારીની તકો, ખેતીની સુધારણા અને વન્ય પ્રાણીઓના સંરક્ષણની બાબતોનો આપોઆપ ઉકેલ આવશે. ટૂંકમાં અમદાવાદ જિલ્લો તેમ જ સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાના કેટલાક ભાગોનો વિકાસ તેના દ્વારા સાધી શકાશે.

(અનુસંધાન પૃ. ૪૭ પર)

ભૌગોલિક સ્થાન : અક્ષાંશ : અક્ષાંશ ૨૨° ૭૮', N To 22 96' N
રેખાંશ ૭૧° ૯૨', E To 72 64' N

અમદાવાદથી અંતર : .... ૬૫ કિ.મી.

નળ સરોવરનો વિસ્તાર (ચોમાસામાં).......... ૩૫૦ ચો.કિ.મી.

નોટી ફાઈડ પક્ષી-અભયારણ્ય.......... ૧૨૦ ચો.કિ.મી.

કુલ બેટોની સંખ્યા.................... ૩૦૦ (નાના મોટા)

નળ સરોવર ઉપર નભતાં પક્ષીઓની (કુલ મુલાકાતી ૨,૨૪,૦૦૦ વાર્ષિક) સંખ્યા (જાતિ).......... ૨૧૦

માછલીઓના પ્રકાર.......... ૨૦

અન્ય પ્રાણી પ્રકારો...... ૭૬

સપુષ્પ વનસ્પતિ ૭૨

જળચળ-સેવાળ વગેરે......... ૪૮

કુલ સ્ત્રાવ પ્રદેશ વિસ્તાર ૧૦,૦૦૦ ચો.કિ.મી. નર્મદા કેનાલ- સૌરાષ્ટ્ર શાખા - ભાસ્કરપુરા શાખા અને અન્ય શાખાઓ સહિત.

નળ સરોવરને મળતી નદી....... બ્રાહ્મણી નદી (નાની)

નળ સરોવરનું તળિયું....... સમુદ્ર-ખાડીનો ખારો પાટ

પાણી........... ચોમાસામાં મીઠું (પીવાલાયક)
ચોમાસા બાદ - ખારું

ગેસ્ટ હાઉસ..... વકેરિયા

રેન્જ ઑફિસ......... સાણંદ

મુખ્ય વસ્તી....... પઢાર, કોળી, મુસલમાન, ડફેર વગેરે.

માહિતી/સંશાધન કેન્દ્ર........GEER ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પાર્ક, ગાંધીનગર.

(આથમતાં અજવાળાં - ૨૨)

ફટાણાં

ભગીરથ બ્રહ્મભટ્ટ

રેલગાડી આઈ મુંમઈનો માલ લાઈ,
મારી બૅ'ની સાસરિયે લીલાલે'ર છ્અ.
ગાડીમાં ભર્યા કાંકરા, જૉનૈયાં બધાં માંકરાં
મારી બૅ'ની સાસરિયે લીલાલે'ર છ્અ.

બબ્બે ત્રણત્રણ ફૂટ હાથ લાંબાટૂંકા કરી, ગળુ ફુલાવી, આંખો નચાવીને ગવાતાં ફટાણાં હવે ઓછાં સાંભળવા મળે છે. હાથ અને ડોક લાંબાં-ટૂંકાં કરી, ગળાની નસો સૂજેલી દેખાય એ રીતે સ્ત્રીઓ, બંને પક્ષને સામસામે આ રીતે ગાળોમાં ગાતી હોય છે. બીજા અર્થમાં ભાંડતી હોય છે. એનો પણ એક આનંદ પડતો હતો. એનોય નશો હતો. હવે તો એ ગાનારીઓય નથી રહી અને સાંભળનારાંય ક્યાં છે? એ વિકૃતિમાંય મનોરંજનનું સત્ત્વ તો હતું જ.

ફટાણાંનો ખરો સંગ્રામ માંડવે અને ચૉરીમાં મંડાતો હતો. આમ તો ફટાણાં એ લગ્નગીતનો જ એક પેટાપ્રકાર છે. પ્રત્યેક વિધિવિધાન વખતે પ્રસંગાનુરૂપ લગ્નગીતો હોય તેમ અમુક અમુક પ્રસંગે ફટાણાં પણ હોય... ફટાણાં દ્વારા કોઈનીય ઉપેક્ષા નહિ, બલકે ઉપેક્ષા કરીને એની વધારે અપેક્ષાનો ભાવ એમાંથી પ્રકટતો હોય છે. આમ તો 'ફટ' શબ્દ ઉપરથી 'ફટાણું' ઊતરી આવ્યાનું મનાય છે. કોઈને 'ફટ' કરવા કે કહેવા અથવા ફટકારવા, ફિટકાર આપવો એ સંદર્ભોમાં એનો અર્થ જોઈ શકાય. ગામડાંમાં ફટાણું એ તો ગાળનું ગાણું છે. કન્યાપક્ષને ત્યાં વરપક્ષવાળાં પહોંચી ગયાં હોય એ વખતે કન્યાપક્ષની બહેનો અને વરપક્ષની બહેનો અછતી રહે જ નહિ... સામસામે ફટાણાં દ્વારા સામૈયું કરતી નજરે પડે ! પુરુષો 'સામૈયું' કરે એવું જ સ્ત્રીઓ 'ફટાણાં'થી મળે. 'ફટાણાં'માં દ્વેષ છે, ઈર્ષ્યા છે વગોવણી છે - જે સ્ત્રીઓને સહજ હોય છે. લગ્નટાણે પુરુષો પ્રેમથી મળે છે. જ્યારે સ્ત્રીઓ પરસ્પર ગાળથી મળે છે. આ મોટો ભેદ છે. એમની દ્વેષપૂર્ણ પ્રકૃતિનું એ દ્યોતક દૃષ્ટાંત. ફટાણાં લગ્નપ્રસંગે જુદીજુદી વિધિમાં જુદાં જુદાં ગવાય છે, જોઈએ : ગોર મહારાજને કેન્દ્રમાં રાખી ગવાતાં ગીત (ફટાણાં)

ગોર આયા કંકુનાં પગલે ગોર કુંવારા રે
ગોર પૈણે કન્યાની માને ગોર કુંવારા રે

*

ગોર કરો રે ઉતાવળ ગોર જટપટિયું
ગોરનું નળિયા જેવડું નાક ગોરનું ગોળી જેવડું પેટ
ગોરના ડુંગળી - શા ડોળા ગોર જટપટિયું

*

સામૈયા વખતે ગવાતાં ફટાણાં :

આવડા આ-હૂડા (મોડા) શેં આયા મારા વેવઈઓ રે
રાતે ગધાડી વીયોંણી મારા વેવઈઓ રે
ઈની હુવાવડ કરવા રહ્યા'તા મારા વેવઈઓ રે

*

લાડા તારી લૂણારી ચ્યોં મેલી ઝોલો લ્યો
એ ખીજડે વળગાડી, ખોખાં ખાશે, મોટી થાશે
વળતાં લેતાં જૈશુ લ્યા ઝોલો લ્યો

જમવા વખતે જાનૈયાઓને અને વરને ગવાતાં ફટાણાં :

લાડો લાડી જમે રે કંસાર
લાડો તો કાળમાંથી આયો રે
લાડો તો ડૂચે ડૂચે મંડ્યો રે...

*

ઊંચી ઊંચી વાદળીમાં વેંમાન ચાલે
નીચેની દનિયા જોયા કરે
ભણેલાં વિમુબૂન વેંમાન ચલાવે
અભણ રમેશભઈ જોયા કરે...

*

પાટલા લ્યો રે, પાટલા લ્યો
સુથારીના છોકરા પાટલા લ્યો
પાટલા ન લ્યો તો તમારી બૈયરો
સુથારીને જાશે પાટલા લ્યો.

પોંખણી વખતે ગવાતાં ફટાણાં :

*

ઉઘાડો જમાઈરાજ આંખડી, જુઓ સાસરિયાંનું રૂપ
એક કાણો બીજો કૂબડો ત્રીજો ચંદરમાનું તેજ

*

ઉઘાડો વિમુબૂન આંખડી જુઓ સાસરિયાંનું રૂપ
એક કાણો બીજો કૂબડો ત્રીજાનો તૂટેલો હોઠ

*

છૈયો ચેદાડાનું પૈણું પૈણું કરતો'તો
ઈના માના લગને પૈણતો'તો...

*

સાંભળ રે છેનાળના છૈયા શિખામણો દૌ છું.

*

માડીના ખોળા બેને વિસારી મેલ્યા, સાસુના ખોળા વાલા લાગ્યા રે.

*

ફટાણાંમાં પ્રાસતત્ત્વની ચમત્કૃતિ હોય છે. એક પક્ષનાં ગુણગાન-સ્તુતિ અને બીજા પક્ષની નિંદા એમાં અભિવ્યક્ત થતી

હોય છે.

હોળ વરહના હોમલાને ફેરા ફરતાં નાવડ્યા
આજકાલનાં બાળક બેની, ફેરા ફરતાં આવડ્યા !

આ પંક્તિઓ ફટાણાંની છે. કન્યાપક્ષની બહેનો જ આમ બોલે, તેઓ કન્યાને બચ્ચું માને છે અને આવડતવાળી કહે છે; જ્યારે વરને ઢાંઢો અને અણઆવડતવાળો કહી નિંદે છે. એ જ રીતે સામા પક્ષવાળી બહેનો આમ બોલે -

હોળ વરહની હોમલીને ફેરા ફરતાં નાવડ્યા
આજકાલના ભીખાભૈને ફેરા ફરતાં આવડ્યા !

ફટાણાંનું પ્રયોજન તો હાસ્ય નિષ્પન્ન કરવાનું, મજા-મસ્તી, આનંદ-પ્રમોદ કરવા-કરાવવાનું છે. પરંતુ એમાંથી ઘણી વાર મોટા પ્રશ્નો પણ ઊભા થતા હોય છે, અને પરિણામે બંને પક્ષે લાંબા સમય સુધી વેરભાવના ચાલતી રહે છે.

લોકગીતોનો સર્જનકાળ જ સામંતયુગનો છે. એટલે વિજ્ઞાનના આગમન પહેલાંનો એ સમય કહી શકાય. મનોરંજનનાં સાધનો ત્યારે ઓછાં હતાં. નાતજાતના ખયાલો તીવ્રપણે સમાજમાં હતા. લોકો સમાજના રીતરિવાજોમાં ગરકાવ હતાં. પ્રેમલગ્ન શબ્દ પણ ત્યારે તો નવો ગણાય એવો સમય હતો. મોટેરાંની આમન્યા અને ધાકનું પ્રમાણ અસરકારક આણ વરતાવી રહ્યું હતું. સમાજમાં એનું મૂલ્ય હતું. લગ્નગીતો દ્વારા વરકન્યાને એકમેકને માટે ભાવ જન્મતો અને વધતો. ગીતો દ્વારા જ પાત્રો માનસિક આનંદ પામતાં, મનોરંજન મેળવતાં. ફટાણાં દ્વારા ગંભીર વાતાવરણ હળવું બની જતું અને ચારેતરફ હાસ્ય, મુક્તહાસ્યની છોળો ઊડતી.

લાડાને 'કાળો ને કચરાળો' કહેવો અને કન્યાને 'રઢિયાળાં બા' કહેવાં એમાં પણ કન્યાપક્ષનો કન્યા પ્રત્યેનો દેખીતો પક્ષપાત જરૂર નજરે ચઢે. 'વર'ને તો હાસ્યથી બેવળ વળી જાય, ગુસ્સે ભરાય એવી ગાળો પણ ભાંડવામાં આવે છે.

'છિનાળના પાછેરો રેજે, મારું માણેકડું અભડાશે રે...'

વરપક્ષ અને કન્યાપક્ષ સામસામે આવી જાય અને બંને પક્ષની કન્યાઓ ઉઘાડી ને ઢાંકેલી ગાળો પદ્યમાં ગેયતાપૂર્વક ભાંડે એમાં લયાનુસાર એમનાં હાથ-આંખનાં નર્તનો પણ નોંધપાત્ર રીતે આલેખાવાં જોઈએ. અવાજની માત્રાઓ પણ જે ગતિએ ઊંચી-નીચી થતી હોય તે બધું જ નોંધવું જોઈએ. કન્યાપક્ષ વરની મા, કાકી, મામી, માસી, ભાઈ, કાકા, મામા, માસી વગેરેને ગાળમાં વણે છે. તે જ રીતે વરપક્ષવાળાં વળતો જવાબ આપે છે. એ જવાબો પણ એટલા જ વિચક્ષણ હોય છે. લગ્નની વિધિઓ અને એ પ્રમાણે આવતાં પ્રસંગાનુસારી ગીતોમાં ફટાણાં વણી લેવામાં આવે છે.

જાન આવી ગયા પછી સામૈયાનો વિધિ થતો હોય છે. એ રીતે આવનાર જાનનું સન્માન થાય છે. વરરાજાને જાણે અડીને કન્યાપક્ષની ગાનારીઓની ઘૂમર બેસી જાય છે. પછી ફટાણાંની ઝડી વરસવા માંડે છે :

પેલો પરણ્યો પૂછે માડી, લેલાટ ગાડાં જોડ્યાં
તમે ક્યાં ગ્યાં'તાં માડી ? લેલાટ ગાડાં જોડ્યાં.

સામો જવાબ -

તારો બાપ લેવા જઈ'તી, લેલાટ ગાડાં જોડ્યાં.

પાછો પ્રશ્ન -

ચેટલા બાપા લાઈ ? લેલાટ ગાડાં જોડ્યાં.

સામો જવાબ -

બાર બાપા લાઈ, લેલાટ ગાડાં જોડ્યાં.

લગ્નગીતોના આ પેટાપ્રકારમાં નાદસૌંદર્યનો મોટો મહિમા થતો હોય છે. હવે તો ફટાણાંના અવશેષો જ રહ્યા છે. મૂળ બોલ અને ઢાળ પણ ભુલાતા જાય છે. જ્ઞાતિઓ જ ભૂંસાવા માંડી છે ત્યાં લગ્નગીતોને ક્યાં શોધવાં ? એમાંય ફટાણાં તો દુર્લભ. ફટાણાં વાસનાના વિરેચનનું કામ કરતાં, એનાથી સમાજમાં એક પ્રકારની માનસિક મનોરંજકતા માણવાની મોકળાશો ઊભી થતી. એનું સ્વરૂપ વિકૃત ભલે લાગે, પણ એ નિર્દોષ જરૂર હતાં. એ નિર્દોષતાને કારણે એની ગાળ સહ્ય બની જતી. ભૌતિક અને માનસિક જરૂરિયાતોના અભાવના ઉત્તરરૂપે ક્યારેક ફટાણાં આવ્યાં હોય એમ પણ કહી શકાય. અભાવો વચ્ચે પણ મનોરંજકતા ક્યાં ક્યાંથી મળી શકે એમ છે તેનું ફટાણાં પણ ઉદાહરણ બને છે. આજે તો વધતા જતા વિજ્ઞાને બહેનોનો કંઠ ઝૂંટવી લીધો છે. એટલે ફટાણાં ભૂંસાવા લાગ્યાં છે, ક્યાંય એનાં દર્શન થતાં નથી. ક્યાંક ક્યાંક થાય છે તો પણ એની તીક્ષ્ણતાની ધાર બુઠ્ઠી થઈ ગયેલી માલૂમ પડે છે. □

અનુસંધાન] નળસરોવર....[પૃ. ૪૫ થી

હાલમાં અર્ધશુષ્ક વેરાન અને પછાત વિસ્તારની કાયાપલટ આ મેગા પ્રોજેક્ટ હાથ ધરવાથી થશે. નળસરોવર માત્ર સહેલાણીઓ માટે કેવળ મનોરંજનનું સ્થળ ન રહેતાં સ્થાનિક લોકોનો ઉત્કર્ષ, પ્રવાસીઓ માટે મનોરંજન ઉપરાંત અભ્યાસક્ષેત્ર અને યાયાવર પક્ષીઓ માટે વિશાળ નૈસર્ગિક બારમાસી અભયારણ્ય બની રહેશે. વન્ય પ્રાણીઓ - કાળિયાર, નીલગાય અને જંગલી ગધેડાંઓને નવું અભયારણ્ય મળી રહેશે. નર્મદાની આ ભાગની નહેરો આ પછાત વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવામાં મુખ્ય ભાગ ભજવશે.

આર્થિક રીતે સક્ષમ આ આખો નળસરોવર મહાપ્રકલ્પ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં એક અજાયબીભર્યો પ્રકલ્પ બની રહેશે. નર્મદા પ્રોજેક્ટની સફળતા બાદ આ નળ-સરોવર મહાપ્રકલ્પ હાથ ધરવો આપણે માટે અશક્ય નથી. □

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૧

ચૈતાલી શાહ

કૈલાસમંદિર : ઈલોરા


ઈલોરાની ગુફાઓમાં આવેલ કૈલાસનું મંદિર ભારતમાં બનેલ ખડક-સ્થાપત્યકલાનો સર્વશ્રેષ્ઠ નમૂનો ગણાય છે. એક અભિપ્રાય પ્રમાણે વિશ્વસ્તર પર પણ આ પ્રકારના સ્થાપત્યનો તે ઉત્કૃષ્ટ નમૂનો છે. આઠમા સૈકામાં ગુફા કંડારવાની શૈલી દક્ષિણમાં ફેલાઈ અને તેની સિદ્ધિની પરાકાષ્ઠા ઈલોરાના કૈલાસમંદિરમાં પરિણમી.

ઈલોરામાં ખડક-સ્થાપત્યને ચાર પ્રકારમાં વર્ગીકૃત કરાય છે. પ્રથમ, બૌદ્ધ વિહારની રચના પ્રમાણે તૈયાર થયેલ ગુફાઓ. બીજું, મધ્યમાં બનાવાયેલ ગર્ભગૃહની ચોતરફના પ્રદક્ષિણા-પથવાળી ગુફાઓ. ત્રીજું, ખડકમાંથી કોરીને બનાવાયેલ નાના મંદિર જેવી ગુફાઓ અને ચોથું, જેને રચનામૂલકના પૂર્ણ મંદિરમાં ગણાવી શકાય તેવી રચના. કૈલાસ મંદિર એ આ ચોથા પ્રકારના સ્થાપત્યનો નમૂનો છે. રાષ્ટ્રકૂટ રાજાઓના આશ્રયે આઠમી સદીના ઉત્તરાર્ધમાં તૈયાર થયેલ આ મંદિર એક વિશાળ શિલ્પ સમાન જ છે.

ખડક-સ્થાપત્યના આ મંદિરની ઊંચાઈ ૩૦ મીટર કરતાં પણ વધુ છે અને તેનો ફેલાવો ૯૦ મીટરની ઊંડાઈ તથા ૫૨.૫૦ મીટર પહોળાઈવાળો છે. આ મંદિરની મુખ્ય અક્ષ પૂર્વ-પશ્ચિમની છે. મંદિરનાં વિવિધ અંગોમાં મુખ્ય મંદિર, નંદિમંડપ, તોરણદ્વાર તથા પ્રાંગણની બંધ પરસાળ મુખ્ય છે. આમાંનું મુખ્ય મંદિર ૭.૫૦ મીટર જેટલી ઊંચી પ્લિન્થ પર બનાવાયું છે અને તેનું બાહ્ય માપ ૪૯.૨૦x૩૨.૭૦x૨૮.૮૦ મીટરનું છે. દક્ષિણ ભારતના પૂર્વકાલીન મંદિર પ્રમાણે આ પ્લીન્થ પર પણ વિવિધ શિલ્પો કંડારાયેલાં છે.

આ મંદિરનું શિખર ત્રિ-પંક્તિવાળું છે જેના મુખ્ય શૃંગની ઊંચાઈ ૨૮.૮૦ મીટર, જેટલી છે. મંદિરના આ ભાગમાં શાસ્ત્રીય નિયમો અનુસાર મંડપગૃહ, ગર્ભગૃહ તથા અંતરાલ બનાવાયેલ છે. આ મંડપગૃહ આશરે ૨૧.૦૦x૮.૬૦ મીટરનો છે, જેના ૧૬ થાંભલા ચાર ચતુષ્કીમાં આવેલા છે.

નંદિમંડપ ૬ મીટર બાજુવાળી ચોરસ મંડપિકાથી બનાવાયેલ છે. તેની એક તરફ મંડપગૃહને જોડતો સેતુ છે, જ્યારે બીજી તરફ બે માળનું તોરણદ્વાર છે. આ મંદિરની એક વિશિષ્ટ ખાસિયત પ્રમાણે નંદિમંડપની ઉત્તર-દક્ષિણે આશરે ૧૫.૩૦ મીટર ઊંચા ધ્વજદંડ સમાન બે સ્તંભ તથા વિશાળકાય હાથી કોતરાયાં છે.



કૈલાસમંદિર - ઇલોરા

આ મંદિરમાં શ્રેષ્ઠ કોટીનું શિલ્પ-સ્થાપત્ય પણ જોવા મળે છે. આ આખું મંદિર એક શિલ્પ જેવું છે. અહીંની કોતરણીમાં પૌરાણિક કથાઓ, રામાયણ તેમજ મહાભારતના પ્રસંગો કંડારાયા છે. અહીં શિવ-નટરાજનું નૃત્ય, શિવ-ભૈરવનો કોપ તથા તેમની સંહારક શક્તિના જુસ્સા સામે પ્રેમનો મૃદુભાવ પણ અસરકારક રીતે કંડારાયો છે. આ મંદિરનાં ઘણાં શિલ્પ અહીં ઉલ્લેખવાયોગ્ય છે. જેમ રાવણ દ્વારા કૈલાસ પર્વતને હલાવવાનો પ્રસંગ દર્શાવતાં શિલ્પમાં વિવિધ વ્યક્તિઓના હાવભાવ જીવંત લાગે છે તેમ અહીં દરેક શિલ્પમાં પ્રમાણમાપ તથા સુશોભન સાથે હાવભાવને ખાસ મહત્ત્વ અપાયું છે. ભારતીય શિલ્પ-કળામાં શંકર-પાર્વતીના ઉલ્લેખનીય નમૂનાઓમાં કૈલાસનાં શિલ્પોનો અચૂક સમાવેશ થાય છે.

રચનામૂલક મંદિરોમાં જે રીતે શિલ્પ બહાર પ્રાંગણમાં કંડારી તેના નિશ્ચિત સ્થાને જડવામાં આવે છે તેમ ખડક-સ્થાપત્યમાં શક્ય નથી. અહીં તો પ્રમાણમાં ઓછા ઉજાસવાળી સપાટી પર સાવચેતીથી શિલ્પ કંડારવાં પડે છે, કારણ કે તેમાં ક્ષતિ રહી જતાં પથ્થરની ફેરબદલ શક્ય નથી હોતી. આવા સંજોગોમાં પણ ઈલોરાનાં શિલ્પોમાં જે ગુણવત્તા આવી છે તે ખરેખર પ્રશંસનીય છે.

મંદિરના આવા વર્ણન સાથે ખડક સ્થાપત્યનો આ નમૂનો વિશ્વસ્થાપત્યનું સિમાચિહ્ન કેમ ગણી શકાય તે સમજીએ. સૌપ્રથમ તો આટલું વિશાળ મંદિર ખડકમાંથી કોતરી કાઢવું તે વાત જ અજાયબી સમાન છે. એક સંશોધન પ્રમાણે તેની રચનામાં ૮૦થી ૧૦૦ વર્ષ થયાં હોવાં જોઈએ અને આટલાં વર્ષોમાં કારીગરોએ બેજોડ ધીરજ દાખવી કામ કર્યું હોવું જોઈએ. જો તેને એક શિલ્પ ગણવામાં આવે તો પણ આ સર્જન એક જાદુઈ રચના ગણાય; પરંતુ આ તો સાથેસાથે હેતુપૂર્ણનું સ્થાપત્ય પણ છે.

આ મંદિરની બીજી અન્ય ખાસિયત એ છે કે ભલે તે

(અનુસંધાન પૃ. ૫૦ પર)

યોગવિજ્ઞાનનું અમોઘ સાધન: પ્રાણાયામ


ડૉ. પી.ડી.શર્મા

પ્રાણાયામનો શાબ્દિક અર્થ 'પ્રાણનો આયામ' એટલે પ્રાણનો વિસ્તાર કરવો એવો થાય છે. મહર્ષિ પતંજલિએ પ્રાણાયામની વ્યાખ્યા આપતાં પાતંજલ યોગસૂત્રના સાધનપાદના ૪૯મા સૂત્રમાં લખ્યું છે : तस्मिन सति श्वासप्रश्वासयोर्गति विच्छेदः प्राणायामः। અર્થાત્ શ્વાસોચ્છ્વાસની ગતિનો વિચ્છેદ કરી પ્રાણને રોકવો તેનું નામ પ્રાણાયામ. કેટલાંક લોકોની માન્યતા પ્રમાણે 'પ્રાણ' શબ્દનો અર્થ કેવળ 'વાયુ' જ થાય છે, પણ એ માન્યતા ભ્રામક છે. 'પ્રાણ' શબ્દનો અર્થ 'વાયુ' કરતાં વધારે વ્યાપક છે. પ્રાણ તો વાસ્તવમાં પ્રાણશક્તિ અથવા જીવનશક્તિ છે, જે સ્થૂળ પૃથ્વી પર પ્રત્યેક વસ્તુનું સંચાલન કરતી જોવામાં આવે છે અને જગતમાં વિચારના રૂપમાં રહે છે. બીજી રીતે જોઈએ તો પ્રાણનો સંબંધ મન સાથે, મનનો સંબંધ બુદ્ધિ સાથે, બુદ્ધિનો સંબંધ આત્મા સાથે અને આત્માનો સંબંધ પરમાત્મા સાથે છે. આ રીતે પ્રાણાયામનો ઉદ્દેશ શરીરમાં વ્યાપ્ત પ્રાણશક્તિને ઉત્પ્રેરિત, સંચારિત, નિયમિત અને સંતુલિત કરવાનો છે. એટલા માટે જ પ્રાણાયામને યોગવિજ્ઞાનનું એક અમોઘ સાધન ગણવામાં આવ્યું છે.

પ્રાણાયામનું મહત્ત્વ : યોગશાસ્ત્રોમાં પ્રાણાયામને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વ્યાસ ભાષ્યમાં કહ્યું છેઃ तपो न परं प्राणायामात् । ततो विशुद्धिर्मलानां दीप्तिच्य ज्ञानस्थ । અર્થાત્ પ્રાણાયામ કરતાં મોટું કોઈ તપ નથી. એનાથી મળ દૂર થાય છે અને જ્ઞાનનો ઉદય થાય છે. મનુએ પણ કહ્યું છેઃ

दह्यान्ते ध्यायमानानां धातूनां हि यथामलाः ।
तथोन्द्रियाणां दह्यान्ते दोषाः प्राणस्य निग्राहात् ॥

અર્થાત્ જેવી રીતે અગ્નિમાં સોનું વગેરે ધાતુઓ ગાળવાથી તેમનો મેલ દૂર થાય છે તેવી જ રીતે પ્રાણાયામ કરવાથી શરીરની ઇન્દ્રિયોનો મળ દૂર થાય છે. પ્રાણાયામ પતંજલિએ દર્શાવેલ 'અષ્ટાંગયોગ'નું ચોથું અને અતિ મહત્ત્વનું અંગ છે. જો કોઈ પણ યોગ પ્રાણાયામનો બહિષ્કાર કરે તો તે યોગ જ ન રહે. એટલા માટે જ પ્રાણાયામ 'યોગનો આત્મા' કહેવાય છે. જેવી રીતે શરીરની શુદ્ધિ માટે સ્નાનની



સિદ્ધાસન



પ્રાણાયામ



પદ્માસન

જરૂર પડે છે તેવી જ રીતે મનની શુદ્ધિ માટે પ્રાણાયામની જરૂર પડે છે.

પ્રાણાયામના ફાયદાઓ: નિયમિત પ્રાણાયામ કરવાથી નીચે દર્શાવેલ ફાયદા થાય છે :

(૧) પ્રાણાયામથી દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે, સ્મરણશક્તિ વધે છે અને માનસિક રોગો દૂર થાય છે. (૨) પ્રાણાયામથી શરીર સ્વસ્થ તથા નિરોગી રહે છે અને વધુ પડતી ચરબી હોય તો તે ઘટે છે. (૩) પ્રાણાયામથી પેટ, યકૃત, મૂત્રાશય, નાનું તેમજ મોટું એ બે આંતરડાં અને પાચનતંત્ર સારી રીતે પ્રભાવિત થાય છે તથા કાર્યક્ષમ બને છે. (૪) પ્રાણાયામથી નાડીઓ શુદ્ધ થાય છે અને શરીરમાંની સુસ્તી દૂર થાય છે. (૫) પ્રાણાયામથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, શરીર તંદુરસ્ત બને છે અને અંતર્નાદ સંભળાવા માંડે છે. (૬) પ્રાણાયામના સતત અભ્યાસથી જ્ઞાનતંત્રને શક્તિ મળે છે, મનની ચંચળતા દૂર થાય છે અને મન એકાગ્ર થવા માંડે છે. (૭) પ્રાણાયામનો નિરંતર કરાતો અભ્યાસ આધ્યાત્મિક શક્તિ જગાડે છે. તે આત્મિક આનંદ, આત્મપ્રકાશ અને માનસિક શાંતિ આપે છે. (૮) પ્રાણાયામ કરનાર સાધક બ્રહ્મચર્ય પાળવા માટે તૈયાર થાય છે અને સાચા અર્થમાં બ્રહ્મચારી બને છે.

પ્રાણાયામ માટે જરૂરી સૂચનો : પ્રાણાયામનો અભ્યાસ અસરકારક રીતે કરી શકાય તે માટે પ્રાણાયામ કરનાર સાધકે નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએઃ

(૧) પ્રાણાયામ કરવા માટેનું સ્થાન એકાંતમાં અને સારી રીતે હવા આવતીજતી હોય તેવું હોવું જોઈએ. (૨) પ્રાણાયામ કરવાનો સર્વશ્રેષ્ઠ સમય પ્રાતઃકાળ ગણાય છે. જો કોઈ કારણસર પ્રાતઃકાળે પ્રાણાયામ કરવાનું શક્ય ન બને તો સાંજે પણ પ્રાણાયામ કરી શકાય છે. (૩) ઉત્તમ રીતે પ્રાણાયામ

કરવા માટે નાડીઓ શુદ્ધ હોવી ખૂબ જરૂરી છે. તેથી જ કહેવામાં આવ્યું છે: 'नाडीशुद्धिं च तत्पश्चात् प्राणायामं च साधयेत् ।' અર્થાત્ નાડીશુદ્ધિ કર્યા પછી પ્રાણાયામની સાધના કરવી. આ માટે પ્રથમ આસનોનો અભ્યાસ કરવો. (૪) પ્રાણાયામનો અભ્યાસ મોટા ભાગે પદ્માસન અથવા સિદ્ધાસનમાં બેસીને કરવાનો હોય છે. પણ જો આ આસનોમાં લાંબા સમય સુધી બેસવામાં મુશ્કેલી પડતી હોય તો સ્થિર બેસી શકાય તેવું કોઈ પણ આસન પસંદ કરી શકાય છે. (૫) પ્રાણાયામ નક્કી કરેલા સમયે, નિયમિત અને ભૂખ્યા પેટે જ કરવો જોઈએ. પ્રાણાયામના અંતે દસ મિનિટ પછી એક નાનો કપ દૂધ લેવામાં આવે તો સારું રહેશે. (૬) થાક લાગે એટલો પ્રાણાયામ કદી ન કરો. પ્રાણાયામના અંતે શરીરમાં તાજગી અને સ્ફૂર્તિ આવવાં જોઈએ. (૭) પ્રાણાયામ પછી તરત જ સ્નાન ન કરો. અડધો કલાક આરામ કર્યા પછી સ્નાન કરો. (૮) શ્વાસ હંમેશાં બહુ જ ધીમેથી લેવો અને છોડવો એમ મહર્ષિ પતંજલિએ કહ્યું છે, એમ કરવાથી મન સ્થિર અને શાંત થાય છે. (૯) નવાં સાધકોએ પ્રારંભમાં થોડા દિવસ સુધી કેવળ પૂરક અને રેચકનો જ અભ્યાસ કરવો. પૂરક (લેવો) અને રેચક (છોડવો)માં અનુક્રમે એક અને બે માત્રાઓનો હિસાબ રાખવો. એટલે કે પૂરકમાં જેટલો સમય થાય તેથી બમણો સમય રેચકમાં જોઈએ. (૧૦) કુંભકનો સમય ધીરેધીરે વધારો. પહેલા સપ્તાહમાં માત્ર ચાર સેંકડ, બીજા સપ્તાહમાં આઠ સેંકડ અને ત્રીજા સપ્તાહમાં બાર સેકંડ સુધી શ્વાસ રોકવાનો અભ્યાસ કરો. આ રીતે વધારતાં પોતાની પૂરી શક્તિના પ્રમાણમાં આરામથી શ્વાસ રોકવાનો અભ્યાસ કરો. (૧૧) પૂરક, કુંભક અને રેચકનો અભ્યાસ એવી ખૂબીથી કરો કે અભ્યાસની કોઈ પણ અવસ્થામાં શ્વાસ ઘૂંટાવાનો અનુભવ ન થાય અથવા કોઈ પણ જાતનું કષ્ટ માલૂમ ન પડે. (૧૨) પૂરક, કુંભક અને રેચક માટે ૧:૪:૨નું પ્રમાણ જાળવો. એક ૐકાર બોલતાં સુધી શ્વાસ રોકો અને બે ૐકાર બોલતાં બોલતાં ઉચ્છ્વાસ બહાર કાઢો. બીજે અઠવાડિયે ૨:૮:૪, ત્રીજે અઠવાડિયે ૩:૧૨:૬ એમ વધતાં વધતાં ૧૬:૬૪:૩૨ના પ્રમાણ સુધી પહોંચવું. ડાબા હાથની આંગળીઓનો ૐ ગણવામાં ઉપયોગ કરો. અભ્યાસમાં આગળ વધ્યા પછી ગણવાની જરૂર પડતી નથી. ટેવ પડી જતાં આ પ્રમાણ આપોઆપ જળવાઈ રહે છે. (૧૩) શરૂઆતમાં થોડી ભૂલો થશે; પણ તેની ચિંતા કરવી નહિ. ખોટું ગભરાઈ જવું નહિ. અભ્યાસ મૂકી દેવો નહિ. ધીરેધીરે પૂરક, કુંભક અને રેચકને કેવી રીતે મેળવવા તે આપોઆપ અવાજસિદ્ધિનો માર્ગ બતાવશે. (૧૪) સૂર્યભેદન અને ઉજ્જાયી પ્રાણાયામ શિયાળામાં જ કરવા જોઈએ. સીત્કારી અને શીતલી ઉનાળામાં જ કરવા જોઈએ. ભસ્મિકા પ્રાણાયામ બધી ઋતુઓમાં કરી શકાય છે.

પ્રાણાયામની વિધિ અને પ્રકારો: પ્રાણાયામ કરવા માટે નાકના ડાબા અને જમણા નાસિકાપુટ બંધ કરવાના હોય છે. મોટા ભાગે જમણા હાથથી આ કામ કરવામાં આવે છે. એટલે જમણા હાથના અંગૂઠાનો ઉપયોગ જમણા નાસિકાપુટને બંધ કરવામાં અને અનામિકા તથા કનિષ્ઠિકા (અંગૂઠાથી ક્રમશઃ ત્રીજી અને ચોથી આંગળી)નો ઉપયોગ ડાબા નાસિકાપુટને બંધ કરવામાં થાય છે. જ્યારે નાસિકાપુટોને પકડવાની જરૂર ન હોય ત્યારે બંને હાથ ઢીંચણ પર રાખો. શક્ય હોય ત્યાં સુધી પ્રાણાયામ કરવા માટે પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન અને સુખાસનનો ઉપયોગ કરો.

પ્રાણાયામ એટલે કુંભકના ઘણા પ્રકારો છે. યોગશાસ્ત્રમાં આ આઠ કુંભકો (પ્રાણાયામ)ને મુખ્ય ગણવામાં આવે છે: (૧) સૂર્યભેદન, (૨) ઉજ્જાયી, (૩) સીત્કારી, (૪) શીતલી, (૫) ભસ્ત્રિકા, (૬) ભ્રામરી, (૭) મૂર્છા,(૮) પ્લાવિની.

અંતે એમ કહી શકાય કે પ્રાણાયામ દ્વારા ફેફસાંનું યોગ્ય રીતે પ્રસારણ અને સંકોચન કરી શકાય છે. તેથી ફેફસાંને વધારે પ્રાણવાયુ મળે છે, શરીર નીરોગી બને છે અને મન પ્રફુલ્લિત રહે છે. એટલા માટે દરેક યોગાભ્યાસીને પ્રાણાયામનું જ્ઞાન હોય એ અત્યંત આવશ્યક છે. ❐

અનુસંધાન] સ્થાપત્યનાં સીમાચિહ્નો [પૃ. ૪૮ થી

કોરાયેલ ખડક-સ્થાપત્યનો નમૂનો હોય, પણ તેની રચના તો રચનામૂલક મંદિર જેવી જ કરાઈ છે. જો એક વાર આજુબાજુના પર્વતને હટાવી દેવામાં આવે તો તે રચનામૂલક મંદિર જ લાગે. વળી, એક માન્યતા પ્રમાણે આ મંદિરની રચના પટ્ટડકાલના વિરૂપાક્ષમંદિરને આધારિત છે. જે રચનામૂલક મંદિર છે. કૈલાસમંદિરનું માપ, તેનાં વિવિધ અંગોની ગોઠવણી, તેની સ્થાપત્યશૈલી અને સ્તંભની ગોઠવણી તેમજ કોતરણીનો પ્રકાર સુધ્ધાં વિરૂપાક્ષમંદિરને મળતાં આવે છે. આ બંને મંદિરના ફેરમાં કૈલાસ બે માળની રચના છે જ્યારે વિરૂપાક્ષ મંદિર એક માળની. વળી, વિરૂપાક્ષ મંદિર દ્રવિડિયન શૈલીના પૂર્ણ સ્વરૂપવાળાં પ્રારંભિક તબક્કાનો નમૂનો છે, જ્યારે કૈલાસ એ ખડક-સ્થાપત્યના વિકસિત તબક્કાનું ઉદાહરણ છે. છતાં પણ અહીં આ ઈમારત અપૂર્ણ રહી છે તેમ જણાઈ આવે છે.

તેની ભવ્યતા, અભૂતપૂર્વ કારીગરી તથા તેની રચનામાં જે શ્રમ લેવાયો હશે તેને કારણે ઘણા વિદ્વાનો કૈલાસને ઈજિપ્તના વિશાળ પિરામિડો સાથે પણ સરખાવે છે. તે બધાં ઉપરાંત આ મંદિરમાં પ્રવેશતાં જ જે આધ્યાત્મિકતાની અનુભૂતિ થાય છે તે અવર્ણનીય છે. ❐

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

માનવ અને નિસર્ગરચિત શિખરો

અમે સદ્‌ભાગી હતા કે તે દિવસે બે વાગ્યા પહેલાં (ઘણા સમય પછી) વેટિકન સિટી પ્રવાસીઓ માટે ખુલ્લું રહેવાનું હતું. વેટિકન સિટી રોમની અંદર આવેલું, અને મુસોલિનીના સમયથી અલગ રાજ્ય તરીકે માન્ય થયેલું રાજ્ય છે. વેટિકનની પ્રતિષ્ઠા તે પ્રભાવસંપન્ન અને સૌથી મોટી સંખ્યા ધરાવતા કૅથલિક ખ્રિસ્તીઓના વડા ધર્મગુરુ પોપનું રાજ્ય છે, તે જ તેનું મહત્ત્વ છે. વિશ્વભરમાંથી રોજ હજારો ખ્રિસ્તી યાત્રીઓની અવરજવરને માટે અનુકૂળ અવકાશ રાખે તેવો તેનો અંદરનો ગોળાકાર ચોક, તેની વચમાં ઊંચું બાવલું, તેની ચારે બાજુની કલાત્મક દીવાલના થાંભલા ઉપરના ભાગ પર એક પછી એક ખ્રિસ્તી સંતોની ઊભી પ્રતિમાઓ - આ બધું આ સ્થળને સાદગી-ભરી ભવ્યતા અર્પે છે. તે સાથે તેનું મહાદેવળ ઊંચા વિશાળ થાંભલા પરથી કોતરણી અને રંગીન કાચની અવનવી ભાતની ઊંચી કલાત્મક બારીઓથી મનને પ્રભાવિત કરે છે. તેની છત ઉપર અને દીવાલોમાં મોઝેકથી બનાવેલા બાઈબલ અને ખ્રિસ્તી પ્રણાલીના મહાનુભાવો અને બનાવોનાં વિરાટ ચિત્રો પણ ચિત્રકારો માટે વિશેષ આકર્ષણ ઊભું કરે છે તો તેની વ્યાસપીઠ અને અન્યત્ર ઈસુ ખ્રિસ્ત, મેરી અને પોપની પ્રતિમાઓની પ્રાર્થના-અર્ચના કરવાની સુવિધા છે. દેવળમાં આટલાં બધાં પ્રવાસીઓ અને યાત્રીઓ છતાં શાંતિના માહોલથી તેનું ગૌરવ સચવાય છે, તે સ્પર્શી ગયું. કશેય ધક્કામુક્કી નહિ, ધર્મના નારા નહિ; પણ 'ક્યૂ' ઝડપથી પાછળ લાંબી થતી જાય, તો આગળ ટૂંકી થતી જાય, તેવી વ્યવસ્થા ભારતનાં મોટાં મંદિરોના વ્યવસ્થાપકોએ સમજવા જેવી છે!

રોમમાં ટ્રેવી ફાઉન્ટેન જોયા વિના ન ચાલે. ત્યાં પાર્શ્વભૂમાં કોતરણી સાથેનાં પૂતળાંઓની આગળથી પાણીની ધારાઓ નીચે હોજમાં પડે છે. હોજમાં એક, બે, ત્રણ એમ જેટલા સિક્કા નાખો, તે પ્રમાણે તે વ્યક્તિની ઇચ્છા પૂરી થાય છે, એવી માન્યતા છે. ('રોમન હોલીડે' ફિલ્મના 'થ્રી કોઈન્સ ઈન્ ધી માઉન્ટેન'નું ગીત દૃશ્ય તરત યાદ આવ્યું.) આખા વિશાળ હોજનું તળિયું સિક્કાઓથી વારંવાર ભરાઈ જાય છે. એટલે વારંવાર સિક્કા ભેગા કરવા વગેરે કામો માટે માણસો રાખવા પડતા હશે. એકમેક સાથે વહાલ કરતાં, કે બીજી રીતે પ્રસન્નભાવ અનુભ-વાય તેવા સંખ્યાબંધ પ્રવાસીઓ અહીં એક અદ્‌ભુત માહોલ રચે છે. આ શહેરમાં વેનિસિયા પિયાઝા એ ઊંચા સુંદર સ્થાપત્ય વચ્ચે સૈનિકોને યાદ કરતું સ્મારક જોવા માટે ત્યાં થોભવા જેવું છે, ને રોમમાં ફરતાં અનેક ખંડિત બાંધકામો સીઝર, ઍન્ટની, ઑગસ્ટસથી માંડીને મુસોલિનીની યાદ આપતા રહે છે. નોંધપાત્ર બાબત એ છે કે વેટિકનથી થોડા જ માઈલ દૂર પશ્ચિમ જગતની સૌથી મોટી મસ્જિદ પણ અહીં બંધાયેલી છે. પણ અહીં જેરૂસાલેમ કે અયોધ્યાની બાબરી મસ્જિદની જેમ યહૂદી-ખ્રિસ્તી-મુસ્લિમ યા તો હિન્દુ-મુસ્લિમ તનાવનો માહોલ પ્રવર્તતો નથી. ઇટલી મુખ્યત્વે કૅથલિક દેશ છે. વિશ્વમાં બીજા કોઈ પણ દેશ કરતાં અહીં દર ચોરસ માઈલને ધોરણે સૌથી વધુ કૅથલિક દેવળો આવેલાં છે.



૧૪૦૦૦ ટન વજન અને ૧૭૯ ફૂટની ઊંચાઇ ધરાવતો પીઝાનો મિનારો. આ ઢળતા મિનારાનો પાયો માત્ર ૧૦ ફૂટ ઊંડો છે.

વળી, રોમમાં જમીનની ઊંડે રોમન અને એટ્રુસ્કન ખંડિયેરો ખૂબ વ્યાપક રીતે પથરાયેલાં છે. ફેડરિકો ફેલિનીની 'રોમા' ફિલ્મ જોયા પછી કોઈ વ્યક્તિ અહીંના સબ-વેમાં મુસાફરી કરતી હોય તો તેને પોતે ઇટલીના અતીતના કોઈ પ્રાચીન દીવાનખાના કે અખાડા જેવા જાહેરસ્થાનમાંથી અનુચિત રીતે પસાર થઈ રહ્યો છે એવો સંકોચ ભાવ કે ક્ષોભ થાય એટલો ઇતિહાસ એની જમીનની અંદર અને બહાર ખીચોખીચ ભરેલો જણાય છે.



કોલોનનું કથીડ્રલ-ગોથિક સ્થાપત્યનો નમૂનો - જર્મની

રોમથી ઉત્તરમાં આવેલું ફ્લૉરેન્સ નગર એક બીજી રીતે મુલાકાતને યોગ્ય રહ્યું છે. ઇટલીનો

ઐતિહાસિક ઉપરાંત સાંસ્કૃતિક વારસો અહીં સંચિત થયેલો છે. અહીં પિયાઝેલ માઈકલેંજેલો સ્ક્વૅર પર ડૅવિડના કલાત્મક પેડેસ્ટલ પર ચિત્રકારો, શિલ્પીઓ, સ્થપિતઓ અને સાહિત્યકારોની રચનાઓ રાજા, અમીરો અને ધર્મનાં પાત્ર કે વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને થતી. ઍંજેલોએ ડૅવિડ જેવા અજાણ અને સામાન્ય માનવીનું શિલ્પ બનાવ્યું અને જાહેરમાં મૂક્યું ! રેનેસાઁ (નવજાગૃતિ)નો યુગ પ્રવર્તાવવામાં ઍંજેલો, રાફેલ, લિઓનાર્દો દ વિન્ચી, ટિટિઅન વગેરે શ્રેષ્ઠ કલાકારોએ ૧૬મી સદીમાં યુગપ્રવર્તક ભૂમિકા ભજવી હતી. રાજા કે ધર્મને સ્થાને અને વ્યક્તિની પ્રતિષ્ઠા કરતી વિચારસરણી ફ્લૉરેન્સમાંથી શરૂ થઈ. આધુનિક યુગની માંડણી પણ જર્મનીમાં ધર્મસુધારક પ્રોટેસ્ટન્ટ ધર્મસ્થાપક માર્ટિન લ્યુથર કિંગની પોપશાહી સામેની ઝુંબેશ ધાર્મિક નવ-સુધારણા સાથોસાથ આવી નવજાગૃતિના અભિયાન દ્વારા થઈ. અહીંનાં મ્યૂઝીઅમોમાં ઍંજેલો અને સેલિનીનાં ચિત્રો નવા યુગના અને સાંસ્કૃતિક મુક્તિ ચળવળનાં બોલકાં પણ ઉત્કૃષ્ટ સર્જનનાં માધ્યમો જેવાં સંઘરાયેલાં છે. આ સ્ક્વૅરથી મોટા સાન્તામારીઆ દેવળના ઘુમ્મટ સહિતના ફ્લૉરેન્સની ઝાંખી થાય છે. તે સાચે જ ઇટલીનું ઍથેન્સ કહેવાય છે.

ઇટલીમાં ઉત્તરમાં આવેલું પીઝા એના ઢળતા મિનારાને કારણે જાણીતું છે. આઠ માળનો ઊંચો આ મિનાર બાર સદીઓ પર્યન્ત ઢળતો રહીને પણ ટકી રહ્યો છે. તેનો ગ્રાઉન્ડ ફ્લોર સહિત પહેલો માળ બંધાઈ ચૂક્યો હતો ત્યારે તેના સ્થપતિઓને ખયાલ આવ્યો કે આ મિનાર તો તેના પાયાથી થોડો ઢળતો બંધાયો છે. તેણે આગળ બાંધવાનું કામ પડતું મૂક્યું. થોડા દસકા પછી બીજા સ્થપતિઓએ તેમના ઇજનેરી કૌશલને આધારે તેને ઊંચે લઈ જવાનું શરૂ કર્યું. તેની ટોચ પરનો ભાગ તેના પરની કારીગરીને કારણે દૂરથી પણ તેને નયનરમ્ય બનાવે છે. પાયાના બિન્દુથી ઊભી રેખાથી તે ૧૭ ફૂટ ઢળે છે ! તે પડું પડું થતો રહ્યો છે પણ વિશ્વના ઇજનેરી-સ્થપતિ ભેજાંઓએ મળીને તેના ઢાળની સામી બાજુએ ઇજનેરી ગણતરીપૂર્વક વજનદાર પાષાણબ્લૉક્સ તેને યાંત્રિક રીતે ખેંચી રાખે તેવી વ્યવસ્થા કરી છે, તે વિશ્વની સાતમી અજાયબી તરીકે આજે ય ઢળતો પણ 'ટટાર' ઊભો રહીને દર્શકોને આવકારે છે.

પીઝા વિશે એક વાત એ ભૂલી જવાય છે કે ત્યાં ખૂબ મોટાં બીજાં જોવાલાયક સ્થાનો મિનારાની બરાબર બાજુમાં જ છે. ડ્યુઓમો કથિડ્રલ આરસનું સ્થાપત્ય હોવાથી ઇટલી અને યુરોપનાં બીજાં કથિડ્રલથી જુદું તરી આવે છે. રોમનેસ્ક-પિસાન શૈલીનું અનોખું સ્થાપત્ય છે. બીજું બૅનિસ્ટ્રી દેવળ અને ગૉથિક સ્થાપત્યશૈલીથી રચાયેલ નમણું દેવળ પણ અહીં છે. એક જ કેન્દ્ર- સ્થળે સમયાતીત બને એવું આ સ્થળ આવા સ્થાપત્ય અને ધર્મસ્થળોનું સંકુલ કલાના વિદ્યાર્થીઓ માટે યાત્રાધામ બની ગયું છે. (ક્રમશઃ)

અનુસંધાન] સુરેન્દ્ર પટેલનું સન્માન [પૃ. ૩૮ થી

પહોંચી શકે. ૭૮ કિ.મી. લાંબો અને ૬૦ મીટર પહોળો રિંગ રોડ બાંધવા માટે (જેને સરદાર પટેલ રિંગ રોડ નામ આપવામાં આવ્યું છે.) લોકોએ સ્વેચ્છાએ પોતાની જમીન ઔડાને સોંપી દીધી એ લોકોનો સુરેન્દ્રભાઈમાં અસીમ વિશ્વાસનો જીવતો જાગતો પુરાવો છે. આમાં ટી.પી. સ્કીમના મિકેનિઝમનો તેઓએ બરોબર ઉપયોગ કર્યો. જે જે જમીનમાંથી રિંગરોડ પસાર થતો હતો તેના માલિકોને તેમણે સમજાવ્યું કે, આમેય તે ટી.પી.સ્કીમ થતાં આશરે ૪૦ ટકા જમીન તો કપાત થવાની જ છે. રિંગ રોડની આ જમીનને ટી.પી.સ્કીમની કપાત ગણવામાં આવશે. આ સ્કીમથી ઔડાને કોઈ પણ જાતના નુકસાન વગર, જમીનમાલિકોએ ટપોટપ પોતાની જમીન સોંપી દીધી, કારણ કે કપાત જમીન ટી.પી. સ્કીમમાં ગણાવાથી અને તેઓની બાકીની જમીન રિંગ-રોડ ઉપર આવી જતાં, તેમની જમીનનું મૂલ્ય વધી જતાં તેઓ પણ ખુશ હતા. આ રીતે મરવા પડેલી ટી.પી. સ્કીમોને પુનર્જીવિત કરી, કોઈ પણ જાતનું વળતર આપ્યા વગર રિંગરોડ માટે ૫૦૦ કરોડ રૂપિયાથી ઉપરની કિંમતની ૬૦ લાખ ચો.મી. જમીનનો કબજો લોકોએ સ્વેચ્છાએ આપી દીધો. આ તેમની વિરલ સિદ્ધિ હતી !

લોકહિતનું સારું કામ કરવાનું હોય તો નાણાંની તંગી નડતી નથી, તેવું તેઓ સ્પષ્ટપણે માને છે. યોજનાના અમલીકરણમાં અસાધારણ ઝડપ લાવીને તેઓએ આડકતરી રીતે નાણાંની બચત કરી છે. ઔડાની કરોડોની વિશાળ સંપત્તિ બિનઉપયોગી પડી રહી હતી તેને ઉપયોગમાં લાવીને સુરેન્દ્રભાઈએ વધારાનાં નાણાં ઊભાં કરી લીધાં. તેમની આધુનિક વ્યવસ્થાપનશક્તિ, વિશાળ દૃષ્ટિ, વિકાસનાં કામ તથા સમાજસેવા માટેની કટિબદ્ધતા, દીર્ઘદૃષ્ટિભર્યું આયોજન, મુક્ત, તર્કસંગત અને રચનાત્મક અભિગમ તેમજ ખંત અને કામમાં મચી રહેવા માટે સખત પરિશ્રમને કારણે તેઓએ ઔડાને નવજીવન બક્ષ્યું છે. અનધિકૃત બાંધકામોની તોડફોડ કરવાનાં હિંમતભર્યાં પગલાં લીધાં છે. વસ્ત્રાપુર તળાવની ફરતે વર્ષો જૂની ઝૂંપડપટ્ટીને તેઓએ હટાવી દીધી અને તેની જગ્યાએ સ્થાપત્યપૂર્ણ કૉમ્પાઉન્ડ વૉલ અને આકર્ષક કમાનો બાંધીને પાળને મનોહર બનાવી દીધી છે. રામદેવ મંદિરના પુજારીને સમજાવીને ટ્રાફિકને અડચણરૂપ ઇસરો પાસેનું મંદિર દૂર કરી દીધું છે. વિનમ્ર, સરલ અને અલ્પભાષિત એવા સુરેન્દ્રભાઈના સન્માન દ્વારા એક કાર્યદક્ષ મૅનેજર અને એક દૃષ્ટાંતરૂપ માનવનું સન્માન થયું છે. □

ફિલ્માકાશ-૩૬
૧૯૩૮ની સાલમાં ન્યૂ થીએટર્સના નવા નવા ઝબકારા

રજનીકુમાર પંડ્યા

'દુ:શ્મન' ફિલ્મનો સંગીતવિભાગ ઘણો જ સંગીન રહ્યો અને વધારે તો સાયગલની એક મોટી યશકલગી જેવું એ પાસું બની રહ્યું. સંગીતના જાણકારો કહે છે કે 'કરું ક્યા આસ-નિરાસ ભઈ' ગીતમાં છેલ્લા અંતરામાં 'કરના હોગા ખૂન કા પાની. દેની હોગી હર કુરબાની' પછી શબ્દો આવે છે તે કોમલ ગાંધારના છેઃ 'હિંમત હૈ ઇતની તો સમજ લે, આસ બંધેગી નઈ' - 'આ શબ્દો સાયગલના ગળામાંથી જેમ વાયોલીન પર હળવેથી ગજ ઘસવાથી સહજપણે ફૂટે તેમ ફૂટ્યા છે.' આ વાત સાચી છે તેમ એ સાંભળતાંવેંત પ્રતીત થાય છે. પંકજ મલિકે આ ફિલ્મનું પાર્શ્વસંગીત પણ ખાસ કરીને સંવેદનપૂર્ણ દૃશ્યોમાં હૃદય વીંધી નાખે એવું આપ્યું હતું.

આ ફિલ્મ બનાવવાનો સંદેશો જેવો ન્યૂ થીએટર્સના અધિષ્ઠાતા બી.એન.સરકારને પોતાના એટર્ની જનરલ પિતા સર એન.એન.સરકાર મારફત મળ્યો કે તરત જ એમના દિમાગમાં આ પ્રકારની ફિલ્મના દિગ્દર્શન માટે નીતિન બોઝનું નામ જ આવ્યું. કારણ કે કોઈ પણ ફિલ્મ બનાવતાં પહેલાં એના વિષયની ઝીણી ઝીણી ટેક્નિકલ માહિતી એકત્ર કરવાની ચીવટ માત્ર નીતિન બોઝમાં જ હતી એમ એ સમજી ગયા હતા. ને ખરેખર બન્યું પણ તેમ જ. જેવું એ કામ એમને સોંપ્યું કે તરત જ નીતિનદાએ ભારતના મશહૂર ટી.બી. સ્પેશ્યાલિસ્ટ ડૉ. એ.સી.કૌલનો સંપર્ક સાધ્યો અને નાનીમોટી પુષ્કળ વિગતો પ્રાપ્ત કરી. એટલું જ નહીં, ટી.બી.ના દર્દીનાં શારીરિક બાહ્ય લક્ષણો એનાં મૅનેરિઝમ આંખોમાં વ્યાપેલી ઉદાસી એ બધી જ વાતો જાણી અને ફિલ્મમાં ટી.બી. પેશન્ટના પાત્રાલેખન માટે ખપમાં લીધી.

આ બધી એમની મહેનત બહુ લેખે લાગી. 'ચંડીદાસ' પછી સાચા અર્થમાં નીતિન બોઝને સૌથી વધુ ખ્યાતિ રળી આપનારી ફિલ્મ તે આ 'દુ:શ્મન' જ. મૂળ તો ન્યૂ થીએટર્સનો પ્રોજેક્ટ માત્ર આ ફિલ્મ હિંદીમાં જ બનાવવાનો હતો પણ હિંદી વર્ઝનની જબ્બર સફળતા જોઈને એની હિંદી આવૃત્તિ પણ બનાવવામાં આવી, જેનું નામ રાખવામાં આવ્યું હતું 'જીવન-મરણ' જે કોલકાતાના ન્યૂ સિનેમા થીએટર્સમાં ૧૯૩૯ના



વિક્રમકપૂર, સાયગલ, પૃથ્વીરાજ, નજમ, લીલા દેસાઈ ફિલ્મ 'દુ:શ્મન'માં

નવેમ્બરની ચોથીએ રજૂ થઈ હતી. એમાં પણ સાયગલ અને લીલા દેસાઈએ મુખ્યભૂમિકાઓ ભજવી હતી. એનું સંગીત પણ પંકજ મલિકે જ આપ્યું હતું, અને દિગ્દર્શન પણ નીતિન બોઝનું જ હતું.

આ ફિલ્મ પણ ઘણી જ સફળ રહી હતી. પૃથ્વીરાજ કપૂરનું એ યુગમાં બહુ ઊંચું નામ હોવા છતાં હિંદી 'દુ:શ્મન'માં એમણે સૅનેટૉરિઅમના ડૉક્ટરની પ્રમાણમાં નાની કહેવાય તેવી ભૂમિકા સ્વીકારી હતી અને તેમાં પણ એક ડૉક્ટરમાં હોવી જોઈતી કરુણાનો અહેસાસ અભિનય દ્વારા કરાવ્યો હતો.

ફિલ્મની સફળતામાં મોટું પ્રદાન શાયર આરઝૂ લખનવીનું પણ હતું. 'કરું ક્યા આસ નિરાસ ભઈ' ગીત આજે પણ તેમની એક શ્રેષ્ઠ રચના ગણાય છે. પોતે ફિલ્મોમાં પ્રવેશ્યા પહેલાં જ ઉર્દૂના એક પ્રતિષ્ઠિત શાયર હતા. કેદાર શર્મા નોંધે છે તેમ એકલી કીર્તિથી પેટ ભરી શકાતું ન હોવાથી ગીત-લેખક તરીકે તેઓ જરા મોટી વયે ન્યૂ થીએટર્સમાં જોડાયા હતા. તેઓ વાતચીતમાં મૃદુભાસી, ઓછાબોલા તથા ઉષ્માભર્યા વ્યક્તિત્વ-વાળા હતા. ઉર્દૂભાષા પરનું તેમનું પ્રભુત્વ અજોડ હતું. ને છતાં તેઓ ગીત લખીને સલાહ-મશવરા માટે પહેલાં કેદાર શર્માને બતાવતા ને પછી જ સંગીત દિગ્દર્શકને સોંપતા. તેમની પ્રતિભા આટલી પ્રચંડ હોવા છતાં તેમનામાં અભિમાનનો અંશમાત્ર નહોતો. એક વાર તેમની એક રચનામાં કેદાર શર્માએ કશીક ભૂલ એ પ્રકારની કાઢી કે, તમે આ જે ચોક્કસ શબ્દ વાપર્યો છે તે અહીં બંધ બેસતો નથી. આરઝૂસાહેબે તરત જ વગર આનાકાનીએ એમની સલાહ મુજબ એ શબ્દ છેકી નાખ્યો. એ રાતે કેદાર શર્મા પોતાને ઘેર ગાલીબનો દીવાન હાથમાં લઈને બેઠા હતા ત્યાં અચાનક જ એમનું ધ્યાન ગાલીબે એ જ રીતે, એ જ અર્થમાં વાપરેલા પેલા શબ્દ તરફ ગયું. તેમને પોતાની ભૂલ સમજાઈ. આરઝૂ સાહેબને પોતે નાહકનો અન્યાય કર્યો તેમ પણ તેમને સમજાયું. એ સમજાયા પછી તેમને ચેન ના પડ્યું. એ અર્ધીરાતે પણ કેદાર શર્મા મતીઆબુર્જ કે જ્યાં આરઝૂ



પૃથ્વીરાજ, મોલીના વિક્રમકપૂર ફિલ્મ 'અભાગિન'માં

સાહેબ રહેતા હતા ત્યાં પહોંચી ગયા. અને પોતાની ભૂલ કબૂલ કરી તથા ખોટી નૂક્તેચીની કરવા બદલ ક્ષમા માગી. આરઝૂએ એ ક્ષણે પણ એમના પ્રત્યે નારાજગીનો લેશમાત્ર ભાવ ના બતાવ્યો. એ સમયના કલાકારો કેવા કેવા ગજાના હતા તે આ એક દાખલા ઉપરથી જોઈ શકાશે.

ન્યૂ થીએટર્સની વધુ એક ફિલ્મ 'અભાગિન' પણ ૧૯૩૮માં આવી. ૧૯૩૮ના જૂનની અગિયારમીએ કોલકાતાના રૂપવાણી થીએટર્સમાં રજૂ થયેલી એ ફિલ્મની નારી કેન્દ્રી વાર્તા નવલકથાકાર શરદબાબુના જ શિષ્ય એવા ઉપેન્દ્ર ગાંગુલીએ લખી હતી. પણ એની પટકથા લખનાર હતા ફણી મઝુમદાર, કૅમરામૅન બિમલ રૉય હતા અને સંગીત હતું આર.સી.બોરાલનું. ગીતો હતાં અજય ભટ્ટાચાર્ય અને દિગ્દર્શન હતું પ્રફુલ્લ રૉયનું. આમ એની આખી ટીમ 'દુ:શ્મન' અને 'ધરતીમાતા'ની ટીમથી જુદી હતી. મુખ્ય પાત્રોમાં પણ પૃથ્વીરાજ કપૂર અને મોલિનાદેવી ઉપરાંત નેમો, વિક્રમ કપૂર, રાજલક્ષ્મી, કમલા ઝરિયા વગેરે હતાં. વિજયકુમાર નામના નવા કલાકારે પણ તેમાં ઘણી અગત્યની ભૂમિકા ભજવી હતી. સાયગલના પિતરાઈ ચિમનપુરી (અમરીશપુરીના મોટાભાઈ)ની એ પ્રથમ ફિલ્મ હતી. વાર્તા આ પ્રકારની હતી:

જુલમી જમીનદાર જવાહર ચૌધરી (નેમો)ના બંગલા ઉપર એક ગણોતિયો હુમલો કરે છે. તેના પુત્ર પ્રિયલાલ (વિજયકુમાર)ને જખ્મી કરીને તેની પત્ની સંધ્યા (મોલિના દેવી)ને ઉઠાવી જાય છે. અલબત્ત, એનો વાળ પણ વાંકો થાય તે પહેલાં તે પોતાના એક સગા પ્રકાશ(વિક્રમકપૂર)ને ત્યાં પહોંચી જાય છે. પ્રકાશની અનેક સમજાવટ છતાં સસરા (નેમો) પુત્રવધૂને 'એ તો નુકસાની માલ છે' એમ કહીને ઘરમાં પ્રવેશ આપતા નથી. ત્યારે એક માયાળુ સજ્જન નામે પ્રમોદ (પૃથ્વીરાજ કપૂર) પોતાને ત્યાં એને આશરો આપે છે. પાછળથી જો કે તેનો પતિ તેને પાછી સ્વીકારવા તૈયાર તો થાય છે, પણ સંધ્યાનું મન પોતાના પતિ અને તેને ઉગારનારા વચ્ચે ઝોલાં ખાય છે. મનોમંથનને અંતે અંજામ શો આવે છે તેની માહિતી મળી નથી. પરંતુ કલ્પી શકાય છે કે તે પતિઘેર પણ પાછી ફરતી હશે.

ફિલ્મવિવેચકોનો એવો મત હતો કે સાહિત્યકૃતિ ઉપરથી ફિલ્મ બનાવવાનો ન્યૂ થીએટર્સનો હરેક પ્રયત્ન સફળ થતો નહોતો. 'અભાગિન' એવો એક પ્રયત્ન હતો જે અસફળ રહ્યો હતો.

અત્યંત નવાઈની વાત તો એ પણ ગણાય કે સંગીતકાર રાયચંદ બોરાલ હોવા છતાં ફિલ્મનાં અગિયાર ગીતોમાંથી એક પણ ગીત લોકજીભે રમતું થાય તેવું ના બની આવ્યું. રાયચંદ બોરાલની પ્રતિભા ઘડીભર તો તેમના અનુગામી પંકજ મલિકની પ્રતિભા આગળ ઝંખવાતી લાગે. જો કે એ વાત થોડી સાચી પણ છે કે આ ગાળામાં પંકજ મલિકનું નામ વધારે ગાજતું રહેતું અને એમની સફળ ફિલ્મોની સંખ્યા પણ પ્રમાણમાં વધારે રહેતી. બોરાલની ફિલ્મોનું સંગીતપાસું બહુ જોરદાર ના રહ્યું.

આ ફિલ્મના બંગાળી વર્ઝનનું નામ હતું 'અભિગ્યાન'. ૧૯૩૮માં એક નોંધપાત્ર ફિલ્મ ન્યૂ થીએટર્સની આવી તે હતી 'અધિકાર'. પી.સી.બરુઆ અને જમુનાની મુખ્ય ભૂમિકા-વાળી આ ફિલ્મની વિષયપસંદગી અને દિગ્દર્શન પણ બરુઆનાં જ હતાં. પંકજ મલિકની પણ એક યાદગાર ભૂમિકા તેમાં હતી, પણ સંગીત તેમનું નહીં, તિમિર બરનનું હતું. અલબત્ત, પુસ્તકોમાં એવો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે કે પોતાનાં ગાયેલાં આ ફિલ્મનાં ગીતો (એક એકલગીત અને બે સમૂહસ્વરવાળાં ગીતો)ની સ્વરરચના પંકજદાએ જાતે કરી હતી.

બરુવાનો જુસ્સો હંમેશાં ગ્રામ્ય અને શહેરી, અમીર અને ગરીબ વર્ગ વચ્ચેના સંઘર્ષને નિરૂપવાનો રહ્યો હતો. 'દેવદાસ'માં હતું તેમ બે સ્ત્રીઓ વચ્ચે અટવાતા એક પુરુષની કથા-વ્યથા નિરૂપવાનો રહ્યો હતો. અને 'અધિકાર'માં પણ તેમની વિષય-પસંદગી અને વાર્તાના તાણાવાણા એ જ પ્રકારના હતા. વાર્તા કોની હતી તેની માહિતી નથી પણ સંવાદો મુનશી આરઝૂ લખનવી અને રશીદના હતા. એટલે સંભવ છે કે કથા ન્યૂ થીએટર્સના સ્ટાફમાંથી કોઈએ લખી આપી હોય.

એક મોટી જાગીરની ધનવાન સ્ત્રી ઈંદિરા (જમુના) નિખિલેશ (બરુઆ)ના પ્રેમમાં છે. અને એને ત્યાં અચાનક જ રાધા (મેનકાદેવી) નામની અનાથ યુવતી આવી ચડે છે, જે દાવો કરે છે કે પોતે આ આખી સંપત્તિની અર્ધોઅર્ધની ભાગીદાર છે કારણ કે તે ઈંદિરાની સાવકી બહેન થાય છે. ઈંદિરા એની વાત માન્ય રાખે છે અને એને પોતાના ઘરમાં જ રહેવા દે છે; પણ રાધાને આટલાથી સંતોષ નથી. એ નિખિલેશ ઉપર પણ જાળ ફેલાવવાનો પ્રયત્ન કરે છે. આમાંથી સંઘર્ષ તીવ્રતાની કોટિએ પહોંચે છે. પ્રેમ અજેય રહે છે ને નિખિલેશ માટે ધનની લિપ્સા

ગૌણ સ્થાને રહે છે. આ પછી અનેક તીવ્ર ઘટનાપ્રવાહ દરમ્યાન એ સાબિત થાય છે કે હકીકતે રાધા જ સંપત્તિની સુવાંગ માલકિન છે અને ઈંદિરા તો સાવ નિષ્કંચન છે. નિખિલેશ ને ઈંદિરાનાં લગ્ન થાય છે અને રાધા એને ગરીબીના કાળમાં બહુ મદદરૂપ થનાર રતન સાથે સુખી થાય છે. આવો હેતુલક્ષી સંદેશવાહક ઘટનાક્રમ ધરાવનારી ફિલ્મમાં જગદીશ શેઠી, રાજલક્ષ્મી, વિક્રમકપૂર જેવા ન્યૂ થીએટર્સનાં કાયમનાં કલાકારો પણ હતાં.

સંગીતપાસું તિમિર બરને સંભાળ્યું હતું અને એનાં ગીતોની લોકપ્રિયતા મધ્યમકક્ષાની રહી હતી. એક વાત ખાસ ધ્યાનાર્હ હતી કે એક પણ ગીત સ્ત્રી-સ્વરમાં નહોતું. બધાં જ ગીત પુરુષસ્વરોમાં હતા. અરે, સમૂહગીતો પણ એક સમૂહગીત 'ઐશવલોંસે ગરીબોં કી મુસીબત ન કહો, જખ્મ કી તરહ હંસો, દર્દ કી હાલત ના કહો.' જેવા ગીતમાં તો પંકજ મલિક, પહાડી સન્યાલ, આરઝૂ લખનવી (કવિ) અને પ્રતાપ મુખર્જીના સ્વરો હતા. તો બીજી એકે દ્વંદ્વગીત 'કહો વો બચપન કા પ્યારા સપના'માં પંકજ મલિક અને પહાડી સન્યાલના સ્વરો હતા. આ સિવાય પંકજ મલિકનું એકલગીત 'બરખાકી રાત આઈ, મનવા હર લે મનકા ભાર' તેમના ઉપર જ ચિત્રાંકિત થયું હતું અને ખાસ્સું લોકપ્રિય થયું હતું. ત્રણ એકલગીતો એકલા પહાડી સન્યાલનાં જ હતાં.

આ બધા ઉપરથી એટલો ખયાલ આવશે કે ન્યૂ થીએટર્સ એક ફિલ્મફૅક્ટરી જ હતું અને તેમાં રોજ અલગ અલગ ફ્લોર ઉપર અલગ અલગ ફિલ્મો અલગ અલગ ટીમ સાથે બન્યે જતી હતી. ઝીણવટથી નિરીક્ષણ કરતાં એ પણ સમજાશે કે સાયગલનાં ગીત-અભિનય ધરાવતી કે પંકજ મલિકના ગીત-સંગીત ધરાવતી ફિલ્મોનાં નિષ્ફળ જવાની શક્યતા ખૂબ જ ઓછી રહેતી. છતાં એવી ફિલ્મો બનાવવાનું બી.એન.સરકારે છોડ્યું નહોતું. એનો અર્થ એ થયો કે એ એક પ્રકારનું પ્રોફેશનાલિઝમ (વ્યાવસાયિક્તા) જ હતું, જેમાં પ્રૉડક્શનની ગુણવત્તા ભલે ઊંચી હતી પણ સંખ્યામાં પણ નિર્માણનો આંકડો ઊણો ના ઊતરે તેની ચોંપ રાખવામાં આવતી હતી. ક્યારેક 'અધિકાર' જેવી ફિલ્મ કે જેને ૧૯૩૮ના શ્રેષ્ઠ બોલપટ તરીકેનો અવૉર્ડ ફિલ્મ જર્નાલિસ્ટ અને ઍસોસીએશન દ્વારા આપવામાં આવ્યો હતો તેણે બીજી ફિલ્મોની સરખામણીએ ઓછી કમાણી કરાવી હોવા છતાં એની બનાવનાર ટીમને કોઈ ભર્ત્સના સહન કરવી પડી નહોતી. આવું નિવેદન ન્યૂ થીએટર્સના કલાકારોએ એ સંસ્થા વિષે વાત કરતાં કર્યું છે.

૧૯૩૮ની સાલમાં ન્યૂ થીએટર્સની એક એકથી ચડિયાતી ફિલ્મો આવી અને એ પણ બીજી મોટીમોટી નિર્માણ-સંસ્થાઓની સાવ અલગ તરાહ, અલગ સામગ્રી, અલગ અલગ પ્રતિભાવંત કલાકારોની સ્પર્ધામાં સફળતા દર્શાવે છે કે ન્યૂ થીએટર્સનાં મૂળિયાં આ ક્ષેત્રમાં કેટલાં ઊંડાં હતાં. પણ એ સાલની બીજી નિર્માણસંસ્થાઓની નોંધપાત્ર ફિલ્મોની વાત હવે આવતા પ્રકરણમાં. (ક્રમશઃ)

[નોંધ : જામનગરથી શ્રી ચીનુભાઈ ચગ નામના વરિષ્ઠ વાચક એટલા તો રસજ્ઞ છે કે આ લેખમાળામાં ક્યાંય કોઈ વિગતદોષ હોય તે તરફ અમારું લક્ષ એક શુભેચ્છકભાવે દોરે જ છે. પરંતુ અનેક વાર આ લેખમાળામાં ઉલ્લેખ પામતી ન્યૂ થીએટર્સની ફિલ્મોના એક લેખ જેવડા રસદર્શન પણ લખી મોકલે છે. તેમનો ઘણો આભાર. તેમનાં આખાં લખાણો ઉતારવાં આ સ્થળે શક્ય નથી. પરંતુ તેમણે આ લેખમાળામાં આવતી 'વિદ્યાપતિ' ફિલ્મની હકીકતોમાં જે દોષ શોધી કાઢ્યા છે તે અન્ય વાચકોની જાણ અર્થે અહીં મૂકવાની મારી ફરજ સમજું છું.

તેમણે જણાવ્યું છે કે, 'મહારાણી લક્ષ્મી આત્મહત્યા કરે છે ને મહારાજા પણ છેવટે આત્મહત્યા કરે છે તેમ તમે લખ્યું તે બરાબર નથી. મહારાજા ફિલ્મમાં જીવિત રહે છે.'

મારો ખુલાસો એ છે કે આશિષ રાજાધ્યક્ષ અને પૉલ લિપમેન દ્વારા સંપાદિત અને ઑક્સફર્ડ પ્રેસ દ્વારા પ્રકાશિત દળદાર 'એન્સાઈક્લોપીડિયા ઑવ્ ઈંડિયન સિનેમા'માં મેં લખ્યો તેવો અંત હોવાનું સ્પષ્ટ જણાવાયું છે. આમ છતાં ઇતિહાસની શુદ્ધતા માટે અન્ય સતેજ સ્મૃતિવાળા વયોવૃદ્ધ વાચકો શ્રી ચિનુભાઈ ચગની વાતનું સમર્થન કરે છે કે નહીં તે જાણ્યા પછી ભૂલ હશે તો સુધારતાં મને આનંદ થશે.

વિશેષ રસ પડે તેવી વાત તો એ છે કે શ્રી ચિનુભાઈએ પ્રાચીન કવિ વિદ્યાપતિની અસલ બે કાવ્યપંક્તિઓનો કેવો સરળ અનુવાદ કેદાર શર્માએ કર્યો છતાં તેની વાત ઉદાહરણ સાથે કરી છે. મૂળ પંક્તિઓ:

'જનમ અવધ તવ રૂપ નેહારનું
નયન ના તિરપિત ભેલ'

અર્થાત્ 'જન્મોજનમ મેં તારું રૂપ નિહાળ્યા કર્યું છે, પણ મારાં નયન તૃપ્ત થતાં નથી.' આનો કેદાર શર્માએ કરેલો અને કાનનદેવીએ ગાયેલો આનુવાદ :

'રહા લાખ લાખ જુગ મનમનમેં, નહીં પ્યાસ મિટી હમરે મનકી
બસે નૈનન બિચ સદા નૈના, નહીં ભૂખ ગઈ ઈસ નૈનનકી.' - લેખક]

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૧૪મી એપ્રિલ ૧૯૪૪
પ્રિય કિટી,

અહીંયાં હજી પણ વાતાવરણ તંગ છે. પીમને પણ ગુસ્સે થતાં વાર લાગતી નથી. શ્રીમતી વૅનડાનને શરદી થઈ છે. પથારીમાં સૂતાં સૂતાં એમનો બબડાટ ચાલુ છે. સિગારેટને અભાવે શ્રી વૅનડાન ફિક્કા પડી ગયા છે. નવી વ્યવસ્થામાં ડસેલસાહેબને પોતાની ઘણી સગવડો જતી કરવી પડી છે એટલે નાનીનાની બાબતમાં બધાંની સાથે એમને વાંકું પડે છે વગેરે વગેરે. આજકાલ અમારા નસીબે પણ અમને યારી આપવી છોડી દીધી છે. સંડાસ લીક થાય છે અને બસિનનો નળ ઊઘડતો જ નથી. આસપાસ ઓળખાણ સારી છે એટલે કોઈ ને કોઈ તો એને સમું કરવાવાળું મળી જશે.

તું તો જાણે છે કે ઘણી વાર મને લાગી આવે છે અને ઘણી વાર એની પાછળ કારણ પણ હોય છે. જેમ કે પીટરના સંગાથમાં હું બેઠી હોઉં, બહાર સરસ વાતાવરણ હોય, પંખી કલરવ કરતાં હોય, વૃક્ષો નવપલ્લવિત થતાં હોય, સરસ મજાનો તડકો ખીલ્યો હોય ને અંદર કોઈ ખોખા ઉપર ધૂળકચરાની વચ્ચે પીટર મારા વાળની લટ સાથે લટકાં કરતો હોય. બસ ત્યારે મારું મન શું શું ઝંખે છે!

મારી આસપાસ તો બધે અસંતુષ્ટ લોકો જ વસે છે. કાને પડે છે બધાંના નિસાસા ને ફરિયાદ. હવે તને કદાચ એમ લાગશે કે અચાનક અમારી જિંદગીએ પલટો લીધો છે. ખરેખર તો, જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. અહીં અમારે ત્યાં કોઈને એક સારું ઉદાહરણ બેસાડવામાં પણ રસ નથી. તમારી માનસિક પરિસ્થિતિ તમારે જ મેળેમેળે સુધારવાની. એના ઉપાય પણ મેળેમેળે જ શોધવાના!

હવે આનો અંત આવે તો સારું! આ શબ્દો તો રોજ કાને પડે છે. મને થાય છે:

આશા, બળ, પ્રેમ ને પ્રવૃત્તિનો લઈ આધાર,
બનું માનવ ને બનાવું આ જીવન સુકર.

ખરેખર મને લાગે છે કે, કિટ આજે હું ખૂબ જ લાગણીવશ થઈ ગઈ છું. કેમ, કોણ જાણે, મારા લખાણમાં પણ કાંઈ ભલીવાર નથી! એક વાત પરથી બીજી વાત પર જાણે કૂદકા મારું છું. મને તો ક્યારેક શંકા જાય છે : શું મારી આ ડાયરી વાંચવામાં કોઈને ય તે રસ પડશે? કદાચ 'અબોધ બાળાની બડબડ' કહેશે. મને નથી લાગતું બોલ્કેસ્ટાઈન કે જરબ્રાન્ડીને એમાં ખાસ રસ પડે.

લિ. ઍન.મે.ફ્રૅંક

શનિવાર, ૧૫મી એપ્રિલ ૧૯૪૪
પ્રિયતમ કિટી,

દુર્દશાનો અહીં સિલસિલો ચાલ્યો છે. એક પૂરી થાય ત્યાં બીજી હાજર જ હોય. બોલ, હવે શું થયું હશે? રાતે પીટર મકાનના આગલા દરવાજાનો આગળિયો અંદરથી ખોલવાનો ભૂલી ગયો. એને કારણે બીજે દિવસે સવારે કુગ્લર અને ઑફિસના અન્ય માણસો ઑફિસમાં આવી જ શક્યા નહિ. છેવટે કુગ્લર કૅગ કંપનીના આંગણામાં ગયા અને ખાનગી ઑફિસના રસોડાની બારી તોડીને અંદર આવ્યા. બધા શું વિચારતા હશે? વૅનમારન પણ શું સમજ્યા હશે? કુગ્લરના ગુસ્સાનો તો પાર નહોતો. એક બાજુ અમે ફરિયાદ કરીએ કે નીચે નવો દરવાજો બેસાડતા નથી અને બીજી બાજુ અમે આવો બફાટ કરીએ! પીટર તો સાવ જ બેચેન થઈ ગયો છે. મમ્મીએ પીટર માટે સહાનુભૂતિ વ્યક્ત કરી કે તરત એ રડવા જ માંડ્યો. અમારા બધાંનો એમાં વાંક છે, રોજ રાત્રે પીટરને અમે દરવાજા ખોલવા વિશે યાદ દેવડાવતાં અને કાલે રાતે જ એમ ન કર્યું. થોડી વાર પછી હું એને જરા શાંત કરવાનો પ્રયત્ન કરીશ.

'ગુપ્તનિવાસ'ના તાજા ખબરઃ

ગયા શનિવારે બોશ (બિલાડો) અચાનક જ માંદો પડી ગયો. સૂનમૂન થઈ ગયો. તરત મીપ એને ટુવાલમાં વીંટી એક થેલામાં નાખીને કૂતરાં-બિલાડાંના દવાખાને લઈ ગઈ. બોશનું પેટ બગડ્યું હતું અને ત્યાંના ડૉક્ટરે દવા આપી. થોડા દિવસ માટે તો પીટરે એને યોગ્ય સમયે દવા પીવડાવી. પણ પછી બોશ ઘરમાં જ ટકતો નથી. એની કોઈ પ્રિયતમા સાથે ફરવા ઊપડી જતો હશે. આજકાલ તો એનું નાક પણ સૂજી ગયું છે ને ઉપાડો

તો મ્યાઉં મ્યાઉં કરી મૂકે છે. મને લાગે છે કે ક્યાંક ચોરીછૂપીથી જયાફત ઉડવતાં હશે ત્યારે મેથીપાક મળ્યો હશે. એટલામાં માઉશીનો અવાજ બેસી ગયો. એને પણ ડૉક્ટર પાસે મોકલવાનું વિચારતાં જ હતાં ત્યાં વળી બધું રાગે પડી જવા માંડ્યું છે.

માળિયાની બારી એક તિરાડ પડે એટલી ખોલીને ઘણી સાંજ હું પીટર સાથે ત્યાં બેસું છું.

રબર, સિમેન્ટ અને ઑઇલ પેઇંટથી સંડાસની સમસ્યાનો અંત આવ્યો છે. નળ પણ નવો બેસાડી દીધો છે.

સારા નસીબે શ્રી ક્લાઇમનની તબિયત સારી છે. હવે સ્પેશિયાલિસ્ટને બતાવવાના છે. આશા રાખીએ કે ઑપરેશન કરવું ન પડે.

આ મહિને અમને રેશનનાં આઠ કાર્ડ મળ્યાં છે. પણ હવેનાં બે અઠવાડિયાં માટે અમને જમવામાં ચોળાને બદલે ઓટમિલ મળશે. હાલની નવી વાનગી છે : શાકભાજીનું મિશ્ર અથાણું. નસીબની યારી ન હોય તો મળે. કેવળ આથેલી કાકડી અને રાઈનું પેસ્ટ. શાક મળતાં નથી, મળે છે ફક્ત કોબીજ. જમાવામાં બટાકા ને તૈયાર રસો.

રશિયનોએ અર્ધાધિક ક્રિમિયા કબજે કર્યું છે. અંગ્રેજો કસીનોથી આગળ વધી ગયા છે. પાશ્ચાત્ય દેશો પર જ આધાર છે. હવાઈ હુમલાઓ કલ્પનામાં પણ ન આવે એટલા વધી ગયા છે. હૅગની સેન્ટ્રલ રજિસ્ટર ઑફિસ પર બૉમ્બવર્ષા થઈ છે.

હવે બધાં જ ડચ લોકોને નવાં રેશનકાર્ડ આપવાનાં છે.

આજે આટલું બસ.

લિ. ઍન.મે.ફ્રેંક

રવિવાર, ૧૬મી એપ્રિલ ૧૯૪૪

મારી વહાલી કિટી,

કાલની તારીખ મારા જીવનમાં લાલ અક્ષરે કંડારાયેલી રહેશે. પહેલા ચુંબનનો દિવસ કઈ છોકરી ભૂલી શકે ? મારા માટે પણ એ દિવસ અવિસ્મરણીય રહેશે. બ્રેમનું જમણા ગાલ પરનું ચુંબન કે શ્રી વૂડસ્ટ્રાએ ચૂમેલો મારો હાથ એ તો ઠીક છે. પણ આ અચાનક કેવી રીતે બની ગયું ? જો તને કહું.

કાલે રાતે આઠેક વાગ્યે હું ને પીટર એના દીવાન ઉપર બેઠાં હતાં. થોડી વાર પછી એણે એનો હાથ મારા બંને ખભાને આવરી લઈને મૂક્યો. મેં એને કહ્યું કે, 'આપણે જરાક આઘાં ખસશું ? અહીંથી જેથી મારું માથું કબાટને અથડાય નહિ.'

પણ એ તો એટલો આઘો ખસ્યો કે લગભગ ખૂણામાં જ પહોંચી ગયો એમ કહીએ તોય ચાલે. હળવેથી મારા હાથ એની કમરે વીંટળાયા અને એનો મારા ખભે. આમ હું લગભગ એના બાહુપાશમાં જ સમાઈ ગઈ. એમ તો આમ અમે ઘણી વાર બેસતાં હતાં પણ આજે અમારી વચ્ચેનું અંતર સાવ જ ઘટી ગયું હતું. એણે મને લગભગ જકડી જ રાખી. મારું ડાબું પડખું એની છાતી સરસું હતું. મારું દિલ જોરથી ધડકતું હતું. પણ વાત અહીં જ અટકી નહિ. જ્યાં સુધી મેં મારું માથું એની છાતીએ ઢાળ્યું નહિ ત્યાં સુધી એને સંતોષ વળ્યો નહિ. એણે પોતાનું માથું મારા માથા પર ઢાળ્યું. પાંચેક મિનિટ સુધી અમે એમ જ બેસી રહ્યાં. પછી હું ઊભી થઈ. પણ એણે ફરી બે હાથેથી માથું ધરીને ફરી એની છાતી પર ઢાળી દીધું. કેટલી સુખદ હતી એ ક્ષણો ! શબ્દો ઉચ્ચારવાની જરૂર નહોતી. અસીમ આનંદની અનુભૂતિ થઈ રહી હતી. મારા ગાલ અને હાથ પર એનો હાથ જરા અણઘડની જેમ ફરતો રહ્યો. એની આંગળીઓ મારા વાળ સાથે રમી રહી હતી. અમારાં માથાં એકબીજાંને સ્પર્શતાં હતાં.

ત્યારે મારા અંગેઅંગમાં ફરી વળેલી એ આનંદની લહેરખીને શબ્દોમાં ઢાળવી મુશ્કેલ છે. એ પણ એ જ આનંદ માણી રહ્યો હતો એમ મને લાગ્યું.

સાડાનવે અમે ઊભાં થયાં. રાતના ચોકીફેરાની તૈયારી માટે એણે ટેનીસ-બૂટ પહેર્યા. જેથી પગરવ ન થાય. બાજુમાં જ હું ઊભી હતી. પછી કેવી રીતે બધું બની ગયું એની મને ખબર નથી પણ નીચે જતાં પહેલાં એણે મને ચૂમી લીધી. મેં એ અનુભવ્યું - થોડું ગાલે કાનની બાજુમાં મારા વાળ સોંસરવું. નજર મેળવ્યા વિના જ હું નીચે ભાગી. આજે શું થશે કોને ખબર ?

(રવિવાર સવારે, અગિયાર વાગ્યા પહેલાં...)

લિ. ઍન.મે.ફ્રેંક

ઍન, આવું તે કરાય ? પણ મને એવું નથી લાગતું અહીં અમે બંદિસ્ત છીએ, દુનિયાથી અલગ પડી ગયાં છીએ, સતત ભય અમારે માથે તોળાય છે, છેલ્લે છેલ્લે તો પરિસ્થિતિ વધુ ને વધુ ભયજનક બની ગઈ છે. આવી હાલતમાં જ્યારે અમે એકબીજાંને પ્રેમ કરીએ છીએ તો પછી દૂરતા શા માટે ? આવા સમયે અમે એકબીજાંને શા માટે ન ચૂમીએ ? શા માટે યોગ્ય ઉંમર થાય ત્યાં સુધી રાહ જોવી ? ને શા માટે બીજાંની પરવાનગી લેવી ?

મેં તો નક્કી કર્યું છે મારું ભલું શેમાં છે એનું ધ્યાન હું જ રાખવાની છું. એ મને ક્યારેય દુઃખી નહિ કરે કે ક્યારેય મને ઠેસ નહિ પહોંચાડે. તો પછી મારું દિલ કહે તેમ ને અમને બંનેને આનંદ થાય તેમ મારે શા માટે ન કરવું ?

ને તેમ છતાં, મને લાગે છે કે મારા મનમાં જે દ્વિધા છે તે તેં જાણી હશે. આ છાનાંછપનાં સામે અંદરની પ્રામાણિકતા વિરોધ કરી ઊઠે છે. તને શું લાગે છે, જે થઈ રહ્યું છે એની વાત મારે પપ્પાને ફરજ તરીકે કહેવી જોઈએ કે ? શું અમારું આ ગુપિત કોઈ ત્રીજી વ્યક્તિ સામે છતું કરવું યોગ્ય કહેવાય ?

એનું લગભગ બધું જ સૌંદર્ય હણાઈ જશે, પણ કદાચ મને અંદરથી સારું લાગશે. આ બાબતમાં મારે એની સાથે જ ચર્ચા કરવી પડશે.

અને હા, કેટલી બધી રાતો મારે એની સાથે કરવાની છે ! કારણ કે કેવળ શરીર-સાંનિધ્યનો કોઈ અર્થ નથી. વિચાર-મેળની પણ એટલી જ જરૂર છે. એ માટે એકબીજાં પર સંપૂર્ણ વિશ્વાસ-સંપાદન પણ જરૂરી છે. એ જ અમને વધુ બળ આપશે !

લિ. ઍન.મે.ફેંક

તા.ક. કાલે સવારે છ વાગે અમે બધાં જ જાગી ગયાં. કારણ કે બધાંએ જ એવો અવાજ સાંભળ્યો જાણે ઘરમાં ચોર ઘૂસી આવ્યા હોય. પણ આ વખતે કદાચ અમારા પડોશીઓનો વારો હતો. સાત વાગ્યે નીચે જઈને તપાસ કરી તો બધા દરવાજા વ્યવસ્થિત બંધ હતા ! (ક્રમશઃ)

અનુસંધાન] ગાંડા માણસો - ૪ [પૃ. ૩૬ થી

ધૂંઆંપૂઆં થઈને બૂમ-બરાડા પાડીને તેમણે આખા ઘરને એવું તો માથે લીધું કે જાણે આખું ઘર પાગલખાનામાં કેમ ન ફેરવાઈ ગયું હોય ! પડોશીઓ પણ અગાસી ઉપર ચઢીને બધાનાં ગાંડપણનાં દર્શન કરતાં કરતાં આશ્ચર્ય અને રમૂજ અનુભવવા માંડ્યાં.

આખરે કોઈકની સલાહથી કાનજીભાઈ ભૂષણલાલને સમજાવી-પટાવીને તેની તબિયત બતાવવા માટે એક સાઈકિયાટ્રિસ્ટ પાસે તેડી ગયા ને તેમણે સાઈકિયાટ્રિસ્ટને ભૂષણલાલ વિશેની સઘળી માહિતી આપતાં અનુરોધ કર્યોઃ 'કોઈ પણ ભોગે બોલવામાં તે નૉર્મલ બની જાય એવું કંઈક કરી શકો તો સારું.'

સાઈકિયાટ્રિસ્ટે ભૂષણલાલના મનનો અભ્યાસ કરવા માટે તેમને પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. થોડા જવાબો આપ્યા પછી ભૂષણલાલે સ્વયં સાઈકિયાટ્રિસ્ટની સારવાર કરવા માગતા હોય તેમ તેને સામા પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. કોઈક વાતના અનુસંધાને તેમણે સાઈકિયાટ્રિસ્ટને જ વિશ્વના મનોવૈજ્ઞાનિકો - ફ્રૉઈડ, કાર્લ યુંગ, એડલર, માઈકલ કુએ, થિઓડોર રેક વગેરે વિશે વ્યાખ્યાન સંભળાવી દીધું. ભૂષણલાલના વ્યાખ્યાનથી ત્રાસ અનુભવતા સાઈકિયાટ્રિસ્ટે તેમના મોંમાં દવાના નામે એક એવું પ્રવાહી રેડી દીધું કે ભૂષણલાલ સાવ ચૂપ થઈ ગયા. કંઈક બોલવા માટે તેઓ હોઠ ફફડાવવા માંડ્યા પણ અચાનક ગળું બેસી જવાના કારણે તેઓ કંઈ જ બોલી શક્યા નહીં. આથી તેઓ ક્રોધથી સળગી ઊઠ્યા. બધું સમજી જતા હોય એમ બેસી ગયેલા અવાજે જોરથી ચીસ નાખતાં તેઓ સાઈકિયાટ્રિસ્ટ તરફ ધસી ગયા ને બંને હાથના પંજાથી તેના ગળાને જ જોરથી ભરડો લઈ લીધો. તેના મોંમાંથી એક ચીસ નીકળી ગઈ. ત્યાં બેઠેલા અન્ય દરદીઓએ તેને ભૂષણલાલની પકડમાંથી માંડ માંડ છોડાવ્યા. બધાએ જોયું તો સાઈકિયાટ્રિસ્ટના ગળા ઉપર ભૂષણલાલનાં આંગળાંની છાપ ઊપસી આવી હતી. એ છાપમાં જાણે ભૂષણલાલના શબ્દો કોતરાઈ ગયા હતા : આ દુનિયામાં મને કોઈ ચૂપ કરી શકે એમ નથી.

ગુરુ બજુવાને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ માત્ર આટલું જ બોલ્યાઃ 'આપણા અચેતન મનમાં ઊંડે ઊંડે બેઠેલા આદિમાનવનો જ્યાં સુધી માણસને થોડોક પણ સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી માણસના આ પ્રકારના ગાંડપણનો કોઈ ઉપાય નથી.'

અનુસંધાન] શૈશવથી સંધ્યા સુધી [પૃ. ૩૫ થી


જથ્થામાં ઊગ્યા હોય ત્યાંથી મૂળા તોડી ખાઈએ અને ભાજી બગીચાની પાછળની બાજુ નાખી દઈએ જેથી અમારી ચોરી પકડાય નહીં. મૂળા જાતજાતના થતા. બા ઉગાડતી તેમાં કાળા, ધોળા, રાતા મૂળાથી ભરેલા બે-ત્રણ ક્યારા હોય. આ ખાવાની બહુ મજા પડતી. ટામેટાં પણ ખૂબ થતાં. કેટલીક વાર પાકું ટામેટું તોડી કૂતરા પર જોરથી ફેંકી તેને ભડકાવતાં અને આનંદ માણતાં. કેટલીક વાર શેતૂરના ઝાડ નીચે ટેબલ મૂકી કાચાં-પાકાં શેતૂર તોડી છાનાંમાનાં ઝાપટી જઈએ. અમે બે બહેનો રજાઓમાં આ કામમાં વ્યસ્ત રહીએ. બગીચામાં ટોપલા ભરીને શાક થતાં પણ મારી બાએ ક્યારેય શાક વેચ્યાં નહોતાં. એ તો આજુબાજુનાં રહીશોને, નોકરોને વગેરને શાક વહેંચતી હતી, આની અસર અમારા પર સરસ પડી છે કે છત હોય ત્યારે વેચવું નહીં પણ વહેંચવું.

ક્યારેક વાંકગુનામાં આવીએ ત્યારે અને પરીક્ષામાં સારા નંબરે પાસ થવા માટે ભગવાનને હાર ચઢાવવાની માનતા માનીએ. બગીચામાં પુષ્કળ ફૂલ થતાં હતાં તેથી વૅકેશનમાં માનતાનું ઋણ ચૂકવવા સાંજે ચાર વાગે બગીચામાં જાઉં. મોટી સોય, જાડો દોરો લેતી જાઉં. ઝાડ પરથી ફૂલ તોડી સીધાં સોયમાં પરોવી દઉં પછી ખભે લટકાવી વૃક્ષે વૃક્ષે ફરી હાર પૂરો થાય એટલે પાણીની ડોલમાં (ઉનાળો હોવાથી) નાખું. અંધારું થાય ત્યાં સુધી આ કામ ચાલે પછી બધા જ હાર પાણીમાંથી કાઢી નિતારી ભગવાનના મોટા મોટા ફોટાઓને ચઢાવી રાત્રે પરીક્ષાનું વાંચવા બેસું. પિતાજી ડાકોર જતા ત્યાંથી મોટા ફોટા લાવી મઢાવતા અને પૂજામાં એક અલાયદા ઓરડામાં રાખતા. આજે પણ આ ફોટા યાદ છે, જેમાં રામપરિવાર, સરસ્વતી, લક્ષ્મીજી, સત્યનારાયણ, શ્રીકૃષ્ણ, અંબાજીના ફોટા હોય. નાનપણથી ભગવાનની પૂજા, પ્રાર્થના, આરાધના કરવાની ટેવ પડી ગયેલી જે હજુ પણ ચાલુ છે. મારી નાનીબહેન નાના નાના ફોટાના હાર બનાવે ત્યારે હું તેને કહેતી કે ભગવાનને તું છેતરે છે તે યોગ્ય નથી.

(ક્રમશઃ)

ચેસ-કૉર્નર : કોયડો- ૩૫

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two**). મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ka7, Qd1, Rc1, Rb3, Ba1, Ba2, Nd8, Ne8, Pc5**

કાળાં : **Kd5, Rd4, Rf3, Bg1, P-f4, e4,a6**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail -shaharpi@ hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ માર્ચ ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના નવેમ્બર ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડાનં ૩૩નો ઉકેલ :

(૧) **Key move Be4** છે.

જો .... **K x B**	(૨) **Qf3 #**
જો .... **R x B**	(૨) **Q x N #**
જો .... **N x B or Kc5**	(૨) **Q x R #**
જો **Ke6**	(૨) **Qg6 #**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૨ વાચકો તરફથી મળેલ છે બધાંના ઉકેલ સાચા છે. : (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા (૨) ડૉ. દિલીપ અહલપરા, (૩) દિનેશ પરમાર (અમદાવાદ), (૪) દિલીપ રાવળ, (૫) ચિંતન રાવળ (મુંબઈ), (૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) કલ્યાણભાઈ મુલિયા, (૮) હરકિસન ડી. ત્રિવેદી (સુરેન્દ્રનગર), (૯) કિરણભાઈ શાહ, (૧૦) દિનેશ દવે (આણંદ), (૧૧) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૧૨) ગૌરાંગ જોશી (વેરાવળ)

ચેસની ભાષામાં કેટલીક સંજ્ઞાઓના અર્થ :

! સરસ ચાલ

!! ખૂબ સરસ ચાલ

? નબળી ચાલ

?? ખોટી ચાલ - ભૂલ

?! જોખમી ચાલ

∞ અનિશ્ચિત ચાલ

= બરોબરની સ્થિતિ

+ સફેદનું પલ્લું ભારે છે.

+ સફેદ કૈંક અંશે સારી સ્થિતિમાં છે.

+ કાળાનું પલ્લું ભારે છે.

+ કાળું કૈંક અંશે સારી સ્થિતિમાં છે.

ચેસ-જગતનું અવનવું :

(૧) થોડા વખત પહેલાં ઉત્તરાંચલના સહરાનપુરમાં આંતર-રાષ્ટ્રિય ચેસ હરીફાઈ યોજાઈ ગઈ, જેમાં કુલ ૪૭૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે પૈકી પાંચ વિદેશી ગ્રાંડ માસ્ટર હતા. આ સ્પર્ધામાં આંધ્રપ્રદેશની ૧૬ વર્ષની કુ. કોનેરુ હમ્પી વિજેતા નીવડી હતી. - કેવલગિરિ (લોણાવલા)

(૨) હાલમાં યોજાયેલ ભારતની સર્વોચ્ચ મહિલા 'એ' સ્પર્ધામાં ગ્રાંડ માસ્ટર કુ. હમ્પીએ વિજેતાપદ પ્રાપ્ત કરી, નાની ઉંમરે મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

(૩) ૧૩ વર્ષથી નીચેના કિશોર તથા કિશોરીઓ માટે રાષ્ટ્રિય સ્તરની ચૅમ્પિઅનશિપ પસંદગી સ્પર્ધા રાજપથ ક્લબ ખાતે તા. ૨૨-૧૨થી ૩૦-૧૨-૨૦૦૩ સુધીમાં યોજાઈ ગઈ. ભારતભરમાંથી કુલ ૨૪૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૧૬૦ કિશોરો અને ૮૦ કિશોરીઓ હતી. પરિણામ (પ્રથમ ૩ ક્રમ) નીચે પ્રમાણે છે :

કિશોર :

૧. આઈ. શ્રીનિવાસન (આંધ્રપ્રદેશ)

૨. આઈ. ક્રિષ્ણન (આંધ્રપ્રદેશ)

૩. ટી.વી. આર. રાઘવન (આંધ્રપ્રદેશ)

કિશોરીઓ:

૧. કે. લક્ષ્મી પ્રણિતા (આંધ્રપ્રદેશ)

૨. અંજના સૌજન્ય (તામિલનાડુ)

૩. આઈ. રામ્યાકૃષ્ણ (આંધ્રપ્રદેશ)

આ સ્પર્ધામાં આંધ્રપ્રદેશનાં ખેલાડીઓ બાજી જીતી ગયાં છે. બંને વિભાગના પ્રથમ ૧૫ ખેલાડીઓને રાજ્યપાલશ્રીના હસ્તે ઈનામો આપવામાં આવતાં હતાં. ગુજરાતમાંથી કોઈ કિશોર પ્રથમ પંદરમાં સ્થાન હાંસલ કરી શક્યો નથી. જ્યારે કિશોરીઓમાં અમદાવાદની ધ્યાની દવે ૧૧મા ક્રમે અને કજરી ચોકસીએ ૧૪મો ક્રમ મેળવેલ છે. - અર્પી શાહ

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ઍલ્ફ્રેડ લૉર્ડ ટેનિસન

વિક્ટોરિયન યુગના બે સુપ્રસિદ્ધ કવિઓમાં એક ટેનિસન ને બીજો બ્રાઉનિંગ. બંને ભલે નવા યુગના, પણ રોમૅન્ટિક કવિઓના પ્રભાવે તેમને છોડ્યા નથી. એમાં ય ટેનિસન તો



બ્રાઉનિંગ કરતાંય રોમૅન્ટિકવાદનો તંતુ વધારે ખેંચીને લંબાવે છે. એની આરંભની કવિતામાં એના મહાન પુરોગામી રોમૅન્ટિક કવિઓનો વારસો તેણે જાળવ્યો હોય તેવું અવશ્ય લાગે છે અને એ બાબતનો તેણે ઈન્કાર પણ કર્યો નથી. અરે, - કવિ - કારકીર્દિના અંતભાગે પણ એનું માનસિક વલણ યુગની નવી સમસ્યાઓના નિરૂપણમાં ય રોમૅન્ટિકનો અંશ દાખવે છે. એની કવિતા નાટ્યાત્મક હોય ત્યારે પણ તેના આત્માનો - તેની આત્મલક્ષિતાનો, મધુર રણકો સંભળાય છે. આમ, ટેનિસન રોમૅન્ટિક કવિઓનો વારસો જાળવવા છતાં નવા યુગમાં જે ઔદ્યોગિક ક્રાન્તિ થઈ, રાષ્ટ્રને સ્પર્શતા નવા પ્રશ્નો પેદા થયા, શંકાઓ ઊભી થઈ એ બધાનું એક પરલક્ષી કવિ તરીકે નિહાળવાનું, વિવેચવાનું મૂકતો નથી. આ સંદર્ભમાં એના પરમ મિત્ર આર્થર હેલમ (૧૮૧૧-૧૮૩૩)ની ટેનિસનની કવિતા વિશેની વિવેચના ધ્યાનપાત્ર બને છે. ટેનિસનનો આ મિત્ર એની આરંભની કવિતાનો આસ્વાદક હતો. ટેનિસનની આરંભની કવિતા કેટલે અંશે રોમૅન્ટિક કવિઓમાં આશ્રય લે છે ખાસ તો શેલી અને કીટ્સમાંથી તેનો તેને પૂરો અંદાજ હતો. ટેનિસનની કવિતામાંનું આ વલણ વિક્ટોરિયન યુગના વાચકોને ખાસ સદ્યું નહોતું અને તેનાં અવલોકનોમાં પ્રતિકૂળ અભિપ્રાયો પ્રકટ થતા એ પણ આર્થર હેલમે નિહાળ્યું હતું. તેમ છતાં ટેનિસન નવા યુગની કવિતા તરફ વળે, આત્મલક્ષિતામાંથી મુક્ત થઈ એ વિક્ટોરિયન યુગની પ્રજાનાં વૃત્તિવલણો કાવ્યોમાં નિરૂપે એવી તેની ભાવના હતી.

હેલમની દલીલ અથવા તો ટીકા એ હતી કે ગત પેઢીના રોમૅન્ટિક કવિઓ દ્વારા A poetry of sensation rather than reflection - વિચારપ્રધાન નહિ પણ ઊર્મિના આવેગવાળી આત્મલક્ષી કવિતા પ્રકટ થતી હતી, પણ હવે ટેનિસન જે યુગમાં કવિ તરીકે પ્રકટ્યો હતો તે યુગમાં યંત્રવાદ વિકસ્યો હતો એટલે આત્મલક્ષિતાના અંશ ઓછા થઈ ગયા હોય એવી અને લોકોના જીવનની સમસ્યાઓનું નિરૂપણ કરે તેવી કવિતાની જરૂર હતી. એણે નોંધ્યું તે પ્રમાણે અગાઉની કવિતા એક જ રસ ધરાવનાર જાતિસમૂહ કરતાં કોઈ વિશિષ્ટ ખાસિયતમાં આશ્રય શોધતી. (sought relief in idiosync rasies rather than community of interest) હેલમનો એ લેખ 'ઇંગ્લિશમેન્સ મૅગેઝીન'માં પ્રકાશિત થયો તેમાં તેણે સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો કે ટેનિસન નવા યુગનો કવિ હતો. અને તે સાથે ટેનિસનને પણ સચેત કર્યો : He privately served as a prompt to Tennyson to turn away from idiosyncrasy towards an alternative interest in 'ordinary life' and 'community'.

ટેનિસન વિક્ટોરિયન યુગમાં જે રીતે કવિયશ પામ્યો અને પ્રભાવશાળી તરીકે પોંખાયો તે માટે તે તેના મિત્ર આર્થર હેલમનો ઋણી છે. અને એ ઋણ ટેનિસને એના મૃત્યુ પછી 'ઇન મેમૉરિયમ' જેવી પ્રસિદ્ધ કરુણપ્રશસ્તિ રચીને ચૂકવ્યું. ટેનિસને ઈ.૧૮૩૦થી ૧૮૩૩માં જે કાવ્યસંગ્રહો પ્રકટ કર્યા તેમાં પાત્રો ને તેમની મનઃસ્થિતિ નિરૂપવામાં અને પ્રકૃતિનાં કે અન્ય પદાર્થોનાં ચિત્રાત્મક વર્ણનો આપવામાં અને એ સર્વનું સંયોજન કરવામાં જે અસાધારણ કૌશલ દાખવ્યું છે અને પ્રબળ ઊર્મિના આવિષ્કાર સાથે આ સર્વ સિદ્ધ કર્યું છે તેની પ્રશંસા ભલે કરી છે; છતાંય રોમૅન્ટિક કવિતાના એક લક્ષણરૂપ વિષાદ એમાં નિહિત રહ્યો જણાય છે. અને તે વિષે જ હેલમે તેને સાવધ કર્યો હતો. તેની આરંભની ઘણી કવિતામાં જેમ કે 'મેરિયાના', 'ધ ક્રેકન', 'ધ બૅલડ ઑવ્ ઓરિયાના', 'ધ લેડી ઑવ્ શેલોટ' અને 'ધ લોટસ ઈટર્સ' આદિમાં પ્રકટ થયાં વિના રહેતો નથી. એમાં મૃત્યુવત અથવા તો સાક્ષાત્ મૃત્યુ વિશેનાં તેનાં નિરૂપણો તનાવમુક્તિના એક અનુભવરૂપે રજૂ થાય છે. એ માટે એને કરુણપ્રશસ્તિનું સ્વરૂપ વિશેષ અનુકૂળ નીવડે છે. મહાકાવ્યને પણ તે કરુણપ્રશસ્તિનો ઘાટ આપે છે.

ટેનિસનનું વિષાદ આલેખતું એક નોંધપાત્ર ઊર્મિક 'બ્રેક, બ્રેક, બ્રેક' જોઈએ. કરુણપ્રશસ્તિનું સ્વરૂપ અહીં સુંદર રીતે નીખરી આવ્યું છે. દરિયાકિનારા પરના ભૂખરા પથ્થરો દ્વારા કવિની વિષાદગ્રસ્ત મનઃસ્થિતિનો સંકેત મળે છે :

Break, break, break
by thy cold grey stones, O sea !
And I would that my tongue could utter
The thoughts that arise in me.

માછીમારનો દીકરો એની બહેન સાથે રમતમાં બૂમો પાડી રહ્યો છે. ખલાસીનો દીકરો ગીત ગાય છે અને ભવ્ય વહાણો એમના ધ્યેય તરફ ગતિમાન છે. આનંદનું વાતાવરણ છે, પણ કવિને માટે જે દિવસ વિરમી ગયો છે તે કદી પાછો આવવાનો નથી :

O well for the fisherman's boy,
That he shouts with his sister at play.
O well for the sailor lad,
That he sings in his boat on the bay.
And the stately ships go on
To their heaven under the hill
But O for the touch of a vanish'd hand,
And the sound of a voice that is still.

જગત પ્રવૃત્તિમાન છે, પણ કવિ તેમાં જોડાઈ શકતા નથી. એ એનાથી જાણે વિખૂટા પડી ગયા છે. એમના પરમ મિત્રનો દિવસ... એ અતીતમાં વિલીન થઈ ગયો છે. એ દિવસ ફરી ક્યારેય પાછો આવવાનો નથી એ કવિનો વિષાદ છે.

But the tender grace of a day that is dead
Will never come back to me.

ટેનિસનનાં પ્રારંભિક કાવ્યોમાં રોમૅન્ટિક કવિતામાં પ્રકટતો વિષાદ અવારનવાર ડોકાયા કરે છે :

Where claribel low-lieth
The breezes pause and die
Letting the rose-leaves fall

જેવી પંક્તિઓમાં પવનની લહરો અટકે છે, વિરમે છે, ગુલાબની પત્તીઓ ખરતી રહે છે. એ દ્વારા એક પ્રકારની નિરાશ મનઃસ્થિતિ કવિ સૂચવે છે.

પહેલા બે કાવ્યસંગ્રહોમાં વારે ને ઘડીએ જાણે કે કુદરત કવિના શોકગ્રસ્ત મૂડ માટે જ પ્રપંચ ખેલી રહી ના હોય, કંઈક ગુમાવ્યાનો, શોકનો ભાવ પ્રકૃતિનાં દૃશ્યો દ્વારા સૂચવાય છે :

Heavily hangs the broad sunflower
Over its grave i'the earth so chilly;
Heavily hangs the hollyhoch
Heavily hangs the tiger-lily

ટેનિસનનું પ્રયોજન આવા વિષાદમય મૂડનું માત્ર સૂચન કરવાનું છે. એ મૂડની કોઈ ભૂમિકા તરીકે તે ઉપયોગ કરતો નથી. ઉદાહરણ 'મેરિયાના' કાવ્યમાં -

The broken sheds look'd sad and strange

જેવી પંક્તિમાં જે વિશેષણો 'sad and strange' તે પ્રયોજે છે તે કંઈક ગુમાવ્યાનું કે સડ્યાનું નું સૂચન કરે છે. આ પ્રકારનાં વિશેષણો ટેનિસનની કવિતામાં ખિન્નતાનો ભાવ દર્શાવવા માટે વારંવાર પ્રયોજાતાં હોય છે. ટેનિસનના પ્રથમ બે કાવ્યસંગ્રહોમાં એની મધુર પદાવલી, સ્વરોનું સંગીત, સુસંવાદિતા અને વિવિધ રીતે પદનું આયોજન કરવાની સમર્થતા ખાસ ધ્યાનપાત્ર બને છે. નાનાં ઊર્મિકોને સંગીત અને માધુર્યથી રસી દેવાની તેનામાં નૈસર્ગિક શક્તિ છે. પણ એની સર્જકપ્રતિભાને યશ આપે તેવી રચનાઓ તે પછીના સમયગાળામાં આવે છે. એની આરંભની કવિતામાં સર્વસામાન્ય લક્ષણ હોય તો તે સુમધુર સૂરાવલી છે. છંદ ઉપરનું તેનું પ્રભુત્વ ખાસ ધ્યાનપાત્ર છે.

ઈ.૧૮૪૨માં બે કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા તેણે ટેનિસનને ખાસ્સી પ્રતિષ્ઠા આપી અને તેની શૈલીમાં ય એક નવો જ ઘાટ પ્રકટ થયો. એનો પ્રભાવક ટોન કરુણપ્રશસ્તિ તરફનો છે. મહાકાવ્યને પણ તે કરુણપ્રશસ્તિમાં ઢાળે છે તેનું એક લાક્ષણિક ઉદાહરણ 'ધ લોટસ ઈટર્સ'માં અને 'મોર્ત-દ-આર્થર'માં સાંપડે છે. એ સિવાયનાં અન્ય કાવ્યોમાં પણ એની આ લાક્ષણિકતા અનુભવી શકાય તેમ છે. 'ધ લોટસ ઈટર્સ'ની પ્રથમ પંક્તિ જ Heroic lineથી વીરકાવ્યની પંક્તિની જેમ શરૂ થાય છે. 'Courage ! he said, and pointed towards the land' પણ જરાક જ આગળ વધતાં હીરૉઇક ટોન આખો બદલાઈ જાય છે. ખરેખર કાવ્યનો વિષય ટેનિસનની પ્રતિભાને યશ આપે તેવો પ્રતીકાત્મક છે. 'લોટસ ઈટર્સ'ની એ સુસ્ત ભૂમિમાં પ્રકૃતિને વશ થનારા ખલાસીઓની મનોવૃત્તિનું એમાં સુંદર નિદર્શનપ્રતીકરૂપે થયું છે. એમાં જે પ્રાકૃતિક પ્રતિરૂપોનું વર્ણન છે તે ટેનિસનની આગવી કલાની સિદ્ધિ દર્શાવે છે :

A land of streams ! Same like a downward smoke,
Slow-dropping veils of thinnest lawn, did go;
And some thro'wavering lights and shadows broke,
Rolling a slumbrous sheet of foam below.
They saw the gleaming river seaward flow
From the inner land : faroff three mountain-tops.
Three silent pinnacles of aged snow,
Stood sunset blushed.

(ક્રમશઃ)

૨૦૦૪થી ત્રણ વર્ષના નવા થનાર ગ્રાહકો માટે પુસ્તક ભેટ-યોજના

ઈ. ૨૦૦૪થી તદ્દન નવા થનાર ત્રણ વર્ષના 'કુમાર'ના ગ્રાહકોને શ્રી કપિલભાઈ એમ. ઓઝાના અનુદાનથી 'સત્યાર્થ પ્રકાશ' અથવા 'વિશુદ્ધ મનુસ્મૃતિ' નામનો ગ્રંથ દરેક ગ્રાહકને ભેટ રૂપે મોકલાશે. ત્રણ વર્ષના લવાજમના રૂ. ૪૦૦+ રૂ. ૩૦ પુસ્તક રવાનગી ખર્ચના સીધા કાર્યાલયને મોકલનારને જ આ ભેટ-યોજનાનો લાભ મળશે.

❋ કલાસ્મૃતિ ❋

કવયિત્રી-લેખિકા અમૃતા પ્રીતમ

આપણા દેશમાં લગભગ બધાં જ રાજ્યોમાં તેની વિવિધ ભાષાઓમાં જનજીવન સંસ્કૃતિ અને ઇતિહાસને ઉજાગર કરે તેવા કવિઓ તેમજ સાહિત્ય-કારો અને કલાકારો પેદા થયા છે. જેમણે પોતપોતાના દેશકાળનું સમયબદ્ધ પ્રતિબિંબ પોતાની રચનાઓમાં ઝીલ્યું છે અને સમાજ સમક્ષ રજૂ કરેલું છે, જેમાંની ઘણી રચનાઓ અત્યંત લોકપ્રિય થયેલ છે. અન્ય ભાષાઓમાં તેના અનુવાદ થયા છે. દા.ત. રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ'નો દેશ-વિદેશની અસંખ્ય ભાષાઓમાં અનુવાદ થયેલો છે.

ભારતની ઉત્તરે હિમાલયની પર્વત-માળાઓની નજીક આવેલ પંજાબ પ્રાન્ત આમ તો ખેતીપ્રધાન મહેનતકશ પ્રજા તેમજ લશ્કરી જવાનો માટે જાણીતો છે. ગીત-સંગીત અને હિર-રાંઝા, સોહની મહિવાલ જેવી પ્રેમકથાઓ અને વીર શહીદ ભગતસિંહ જેવા દેશપ્રેમીઓથી વખણાયેલ છે. આ જ પંજાબનું એક અન્ય જાજરમાન વ્યક્તિત્વ એટલે કવયિત્રી-લેખિકા પદ્મશ્રી અમૃતા પ્રિતમ.

અમૃતાનો જન્મ, ભાગલા પહેલાંના મૂળ લાહોરમાં થયો હતો. ૧૧ વર્ષની ઉંમરે કૉલેજકાળ દરમ્યાન તેઓ એક અલ્લડ અને ક્રાન્તિકારી વિચારસરણી-વાળાં મહિલા ગણાતાં. યુવાનવયે તેમનો પરિચય જાણીતા શાયર અને ફિલ્મી ગીતકાર સાહિર લુધ્યાનવી સાથે થયો. પરિચય પ્રણયમાં પરિણમ્યો પણ તે સમયે શીખ કન્યા અને મુસ્લિમ યુવાનનાં લગ્ન સંભવ નહોતાં. જો કે ત્યાર બાદ સાહિર મુંબઈ ચાલ્યા આવ્યા અને આજન્મ અપરિણીત રહ્યા તે જાણીતી હકીકત છે. અમૃતાનાં નાનાંમોટાં લખાણો તેમજ 'ડૉ. દેવ' નામની પ્રથમ નવલકથા વખતે તેમનો પરિચય ઇમરોજ નામના ચિત્રકાર અને



રેખાંકનકાર સાથે થયો. ઇમરોજ અન્ય પ્રકાશનો સાથે અમૃતાનાં પુસ્તકોનાં મુખપૃષ્ઠ તેમજ સજાવટ માટેનાં પ્રતીકો જેવાં રેખાંકન કરતા હતા. સન ૧૯૫૭માં પરિચય ગાઢ બન્યો અને તેઓ સાથી મિત્રો બન્યાં. સન ૧૯૫૮માં તેમના મિત્ર ચિત્રકાર શોભાસીંગને ત્યાં કાંગરાવેલીમાં થોડોક સમય ગાળ્યો. અહીં તેઓ ઘરકામ તેમજ રસોઈ કરવાનું શીખ્યાં. કાંગરાવેલીમાં ઘણા કવિઓ, લેખકો, નાટ્યકારો આવતા. એક સમયે જાણીતા ફિલ્મકાર અને અભિનેતા ગુરુદત્ત સાથે પરિચય થયો. ગુરુદત્તે ઇમરોજને મુંબઈ માટે નિમંત્રણ પાઠવ્યું જે તેમણે સ્વીકારેલ નહિ.

અમૃતા પ્રીતમના દિલ્હીના રહેવાસ દરમ્યાન તેમની ખ્યાતિ વિકસવા લાગી. નવા જમાનાનાં લોકોને તેમનાં જિંદાદિલ અને સ્પષ્ટ અભિપ્રાયોવાળાં લખાણો તેમજ કાવ્યો ગમવા લાગ્યાં. જ્યારે રૂઢિચુસ્ત લોકો નારાજ થયાં અને આજે જેને આપણે બિન્ધાસ્ત કહીએ છીએ એવો શબ્દપ્રયોગ અમૃતા પ્રીતમ માટે પ્રયોજાવા લાગ્યો, જેની તેઓ લવલેશ ગણના કરતાં નહિ. તેઓ રાજ્યસભાના સભ્યપદે રહ્યાં છતાં તેમનો સલવાર-કમીજ પહેરવેશ બદલ્યો નહીં તેમજ ખાદી સ્વીકારી નહીં. આ દરમ્યાન તેમને દેશ-વિદેશના સાંસ્કૃતિક આદાન-પ્રદાનવાળાં સંગઠનોમાં પ્રતિ-નિધિત્વ મળતું અને તેઓ બધે જતાં. આમ તેમના નામનો પ્રચાર-પ્રસાર થવા લાગ્યો. તેમને પદ્મશ્રીનો ઇલ્કાબ મળ્યો. સાહિત્ય અકાદમીનો અવૉર્ડ મળ્યો. અન્ય ઘણા પુરસ્કારો પ્રાપ્ત કર્યા. અમૃતાનાં લખાણો તેમજ કવિતાઓમાં પંજાબી ભાષાની સમૃદ્ધિ સાથે લોકગીતોની ઝલક જોવા મળે છે. તેમની રચનાઓમાં સામાજિક દૃઢ-માન્યતાઓ, જૂની રૂઢિઓ અને નારીવર્ગ પ્રત્યેના અન્યાય સામેનો સંઘર્ષ જોવા મળે છે, જેનું સુપેરે વર્ણન - 'ડૉ. દેવ' નવલકથામાં રજૂ કરેલ છે. 'રેવન્યૂ સ્ટેમ્પ', 'કોરો કૅનવાસ' એ તેમનાં અન્ય જાણીતાં પુસ્તકો છે. અમૃતા પ્રીતમ અને ઇમરોજે સાથે રહીને ઘણાં વર્ષો સુધી પંજાબી ભાષામાં એક સામયિક પણ પ્રકટ કરેલ, જેના લેખોના અનુવાદ અન્ય ભાષાનાં સામયિકોમાં લેવામાં આવતા.

અમૃતા પોતે આઝાદ ખયાલનાં હોવાથી તેમને સુધારાવાદી વ્યક્તિઓ તેમજ તેઓનાં સર્જનો ગમતાં. તેમાં આચાર્ય રજનીશનાં કથનો તેમજ લખાણો પ્રત્યે તેમને ઘણી લાગણી રહેતી. તેઓ છડેચોક તેમની પ્રશંસા પણ કરતાં. તેઓ પોતાને ક્યારેક 'રજનીશ ગ્રંથ'ની નાયિકા તરીકે ઉલ્લેખ કરતાં અચકાતાં નહીં. એમની એક નજમના શબ્દો છે :

'મન કા ઉસ અવસ્થા કી બાત કરતી હૂઁ, મુહબ્બત કે ઉસ આલમ કી જીસ કોઈ અક્ષર-અક્ષર હો ગયા હૈ, ઔર ઉસમેં સે, કહીં સે ભી વાક લીખા જા સકતા હૈ.'

ઉર્દૂભાષામાં 'વાક' એટલે ઉપદેશ-અભિપ્રાય, શિક્ષા, દિક્ષા એટલે કે કોઈ અદમ્ય મહાશક્તિનો આદેશ લેવો. એમનાં લખાણો ધારદાર છે. 'જબ હોને કી પહચાન નહીં મિલતી તો લોગ કુછ બનના ચાહતે હૈ.' અને આગળ લખે છે, 'સદિયોં સે ઇસ કામ ક્રોધ ઔર અહંકાર કી બાત હોતી રહી હૈ, ઇનકે દમનકી -

લેકીન યહ સબ આજ તક બને હુએ હૈં.'

આજે અમૃતા પ્રીતમ લગભગ ૮૦ વર્ષની જૈફ ઉંમરે પહોંચ્યાં છે. પોતાની રચનાઓથી એક ખાસ વાચકોમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમના નામ ઉપરથી પોતાનાં બાળકોના નામકરણ કરે તેવો તેમનો ચાહકવર્ગ છે. પંજાબી સાહિત્યને તેમણે સારો એવો માનમરતબો અપાવ્યો છે. તેમણે મનુષ્યનાં મન અને શરીરની તૃષ્ણાની સુંદર રજૂઆત કરી છે. 'મન મરિઝાં તન સાહેબાં' - *ગજેન્દ્ર શાહ*

કલાવૃત્ત

આદિમૂલમનાં ગાંધીવિષયક ડ્રૉઈંગ્સ

૧૯૩૮માં જન્મેલા કે. એમ. આદિમૂલમે ગવર્નમેન્ટ સ્કૂલ ઑવ્ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ, મદ્રાસમાંથી ૧૯૬૬માં એડવાન્સ પેઈન્ટિંગ વિષયમાં ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. ૧૯૬૨થી ૧૯૯૬ દરમ્યાન તેમણે પેન ઍન્ડ ઈન્ક તથા ચારકોલમાં સર્જેલાં ડ્રૉઈંગ્સના વિવિધ વિષયોમાં તેમનાં ગાંધીવિષયક ૧૦૦ ડ્રૉઈંગની એક નોંધપાત્ર અને મહત્ત્વપૂર્ણ શ્રેણી કલાચાહકો તથા કલાવિવેચકો અને કલાકારોની ખાસ ચાહના પામી છે. ૧૯૬૯માં ગાંધીજયંતી નિમિત્તે આ શ્રેણીનું એક પ્રદર્શન યોજાયું હતું. અનેક વૈયક્તિક પ્રદર્શનો યોજનાર તથા રાષ્ટ્રિય





અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ ભરાયેલાં ગ્રૂપ પ્રદર્શનોમાં ભાગ લેનાર આદિમૂલમે રૈખિક ત્વરાલેખનો, ડ્રૉઈંગ્સનું સર્જન કરવા ઉપરાંત રંગોમાં આકૃતિપ્રધાન તથા છેલ્લાં થોડાં વર્ષોથી અમૂર્ત ચિત્રોનું સર્જન કર્યું છે. રેખાઓમાં તથા રંગોમાં અને તેના આયોજનમાં આદિમૂલમ શ્રેષ્ઠ અભિવ્યક્તિ સાધવામાં સફળ રહ્યા છે.

ગાંધીજીનાં ડ્રૉઈંગસર્જનમાં આદિમૂલમની સર્જક કલાપ્રતિભા ઝળકી ઊઠી






છે. આ ડ્રૉઈંગ્સ જોતાં આપણને એવી અનુભૂતિ થાય છે કે કલાકારે મહાત્મા ગાંધીજી વિશે ખૂબ અભ્યાસ કર્યો હશે. તેમની ચાલવાની રીત, તેમનું વસ્ત્ર પરિધાન, તેમના ચહેરા પરના ભાવો વગેરેનું નિરીક્ષણ કર્યું હશે. આ બધું કર્યા પછી આદિમૂલમે ગાંધીમય બની જઈ નિજી વૈયક્તિક શૈલીની સ્થાપના કરી. આ શૈલીમાં ભાગ્યે જ જોનારને અન્ય વ્યક્તિઓની શૈલીની અસર જોવા મળશે. રેખાઓની જુદી જ ચાક્ષુષ ભ:ષામાં ગાંધીજીનું આવું ધબકતું ભાવવાહી છતાં કલાત્મક સર્જન ખુદ કલાકારને આશ્ચર્ય પમાડે છે. તેમણે કેટલીક વાર ગાંધીજીના આલેખનમાં વિરૂપતા અને કેટલાંક લક્ષણોની અતિશયોક્તિનો આસરો લીધો છે. ગાંધીજી પરત્વેના આદિમૂલમના આદરભાવ તથા તેમની વેધક મર્મગ્રાહી કલાકારની દૃષ્ટિને કારણે કેવળ રેખાઓ દ્વારા જ તેઓ ગાંધીજીનાં એક વ્યક્તિ તરીકેનાં લક્ષણો તેમનાં ડ્રૉઈંગ્સમાં ઝડપી શક્યા છે. જુદી જુદી પરિસ્થિતિઓમાં ગાંધીજી કેવા દેખાશે તેનું ચિત્ર તેમણે પ્રથમ મનમાં જ દોર્યું હશે. ભાવિપેઢી પણ આ શ્રેણીને વખાણશે તેમાં શંકાને સ્થાન નથી.

- *બંસીલાલ દલાલ*

સાહિત્યસંપર્ક

સાહિત્યકાર અને આજીવન પત્રકાર શ્રી અશોક હર્ષનું અવસાન

સતત સાડાસાત દાયકા સુધી અવિરત સાહિત્યસર્જન કરનાર અશોક હર્ષનો જન્મ તા. ૨૩મી સપ્ટેમ્બર ૧૯૧૫માં કચ્છ જિલ્લાના મુંદ્રા ગામે પિતા રતનશી હર્ષ અને માતા



લક્ષ્મીબહેનને ત્યાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંદ્રા ગામની ગામઠી શાળામાં લીધેલું. ત્યાર બાદ તેમને પદ્ધતિસરની કેળવણીનો લાભ ન મળ્યો એટલે તેમણે ખાનગી રાહે પોતાનો અભ્યાસ ચાલુ રાખી જ્ઞાનની ક્ષિતિજો સર કરી હતી. નાનપણથી જ તેમને સાહિત્ય-સર્જન કરવાનો શૉખ હતો તેથી અભ્યાસની સાથે સાથે કંઈક ને કંઈક લેખનકાર્ય કરતા રહ્યા હતા, અને સાથે શાળામાં આવતું 'કુમાર' માસિક સતત વાંચતા હતા. દરમ્યાન તેમણે મુંદ્રા છોડીને અમદાવાદને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું હતું. અમદાવાદમાં 'કુમાર'ના તત્કાલીન તંત્રી શ્રી રવિશંકર રાવળ અને સંપાદક શ્રી બચુભાઈ રાવત સાથે તેમની મુલાકાત થઈ. તે સમયે નવોદિત કવિઓ, લેખકો ને ચિત્રકારોને 'કુમાર'ના તંત્રી-સંપાદકે ઘણું પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં હતાં. આમ, તેઓને રહેવા-જમવાની વ્યવસ્થા પણ કુમાર કાર્યાલયમાં જ કરેલી. શ્રી અશોકભાઈએ 'કુમાર'ના તંત્રી શ્રી રવિશંકર રાવળને મળીને પોતાનું રચેલું સાહિત્ય તેમને બતાવ્યું. રવિભાઈએ તેમાંથી 'લક્ષ્મી'નામની વાર્તા રાખી લીધી અને 'કુમાર'ના અંક નં. ૭૪ (ઈ.૧૯૩૦)માં તેને પ્રકટ કરી. ત્યાર બાદ બીજી 'સેતાનનો સાદ' સાહસવાર્તા કુમાર અંક ૯૬, ઈ. ૧૯૬૨માં પ્રકટ થઈ, જ્યારે પ્રથમ જીવનચરિત્ર 'કુંગ-ફુત્સે' કુમાર અંક ૧૪૪, ઈ. ૧૯૩૬માં અને પ્રથમ કાવ્ય 'કલિકાલ સર્વજ્ઞને' કુમાર અંક ૧૮૪, ઈ. ૧૯૩૯માં પ્રકટ થયું. આમ, શ્રી અશોકભાઈનું સાહિત્યલેખન સતત ચાલતું રહ્યું અને તેઓ રવિશંકર રાવળ અને બચુભાઈ રાવતના એક આત્મીય જન જેવા બની ગયા, તથા 'કુમાર'ને એક પોતીકું મૅગેઝીન ગણીને તેમાં સતત સાહિત્ય-સર્જન કરતા રહ્યા. 'કુમાર'માં અશોકભાઈએ જીવનચરિત્રો, કાવ્યો, વાર્તા, નાટક, સાહસકથા, રહસ્યકથા, સત્યકથા, વિજ્ઞાનકથા, અનુવાદો, પુસ્તકોનાં વિવેચનો-અવલોકનો વગેરે દ્વારા સાહિત્યની તમામ પ્રકારની તાલીમ હસ્તગત કરી લીધી. શ્રી અશોકભાઈની આવી સિદ્ધિઓ જોઈને 'કુમાર'ના તંત્રી શ્રી રવિભાઈએ અને સંપાદક શ્રી બચુભાઈ રાવતે અશોકભાઈને ઈ. ૧૯૩૫માં 'કુમાર'ના સહાયક સંપાદક તરીકે નીમ્યા, અને તેમની સાહિત્યલેખન-શૈલી એકદમ ખીલી ઊઠી. આમ, શ્રી અશોક હર્ષે સાહિત્યજગતમાં પોતાની નામના અને કીર્તિ મેળવ્યાં. વળી, તેઓ શ્રી નીરુભાઈ દેસાઈ અને શ્રી જયંતી દલાલ સાથે પરિચયમાં આવતાં તેમનાં સામયિકો 'ગતિ' અને 'રેખા'નું સંપાદનકાર્ય ઈ. ૧૯૪૦માં સ્વીકાર્યું. ૧૯૪૫થી ૧૯૪૯ સુધી 'ભારતી'ના સંપાદનકાર્યમાં રત રહ્યા. ત્યાર બાદ



'કુમાર'માં સહાયક-સંપાદક હતા ત્યારે

નવજીનવ ટ્રસ્ટનું શ્રી ગાંધીજી પ્રેરિત 'પ્રજાબંધુ'માં જોડાયા. લગભગ ૧૯૪૮-૪૯ના ગાળામાં શ્રી અશોકભાઈ 'કુમાર' છોડી 'ગુજરાત સમાચાર'માં જોડાયા, પણ 'કુમાર' માટે જીવનચરિત્રો-લેખો લખવાનું ચાલુ જ રાખ્યું હતું. ત્યાર બાદ ઈ. ૧૯૫૪-૫૫માં જનસત્તા-લોકસત્તા અખબાર જૂથમાં જોડાઈ ગયા અને જનસત્તાના સંપાદનકાર્યમાં પણ ઘણી મદદ કરી. વળી, જનસત્તા-લોકસત્તા અખબાર જૂથના 'ચાંદની' વાર્તા સામયિકના સંપાદક નિમાયા અને 'ચાંદની'ને તે સમયમાં ઘણો મોટો ફેલાવો ધરાવતું સારી કક્ષાએ લાવીને મૂક્યું. ત્યાર બાદ 'રંગતરંગ' ડાઈજેસ્ટનું સંપાદન પણ તેમને સોંપાયું અને 'રંગતરંગ'ને પણ ઉચ્ચ કક્ષાએ લાવીને મૂક્યું. 'જનસત્તા' દૈનિક અખબારમાં તેમની કૉલમો 'સંસારના રંગ', 'ઘોષ-પ્રતિઘોષ', 'પ્રેરણા અને પ્રતિબિંબ' વગેરેએ વાચકોમાં ઘણી મોટી લોક-પ્રિયતા હાંસલ કરી હતી. જ્યારે 'ચાંદની'ની 'ચંદરવા' કૉલમે ઘણા નવોદિત સાહિત્યકારોને પ્રોત્સાહન પૂરું પાડીને તેમને લોકભોગ્ય કૉલમો લખવા માટે આંગળી ઝાલીને દોર્યા હતા.

'જનસત્તા'માંથી નિવૃત્તિ બાદ તેમણે 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સમભાવ', 'નવચેતન', 'કુમાર' વગેરેમાં પોતાની કલમપ્રસાદી ચાલુ રાખી હતી. અવસાન પૂર્વે એક અઠવાડિયા સુધી તેમણે લેખનક્ષેત્રે પોતાની સક્રિયતા ચાલુ રાખી હતી. છેલ્લાં કેટલાંય વર્ષોથી 'કુમાર'માં તેમની માસિક-કૉલમ 'ઇતિહાસધારા' તેઓ લખતા હતા અને તે કૉલમ વાચકોમાં ઘણી પ્રિય થઈ પડી હતી. આ કૉલમ તેમણે માર્ચ-૨૦૦૩ સુધી સતત ચાલુ

રાખી હતી, અને 'કુમાર'માં નિયમિત પ્રકટ થતી હતી. ત્યાર બાદ તેમને ઉત્તરોત્તર આંખની તકલીફ તથા શરીર અશક્તિગ્રસ્ત થતાં તેઓ 'કુમાર'ને માટે આ કૉલમ લખી શક્યા ન હતા, પણ 'કુમાર'માં દર મહિને તેમના પરિવાર-સભ્ય સાથે અચૂક તેઓ આવી જતા. સાહિત્યક્ષેત્રમાં સક્રિય રહેવા ઉપરાંત રાષ્ટ્રિય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ તેમણે ઘણો મોટો ફાળો આપ્યો હતો. સ્વાતંત્ર્યસેનાની સ્વ. સરદાર પૃથ્વીસિંહ આઝાદના અંતરંગ મિત્ર હતા, તો જયંતિ દલાલ, નીરુભાઈ દેસાઈ, દિનકર મહેતા, ધનવંત ઓઝા અને ઈન્દુલાલ યાજ્ઞિક સાથે મહાગુજરાતની ચળવળ (ઈ.૧૯૫૬) માં પણ તેમણે ઉત્કટપણે ભાગ લીધેલો. લાહોરથી નીકળતા 'લાઈટ' સામાહિકમાં હિન્દુ ધર્મ સામેના વાહિયાત આક્ષેપોનો પ્રત્યુત્તર આપતા લેખો પણ તેમણે લખ્યા હતા. માનવવંશશાસ્ત્ર પરનું તેમનું પુસ્તક 'માનવજીવનનો ઉષ:કાળ' આ વિષયના અભ્યાસીઓ માટે સંદર્ભ સાહિત્ય તરીકે સ્થાન પામ્યું હતું. મહાગુજરાતની રચના સમયે ગુજરાત રાજ્યની સરહદ નક્કી કરવામાં 'ડાંગ'ના પ્રશ્ને ગુજરાત સાહિત્ય સભાએ નીમેલી સમિતિના સભ્ય તરીકે ત્યાંની માનવવંશશાસ્ત્રીય તપાસનું કામ પણ તેમને સોંપવામાં આવ્યું હતું.

શ્રી અશોક હર્ષે સાહિત્યક્ષેત્રે જીવનચિરત્રો, ઇતિહાસ, વાર્તાઓ, નવલકથા, અનુવાદો સહિત ઘણા વિપુલ પ્રમાણમાં સાહિત્ય સર્જન કર્યું છે. ઉર્દૂ, અદબી દુનિયાની સેવા બદલ ગુજરાત ઉર્દૂ બૉર્ડે 'અખિલ ભારતીય કલાપી અવૉર્ડ' અર્પી તેમની ગઝલક્ષેત્રીય સેવાઓને સન્માની છે. ગુજરાત પ્રગતિશીલ લેખક સંઘનો અવૉર્ડ, ખાડિયા સેવા ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્યસેનાની સ્વ. શારદાબહેન ભટ્ટ અવૉર્ડ, ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા જયંત ખત્રી-બકુલેશ અવૉર્ડ, ગુજરાતી પત્રકારત્વ બદલ ગુજરાત દૈનિક અખબાર સંઘ દ્વારા જવાહરલાલ સ્મૃતિ અવૉર્ડ તેમને એનાયત થયેલા છે.

આમ, સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરનાર શ્રી અશોક હર્ષનું તા. ૧૩મી ડિસેમ્બરની મધરાતે અમદાવાદમાં ૮૭ વર્ષની ઉંમરે અવસાન થયું. - કા.વ.રામી

<u>*પ્રાપ્ત પ્રકાશનો*</u>

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો: *વિદેશ વાઙ્મય* (કાવ્યવિષયક લેખસંગ્રહ) લે. નલિન રાવળ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૩૨, રૂ.૧૪૦. *સ્મૃતિપર્વ* (જગદીશ જોષી - વિશેષ) સંપાદનઃ સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ.૨૫૦. *પારિજાત* (કાવ્યસંગ્રહ) લે. સુરેશ દલાલ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૯૬, રૂ.૩૦.

સાહિત્યસંકુલ (ચૌટા બજાર, સૂરત-૩૯૫૦૦૩)નાં પ્રકાશનો: *સ્વપ્નલોક* (નવલકથા) લે. નાનુભાઈ નાયક, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૪૯૬, રૂ. ૨૫૦. *પ્રાણ જાગીરે* (નવલકથા) લે. નાનુભાઈ નાયક, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૭૦. *મુદિતા બાલારામ* (ત્રિઅંકી નાટક) લે. નાનુભાઈ નાયક, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૧૨, રૂ.૮૦. *સફળ થવું અઘરું નથી* (જીવનવિકાસ ગ્રંથાવલિ) લે. જનક નાયક, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૦, રૂ.૫૦. *સમકાલ* (નવલકથા) લે. ચન્દ્રકાન્ત બક્ષી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૪૮, રૂ.૮૦. *વિનોદમેળો* (હાસ્યવિષયક લેખો) લે. વિનોદ ભટ્ટ, ડિમાઇ સાઇઝ, કાચુંપૂઠું, પૃ.૧૬૦, રૂ.૫૦.

અરુણોદય પ્રકાશન (૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ, ખત્રી પોળ, પાડા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો: *ઉત્તાંક વાદળ-૧* (બાળવાર્તા) લે. યશવંત કડીકર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૮, રૂ.૧૫. *ફેંસલો-૨* (બાળવાર્તા) લે. યશવંત કડીકર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, રૂ.૧૫. *બાદશાહને ભેટ-૩* (બાળવાર્તા) લે. યશવંત કડીકર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૮૮, રૂ.૧૫. *પદચિહ્ન-૨* (જુદા જુદા લેખકોનાં ક્વૉટેશન) સં. મૌલિક શાહ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૯૬ અને ૯૨ દરેકની કિં.રૂ.૨૫. *ટૂંકી વાર્તા* (સાહિત્યસ્વરૂપ પરિચય શ્રેણી) લે. ડૉ. વિજય શાસ્ત્રી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૩૪, રૂ.૯૦. *પાંદડે પાંદડે મોતી* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. વસુબહેન, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૫૬, રૂ.૮૦.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો: પંક્તિપર્વ (કાવ્યસંગ્રહ) લે. દિલીપ જોશી, પ્ર. વ્યંજના, ૩, મારુતિનગર, 'દિનકર', એરોડ્રોમ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૯૮, રૂ.૧૦૦. *નિરુપમ સંકેત સીમા પારના* (કાવ્યસંગ્રહ) લે. સનત ત્રિવેદી, પ્ર. પોતે, તૃપ્તિ, ૧૧, નૂતનનગર, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૪, રૂ.૧૨૦. *सच तो यही है* (કાવ્યસંગ્રહ) લે. ડૉ. ઘનશ્યામ અગ્રવાલ, પ્ર. પોતે, બૅન્ક સોસાયટી, ગાંધીગ્રામ, જૂનાગઢ - ૩૬૨૦૦૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૯૬, રૂ.૩૫, *અતીતમાં અવગાહન* (ઇતિહાસ વિષયક ૧૦ લેખોનો સંચય) લે. નરેશ અંતાણી, પ્ર. શ્રીમતી ઈલા નરેશ અંતાણી, ૩ નાગરની વંડી, છઠ્ઠી બારી, ભૂજ-કચ્છ - ૩૭૦ ૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૬૪, રૂ.૩૦. *શું પુસ્તક ધાર્મિક હોઈ શકે ?* (વિવરણાત્મક લેખ) લે. ડૉ. મહેરવાન ભમગરા, પ્ર. હેલ્થ સાયન્સ ટ્રસ્ટ, ૧૯, રવિ સોસાયટી, ટેપ વૂડ, લોનાવલા - ૪૧૦-૪૦૦, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૦, કિંમત જણાવી નથી.

અજવાળાંનો ધોધ (બાઈબલ-કાવ્યો) લે. યાકૂબ પરમાર, પ્ર. ફાધર વર્ગીસ પૉલ - એસ.જે.પ્રમુખ : ગુજરાત ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સિલ, સી.આઈ. એસ.એસ., અમીબેલા બિલ્ડિંગ, સન્માન હોટેલ પાસે, અમદાવાદ - ૩૮૦૦૧૪, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૭૨, રૂ.૫૦.

અડકો દડકો

ગિલુભાઈની પૂંછડી

અંજના ભગવતી

બાળદોસ્તો, તમે ઘણી વાર્તાઓ વાંચી હશે રાજાની, રાણીની, હાથીની અને ઘોડાની. તમે કોઈ દિવસ ગરોળીની વાર્તા વાંચી છે ? આ વાર્તા ગરોળીના બચ્ચાની છે, જેનું નામ છે ગિલુભાઈ.

ગિલુભાઈ ઘરમાં આમતેમ ફરે. ભીંત ઉપર સડસડાટ ચઢી જાય અને છત પર ઊંધે માથે પણ ચાલી શકે. તેને જંતુનો શિકાર કરતાં પણ આવડી ગયો હતો.

એક દિવસની વાત છે. ગિલુ એક જંતુને ખાવાની પેરવીમાં હતું. તે ઝટપટ સરકવા ગયું અને પડ્યું નીચે જમીન પર. ત્યાં એક બિલ્લીની નજરે પડ્યું. તેણે તરત જ ગિલુ પર તરાપ મારી અને તેની પૂંછડી ઝડપી લીધી. ગિલુ તરફડિયાં મારવા લાગ્યું. તેની પૂંછડી છૂટી પડી ગઈ અને તે જીવ બચાવીને ભાગ્યું. બિલ્લીબાઈ પૂંછડીને પકડવા રહ્યાં અને થાપ ખાઈ ગયાં. તે લાગ જોઈ ગિલુ ભાગી ગયો. જીવ બચ્યો પણ પૂંછડી ગઈ. પૂંછડી વગર ગિલુને ચેન પડે નહીં.

ગિલુભાઈ તો ચાલ્યા પૂંછડીની શોધમાં. સામેથી એક વાછરડું આવ્યું. ગિલુ વાછરડાને કહે, 'વાછરડા, મને તારી પૂંછડી આપને.' વાછરડું કહે, 'ના ભાઈ ના, મારી પૂંછડી તને આપું તો હું માંખ-મચ્છર શેનાથી ઉડાડું ? પૂંછડી વગર મને ચાલે નહીં.'

ગિલુ આગળ ગયો ત્યાં એક વાંદરું મળ્યું. ગિલુએ વાંદરાને કહ્યું, 'વાંદરાભાઈ, તમારી પૂંછડી મને આપોને, મારી પૂંછડી તો કપાઈ ગઈ છે.' વાંદરું કહે, 'ના ભાઈ ના. મારી પૂંછડી તને નહીં આપું. હું કૂદાકૂદ કરું છું, વૃક્ષ પર લટકું છું તે બધું મારી પૂંછડીને પ્રતાપે. એના વગર તો હું પડી જ જાઉં.'

ગિલુભાઈ તો નિરાશ થઈને આગળ ચાલ્યા. ત્યાં એક તળાવ આવ્યું. તળાવમાં રંગબેરંગી માછલીઓ તરતી હતી. ગિલુ એક માછલીને કહે, 'માછલીબહેન, માછલીબહેન; મને મદદ કરોને. મારી પૂંછડી કપાઈ ગઈ છે તો તમારી પૂંછડી મને આપો.' માછલી કહે, 'ના, ભાઈ, ના. એમ મારી પૂંછડી તો કેવી રીતે અપાય ? મારે પાણીમાં તરવાનું હોય છે. તરતાં તરતાં દિશા બદલવાની હોય છે. માટે મારે પૂંછડી જરૂરી છે.'

બોલો, હવે શું કરવાનું ? દરેક પ્રાણીને પોતાની પૂંછડી ઉપયોગી હતી. ગિલુભાઈ રડતા રડતા તેમની મા પાસે ગયા. માને બધી વાત કરી.

મા કહે, 'બેટા, તું રડીશ નહીં. તારી પૂંછડીને લીધે તારો જીવ બચી ગયો ને !'

ગિલુ કહે, 'પણ મા, મને પૂંછડી વગર નથી ગમતું.'

મા કહે, 'જરા પાછળ તો જો. તને નવી પૂંછડી ઊગવા માંડી છે.'

ગિલુભાઈ તો રાજીના રેડ થઈ ગયા. રાજી થઈને બોલ્યા, 'હા, ભાઈ હા; વાહ, ભાઈ વાહ !' ❐

લઘુકથા

જ્ઞાનશંકરનો ખોંખારો

કાલિન્દી પરીખ

શિશુવિકાસ શિબિરનાં કેટલાંક બાળકો વહેલી સવારે દોડવાની કસરત કરીને પાછાં ફરી રહ્યાં હતાં. રસ્તામાં એક છોડ પર ખીલેલું ફૂલ જોઈ બધાં ઊભાં રહી ગયાં. ફૂલ પર ચમકતાં જળબિંદુઓ જોઈ ભાવેશ બોલ્યો, 'બિચારું ફૂલ કસરત કરી થાકી ગયું લાગે છે. જો ને યાર, કેટલો બધો પરસેવો વળી ગયો છે તેને !'

'ના એમ નથી.' પલ્લવી બોલી, 'વહેલું ઊઠવું પડ્યું એટલે એ રડ્યું લાગે છે. જો ને આંસુ ચાલ્યાં જાય છે.'

'એવું પણ કાંઈ જ નથી. હોં.' રશ્મિ ઠસ્સાથી કહેવા લાગી. 'એ તો નાહી-ધોઈ તૈયાર થઈ ગયું છે અને મોતીની માળા પહેરી મલકે છે.'

એ સમયે ત્યાં આવી ચડેલા શિબિર-સંચાલક સ્વનામધન્ય શ્રીયુત જ્ઞાનશંકરજી બાળકોની વાતો સાંભળી હસી પડ્યા અને બોલ્યા, 'બાળકો ! આમાંનું કાંઈ નથી. આ તો ઝાકળનાં બિંદુઓ છે. કુદરતના નિયમ પ્રમાણે આ બધું થાય છે. તમારે જ્ઞાન-વિજ્ઞાન સમજવું જોઈએ.' એમ કહી તેમણે ખોંખારો ખાઈ વિજયી સ્મિત વેર્યું.

પણ આ શું ? ફૂલ પર હવે ન તો પરસેવાનાં ટીપાં હતાં, ન અશ્રુબિંદુઓ કે ન મોતીની માળા કાંઈ જ ન હતું. અરે, બાળકો પણ ન હતાં. હતાં માત્ર જ્ઞાનશંકર અને એમનો ખોંખારો !

કાવ્યો

'કુમાર'ના અમૃતપર્વ પ્રસંગે 'કુમાર' ટ્રસ્ટ તરફથી તા. ૧-૧-૨૦૦૩ ને બુધવારના રોજ રાત્રે ૮ વાગ્યે અમદાવાદના શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉન હૉલમાં બૃહદ્ બુધ-કવિ સંમેલનનું આયોજન થયું હતું. આ સંમેલનમાં કાવ્યપઠન કરનારાં ૨૧ કવિઓનાં જે કાવ્યો રજૂ થયાં હતાં તે કાવ્યો એક પુસ્તિકારૂપે પ્રકટ કર્યાં છે.

ફૂલસ્કેપ ૧/૧૬ સાઈઝની આ પુસ્તિકાનાં પૃષ્ઠ ૯૬ છે. તેની કિંમત રૂ. ૨૫ + રૂ. ૫ સાદા બુક પોસ્ટથી રવાનગી ખર્ચ મળીને રૂ. ૩૦ મનિઑર્ડરથી મોકલવા. રજિ. પોસ્ટેજના રૂ.૨૫ વધુ મોકલવા.

કુમાર ટ્રસ્ટ

બઉઆની પોળ સામે, ૧૪૫૪, રાયપુર ચકલા

અમદાવાદ - ૩૮૦ ૦૦૧



અધ્ધર અધ્ધર પણ સધ્ધર છું;
વણ દીવાલ ટકેલું ઘર છું.
આંખે સૌના ક્યાં દર દર છું ?
નિજ હૈયે નિત સૌનું ઘર છું !
છું ઉપવન... વેરાન ભલે ને,
રિક્ત છતાં ફૂલોનું ઘર છું !

('અઢળક'માંથી) - અગમ પાલનપુરી

સંસારીસંત શ્રી બાલકૃષ્ણ વૈદ્યનું નિધન

જાણીતા નાડીવૈદ્ય, આયુર્વેદ અને અધ્યાત્મના ઊંડા અભ્યાસી, આઝાદીના આંદોલન દરમિયાન અનેક સ્તરે ભૂમિકા ભજવનાર રાષ્ટ્રપ્રેમી, ગાંધી વિચારથી પ્રેરિત સામાજિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગાઢ સંકળાયેલા એવા બાલકૃષ્ણ વૈદ્યનું ૯૪ વર્ષની જૈફ વયે અમદાવાદમાં અવસાન થયું.

બાલુભાઈ વૈદ્યના હુલામણા નામે ઓળખાતા આ આદરપાત્ર ગાંધીજન આયુર્વેદ ઉપચાર પદ્ધતિમાં શ્રદ્ધા રાખનાર દરદીઓમાં તો લોકપ્રિય હતા જ, પણ સાહિત્ય, શિક્ષણ, અધ્યાત્મ, ખાદી, ગ્રામોત્થાન નારીસુરક્ષા અને કેળવણી જેવી રચનાત્મક સંસ્થાઓ અને વ્યક્તિઓ માટે પણ એટલા જ આદર અને પ્રીતિપાત્ર હતા.

તેમનો મૂળ રસ આયુર્વેદ હતો. વૈદકના વ્યવસાયને તેમણે માત્ર અર્થોપાર્જનનો કસબ નહીં બનાવતાં માનવસેવાના જીવનમંત્ર તરીકે અપનાવી લીધો. જીવનના છેલ્લા દિવસોમાં, જ્યારે નહિવત્ જ સભાનતા બચી હતી ત્યારે પણ નાડીપરીક્ષણ કરી શકવાની પ્રજ્ઞા અકબંધ રહી હતી.



પરંપરાગત નિદાન અને ઔષધો આપીને દર્દીઓને માત્ર સાજા કરી દેવાનો જ તેમનો ઉદ્દેશ કદીય નહોતો. તેમનામાં ઊંડી સંશોધકની દૃષ્ટિ હતી. દરદને તેઓ તેની અખિલાઈમાં જોતા અને સમજવાનો પ્રયાસ કરતા. દરદીઓમાં પૂરો રસ લેતા, તેમને પૂરેપૂરા સાંભળતા, નાડી જોઈને તેમનાં તમામ નાનાંમોટાં મનોશારીરિક લક્ષણો કહી સંભળાવતા. જે તે દરદીને સામેથી ફોન કરીને ખબર પૂછતા, મળવા બોલાવતા અને પત્રો દ્વારા પણ નિયમિત સંપર્કમાં રહેતા. દરદીઓને આપેલ સમય કોઈ પણ ભોગે સાચવતા. દવાખાનું ચલાવતા ત્યારે માત્ર દવાની ફી લેતા, નિદાનની નહીં; પરંતુ ઘરમાં જ દરદીઓ તપાસતા અને દવા બહારથી લખી આપતા થયા ત્યારથી નિદાન-ફી લેવાનું ચાલુ કર્યું. એમાંય ઘણી વાર દરદીની સાથે આવેલાં સગાં પણ કુતૂહલવશ પોતપોતાની નાડ દેખાડી દે તોપણ ફી તો એક જ વ્યક્તિના નિદાનની લેતા !

સાહેલિયોની વાડી
દેશાટન-૫૯



રાજસ્થાન એટલે શૌર્યભૂમિ-સતીઓની ભૂમિ. ખડકાળ પ્રદેશ હોવાથી રાજસ્થાનમાં હરિયાળી ઓછી જોવા મળે છે. અહીંનાં ખમીરવંતાં લોકોનું જીવન ભારે કામવાળું અને કઠિન છે. જો કે આ ભૂમિમાં આવેલાં નગરોમાં જાજવલ્યમાન સંસ્કૃતિનાં દર્શન થાય છે. સરોવરનગરી ઉદેપુર પૂર્વનું વેનિસ કહેવાય છે. તેની સૌંદર્યસમૃદ્ધિ જોઈ કેટલાંક પર્યટકો એને સ્વપ્નનગરી કહે છે. ઉદેપુરમાં ઘણા રમણીય ઉદ્યાનો આવેલા છે. તેમાં સાહેલિયોની વાડી ઉદ્યાન એક અનોખો અને અદ્ભુત છે. સુંદર સુશોભિત વૃક્ષો, વેલીઓ, છોડવાઓ અને વચ્ચે વચ્ચે સુંદર ફુવારાઓ આવેલા છે. સમય સમયના રાજા-મહારાજાઓનો પરિવાર આ ઉદ્યાનની મુલાકાતે આવતો. ફુવારાઓની જલધારાઓનું સુંદર આયોજન કરવામાં આવેલું છે. વચ્ચે વચ્ચે આરસના ગજરાજો અને ખીલેલાં કમળોવાળા નાનકડા જળકુંડો આવેલા છે. રાજકુટુંબનાં પરિવારો આ રમણીય ઉદ્યાનને મન ભરીને માણતાં અને એથી આ ઉદ્યાન સાહેલિયોની વાડીના નામે ઓળખાય છે. પર્યટકો ઉદેપુરના પ્રવાસ દરમ્યાન આ ઉદ્યાનની ખાસ મુલાકાત લે છે અને ઉદ્યાનનું મનોહર સૌંદર્ય નીરખીને ઘણા આનંદિત થાય છે.

ફત્તેહસાગર સરોવર નજીક આવેલી લેક હોટેલ, પહાડી પર આવેલી હોટેલ વગેરેમાં નિવાસ અને ભોજનની શ્રેષ્ઠ વ્યવસ્થા મળી રહે છે. - કા.વ.રામી

આયુર્વેદના ગ્રંથોનો ગહન અભ્યાસ અને બીજી બાજુ અનેક દરદીઓ સાથેનો પ્રત્યક્ષ અનુભવ આ બંનેના નિચોડરૂપ લખાયેલાં તેમનાં પુસ્તકો - 'આયુર્વેદીય મનોવિજ્ઞાન', 'આયુર્વેદનું અધ્યાત્મ', 'આયુર્વેદની ધરતી અને ધાવણ' વગેરે સામાન્યજનોમાં તેમ જ વિદ્વાનોમાં ખૂબ જ આવકાર પામ્યાં.

પચાસના દાયકામાં તેઓ જામનગરની ગુલાબ કુંવરબા આયુર્વેદિક સોસાયટીમાં મંત્રી પદે નિમાયા. જામસાહેબની પ્રેરણા અને ટેકાથી આયુર્વેદિક કૉલેજ શરૂ થઈ, આયુર્વેદિક ચિકિત્સાલય શરૂ થયું, પ્રગતિશીલ દૃષ્ટિકોણ રાખી આયુર્વેદ અને એલૉપથીનો મિશ્ર કૉર્સ શરૂ કરાયો અને અંતે જામનગરમાં આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના થઈ. આયુર્વેદ સેવાઓની આ સમગ્ર વિકાસયાત્રામાં બાલુભાઈ મુખ્ય પ્રેરણાસ્રોત, માર્ગદર્શક અને કાયમી કડીરૂપ બની રહ્યા.

૧૯૬૩ બાદ તેમણે જામનગરમાં પોતાનું સ્વતંત્ર દવાખાનું શરૂ કર્યું અને ત્યારથી તેમણે જીવનપર્યંત દરદીઓની સેવા, સામાજિક અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન, સાહિત્ય, અધ્યાત્મ અને આયુર્વેદનાં પુસ્તકોનું પરિશીલન વગેરેને તેમની દિનચર્યા બનાવી દીધી.

એક એવી સાધારણ છાપ છે કે મોટે ભાગે સામાજિક અને રચનાત્મક કાર્યમાં પડેલ વ્યક્તિઓ પોતાના કુટુંબ માટે પૂરતો સમય ફાળવી શકતી નથી. બાલુભાઈ આમાં અપવાદ હતા. તેના કારણમાં તેઓ સ્વયં કુટુંબપ્રેમી હતી. તેમની આ કુટુંબભાવનાને સફળ બનાવવામાં તેમનાં જીવનસાથી શારદાબહેનનો અનન્ય ફાળો હતો. બાલુભાઈના ઘરે ટાણેકટાણે જઈ ચડનાર કોઈ પણનું હંમેશાં પ્રેમથી સ્વાગત થતું. ઉપચાર માટે ઘરે આવતાં દરદીઓ સગાં હોય કે દૂરનાં ઓળખીતા, સાવ સાજા ન થાય ત્યાં સુધી બાલુભાઈ જવા ન દેતાં અને શારદાબહેન પૂરા ભાવથી તેમની સારસંભાળ લેતાં.

ખાદી પહેરવાના ચુસ્ત આગ્રહી હોવા છતાં અમને સંતાનોને ક્યારેય ખાદી પહેરવાની જબરદસ્તી નથી કરી. તેમના જીવનથી પ્રેરાઈને સ્વાભાવિક ક્રમમાં જ અમે સૌ નાનપણથી ખાદી પહેરવા ટેવાયેલાં. ઘરમાં વાસણ હોય તો ખખડે પણ ખરાં, અમારા ઘરમાં જ્યારે પણ કુટુંબવિષયક નાનીમોટી કટોકટી કે સંઘર્ષ આવ્યા ત્યારે બાલુભાઈએ અભૂતપૂર્વ સમતા અને સ્વસ્થતા દર્શાવી પ્રશ્નોનું નિરાકરણ કર્યું. કુટુંબમાં પોતાની કોઈ વ્યક્તિ ભારે ખોટું કામ કરી નાખે તો તેના પ્રાયશ્ચિત્ત રૂપે પોતે ઉપવાસ કરતા અને વળી તે વ્યક્તિને પણ દિલાસો આપતા કે આ ઉપવાસ તારી વિરુદ્ધ નથી પણ આપણા સૌની આત્મશુદ્ધિ માટે છે. તેમનું બુદ્ધિયુક્ત વિશ્લેષણ અને પ્રાંજલ સ્નેહભાવ પ્રત્યેકમાં સમર્પણ અને આદરની લાગણી જન્માવતાં.

મુખ્યતઃ ગાંધી વિચારથી ઘડાયેલા હોવા છતાં તેમણે ક્યારેય કોઈ વાદ કે વિચારની કંઠી બાંધી નહોતી. તેમના વાચન અને અભ્યાસના વિષયોમાં અપાર વૈવિધ્ય હતું. કોઈ વાત ગળે ન ઊતરે તો ગમે તેટલી મોટી વ્યક્તિને પણ પોતાનો મત નિર્ભિકપણે વ્યક્ત કરી દેતાં અચકાતા નહીં. કટોકટી બાદ જનતા પક્ષના સત્તાકાળ દરમિયાન મોરારજીભાઈએ જયપ્રકાશના સંદર્ભમાં એક ઘસાતું વિધાન કરેલું કે 'જયપ્રકાશ કાંઈ ગાંધી નથી.' ત્યારે બાલુભાઈએ વડાપ્રધાન મોરારજીભાઈને પત્ર લખીને પોતાની સખત નારાજગી પ્રકટ કરેલી. મોરારજીભાઈને નમ્રપણે યાદ અપાવેલું કે, 'તમારા વડાપ્રધાન બનવામાં જયપ્રકાશનો ફાળો ઓછો ન આંકશો. ગાંધી એક જ હતા અને રહેશે, પરંતુ આજે જ્યારે તે હયાત નથી ત્યારે સત્તાના રાજકારણથી દૂર અને માત્ર રાષ્ટ્રહિતને હૃદયે ચાંપીને બેઠેલી જયપ્રકાશ જેવી વિભૂતિનું ગૌરવ જાળવવું એ સમયનો તકાજો છે. આજે તમે જે પદ પર બેઠા છો ત્યાંથી આવી ભાષા શોભાસ્પદ ન લાગે તે જરા વિચારજો.'

તેમની સમાજ અને દેશ પ્રત્યેની નિસબતને દિશા અને દૃષ્ટિ સાંપડ્યાં સ્વાતંત્ર્યની લડતમાંથી. રાજકારણમાં તેમણે મહત્ત્વાકાંક્ષા દાખવી હોત તો ઘણા ઊંચા પદોને પામી શક્યા હોત. ઢેબરભાઈ, રસિકભાઈ, રતુભાઈ, વજુભાઈ વગેરે સાથેના અત્યંત ઘનિષ્ઠ સંબંધો હોવા છતાં સત્તાના રાજકારણથી તેઓ હંમેશાં દૂર રહ્યા. શરૂથી તેમને જીવનમાં ફક્ત ત્રણ પરિબળો જ આકર્ષતાં રહ્યાં : આયુર્વેદ, દેશસેવા અને અધ્યાત્મ.

૧૯૩૦-૩૧ના રાષ્ટ્રિય ચળવળના દિવસોમાં રાજકોટમાં વિદેશી કાપડ ઉપરના પિકેટિંગમાં અગ્રભાગ લેતાં પકડાયા અને ટૂંક સમયમાં છોડી મૂકવામાં આવ્યા. ૧૯૩૧માં ધાંગધ્રાની લડતમાં ભાગ લેતાં અનેક કષ્ટો સહન કર્યાં અને જેલમાં ભારે ત્રાસ સહન કર્યો. ત્યાર બાદ ધોલેરાની લડતમાં સામેલ થયા અને સવિનય કાનૂનભંગ કરતાં દોઢ વર્ષની જેલની સજા થઈ. લડત દરમિયાન ભાલનાં ગામડાંમાં થાણું નાખીને લોકજાગૃતિનું કાર્ય કર્યું. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેતાં બે વાર પકડાયા અને જેલવાસ ભોગવ્યો. જેલમાં અન્યાયો સામે ઉપવાસ પર ઊતર્યા અને ન્યાય મેળવીને જંપ્યા. ૧૯૪૨ની હિંદ છોડોની ચળવળ વખતે લડતથી દૂર રહીને ભૂગર્ભવાસીઓને મદદ કરવાનું કામ કર્યું. જૂનાગઢની આરઝી હકૂમત વખતે કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રી તરીકેની કામગીરી બજાવીને સહાયરૂપ બન્યા. કાઠિયાવાડ રાજકીય પરિષદના ઈતિહાસના તેઓ એક આધારભૂત સાક્ષી તરીકે ગણી શકાય. લડત તેમ જ જેલવાસ દરમિયાન તેમની અભ્યાસની ભૂખ સંતોષાઈ. આયુર્વેદના મનિષી બાપાલાલભાઈ વૈદ્ય, વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાત ગોકુલદાસ બાંબડાઈ અને જુદા જુદા વિષયોના અનેક વિદ્વાનો

ત્યાં મળ્યા. તેમના જ શબ્દોમાં આયુ શબ્દ વૈદકીય અર્થમાં જ નહીં પણ સમગ્ર જીવનના અર્થમાં સમજાયો. એથી એનાં આનુષંગિક શાસ્ત્રો-માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર વગેરેનું પણ અધ્યયન થયું. ગાંધીજીના સાહિત્ય અને જીવનને અનુશીલને જીવનની સમગ્રતાનો પૂરો આયામ આપ્યો.

અવસાનના થોડા દિવસો પહેલાં છારોડી ગુરુકુળનાં સાધુશ્રી બાલમુકુન્દ સ્વામી બાલુભાઈની ગંભીર તબિયતના ખબર સાંભળી તેમના સાથીસત્સંગીઓ સાથે ઘરે પધાર્યા ત્યારે અમે સૌ સંતાનો ગદ્ગદ થઈ જઈએ તેવી અંજલિ આપી. તેમણે કહ્યું, 'કે વર્ષો પહેલાં પૂજ્ય ધર્મજીવનદાસજીએ મને બાલુભાઈ પાસે આયુર્વેદ ભણવા મોકલ્યો હતો. તે સમયે મોટેરા સાધુઓ અમને ટપારતા કે આપણે ભગવાં પહેર્યાં એટલે એવી અપેક્ષા નહીં રાખવી કે હંમશાં બીજાઓ જ આપણી ચરણરજ લીધાં કરે. સંસારમાં કેટલાક ગૃહસ્થો પણ એવા વંદનીય હોય છે જેની આપણે સાધુઓએ ચરણરજ લેવી જોઈએ. બાલુભાઈ એવા જ વંદનીય પુરુષ છે. તેઓએ ભલે ભગવાં નથી પહેર્યાં, શ્વેત ખાદીમાં તેઓ સાધુપુરુષથી જરાય કમ નથી. તમારા સૌના સદ્ભાગ્ય છે કે તમને આવા ઋષિતુલ્ય પિતા મળ્યા.' - ભરત દવે

-('જન્મભૂમિ પ્રવાસી'માંથી ટૂંકાવીને)

સ્ટેથોસ્કોપ

આજે ડૉક્ટરોની ઓળખ એટલે ગળામાં સ્ટેથોસ્કોપ હોય તે. આ સ્ટેથોસ્કોપને જન્મ આપનાર લેનેક નામના ફ્રેંચ વૈજ્ઞાનિકે કરેલી. સૌપ્રથમ સ્ટેથોસ્કોપ લાકડામાંથી બનાવેલ ત્યાર બાદ તેમાં ઘણા ફેરફારો થયા અને રબ્બરમાંથી નળી વાપરવામાં આવી. લેનેકે જે સ્ટેથોસ્કોપ બનાવેલ તેમાં એક જ કાન વડે હૃદયની ધડકન સાંભળી શકાતી. (૧૮૧૬), ૧૮૨૯માં કલ્લીના કોઈ ડૉક્ટરે બે કાનમાં રાખી શકાય તેવું સ્ટેથોસ્કોપ બનાવ્યું. ૧૮૫૫માં હૃદયના ધબકાર સાંભળવા માટે ચેસ્ટ પીસનો ઉમેરો કરવામાં આવ્યો. તે પહેલાં માત્ર નળી છાતી પર રાખવામાં આવતી. તેમણે સ્થિતિ સ્થાપકતા ધરાવતા પદર્થનો ઉપયોગ કરી તેની ઉપર ધાતુની સ્પ્રિંગનું આવરણ આપેલ. કાનમાં રાખવાનો ભાગ લોખંડનો બનાવ્યો. જે આજના સ્ટેથોસ્કોપ જેવું લાગતું. ૧૮૯૦માં સ્પ્રિંગની ધાતુ બદલાવીને સ્ટીલનો ઉપયોગ કરવામાં આવેલ. નળીની લંબાઈ પહેલાં વધારે હતી તેને ટૂંકાવાઈ ત્યાર બાદ સ્ટેથોસ્કોપ અંગેનાં ઘણાં સંશોધનો થયાં. ૧૯૬૩માં ડેવિડ લેટમેને ઘણા ફેરફારો કરી સ્ટેથોસ્કોપનો પાયો નાખ્યો. તેમાં ઘણા બધા સુધારાઓ કરવામાં આવ્યા. લેટમેનના સ્ટેથોસ્કોપનો ઉપયોગ વ્યાપક છે. ૩-એમ કંપની આવા સ્ટેથોસ્કોપનું ઉત્પાદન કરે છે. તેમણે બનાવેલ ડબલ મોડ સ્ટેથોસ્કોપ સફળ થયા છે. જેની મદદથી ખૂબ જ ઓછી આવૃત્તિ-વાળો ધ્વનિ સાંભળી શકાય છે. ૧૯૬૧માં સૌ પ્રથમ ઇલેક્ટ્રોનિક સ્ટેથોસ્કોપ એમ્પીલીવાંક્સે બનાવેલ. હવે ડીજીટલ સ્ટેથોસ્કોપ આવવા લાગ્યા છે જે દર્દીની ધડકન સંઘરી શકે છે. આથી બીજાને તે સંભળાવી શકાય છે. ઇન્ટરનેટના યુગમાં હવે કોઈ પણ ગામડાંના દર્દીની ધડકન અમેરિકાના નિષ્ણાત ડૉક્ટરને સંભળાવી શકાય અને તે આધારે નિદાન કરી શકાય છે. છેને કમાલ કારણ કે ઈ.સ. પૂર્વે ૧૫મી સદીમાં ઈજિપ્તના લોકો હૃદયના ધબકારાને આધારે નિદાન કરવાની પદ્ધતિ અપનાવેલ. પરંતુ પ્રાયોગિક રીતે પ્રથમ વાર સ્ટેસ્થોસ્કોપ બનાવવાની સફળતા લેનેકે મેળવેલી.

('વિજ્ઞાનજાગૃતિ'માંથી સાભાર)

કૅલ્શિયમ હૃદયરોગનો સામનો કરવા ઉપયોગી છે.

ન્યૂઝીલૅન્ડમાં કરવામાં આવેલા એક વર્તમાન સંશોધનથી એવું જાણવા મળ્યું છે કે આહારમાં કૅલ્શિયમયુક્ત પદાર્થો લેવાથી રજોનિવૃત્તિ (મૅનોપોઝ) પછીની વયની મહિલાઓમાં લોહીની અંદર ડૅન્ઝિટી લાઈપોપ્રોટીન (એચ.ડી.એલ.) નામના કોલેસ્ટેરોલનું પ્રમાણ વધે છે. એચ.ડી.એલ. 'સારું' કોલેસ્ટેરોલ ગણાય છે, કેમ કે તે હૃદયરોગ સામે રક્ષણ આપે છે. સંશોધકોએ ૨૦૦ મહિલાઓને દૈનિક આહારમાં એક ગ્રામ કૅલ્શિયમ એક વર્ષ સુધી નિયમિત લેવા જણાવ્યું. જે મહિલાઓએ આ અભ્યાસમાં ભાગ લીધો તેમના લોહીમાં કુલ કોલેસ્ટેરોલની માત્રા પ્રમાણસરની રહી. એટલું જ નહીં, એમને અસ્થિ ગળાવાની (ઑસ્ટીયોપોરોસિસ નામની) બીમારી પણ ઓછી જોવા મળી. તેમની લોહીમાં એચ.ડી.એલ. કોલેસ્ટેરોલની માત્રા નોંધપાત્ર રીતે વધેલી હોવાનું જણાયું. કૅલ્શિયમ હૃદયરોગ જેવા રુધિરાભિસરણ તંત્રના જીવલેણ રોગને નાથવાની સાનુકૂળ અસર ધરાવે છે એવું પુરવાર કરતો આ પ્રારંભિક અભ્યાસ છે. આ વિષયમાં વધારે સંશોધનને અવકાશ છે. ('આપણું સ્વાસ્થ્ય'માંથી)

કડવાં કારેલાંના ગુણ

સ્ત્રીઓ પર કરવામાં આવેલા એક આધુનિક સંશોધનથી એવું જોવા મળ્યું છે કે રોજના શાકભાજીમાં કડવાં શાક ઉમેરનારી સ્ત્રીઓ અન્ય મહિલાઓની સરખામણીમાં વધારે તંદુરસ્ત જીવન જીવે છે. યેલ યુનિવર્સિટી ઑફ મૅડિસિન દ્વારા થયેલા આ અભ્યાસમાં એવું જણાયું છે કે કડવાં શાકમાં પ્રજીવકો, ખનીજતત્ત્વો, રેસાઓ અને સ્વાસ્થ્યપ્રદ કાર્બોદિત પદાર્થોની માત્રા ઘણી સારી હોય છે. કડવાં શાકમાં બીટા-કેરોટીન (પ્રજીવક 'એ'નું પૂર્વ-રાસાયણિક સ્વરૂપ) પ્રચુર માત્રામાં હોય છે જે કૅન્સરનો પ્રતિકાર કરવાની શક્તિ ધરાવે છે. ('આપણું સ્વાસ્થ્ય'માંથી)

> કથની મીઠી ખાઁડ સી, કરની વિષકી લોય;
> કથની સે કરની કરે, વિષ સે અમૃત હોય.
>
> — કબીર

ઈ. ૧૮૯૩-૯૪માં દક્ષિણ આફ્રિકામાં પોતાના એક અસીલનો કેસ લડવા ગયેલા ગાંધીજીને ઘણી વાર ઉપેક્ષિત અને અપમાનિત થવું પડેલું. એક વાર એક યુરોપિયન ટોળીએ ગાંધીજીને ખરાબ ગાળો આપી અને તેમના જવાના રસ્તે ઈંટ-પથ્થરોનો મારો ચલાવ્યો. આથી તેમના એક સાથીએ પોલીસ-સ્ટેશને ફરિયાદ કરવાનું કહેતાં ગાંધીજીએ ના કહી અને બદલો લેવાની ભાવનાને રોકી લીધી.

*

ભારતમાં સૌથી વધુ લોકપ્રિય રમત ક્રિકેટ છે પણ આંતરરાષ્ટ્રિયક્ષેત્રે ભારતની ઉત્તમ રમત ચેસ છે. શતરંજે ભારતને જેટલા આંતરાષ્ટ્રિય પદકો અપાવ્યા છે એટલા બીજી કોઈ રમત અપાવી શકી નથી.

*

પૃથ્વીના પોપડામાંથી ઍલ્યુમિનિયમ ધાતુ સૌથી વધુ પ્રમાણમાં મળી આવે છે.

*

પૃથ્વી પર એક વર્ષમાં વપરાતી ઊર્જા સૂર્ય દ્વારા એક કલાકમાં મળતી ઊર્જા બરાબર છે.

*

ચીનના વૈજ્ઞાનિકોએ એવા રોબૉટની શોધ કરી છે કે જે સમુદ્રમાં ડૂબતાં લોકો અને સમુદ્રી જહાજોની રક્ષા કરી શકે. કપરી પરિસ્થિતિઓમાં કામ કરીને વ્યક્તિ અને જહાજની રક્ષા કરનાર આ સર્વપ્રથમ રોબૉટ ઊંડા પાણીમાં પ્રત્યેક સેકંડે ત્રણ

> स्वस्ति प्रजाभ्यः परिपालयन्ताम्,
> न्याय्येन मार्गेण महीं महीशाः ।
> गोब्राह्मणेभ्यः शुभमस्तु नित्यं,
> लोकाः समस्तां सुखिनो भवन्तु ॥
>
> પ્રજાનું કલ્યાણ હો ! રાજાઓ પૃથ્વીનું ન્યાયપૂર્ણ માર્ગે પોષણ-રક્ષણ કરો ! ગાય અને બ્રાહ્મણોનું નિત્ય શુભ થાઓ ! તમામ લોકો સુખી થાઓ !

મીટરની ઝડપે તરી શકે છે. એ લોકો અને નૌકાઓને ખેંચીને દુર્ઘટનાથી દૂરના સ્થળે લઈ જઈ શકે છે.

*

ભારતમાં પ્રત્યેક ૨૬મી મિનિટે એક સ્ત્રી-જાતીય શોષણનો ભોગ બને છે અને પ્રત્યેક ૧૦ મિનિટના અંતરે એક મહિલા દહેજને કારણે અપમૃત્યુ પામે છે. સેન્ટર ફૉર સોશ્યલ રિસર્ચ દ્વારા જેન્ડર ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટે કરેલા સર્વેક્ષણમાં આ હકીકત બહાર આવી છે.

*

લૉસ એન્જેલિસનો એક સોળ વરસનો છોકરો ૫૭ સેકંડમાં ૬૧૩ શબ્દો બોલે છે.

*


ચીમાહ નામનો ચીનો ઠીંગુજી ઊંચાઈમાં ૨૮ ઈંચ હતો. તેની ચોટલી ૧૩ ફુટ લાંબી હતી.

*

કૉપનહેગન યુનિવર્સિટીના પ્રોફેસર ઇરેસ્મસ, દુનિયાની ૨૩૦ ભાષાઓ જાણે છે.

*

લંકાની મહારાણી અનુલાએ છ રાજાઓને ઝેર આપી મારી નાખ્યા હતા.





ગુજરાતની અશાંતિની ઉપાધિ મૂકો; આ આપણા દીકરો-વહુ રોજ ઘરમાં અશાંતિ ઊભી કરે છે તેનો તો પહેલાં શાંત કરો !

વકીલની પત્ની ઘરની મરમ્મત કરાવવા કહી રહી હતી. ઘરનાં જૂનાં રાચરચીલાંને પૉલિશની જરૂર હતી. ઘરના પડદાનો રંગ ફટકી ગયો હતો. અનેક ફરિયાદના જવાબમાં વકીલે કહ્યું : 'સાંભળ, આજે મારે કોર્ટમાં એક છૂટાછેડાનો કેસ છે. એમનું ઘર ભાંગે પછી આપણા ઘરનો વારો.'

*

ક્રિકેટની રમતમાં દસ બોલમાં દસ વિકેટ લેવાનો વિક્રમ 'વર્લ્ડ ઑફ ક્રિકેટ' નામના પુસ્તકમાં નોંધાયો છે.



કલાકણિકાઃ ડૅવિડનો રાજ્યાભિષેક દર્શાવતી દસમી સદીની ધાતુની એક તકતી.